

શ્રીગિરિધરલાલજી. મીરાંબાઈ.

ધી ડાયમન્ડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસ. અમદાવાદ.

ૐ

તત્ સત્ પરમાત્મને નમઃ

પ્રભુ પારાયણ.

શ્રી ગિરિધરલાલજીનાં પ્રેમી ભકત

પવિત્ર

મીરાંબાઇ

નૉવેલ-જીવન ચરિત્ર.

રચી પ્રસિદ્ધ કર્તા.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

નરસીંહ મેહેતો નૉવેલના કર્તા.

દોહરો

પ્રેમ લક્ષણા ભક્તિથી, વશ કીધા કીરતાર;
ધન્ય ધન્ય મીરાંબાઇને, ગિરિધરલાલશું પ્યાર.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરી. દેવીદાસ છગનલાલે છાપ્યું

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

(મુલ્ય ફક્ત બાર આના)

અર્પણ પત્રીકા.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષના આધિપતી.

ભગવાન શ્રી ગિરિધરલાલજીની

પવિત્ર શેવામાં.

કૃપા, ક્ષમા, અને દયાની મુર્તી, આપની સુપ્રેરણાથી
ભક્તિ માર્ગ દર્શાવી જગત સંકળેનું કલ્યાણ કર-
રનાર આપનાં પ્રેમી ભક્ત સાક્ષાત લક્ષ્મીજીનો
અવતાર મીરાંબાઇનું નૉવેલ યાને જીવન ચ-
રિત્ર તમારા દાસે લખ્યું, તે શ્રમ આ-
પનીજ કૃપાવડે સફળ થયો, તેથી
આ તમારાં ભક્તનુંજ જીવનચ-
રિત્ર યાને નૉવેલનું લઘુ પુસ્તક
આપનેજ સમર્પણ કરી
અત્યાનંદ પામું છું. તો
મુજ રંકની આ અ-
લ્પ ભેટ સ્વીકારી
કૃતાર્થ કરશોજી

લી. દાસાનુંદાસ

જેઠો.



શ્રી ગિરિધરલાલજી.

પ્રસ્તાવના.

મીરાંબાઈ નૉવેલ યાને જીવનચરિત્ર સંસારમાં કહેવાતા દરેક મનુષ્યના ઘટમાં ઘર કરી રહેલા સાચા અરી કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, અહંકાર તેને હાંકી કાઢનાર બોધ રૂપી લાકડી રૂપ છે.

પ્રભુના પરચાનું મનન કરવાથી આતમબોધ મળે છે; અને તેના ઉપર પાકો વિશ્વાસ બેસે છે. તે શીવાય અજ્ઞાની મનુષ્યોને ભક્તિનું હસ્ય વાંચવાથી, તેમના મન ઉપર ભક્તિભાવનો અસર થઈ ચોરી, ચાડી, જારી વીગેરે પાપ કર્મ કરતાં પ્રભુથી ડરી તેવાં પાપ કર્મથી મુક્ત થાય તો તેમનું સહેજમાં કલ્યાણ થાય તે માનવા રૂપ છે.

ભગવાન શ્રી ગિરિધરલાલજીએ મીરાંબાઇને તેમની આરૂઢ ભક્તિથી વશ થઈ, જે જે પરચા બતાવ્યા છે, તે સર્વે પરચા નાસ્તીક અને અજ્ઞાની મનુષ્યો પણ કબુલ કરી ભક્તિ માર્ગે દોરાયા શીવાય નહીજ રહે.

તુળશીદાસનો સંવાદ, અકબરશાહને આપેલો મીરાંબાઇએ બોધ, વ્રજમાં રૂપ ગોસાઇ સાથે મીરાંબાઇનો સંવાદ, એવા ઘણા દાખલાઓ વાંચવા લાયકના છે; અને તેમાં કેટલોક આતમબોધ દર્શાવેલો હોવાથી, દરેક મનુષ્યોને અતિ ઉપયોગી છે; અને તે વાંચવાથી આસ્તા ચોટી જ્ઞાન પ્રાપ્ત થયા શિવાય નહી જ રહે.

આવાં પ્રેમી ભક્તનું ચરિત્ર લખવા ઇશ્વરે મને સદ્ બુદ્ધિ આપી, તેથી હું તે દીનદયાળ નોધારાના આધારનો આભાર માનુંછું. અને તેમના ભક્તજનોને તનમનથી પ્રણામ કરૂં છું. અને પ્રભુએ મને મીરાંબાઈનું નૉવેલ યાને જીવન ચરિત્ર લખવા સુપ્રેરણા દીધી તેથી અવતાર સફળ માનું છું.

મારા લખાણમાં લખાણની તથા પ્રુફ સુધારવાની સઘળી ખામીને માટે ક્ષમા માગુછું.

લી. શેવક

દલાલ જેઠાલાલ વાડીલાલ.



કૃષ્ણ—રાધા

ॐ तत् सत् परमात्मनेनमः

પ્રભુ પારાયણ

શ્રી ગિરિધરલાલજીનાં પરમ ભક્ત

પવિત્ર

મીરાંબાઇ

નૉવેલ યાને જીવનચરિત્ર

मंगळाचरण.

सर्व वेदान्त सिद्धान्त गोचरं तम गोचरंम् ॥
गोवींद परमानंद सदगुरु प्रणतो स्मय हम् ॥

અર્થ—ઉત્તમ ગોવીંદ કે જે સઘળા વેદાંતોના સીદ્ધાંતોના વિષય રૂપ છે, પરમ આનંદ રૂપ છે, અને વાણી તથા મન આદીથી જાણી શકાતા નથી, તેમને હું તન મનથી પ્રણામ કરૂં છું.

ઇશ્વર સ્તુતી.

કર્તા— ગાયન.

પ્રભુ જય જય ગિરિધર સ્વામી—
મયા કરો મોહન મોરલીધર, વંદુ વિભુ શિર નામી.—પ્રભુ.
ભક્ત તમારાના ગુણ ગાઉં, જે અગણીત ગુણ ગામી;
કૃપા કરોને કૃપાળુ કેશવ, વિઘ્ન સકળ જાઉં વામી.—પ્રભુ.
બાઇ મીરાંનો ચિતાર, જે છે ભક્તિ પ્રેરનાર;
શ્રોતા પ્રત્યે મૂકું બહાર, સાહ્ય માગુ કીરતાર.—જય

પ્રકરણ ૧ લું.

ભવિષ્યની ચિંતા.

આજે ગ્રીષ્મ રૂતુ હોઇ, મધ્યાન કાળ વિત્યાબાદ, બાર ઉપર બે વાગવાનો સમયછે તે અરસામાં, એક રાજવંશી પુરૂષ વિચારના વમળમાં ગોથાં ખાતો પોતાના રાજ બગીચામાં દ્રાક્ષના મંડપ નીચે મુખમલ જડીત્ર કોચ ઉપર બેઠેલો છે. તેનો ચેહેરો જોકે શાંન્ત છે, પરંતુ થોડી ચિંતાથી ફીકો પડી ગયેલો છે એમ ચિંતામાં ને ચિંતામાં એક કલાક નીકળી ગયો, છતાં તેના મનનું સમાધાન થયું નહી. ઇશ્વર નામના ઉદ્‌ગાર તેના મુખમાંથી પળે પળે બહાર પડતા હતા, તેથી જોનારને સહેજ અનુમાન થાયકે, તે ભગવાનનો ભકતજન છે. પણ વખતે "સુખમાં સોની, અને દુઃખમાં રામ," તે કહેવત અનુસાર તો નહીં હોય, કે પોતાના ઉપર કાંઇ પણ આયફ્ત આવી પડવાની હોય, તેને લીધે તે પળે પળે ઇશ્વરને યાદ કરતો તો નહી હોય? કારણ ચિંતાવાન, દુખી અને આયફ્તમાં આવી પડેલા મનુષ્યને તે નામ પળે પળે યાદ આવે છે. સુખની વખતે તે નામ બીલકુલ ભુલી જવાયછે. ના! પણ આ રાજવંશીને તેમ નહોતું. તેને કાંઇ આયફ્ત નોહોતી, પણ તે ભવિષ્યની ચિંતામાં ઘેરાયેલો હતો.

ભવિષ્યની ચિંતા શેની? શુ તેને પુત્ર કુલક્ષણ વાળો હતો? તેનું શું થશે, તે ચિંતા હતી? કે પુત્રી ને માટે યોગ્ય વર અને યોગ્ય ઘર મેળવવાની ચિંતા હતી? કે ઘરમાં સ્ત્રી સાથે અણબનાવ હતો, તે ચિંતા હતી? પણ ના! તેમાંની તેને એક પણ ચિંતા નહોતી. સંતતી તો તેને બીલકુલ હતીજ નહી, અને પોતાની રાણીશાથે તેને બ-

નાવ ઘણોજ સારો હતો; એટલે એવી ચિંતા શેની હોય! જયારે એવી ચિંતા નોહોતી, ત્યારે તેને ચિંતા શું હતી?

વહાલા વાંચકવૃંદ ભવિષ્યને માટે આજ કાલ કોઇની ઇચ્છા અખુટ દ્રવ્ય ખરચી મહેલ બાંધવાની હોય છે, કોઇની ઇચ્છા ખાનપાન આદિમાં અખુટ દ્રવ્ય ખરચી મોજ શોખ મારવાની હોય છે, કોઇની ઇચ્છા એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી લાવવાની હોય છે, કોઇની ઇચ્છા માનપાન મેળવવાની હોય છે, એવી રીતે રાય અને રંક સર્વેને આશા અને ઇચ્છા જુદી જુદી હોય છે; ગરીબને ગરીબના ગજા પ્રમાણે, અને તવંગરને તવંગરના ગજા પ્રમાણે; જે માણુસ ભવિષ્યની કોઈ પણ બાબતની ચિંતા ધરાવતો નથી. તે માણુસ નર નહી પણ ખર સમાન છે; તેને માણુસ નહી પણ હેવાન સમજવો.

વાંચકવૃંદ, તમોજ કહેશોકે આપણી ચિંતા શું કામની, આપણું ધાર્યું શું બને છે, સઘળું ધણીનુંજ ધાર્યું બને છે, તો પછી ચિંતા શા માટે કરવી? પરંતુ આ જમાનામાં એવો સંતોષ તથા આકીન રેહેતુંજ નથી. હજારપતી લખપતી થવાની ચિંતા ધરાવે છે, લખપતી કરોડપતી થવાની ચિંતા ધરાવે છે, પણ તેમને કોઇ રીતે સંતોષ પ્રાપ્ત થતો નથી. અને જો તેવી ચિંતા નહિ ધરાવતાં સંતોષ રાખી, તેજ ધન ઉપર બેશી રહી બીજો ઉઘમ ધન પ્રાપ્ત થવાનો ના કરે, તો ટાંકાની માફક તેનો અંત આવતાં છેવટે નિર્ધન અવસ્થાએ પહોચવું પડે, તેથી તેવો સંતોષ તદ્દન નકામો છે. પૈશા મેળવી સારા માર્ગે ખર્ચવાની તથા નામના કાઢવાની ચિંતા સર્વે મનુષ્યે રાખવી. નામના નીકળવી ના નીકળવી તે પ્રભુના હાથમાં

છે, પરંતુ સત્ય નિષ્ઠાથી તેવી ચિંતા ધરાવી ઉદ્યોગ કરે, ને શ્રમ લે, તો તે શ્રમ ઈશ્વર સફળ કરે; પરંતુ બદધ્યાનતથી ગમે તેવો શ્રમ લે, તો તે શ્રમ કદાપી કાળે ઇશ્વર સફળ નહીજ કરે તે નક્કી સમજવું.

સત્ય નિષ્ઠાથી શ્રમ લઇ કામ કરવા છતાં, જય ના મળે તો તે દોષ પ્રારબ્ધનો; પણ જય નહી મળવાથી બદ નિષ્ઠા તરફ સ્વપ્ને પણ જવું નહી. ને દરેક કાર્ય સાચી નિષ્ઠા વડે કરવાથી, એકવાર જય નહી થાય, તો બીજીવાર, બીજીવાર જય નહી થાય, તો ત્રીજીવાર, પરંતુ છેવટે સત્ય મેવ જયતે તે કહેવત અનુસાર જય મળવાનોજ. માટે તેવો નીશ્ચય ધારી ઇશ્વરથી ડરી દરેક કાર્ય સત્ય નિષ્ટાથીજ કરવું.

તે રાજવંશીને ભવિષ્યની ચિંતા એ હતી કે, પોતાની સગર્ભા રાણીને પુત્ર પ્રસવે તો પોતાના વંશની વૃદ્ધી થાય, તેથી પુત્ર પ્રસવે તો સારૂ; તેથી રાણીને શું પ્રસવશે ? પુત્ર પ્રસવશે કે પુત્રી ? તે એ શબ્દોની વચમાં ચિંતાનું સ્થાન હતું.

પુત્રીનો પ્રસવ થતાં તેને માત પીતા " પારકી " કહી નારાજ બને છે, અને પુત્રનો પ્રસવ થતાંજ પુત્ર એ શબ્દ તેમને અધીક હર્ષ પ્રવર્તાવે છે. કારણ, પુત્રી પુષ્પવયમાં આવતાંજ તેને પરગ્રહે પરણાવવી પડે છે, તેથી પુત્રીનાં મા બાપનો પુત્રી પરત્યેનો સઘળો સબંધ શુન્ય થાય છે; કારણ પુત્રી પરણ્યા પછી તેના સ્વસુર પક્ષની હીત ચિંતક થાય છે.

તેટલાજ કારણને લીધે પુત્રીનો જન્મ થતાંજ માતાપીતા તેને " પારકી " એ શબ્દથી સંબોધી નારાજ થાય છે, વળી સારી નીવડી, સ્વસુર પક્ષમાં જઇ સારી નામના કાઢી, માત પીતાના નામને દીપાવશે કે કેમ, તે-

નો પણ સંદેહ રહેછે; કારણ કુસંગતે ચઢી કુકર્મો કરી માતા પીતાને નીચુ જોવડાવે તેવી નીકળે, તો તેથી મા બાપનો આત્મા નીરંતર હોળીની માફક બળ્યા કરે છે.

પુત્રને માટે તેવો કાંઇ પણ સંદેહ રહેતો નથી; જોકે રહે છે, પણ તે પુત્રી જેવો નહી. ને પુત્ર પ્રસવ થતાંજ તેને " વંશ વધારક " પુત્ર રત્ન કહી માતા પીતા અતિ હર્ષિત બને છે; કારણ તેનાથી વંશની વૃદ્ધિ થાય છે. અને તેને માટે ભવિષ્યમાં લાંબી આશાઓ બંધાય છે.

પછી ગમે તેવો નીવડે, પણ જન્મ સમયે તેને પુત્ર રત્નજ કહેવાય છે. કારણ કપુત નીકળે, યા ગમે તેવો નીકળે, પણ તેનાથી વંશનુ નામ રહે છે; પુત્રીથી રહેતું નથી.

પુત્રના પ્રસવથી માબાપો ભવિષ્યને માટે મ્હોટી મ્હોટી આશાઓ બાંધે છે, ને પોતાની પછી પોતાનું નામ દીપાવે તેવો નીવડવા માટે, તેને ભણાવવો, ગણાવવો, વિગેરે ઘણા ઘણા પ્રયાસો કરે છે, તે આશાઓ સપુત પુત્રોથી ફળીભુત થાય છે કપુત પુત્રોથી થતી નથી.

આવા વિચારના વમળમાં તે રાજવંશી ગુંથાયો હતો, તેને છેવટમાં યાદ આવ્યું કે, આ હું શું કરૂછું ? નાહકની ખોટી ચિંતા શા માટે કરૂછું? મારૂ ધાર્યું શું કામ આવે તેવું છે? તેતો સઘળું હરીનુંજ ધાર્યું થશે; ભાવિ ભાવ હશે તે બનશે, ભાવી આગળ કોણ બળવાન છે? એવો વીચાર આવતાં સઘળી ચિંતા ભાવીને માંથે નાંખી, ઇશ્વિર સ્મરણ કરતો આડો થયો, એટલે તે ત્યાં સુઇ ગયો.

જ્યાં સુધી તે ચિંતામાં હતો ત્યાં સુધી તેને નીંદ્રાનુ બીલકુલ નામ નહોતું. કારણ ચિંતાવાન મનુષ્યને નીંદ્રા દેવી પોતાના શરણમાં લેતીજ નથી. તેનાથી તો તે દુરજ રહેછે; તેવીજ રીતે જ્યાંસુધી આ રાજવંશી પુરૂષ ચિં-તામાં ઘેરાએલો હતો, ત્યાંસુધી તેનાથી દુર હતી, પરંતુ તેણે સઘળી ચીંતા ભાવીને માથે નાંખી તેમાંથી મુક્ત થયો, કે નીંદ્રા દેવીએ તેને પોતાના શરણમાં લઇ લીધો, એટલે કે તે ત્યાંજ નીંદ્રા વશ થયો; ઉઘી ગયો.

પ્રકરણ ૨ જું

સુખદાયક સ્વપ્ન, મીરાંબાઇનો જન્મ.

નિંદ્રાધિન થતાંજ તેને સ્વપ્નમાં સાક્ષાત ભગવાને દર્શન આપી કહ્યું, કે તારે ત્યાં પ્રભુ પારાયણ પુત્રી પ્રગટ થઇ છે. તે રાજવંશી ભગવાનનો પરમ ભક્ત હતો, તેથી સ્વપ્નમાં પણ પ્રભુ દર્શનમાં લીન બન્યો, અને સાક્ષાત ભગવાનના મુખથી પ્રભુ પારાયણ પુત્રી પ્રગટ થઇ છે, તે સાંભળી અત્યાનંદ પામ્યો.

સુજ્ઞ વાંચકવૃંદ, તમો કહેશો કે સ્વપ્નમાં અત્યાનંદ પામ્યો તે શી રીતે ખબર પડે, પરંતુ કહેવાનું માત્ર એટલુંજ કે, સ્વપ્નમાં જો શુભ અને સારૂ સ્વપ્નુ આવે છે, તો ઉંઘમાં પણ હસવું આવેછે, તે તમો ઘણા માણસોને જોશો. અને ખરાબ સ્વપ્નું આવેછે, તો દીલગીરીની છાપ ઉંઘમાં છવાઇ રહેછે, તેમ પણ ઘણા માણસોને જોશો, કારણ, તમોને પણ કોઇક વખત તેમ થતું હશે. તેવીજ રીતે આ રાજવંશીને પણ થયું.

સ્વપ્નું બેપ્રકારનું હોયછે, પહેલો પ્રકાર સાચુ સ્વપ્નું, અને બીજો પ્રકાર જુઠું સ્વપ્નું. સાચુ સ્વપ્નુ એવું હોયછે કે, જે પ્રકાર આપણે સ્વપ્નામાં જોઇએ, તેજ પ્રકાર સ્વપ્નથી મુક્ત થતાંજ જોવામાં આવે, તે સાચુ સ્વપનું; અને જુઠાં સ્વપ્નાંતો ઘણાંને આવેછે, એટલે અજાણ્યું નહીજ હોય.

જુઠાં સ્વપ્નાં એવાં હોયછે કે, વંધ્યા સ્ત્રી સ્વપ્નમાં પુત્રને રમાડેછે; ગરીબ મ્હોટો તવંગર બની બેસેછે, રોગી રોગ મુક્ત થયેલો જણાયછે. એવાં ઘણાં સ્વપ્નાં આવેછે, ને જાગ્યા પછી તેમાંનું કાંઇજ નહી; એ સ્વપ્નાં

જુઠાં, અને તેવાં સ્વપ્નાં અશુભ કર્તા છે. ઘણીક વખત છાતી ઉપર હાથ પડી રહેવાથી પણ તેવાં સ્વપ્નાં આવેછે; માટે જે મનુષ્યોને એવાં સ્વપ્નાં આવતાં હોય, તેમણે તેવાં સ્વપ્નાં ના આવે તેવા ઉપાયો યોજવા જોઇએ.

સાચાં સ્વપ્નાં જેને જણાયછે, તેના જેવો ભાગ્યશાળી કોઇજ નહી. કારણ, તે એક અગમચેતી જેવું છે, અને તેવાં સ્વપ્નાં કોઇ સાચા હરીજન અગર ભાગ્યવંત પુરૂષોનેજ આવેછે; જેમને એવાં સ્વપ્નાં આવે, તેમના ઉપર ઇશ્વરની સંપુર્ણ કૃપાદ્રષ્ટી સમજવી.

ભગવાન તે રાજવંશીને સ્વપ્નું આપી અંતરધ્યાન થયા. ભગવાન અંતરધ્યાન થયા, કે તે રાજવંશી નીંદ્રામાંથી ઝબકીને બેઠો થયો, અને પોતાને આવેલ સ્વપ્નાનો વીચાર કરવા લાગ્યો, કે આ તે સ્વપ્નું કે સાચું ? ના! ના! સાચુંજ. ભગવાને પોતે અગમચેતી આપી તે જુઠું કેહેવાયજ કેમ, ને જો જુઠું કહું તો મારા જેવો નાસ્તીક બીજો કોણ! અને સ્વપ્નુ તો નહીજ! પણ નક્કી સાચુંજ; એવો દ્રઢ નિશ્ચય કરી, ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો.

સ્તુતિ.

(હતો માને પેટે) એ રાહ.

નોધારાના આધારા, ભકત વત્સલ કહાવો વિભુ;
અગમ ચેતી આપી, સુખી બનાવ્યો તમે પ્રભુ;
પ્રભુ પારાયણ પુત્રી, પ્રગટ થઇ સ્વપ્ને કહ્યું;
સત્ય કરો પ્રભુ પ્યારા, સ્વપ્નુ સત્યજ મેં લહ્યું.

હે જગતનીયંતા નાથ ! નોધરાના આધાર ! જેવી રીતે સ્વપ્નુ આપી સુખી કર્યો, તેજ પ્રમાણે પ્રભુ પારા-

પણ પુત્રી આપી મારી જીંદગી સફળ કરો. મને તો તમોએ સ્વપ્નમાં કહ્યું, પણ હું તે સ્વપ્નુ સમજતોજ નથી; તમો સાક્ષાતે દર્શન આપી મારો અવતાર સફળ કર્યો, અને આપો આપે કહ્યું, તે સ્વપ્નુ મનાયજ કેમ ? મ્હોટા મ્હોટા રૂષી મુનીના સ્વપ્નામાં એ દર્શન ના આપો, તે દર્શન મુજ પામરને સ્વપ્નમાં થયાં, તેથી મારો જન્મ સફળ માનું છું, ને પ્રભુ પારાયણ પુત્રી પ્રગટ થઇ કહ્યું, તેથી મારાં ધન્ય ભાગ્ય સમજું છું. મુજ રંકને ઘેર એવું રત્ન પ્રાપ્ત થાય, તો પછી મારા જેવો ભાગ્યશાળી કોણ ? ને તમારાં વચન મીથ્યા નહીજ જાય, તેવી મારી તો ખાત્રી છે.

એવા દ્રઢ નીશ્ચયને વળગી ઇશ્વરની પ્રાર્થના કરતો હતો, ત્યાં દાશીએ આવી ખીન્ન વદને પુત્રી પ્રગટ થયાના ખબર આપ્યા. પુત્રી પ્રગટ થઇ તેવાં દાશીનાં વાક્ય સાંભળી. તે ઘણોજ હર્ષિત બન્યો, અને તે દાશીને પોતાનો અમુલ્ય હીરાનો હાર, જે પોતાની કોટમાં અહોનિશ પડ્યો રહેતો હતો, તે વધાઇમાં આપી દાશીનું દાળીદ્ર દુર કર્યું; અને એક અનુચરને પ્રધાનજીને બોલાવા માટે મોકલ્યો.

દાશી તો રાજાની આવી ખુશાલી જોઇ અચંબો પામી, અને મન સાથે વિચાર કર્યો કે, રાજાજી ઘેલા તો થયા નથી ? જે ઇનામ પુત્ર પ્રસવની વધાઇમાં પણ ના આપે, તે ઇનામ પુત્રીની વધાઇમાં હોયજ શેનું. કારણ, તેની પોતાની ખાત્રી હતી કે જો પુત્ર પ્રસવ્યો હોત, તો ઇનામ મળત, તે પણ આવું તો નહીજ, છતાં પુત્રી પ્રસવી તેથી પોતાની ખાત્રી હતી, કે કાંઇજ મળવાનું નથી; તેમ છતાં આવું ઉત્તમ ઇનામ મળ્યું, તેથી વિચાર કેમ ના થા-

ય ? કારણ પુત્રી જન્મી, તેથી આખુ રાજ મહાલય શો-કાતુર હતુ, ફક્ત આ રાજવંશીજ હર્ષીત હતો.

પ્રધાનજીને તેડવા મોકલેલો અનુચર પ્રધાનજી સહ તે રાજ બગીચામાં દાખલ થયો. પ્રધાનજીએ આવી તે રાજવંશીને પ્રણામ કર્યા, અને બાજુની ખુરશી ઉપર બેઠા. રાજાજીને હર્ષીત જોઈ પ્રધાનજીએ કહ્યું, માહારાજ ! આજ આપનો ચ્હેરો હર્ષ પ્રફુલીત જણાય છે, તેથી કાંઈ માંગલીક કાર્યની પ્રાપ્તી થઈ હોય તેમ ભાસે છે.

રાજવંશીએ કહ્યું પ્રધાનજી, તમારૂ ધારવું બરાબર છે. રાણીજીને પ્રભુ પારાયણ પુત્રી રત્ન પ્રાપ્ત થયું છે, તેથીજ મને અતિષય હર્ષ ઉત્પન થયો છે.

પ્રધાનજી કહે મહારાજ ! આ શું બોલો છો ? પુત્રી પ્રાપ્ત થઈ તેમાં હર્ષ શાનો મને તો લાગે છે કે તમારૂ ચિત્ત ઠેકાણે નથી, નહીતર આટલો બધો હર્ષ ને તે પણ નકામો હર્ષ હોયજ નહી. મહારાજ! તમારૂ ચિત્ત ઠેકાણે લાવો. આજે પુત્રી રત્ન પ્રાપ્ત થયું છે, તો કાલે ઇશ્વર પુત્ર રત્ન આપી આપના વંશની વૃદ્ધી કરશેજ, માટે જે ખોટો હર્ષ ઘેલછાની માફક દર્શાવો છો, તેવી ઘેલછા તજી ચિત્તને ઠેકાણે લાવો.

રાજા કહે પ્રધાનજી ! આ તમે શું લવો છો ? શું તમે મને ઘેલો સમજો છો ? ના ! પણ હું ઘેલો નથી, ને મને જે હર્ષ થયો છે તે બરાબરજ છે.

પ્રધાનજી કહે મહારાજ ! ખોટુ શા માટે કહો છો ? કોઇ પુત્રી પ્રાપ્ત થવાથી રાજી થતું હશે ? પુત્રી જન્મથી લાભ શું ? શું તેથી વંશની વૃદ્ધિ થાય, કે જતુ નામ રાખે ? પુત્રી એ તો પરાયુ ધન કહેવાય, તેથી લાભ શું?

રાજા કહે પ્રધાનજી! આ તો તેવું નથી. જો કે પારકું ધન છે તેતો ખરૂ, ને વંશની વૃદ્ધિ ના થાય તે પણ ખરૂ, પણ આ પુત્રીથી તો કુળનો ઉદ્ધાર થાય તેવું છે. પ્રભુ પારાયણ પુત્રી બંન્ને કુળનો ઉદ્ધાર કર્ત્તા છે.

પ્રધાનજી કહે મહારાજ ! તમારી વાતમાં કાંઇ સમજ પડતી નથી, તો કૃપા કરી બરાબર સમજ પડે તેમ કહો, કે શાથી આટલો બધો હર્ષ પ્રાપ્ત થયો છે ?

રાજા કહે પ્રધાનજી ! આ પુત્રીના જન્મથી પુત્ર રત્ન કરતાં મને વધારે હર્ષ પ્રાપ્ત થયો છે, તેનું કારણ, સાક્ષાત ભગવાન! નોધારાના આધાર! દીનબેલી દયાળુ દામોદરે ! મને સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે, તારે ત્યાં પ્રભુ પારાયણ પુત્રી રત્ન પ્રાપ્ત થયું છે; અને થયું પણ તેમજ. ઉંઘમાંથી જાગૃત થઇ વિચાર કરી ઇશ્વર સ્મરણ કરતો હતો, ત્યાં એકદમ વધાઇ મળી, અને તેથીજ તમને અત્રે બોલાવ્યા છે.

પ્રધાનજી આશ્ચર્ય પામ્યા, અને કહ્યું ફરમાવો હુકમ. દાસ બજાવવા તૈયાર છે. રાજવંશી કહે જાઓ હાલને હાલ જોશીઓને બોલાવો, ઘેર ઘેર ધવળ મંગળ ગાવાનો ઢંઢેરો ફેરવો, ગામ બધામાં સાકર વહેંચો, અને રાજમંડળ અને પ્રજા મંડળને પાન ગુલાબ આપવા દરબારી ચોકમાં મંડપ રચી તેમને આમંત્રણ કરી બોલાવો. મંડપ તૈયાર કરી સર્વે પ્રજા મંડળ અને રાજ મંડળને આમંત્રણ કરો, અને તેઓ હાજર થાય કે તરત મને ખબર આપો.

પ્રધાનજીએ કહ્યું મહારાજ ! રૈયત આપને ગાંડા ગણશે; પુત્રીની પ્રાપ્તિમાં આટલી બધી ધામધુમ હોયજ

નહી. ને પુત્રીનો જન્મ તેથી કાંઇ હર્ષ કે ખુશાલી કહેવાયજ નહી. રાજવંશી કહે તે બાબત તમારે શું જરૂર છે, હું કહું છું તેનો એકદમ આદર કરી મારા હુકમને અમલમાં લાવો; પ્રધાનજી કહે મહારાજ! આવો ખોટો મત રહેવા ધો.

રાજવંશી કહે રૈયત, ગાંડો ગણે તો ભલે ગણે, પણ હું કહું છું તે પ્રમાણે ધામધુમ શરૂ કરો, અને એકદમ સભામંડપ તૈયાર કરો; રાજવંશીનાં આવાં વચન સાંભળી પ્રધાન એકદમ તે રાજવંશીના વચનનો આદર કરી ઉઠ્યા, અને તેમનો હુકમ અમલમાં લાવવા દરબારી ચોક તરફ ગયા.

પ્રધાનજીએ તે રાજવંશીની આજ્ઞા મુજબ ઘેર ઘેર ધવળ મંગળ ગાવાનો ઢંઢેરો ફેરવ્યો, અને મ્હોટા મ્હોટા જોશીઓ તથા પંડીતોને સભામાં આવવા આમંત્રણ કર્યું. અને પ્રજા મંડળ તેમજ શેઠીઆ મંડળ તથા રાજ્ય મંડળને પણ સભામાં આવવા આંમંત્રણ મોકલ્યાં અને ગામ બધામાં સાકર વહેંચાવવી શરૂ કરી પોતે સભામંડપ તૈયાર કરવામાં ગુંથાયા.

આવી રીતે અણચિંતી ધામધુમથી રૈયત વીચારમાં પડી, કારણ, રાણીજીને પુત્રી પ્રાપ્ત થયાના સમાચાર આખા ગામમાં ફેલાઇ ગયા હતા. પુત્રી જન્મનો મ્હોત્સવ હોયજ નહી, પરંતું રાજાજી આ મ્હોત્સવ કરે છે, તેથી કાંઇ ડાગળીછટ તો નહી થયા હોય? તેમ માંહોમાંહી વાતો કરવા માંડી;

સોમદત્ત—વીરદત્ત! રાજા ગાંડો તો થયો નથી:? પુત્રી વખતે જન્મ મ્હોત્સવ થતો હશે?

વીરદત્ત—ગાંડો, નહીતર બીજું શું? પુત્રીના જન્મ વખતે ધામધુમ થતી આજેજ જોઇ.

પ્રેમદત્ત—કરે ભાઇઓ કરે! રાજાનો કોઇરાજા છે?

ભક્તિદત્ત—રાજાનો રાજા કેમ નથી? પરમેશ્વર રાજાઓનો રાજા, ને મહારાજાઓનો મહારાજા હજરા હજુર છે.

વીરદત્ત—પણ પરમેશ્વરને ગણે છે કોણ?

ચતુરદત્ત—એવું તો બોલશો નહી. રાજાજી ઇશ્વરના પરમભક્ત છે. ઇશ્વરનું સ્મરણ ઘડીપણ ચુકતા નથી.

સોમદત્ત—તેતો ખરૂ, પણ પુત્રીનો જન્મ મ્હોત્સવ ક્યાંઇ સાંભળ્યો છે?

ચતુરદત્ત—ભક્તજનને પુત્ર કે પુત્રીનો જુદો ભેદ હોતોજ નથી. તેઓ તો સમદ્રષ્ટિથીજ જોવા વાળા હોય છે.

ભક્તિદત્ત—વખતે તેવાજ કારણને લીધે મ્હોત્સવ કરતા હોય તો કોને ખબર?

સોમદત્ત—સાચુ કહો છો ભક્તિદત્ત, તમારૂ અનુમાન મારી ધ્યાનમાં બેસે છે.

વીરદત્ત—ગમે તે કારણ હો, જે કારણથી મ્હોત્સવ કર્યો હશે, તે કારણ કાંઇ ઢાંક્યુ રહેવાનું નથી, વાતે વાત ચર્ચાતી ચર્ચાતી આપેથી બહાર આવશે.

ચતુરદત્ત—જ્યારે વાત બહાર આવે ત્યારે જોજો કે મારૂ અનુમાન સત્ય છે કે નહી::?

પ્રેમદત્ત—એતો કાંઈ સુરજ છાબડે ઢાંક્યો રહેવાનો નથી, ચાલો સાકર લેવા, ખાલી કુથલી કરવામાં લાભ શું? કુથલીમાં રોકાઇ સાકર ખોઇશું.

પ્રકરણ ૩ જું.

જન્મ મ્હોત્સવ.

પુત્રીનો જન્મ મ્હોત્સવ ઘણી રૂડી રીતે કર્યો. આખા નગ્રને ધ્વજા પતાકાથી શણગારવામાં આવ્યું, અને ઘેર ઘેર ધવળ મંગળ સંભળાવા માંડ્યાં. રાગ રંગ શરૂ થયા. અને પ્રજા મંડળ તથા રાજમંડળને પાન ગુલાબ આપવા દરબારના વિશાળ ચોકમાં શભા મંડપ તૈયાર કર્યો.

દરબારી ચોકમાં મ્હોટી વીસ્તારવાળી જગામાં સભા મંડપ તૈયાર કરવા માંડ્યો, તેની શોભા અલૌકીક, અને જોનારને દીંગ પમાડે તેવો બનાવ્યો. પ્રથમ દરબારી ચોકમાં લીલી મુખમલનો જરીથી ભરેલો વિશાળ ચંદરવો બાંધી દીધો. નીચે મ્હોટો કીમતી ગાલીચો બીછાવી દીધો. જે અતી ઉત્તમ કારીગરીથી બનાવેલો હતો.

ગાલીચામાં ઠેક ઠેકાણે સુંદીર ફુલ વેલો, કોઇ ઠેકાણે સુંદીર બુટ્ટાઓ, કોઇ ઠેકાણે પશુ પક્ષીઓ આદિ રંગી બેરંગી પુરેલાં હતાં, તેથી તે ઘણોજ દેદિપ્યમાન દેખાતો હતો.

મંડપમાં વચ્ચોવચ રાજા માટે ઉંચું આસન ગોઠવેલું હતું. જે આસન એક પુતળીના માથા ઉપર ગોઠવ્યું હતું. આ આસન ઉપર સુવર્ણના કાચ ઉપર કારચોબી ભરત કામના ગાદી તકીઆ ગોઠવી દીધા હતા. આસનની ત્રણે બાજુ રૂપાનો કઠેરો ગોઠવી દીધો હતો, ને ચોથી

બાજુ પગથી ગોઠવી હતી, તેની કારીગરી અતી ઉત્તમ બનાવેલી હતી.

આસનની ચારે બાજુ રાજાજીને માટે રસ્તો મુકી રાજ્ય મંડળ તથા શેઠીઆ મંડળને માટે ઉત્તમ આસન ગોઠવી દીધાં હતાં, અને સભા ભરવા, માટે શેઠ શાહુકારો તથા પ્રજા વર્ગને આમંત્રણ કરવા અનુચરોને દોડાવ્યા. અને પ્રજા વર્ગ તથા રાજ મંડળને સભામાં આવવા સુચવણી આપી.

આમંત્રણ મળતાં શેઠ શાહુકારો, રાજ મંડળ, તથા પ્રજા વર્ગ સભા મંડપમાં આવ્યા, અને પોત પોતાને યોગ્ય આસને બીરાજમાન થયા. બીરાજીત થયેલા સર્વે સભા મંડળને ગરમી ન લાગે તેને માટે નોકર વર્ગને ઉમદા પોશાક સજાવી, હાથમાં પંખા આપી, પંખા નંખાવા શરૂ કર્યા.

સભાની ત્રણ બાજુ પાયદળ લશ્કરી પોશાકમાં ગોઠવી દીધું; તેમની પાછળ ઘોડેસ્વારોની હારો, દરેકના હાથમાં નાગી તલવાર સહ ગોઠવી દીધાં; રાજાજીને આવવાના માર્ગ ઉપર કીનખાબનાં થાન પાથરી દીધાં, અને તેની બેઉ બાજુએ લશ્કર પણ તેવાજ પોશાકવાળુ ગોઠવી દીધું.

સભા મંડપ, રાજ્ય મંડળ, તથા પ્રજા મંડળથી ચીકાર ભરાઈ ગયો; પ્રધાનજીએ સભા મંડપ તૈયાર કરી, રાજાજીને સુચના આપવા એક શેવકને દોડાવ્યો. શેવકે આવી સભા મંડપ તૈયાર થયાના ખબર તે રાજવંશીને આપ્યા; સભા મંડપ તૈયાર થયાના સમાચાર સાંભળી, તે રાજવંશી અતીશય હર્ષિત બન્યો, અને સભામાં જવા તૈયાર થયો. સુર્યાસ્ત પહેલા રાજા સભામાં આવ્યા. રાજાજી આવતા જોઈ, સભા મંડળ સર્વે ઉભું થયું, અને રાજાને નમીને

સલામ કરી; બધાએ એક અવાજે " **મહારાજનો જય થાઓ** " એવો **જય નાદ** ઉચાર્યો. લશ્કરીઓ ક્રમવાર મોટેથી **જય સ્તુતી** ઉચ્ચરવા લાગ્યા. તે જયનાદ ગામમાં ચારે બાજુ ફેલાયો. આકાશ વ્યાપી મેઘ ગર્જન ગિરિ ગુહામાં વારંવાર પ્રતિધ્વનિત થઈ હોય, એવું ભાસવા લાગ્યું.

રાજા પોતે આસન ઉપર બીરાજીત થયા, કે સર્વે સભા પોત પોતાના આસન ઉપર બીરાજીત થઇ. સભા સર્વે બીરાજીત થઇ કે તર્ત પ્રધાનજીએ ઉઠી સભા મંડળ સમક્ષ પુત્રી જન્મની ખુશાલી બાપણમાં દર્શાવી, અને રાજાજીને પુત્ર રત્ન પ્રાપ્ત થવા ઇશ્વરની સ્તુતી કરી.

પ્રધાનજીએ ખુશાલી દર્શાવી કે તર્ત પાન ગુલાબ વહેંચવાં શરૂ થયાં. પ્રથમ સુવાસીત ગુલાબ જળથી ભરેલી અતિ ઉત્તમ કારી ગિરીથી બનાવેલી ચાંદીની ગુલાબદાનીઓ લઇ શેવકો હાજર થયા, અને સર્વે સભા મંડળને તેમાંથી ગુલાબ જળ છાંટયું.

ગુલાબ જળ છંટાઇ રહ્યું કે બીજા શેવકો ઉમદા કારિગિરીથી બનાવેલાં સુવર્ણનાં અંત્તરદાન લઈ હાજર થયા. તે અત્તરદાનમાં ગુલાબ, કેવડો, હીનો વિગેરે ઉમદામાં ઉમદાં અત્તરો સભાને વિલેપન કરવા માટે ભર્યા હતાં; સર્વે સભામંડળને તે અંત્તરનું વિલેપન કર્યું.

અત્તર વિલેપન કર્યાથી આખી સભા અત્તરમય થઈ રહી. અત્તર વિલેપન બાદ ચાંદીના તાટમાં, સોનેરી વરખથી દીપાવેલાં, તથા બરાસ કસ્તુરીથી મ્હેંકી રહેલાં પાનનાં બીડાં, તથા વાંકડી સોપારીનો વ્હેર, જે ફુલ માફક દીપી રહ્યો હતો, તે લઇ શેવકો હાજર થયા.

પાન બીડાં તથા સોપારીનો મુખવાસ સર્વે સભામાં શેવકોએ વહેંચ્યો, જે મુખવાસથી સર્વે સભાના મુખ સુવાશીત થઇ લાલચોળ બન્યાં. અને સભામંડળે અત્યંત ખુશી થઇ રાજાને પુત્રી જન્મથી હર્ષ કે શોક નહિ થવો જોઇએ તેને બદલ નિસ્વાર્થ વૃતીથી ખુશાલી દર્શાવી તે બદલ રાજાને ધન્યવાદ આપ્યો.

આ પ્રમાણે ધન્યવાદના ઉચ્ચારો સભાના મુખમાંથી નીકળી રહ્યા છે, ત્યાં ગામના પ્રસિદ્ધ જોષીઓને તથા પંડીતોને આમંત્રણ કર્યું હતુ, તેમના આવવાના ખબર અનુચરે સભામાં આપ્યા.

જોશીઓ તથા પંડીતોને માટે યોગ્ય આસન તૈયાર કર્યા હતાં, ત્યાં તેઓ આવતાં તેમને બેસાડવા આજ્ઞા આપી, પ્રધાનજીને તેમને સામા બોલાવા માટે આજ્ઞા કરી. રાજાજીની આજ્ઞા થતાં, પ્રધાનજી જોશીઓ તથા પંડીતોને સામા લેવા માટે ગયા, અને તેમને તેડી લાવી તેમને માટે તૈયાર કરેલા આસન બતાવ્યાં.

જોશીઓ તથા પંડીતોએ આવી સવિનય રાજાજીને દંડવત કર્યા. રાજાજીએ તેઓને નમન કર્યું, અને યોગ આદર સત્કાર આપી આસન ઉપર બીરાજમાન થવાનું કહ્યું. બીરાજમાન થવાની આજ્ઞા મળતાં, સર્વે જોશીઓ અને પંડીતો પોત પોતાના યોગ્ય આસન ઉપર બીરાજમાન થયા. સર્વે બીરાજમાન થયા. કે તરત રાજાજીએ તેમને કુંવરીના જન્મ અક્ષર તૈયાર કરવા સુચના આપી.

પ્રકરણ ૪ થું.

નક્કી એતો દેવાંગના છે.

જન્મ અક્ષર તૈયાર કરવાનું સુચન થતાં પંડીતો તથા જોશીઓ હર્ષિત થયા, અને જન્મ અક્ષર તૈયાર કરવામાં ગુંથાયા. પ્રથમ જન્મ ઘટીકા પુછીને ટીપણાં કહાડી પ્રશ્ન મુકવા માંડ્યા. પ્રશ્ન મુકી ગુણાકાર ભાગાકાર સરવાળા વિગેરે હીસાબ મુકયા.

હીસાબ મુકવા છતાં એકે વાતનો ટાળો મળ્યો નહી, અને કુંવરીના જન્મ અક્ષરની એકે ઘેડ બેઠી નહી. ઘેડ શી રીતે બેસે ? ગર્ભમાંથી પ્રસુત પામી હોય ત્યારે બેસેને ! પણ તે કાંઇ ગર્ભમાંથી પ્રસુત પામી નહોતી.

ઘણી ઘણી રીતે પંડીતોએ તથા જોશીઓએ પ્રશ્નો મુક્યા, ઘણી ઘણી રીતે હીસાબમાં સરવાળા ગુણાકાર ભાગાકાર વિગેરે મુક્યા પણ તેમને કુંવરીના જન્મ અક્ષરનો પત્તો લાગ્યો નહી. પત્તો નહી લાગવાથી છેવટ થાક્યા, અને માંહોમાંહી પૂછપરછ કરવા માંડી.

લક્ષ્મીશંકર—સાંકળેશ્વર ! આ જન્મ અક્ષરનો ટાળો કેમ મળતો નથી ?

સાંકળેશ્વર—મારૂ સાળુ કાંઇ સમજાયુ નહી ! ઘણી ઘણી જન્મોત્રીઓ તથા પ્રશ્નોત્રીઓ કરી પણ આતો અવધિ ! કેમ મણીશંકર ?

મણીશંકર—હા ભાઇ ! છે તો તેમજ; આ કામ બાકું છે. આ કુંવરીએ ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યો હોય તેવો એક પણ દાખલો મળતો નથી.

ગડબડ ભટ—ગર્ભમાંથી પ્રસુત નહી પામી હોય, ત્યારે શું અદ્ધરથી પડી હશે? મને લાગે છે કે તમે બધા ભાંગ પીને આવ્યા છો, કેમ વિકળશંકર?

વિકળશંકર—ભટજી આ તમારૂં બોલવું ભુલ ભરેલું છે; તમેજ કહોની કે ટાળો મેળવ્યો?

ગડબડ ભટ—ટાળો ના મળ્યો તેથી એવો તર્ક બાંધવો? વારૂ! પણ રાજાજીને તો પુછો?

ઉમીયાશંકર—રાજાજીને શું પુછાવો છો?

મણીશંકર—પૂછવાનું એટલુંજ કે કાંઈ નવા જુની બનાવ બન્યો હતો?

ગડબડભટ—ગમે તેવો બનાવ બન્યો હોય, પણ તે તમારા શું કામમાં આવવાનો હતો?

વિદ્યારામ—કામમાં કેમ ના આવે? વખતે ટાળો મળી જાય.

લક્ષ્મીશંકર—એમ તે ટાળો મળતો હશે? બધા વિદ્વાનો બુડથલમાં ખપશો, માટે એવું પૂછવું રહેવા દો અને ફરીથી પ્રયાસ કરો.

ઉમીયાશંકર—પ્રયાસ કરીને થાકયા, હવે તો પૂછે ગાછે પત્તો મળે તો. તે શીવાય બીજો રસ્તો નથી.

રેવાશંકર—ખરૂં કહોછો ઉમીયાશંકર? હવે તો શરમ મૂકી પુછો, તે શીવાય ટાળો બેસશે નહી.

ઉમીયાશંકર—મણીશંકર તમે પૂછો.

મણીશંકર—ઠીક! મનેજ બુડથલમાં ખપાવવો હશે?

રાજા—પંડીતો! શું ગડમથલ કરોછો જન્મ અ-ક્ષર તૈયાર કર્યા.

શીવશંકર—જયમલ મહારાજ! ઘણી ઘણી મહેનત કરી, ઘણા ઘણા હીસાબ મૂક્યા, છતાં એકે ટાળો બેસતો નથી.

રાજા—કારણ ?

ઉમિયાશંકર—મહારાજ! આ કુંવરીએ કાંઇ ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યો હોય, તેવો એક પણ દાખલો બેસતો નથી.

રાજા—આતો ઘણીજ અચંબાની વાત! તમો પંડીતો થઇ આ શું બોલો છો, કે ટાળો બેસતો નથી.

હરીશંકર—ખરૂ છે મહારાજ, તમારૂં કહેવું સત્ય છે. પરંતુ અમારા ટાળા પ્રમાણે તે કુંવરીએ ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યોજ નથી.

રાજા—જ્યારે ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યો નથી, તો શું અદ્ધરથી આવી છે? આવું બોલતાં શરમાતા નથી?

સાંકળેશ્વર—મહારાજ! શાસ્ત્રો કાંઈ ખોટાં નથી. શાસ્ત્ર આધારે દરેક જન્મ અક્ષરના ટાળા બેસેજ બેસે; પણ આ જન્મ અક્ષરનો ટાળો ના બેસે તે હમારે શું સમજવું ?

પ્રેમશંકર—મહારાજ! તમોને કાંઇ નવો જુનો દેખાવ દ્રષ્ટીએ પડયો હતો? કે કાંઇ સ્વપ્નું બપનું આવ્યું હતું ?

રાજા—હા! મને સાક્ષાત ભગવાને સ્વપ્નામાં દર્શન આપી કહ્યું હતું કે, તારે ત્યાં પ્રભુ પારાયણ પુત્રી પ્રગ-

ટ થઈ છે. ને થયું પણ તેમજ! ઉંઘમાંથી જાગૃત થઇ ઇશ્વર સ્મરણ કરતો હતો, ત્યાં દાશીએ આવી વધાઇ આપી, ને તેથીજ આ મ્હોત્સવ કર્યો છે. નહિતર હું કાંઈ ગાંડો નથી કે આવો મ્હોત્સવ કુંવરીના જન્મ વખતે કરૂં; પરંતુ કુંવરીએ ગર્ભવાસમાંથીજ દેહ ધારણ કર્યો છે તેની તો મને ખાત્રી છે. કારણ, જો તેમ ન હોત તો જે દાશી વર્ગ પ્રસુત વખતે રાણી પાસે રાખ્યો હતો, તેમાંની એક દાશીએ આવી પુત્રી પ્રસવ્યાની વધાઇ આપી; પરંતુ જો કદાપી કાંઇ નવાજુની બનાવ બન્યો હોત, તો તે દાશી વિદિત કર્યા શીવાય રહેજ નહી.

સોમદત્ત—ખરૂ છે મહારાજ, પણ તે દાશીને બોલાવીને પૂછો તો ખરા. તેને પૂછવાથી અમારા મનનું તો સમાધાન કરીએ,

રાજા—હાલ બોલાવું છું, તેને પૂછી તમારી ખાત્રી કરો એટલે સાચુ શું છે, તે સમજાશે.

ઉપર પ્રમાણે પંડીતોને કહી તરત એક અનુચરને રાણીજી પાસે પ્રસુત વખતે જે દાશીઓ હાજર હતી, તે પૈકીની એક દાશીને બોલાવી લાવવા મોકલ્યો. અનુચરને આજ્ઞા મળતાંજ તરત તે મહેલ તરફ દાશીને બોલાવા ગયો. મહેલમાં જઇ પ્રસુત વખતે જે દાશીઓ હાજર હતી તેમાંની વડી દાશીને તેડી સભા મંડપમાં દાખલ થયો.

દાશીએ આવી રાજાજીનાં ઓવારણાં લીધાં. રાજાએ પુછ્યું, પ્રસુત વખતે તું હાજર હતી? દાશી કહે હા મહારાજ. તે પુછવાનું પ્રયોજન શું છે તે કૃપા કરી જણાવશો. રાજા કહે વારૂ તે વાત પછી, પણ પુત્રીના પ્રસવ વખતે કાંઈ નવો ચમત્કાર બન્યો હતો? દાશી કહે

મહારાજ! તમારૂં બોલવું બરાબર સમજી શકતી નથી. આમ ઉપરા ઉપરી સવાલો પુછોછો, તેનું કારણ શું છે, તે કૃપા કરી જણાવશો.

રાજા કહે જોશીઓ કહે છે કે પુત્રીએ ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યોજ નથી; એવું સાંભળી તને ખાત્રી કરવા સારૂ સભામાં બોલાવવી પડી છે. માટે પ્રસુત વખતનો જે કાંઇ બનાવ બન્યો હોય તે કહી દે. જે સત્ય હોય તે વિદિત કરજે. અસત્ય ભાપણ બોલતી નહી.

દાશી કહે મહારાજ, આપ સત્ય બોલવાનું કહોછો તો સત્યજ કહું છું, કે પુત્રીનો પ્રસવ થયો તે હમો સમજી શકયાંજ નહી. રાજા કહે કારણ? દાશી કહે મહારાજ પુત્રી પ્રગટ થઇ તેજ વખતે સુર્ય સમાન તેજનો બંબાકાર એકદમ દેખાયો, ને તરત સમી ગયો. એટલે અમો તે તેજમાં અંજાઇ આંખો મીચી દીધી, અને તેજ સમી જતાં ઉઘાડી, તેજ વખતે કુંવરી પ્રસુત પામેલી જણાઇ એટલે અમો કાંઈ સમજી શકયાંજ નહી.

રાજા કહે વારૂ પછી? દાશી કહે મહારાજ! જે ચીન્હ બાળકના પ્રસુત થયા બાદ બાળકના શરીર ઉપર હોય છે, તે ચીન્હ કુંવરીબા ઉપર નહોતાં. અને કુંવરીના પ્રસવથી અમારાં બાઇને પણ કાંઈ દુઃખ થયું હોય તેવું જણાયું નહી. તે શીવાય વધારે જાણતી નથી. અને એવા બનાવથી અમો વિષ્મય પામ્યાં છીએ.

રાજા આ વાત સાંભળી વિષ્મય પામ્યા, અને પંડીતોને કહ્યું જોશી મહારાજો! આનું કારણ શું, તે કૃપા કરી જણાવો. પંડીતો કહે મહારાજ! હવે ટાળો મળ્યો, અમારી હવે ખાત્રી થઇ.

રાજા કહે શું ખાત્રી? પંડીતો કહે મહારાજા! કુંવરીએ ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યોજ નથી, પણ નક્કી કોઈ દેવાંગના તમારા કુળનો ઉદ્ધાર કરવા તમારે ત્યાં પ્રગટ થઇ છે. કૃષ્ણ પ્રભુની જે ભક્તિ તમો તનમનથી કરોછો, તે ભક્તિ ફળીભુત થઇ છે. અને ભક્ત વત્સલ ભગવાન તમારી ભક્તિથી તમારા ઉપર પ્રસન્ન થયા અને તેથીજ તમારે ત્યાં તમારા કુળનો ઉદ્ધાર કરવા દેવાંગના પ્રગટ કરી છે.

રાજા આથી ઘણાજ ખુશી થયા, અને પંડીતોને પુછ્યું, કુંવરીનું નામ શું પાડવું તે કૃપા કરી જણાવો. પંડીતોએ કહ્યું, જન્મ અક્ષર શીવાય નામ શું પાડવું તે કહેવાયજ કેમ. પરંતુ દાશીના જણાવ્યા મુજબ કુંવરીના પ્રસુત વખતે સુર્ય સમાન તેજનો ઝંબકાર થયો, અને સમાઇ ગયો, તો મહી કહેતાં સુર્ય, અને રાં કહેતાં તેજ, એટલે કુંવરીનું નામ **મીરાં** પાડો.

રાજા કહે આ કુંવરી કેવી નીવડશે, તે તેના જન્મ અક્ષર શીવાય શી રીતે સમજ પડે? પંડીતો કહે રાજાજી તમારૂ અહો ભાગ્ય સમજો કે પ્રભુજીએ પ્રસન્ન થઇ તમારે ત્યાં દેવાંગના પ્રગટાવી. અને તમને તેજ મહા પ્રભુજીએ સ્વપ્નમાં કહ્યું કે, પ્રભુ પારાયણ પુત્રી પ્રગટ થઇ છે, તેથી તે ભગવાનની સાચી ભક્ત થશે, અને તમારી ઇકોતેર પેઢીનો ઉદ્ધાર કરશે, અને તમારા નામને દીપાવશે.

રાજા આથી ખુશ થયા અને જોશીઓ તથા પંડીતોને સારો શીરપાવ આપી સંતોષ્યા. જોશીઓ તથા પંડીતો ઘણા ખુશી થયા અને રાજાજીને આશીશ આપી. જોશીઓ તથા પંડીતોની આશીશથી રાજા વધારે હર્ષિત બન્યો.

આ ખુશાલીમાં રાજ મંડળ તથા પ્રજા મંડળમા પણ સર્વેને યોગ્ય શીરપાવ વહેંચ્યા, અને નોકર વર્ગને પણ ઈનામો આપી સંતોષ્યા.

શીરપાવ વહેંચાયા બાદ સભા વિસર્જન કરવા આજ્ઞા કરી. આજ્ઞા મળતાંજ પ્રજા મંડળ તથા પંડીતો અને જોશીઓ રાજાજીનો જય બોલાવી ઘેર જવાની આજ્ઞા માગી. રાજાજીએ હર્ષિતવદને સર્વેને ઘેર જવાની આજ્ઞા આપી.

આજ્ઞા મળતાં પ્રથમ પ્રજા મંડળ તથા જોશીઓ અને પંડીતો વિદાય થયા. તેમના ગયા બાદ રાજમંડળ અને પછી નોકર વર્ગ, એ પ્રમાણે ક્રમવાર રાજાજીને સવિનય સલામ કરી વેરાવા લાગ્યા.

સર્વેના ગયા પછી રાજાજી પણ મ્હેલમાં જવા તૈયાર થયા. રાજાજી આસન ઉપરથી ઉઠયા ત્યાં નેકીદારે નેકી પોકારી; નેકીનો પોકાર થતાં રાજા રણવાસ તરફ ગયા.

વહાલા વાંચકવૃંદ! આ રાજાજીને તમે ઓળખ્યા તો હશે. જો ના ઓળખ્યા હોય તો ઓળખો કે એ મેડતાનો રાજા જયમલ પોતે હતો.

પ્રકરણ ૫ મું.

દેવાંગના એવું નામ જોશીઓના મુખથી શ્રવણ થયેલું તેથી રાજાને કુંવરી ભાવ મટી માતૃભાવ ઉત્પન્ન થયો. અને તેને પુજ્ય દ્રષ્ટિથી જોવી, એવાજ નિશ્ચયથી તેને વંદન કરવાનો ભાવ થયો. અને તેથીજ તે દેવાંગનાનાં દર્શન કરવા રણવાસ તરફ ગયા.

મનુષ્ય ધારેછે કાંઈ, ને ઈશ્વર કરેછે કાંઇ. ઇશ્વરની ધારણા આગળ માણસની ધારણા નકામીછે. કારણ રાજા પ્રગટ થયેલ પુત્રીને માતૃ ભાવથી વંદન કરવા માટેજ રણવાસ તરફ ગયા, ત્યાં ભગવાને વિચાર્યું કે જો રાજા તે પ્રગટ થયેલ પુત્રીને માતૃ ભાવથી જોશે, તો જે અર્થે તેને પ્રગટ કરીછે તે અર્થ સરશે નહી. કારણ, તેને પ્રગટ કરવાનો હેતુ પામર પ્રાણીઓનાં ભક્તિ ભાવ પ્રવર્તાવી::તેમનો ઉધ્ધાર કરવાનો હતો. અને તેથીજ આ દેવાંગનાને મૃત્યુ લોકમાં દેહ ધારણ કરાવ્યો હતો.

પ્રગટ પરચા શિવાય કોઇના મન ઉપર ભક્તિની છાપ બેસે નહી અને તેતો ખુલ્લુંજ છે; કારણ; તેવા સાક્ષાત પરચા જોવા છતાં પણ પામર :મનુષ્યો પાપમાં પ્રવર્ત થઈ ઈશ્વરનો જરીક ડર કે અરે લાવતા નથી, તો એવા સાક્ષાત પરચા ઇશ્વરના ન હોયકે નજરે ના દેખાયતો પછી ઇશ્વરને તો ગણેજ કોણ ?:ને તેમને કોઇ માનેજ નહી. અને તેથી આરે આવેલા વહાણ રૂપી મનુષ્ય જન્મ ગુમાવી છેવટે લક્ષ ચોર્યાશીમાં ભટકાય. તે કારણને લીધેજ ઇશ્વરે પામર પ્રાણીઓ ઉપર દયા કરી તેમને ભક્તિ

માર્ગે દોરી ચોરી, ચાડી, જારી વિગેરે પાપ કર્મથી ઉગારી તેમનો ઉદ્ધાર કરવાનો હેતુ ધારણ કરીનેજ આ દેવાંગના ને મૃત્યુ:લોકમાં અવતાર ધારણ કરાવ્યો હતો.

વાંચકવૃદ! દેવાંગનાનો મૃત્યું લોકમાં અવતાર ધારણ કરવાથી પામર જીવોને ભકિત માર્ગે શી રીતે દોરાય, અને તેમનો ઉધ્ધાર કેવી રીતે થાય, તે સવાલ તમારા મનથી ઉત્પન્ન થાય તો જુવો, દેવાંગનાની ભકિતથી પ્રભુ તે દેવાં-ગનાના વશ થઇ પ્રગટ પરચા આપે. જે પરચા જોવાથી પામર જીવોની ખાત્રી થાય કે ભગવાન ભકિતનેજ વશછે; અને ભકતને માટે પ્રાણ પાથરેછે. એવી ખાત્રી થતાંજ પાપ કર્મથી નિવૃત થઇ ભકિત માર્ગે દોરાય, અને તેથીજ તેમનો ઉધ્ધાર થાય.

રાજાનો તે દેવાંગનાં પ્રત્યેનો ઉત્પન્ન થયેલો માતૃ ભાવ દુર કરવાના હેતુથી, પ્રભુએ તે રાજામાં મહામાયા મુકી દીધી. કારણ, જો તે માતૃ ભાવથી વર્તે તો તેનાં લગ્ન આદિ કાર્ય કરેજ નહી, અને તેમ કરે નહી તો સાક્ષાત પરચા આપી પામર જીવોને ભકિત માર્ગે દોરવાનું કાર્ય બનેજ નહી? તેથી પ્રભુજીએ તે રાજામાં મહામાયા મુકી દીધી.

માયાનો પાસ ઘણોજ બુરો છે. મ્હોટા મ્હોટા રૂષિ મુનીઓને તે માયાએ ખરાબ કર્યાછે, મોહોટા દેવો પણ તે માયાના પાસમાં સપડાતાં ખુવાર બન્યાછે.

માહાત્મા મછંદરનાથ ત્રીયારાજથી સપડાયા હતા. ઇંદ્ર, ચંદ્ર આદી દેવો પણ તેમાંજ સપડાયા હતા. કહાન કુબજામાં, અને શંકર ભીલડીમાં આશક બન્યા હતા, તે માયાનોજ પ્રતાપ.

મહામાયામાં સપડાતાંજ રાજાનો માતૃ ભાવ દુર થયો, અને પુત્રી ભાવ ઉત્પન્ન થયો; ધન્યછે! પ્રભુ તારી લીલાને! ઘડી પહેલાં માયાથી વિરક્ત રાજા શું ભાવમાં હતો, ને ઘડીકમાં શું ભાવમાં ફેરવાયો! પ્રભુની માયાની બલીહારી છે. મ્હોટા મ્હોટા રૂષિ મુનીઓ પણ તે માયાનો પાર પામ્યા નથી.

રણુવાસ પાસે આવતાંજ તેના વિચાર માયામાં સપડાયેલો હોવાથી બદલાયા, અને વિચાર કર્યોકે, આ હું શું મૂર્ખાઈ કરૂંછું! સાક્ષાત પ્રભુનાજ અવતાર રામચંદ્રજી ઉપર દશરથ રાજા પુત્ર ભાવજ રાખતા હતા, અને તેજ પ્રમાણે વરતતા હતા. જો કે આ છેતો દેવાંગનાજ, પણ મારે ત્યાંતો પુત્રી રૂપ પ્રગટ થઈ છે, તેથી પુત્રી ભાવથી લાડ લડાવી મારા કોડ પુરા કરૂં.

ઉપર પ્રમાણે વિચાર આવતાંજ તેણે મ્હેલમાં આવી પુત્રીનું મુખ જોવા માટે તેને લાવવાનું દાશીને સુચવ્યું. સુચન થતાંજ દાશી કુંવરીને લઇ રાજા પાસે આવી.

કુંવરીનો પ્રફુલીત ચ્હેરો જોઈ રાજા અતિ હર્ષિત થયો, અને કુંવરીને રાણી પાસે લઇ જવાનું દાશીને કહી, તેને વિદાય કરી. કુંવરીનો ચ્હેરો જોઇ રાજાએ વિચાર કર્યો કે આ કુંવરી રત્ન ઇશ્વરેજ મને બક્ષ્યું, અને મારો અવતાર સફળ કર્યો. તેથી ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો.

ઇશ્વર સ્તુતિ.

(ટળ્યા નહીરે ટળે) એ રાહ.

કરી રહેમ હું પરે, સત્ય દીનના દયાળ—કીધી.
ભક્ત વત્સલ ખરે—દીનોનાથ એ કૃપાળ—કીધી.

સ્તુતી સુણી પ્રલ્હાદની, વશીયા સ્થંભે ખરે,
હીરણ્યકસ્યપુ મારવા, પ્રભુ નૃશીંગ રૂપ ધરે—મારા વ્હાલા.
અહલ્યા સતીને તારવા, પ્રભુ સલ્યાને મળે,
સ્પર્શ કીધો સલ્યાને, સલ્યા અહલ્યા રૂપ ધરે—મારા વ્હાલા.
પ્રભુ પારાયણ પુત્રી દીધી, કર્યો ન્યાલ તો ખરે,
અહો ભાગ્ય ગણું માહરાં, પ્રભુ દરિશણ ફળે—મારા વ્હાલા.

ઇશ્વર સ્મરણ કરી રાજા મેહેલમાં ગયા, અને જમી પરવારી નીંદ્રાવશ થયા. સવાર થતાં ભાટ ચારણ આદિ ઘણાક ભીક્ષુકો મ્હેલ આગળ આવી ખડા થયા. જો કે પુત્રી પ્રસવ થઈ તેથી ભાટ ચારણનો લાગો હોયજ નહી, પરંતુ રાજાએ પુત્રી જન્મનો ખુશાલીનો મ્હોત્સવ કર્યો, અને રાજમંડળ વિગેરેમાં સારાં ઇનામ વહેંચ્યાં. તેથી ઇનામની આશા ધરાવી મ્હેલ આગળ રાજાજીના આવવાની રાહ જોતા બેઠા.

સવારના ચાર વાગતા રાજાજી નીંદ્રાથી મુક્ત થતાં બીછાનામાંથી ઉઠી, દંતધાવન આદિ કાર્યથી પરવારી સ્નાન કરી શેવામાં બીરાજ્યા. ઠાકોરજીને સ્નાન કરાવી, ચંદન પુષ્પ વિલેપન કરી, હાથમાં માળા લઇ એક ચિત્તથી ઇશ્વર સ્મરણ કરવામાં લીન બન્યા, અને તે એવા લીન બન્યા કે રોજ કરતાં દોઢ કલાક વધારે નીકળી ગયો. નીત્ય નીયમ કરતાં બમણી માળાઓ ગણાણી, છતાં તેનું તેમને ભાન રહ્યું નહી.

દુધ પીવાનો સમય વિતી ગયો પણ રાજાજી હજુ શેવામાંથી પરવાર્યા નથી. એવી ખબર પ્રધાનજી આવતા તેમને નોકર દ્વારા મળી. જેથી પ્રધાનજીએ વિચાર્યું કે વખતે આજ મોડા જાગૃત થયા હશે તેથી વાર લાગી હશે; પણ

ના ! તેઓ કદાપી કાળે મોડાતો ઉઠેજ નહી, ને આજ વાર વધારે થઇ તેનું કારણ શુ, તેનો તપાસ કરવા શેવા મંદીર તરફ ગયા.

શેવા મંદીરમાં જઇ જોતાં, રાજા હાથમાં માળા લઇ ઇશ્વર સ્મરણમાં એવા તો લીન બનેલા જોયા કે, તે જોઇ-પ્રધાન આશ્ચર્ય પામ્યા. પ્રધાને વિચાર્યું કે એવા તો એક તાર બન્યા છે કે તેમને સુચન આપ્યા શીવાય તેવો ધ્યાન મુક્ત થશે નહી, તેથી રાજાજીને ધ્યાન મુક્ત થઇ દુધ પીવા વિનંતી કરી.

પ્રધાનજીની વિનંતી સાંભળી રાજાને સમય વીતી જવાનું ભાન થયું. ભાન થતાં શેવાકર્મ આટોપી દુધ લાવવા આજ્ઞા આપી. આજ્ઞા થતાં શેવક કેસર આદી મશાલાવાળુ ગરમ દુધ લઇ હાજર થયો, અને દુધનો પ્યાલો રાજાજીને આપ્યો. દુધ પી રાજાજી મ્હેલના ઝરૂખા તરફ ગયા.

આજ ઘણો વખત થયો પણ રાજાજી હજુ સુધી ઝરૂખે આવ્યા નહી, તેથી જાચકવૃંદ અકળાયું, અને માં-હોમાંહી વાતો કરવા માંડી કે, આજ કોક અભાગીઆનું મ્હોં જોયેલું તેથી વખત વિતી ગયો છતાં, રાજાજીનાં દર્શન થયાં નહી.

આ પ્રમાણે માંહોમાંહી વાતો કરે છે, ત્યાં રાજાજી મ્હેલના ઝરૂખામાં આવી બીરાજમાન થયા. રાજાજીનાં દ-ર્શન થતાં સર્વે જાચકવૃંદે રાજાજીને નમી નમીને સલામો કરી જય સ્તુતી ઉચ્ચારવા માંડી.

જાચકવૃંદની જય સ્તુતી સાંભળી રાજાએ તેમને યોગ્ય શીરપાવ આપવા પ્રધાનજીને આજ્ઞા કરી. આજ્ઞા મ-

ળતાં પ્રધાનજીએ તેમને યોગ શીરપાવ વહેંચ્યો. કુવરીના જન્મ વખતે પોતાનો હક નહીં છતાં રાજાજીએ શીરપાવ આપ્યો, તેથી સર્વે રાજાજીનો જય બોલવા લાગ્યા, અને વખાણ કરતાં કરતાં બજાર તરફ ગયા.

આ પ્રમાણે જાચકવૃંદને ખુશીમાં જતુ જોઈ બજારમાં મહાજન મંડળે પૂછ્યું કે, અલ્યા આટલા બધા શાથી ખુશી થયા? જાચકવૃંદે કહ્યું, રાણીજીએ કુંવરીબાનો જન્મ આપ્યો, તેની ખુશાલીમાં રાજાજીએ શીરપાવ આપ્યો તેથી. આ પ્રમાણે કહી જાચકવૃંદ વિદાય થયું.

જાચક લોકોના ગયા બાદ મહાજન મંડળ આશ્ચર્ય પામ્યું કે રાજાજીએ ઘણો સારો મ્હોત્સવ કર્યો, અને કાલે રાજમંડળમાં ઇનામ વહેંચ્યાં અને આજે જાચકવૃંદને શીરપાવ આપ્યો. ત્યાં ભક્તિદતે કહ્યું કેમ મારી વાત ખરી પડીને! તમો સર્વે તો રાજાજીને ગાંડા ગણતા હતા, પણ ગાંડા તે તમે કે રાજાજી?

સોમદત્ત—ખરૂં કહોછો ભક્તિદત્ત. રાજા ભગવાનનો ભગતતો સાચો.

વીરદત્ત—અલ્યા બીજુ જાણ્યું?

પ્રેમદત્ત—શું?

વીરદત્ત—રાણીએ પુત્રીને જન્મ આપ્યો, તે પુત્રી ગર્ભવાસમાંથી પ્રસુત પામી નથી,

શાંન્તીદત્ત—ગર્ભવાસમાંથી પ્રસુત પામીજ નથી ત્યારે શું અદ્ધરથી પડી હશે?

વીરદત્ત—હા! હા! અદ્ધરથીજ. જોશીઓ અને પંડીતો જન્મ અક્ષરકરી શકયા નહી!

પ્રેમદત્ત—શું આ સાચી વાત છે?

ભક્તિદત્ત—હા! હા! સાચી વાત. કાલે હું સભા મંડપમાં ગયો હતો.

પ્રેમદત્ત—ત્યાં શું શું બન્યું તે તો જણાવો?

ભકિતદત્ત—બન્યું એ કે, જોશીઓએ કહ્યું કે કુંવરીએ ગર્ભવાસમાંથી જન્મ ધારણ કર્યોજ નથી. તેથી ખાત્રી કરવા રાજાએ પ્રસુત વખતે હાજર હતી તેમાંની એક દાશીને બોલાવી ખાત્રી કરી. અને ખાત્રી થતાં તેનું કારણ જોશીઓને પુછ્યું. ત્યાં જોશીઓએ કહ્યું, કે તમારા કુળનો ઉદ્ધાર કરવા ઇશ્વિરે તમારે ત્યાં સાક્ષાત દેવાંગનાને અવતાર આપ્યો છે.

વીરદત્ત—પછી રાજાએ શું કહ્યું?

ભકિતદત્ત—રાજાએ કહ્યું કે મને ભગવાને સ્વપ્ન આપ્યું હતુ, કે તારે ત્યાં પ્રભુ પારાયણ પુત્રી પ્રગટ થઈ છે, તેથી જાગૃત થઇ ઇશ્વિર સ્મરણ કરતો હતો. ત્યાં કુંવરીની વધાઇ મળી, અને તેથીજ આવો મ્હોત્સવ કર્યો છે.

સોમદત્ત—વારૂ! જન્મ અક્ષર જોશીઓએ તૈયાર કર્યા?

ભકિતદત્ત—ગર્ભવાસમાંથી દેહ ધારણ કર્યો હોય તેનાજ જન્મ અક્ષર થાય, બીજાના કદાપી કાળે ના થાય.

વિરદત્ત—તેનું કારણ?

ભકિતદત્ત—તે સઘળુ શાસ્ત્રોનું પ્રમાણ છે. શાસ્ત્રો કાંઇ જુઠાં નથી.

વિરદત્ત—વારૂ! કુંવરીનું નામ શું પાડ્યું? જન્મ અક્ષર બની શક્યા નહી, તો શા ઉપરથી નામ પાડ્યું?

ભકિતદત્ત—દાશીએ કહ્યું કે કુંવરીના જન્મ વખતે એકદમ તેજનો બંબાકાર દેખાયો, અને એકદમ સમી ગયો, તે અરસામાં કુંવરીનો જન્મ થયો. તે ઉપરથી પંડીતો તથા જોશીઓએ તે કુંવરીનું નામ માગાં પાડ્યું.

ચતુરદત્ત—જો પ્રભુ પારાયણ દેવાંગના પ્રગટ થઇ હશે, તો જન સમુહનું કલ્યાણ કર્તા થશે.

ભકિતદત્ત—હા! હા! તેવીજ નીવડશે. અને તે વખતે તમારી ખાત્રી થશે.

ચતુરદત્ત—તે સઘળું વખત આવે જણાશે.

એ પ્રમાણે વાતો કરતા જમવાનો વખત થવાથી સૌ વેરાઇ ગયા.



પ્રકરણ ૬ ઠું.

પ્રભુ પારાયણતા.

મીરાંબાઇના જન્મ પછી રાજાને સઘળુ મંગળમય ભાસવા માંડ્યું. એમ આનંદમાં ને આનંદમાં દિવશો વ્યતીત થવા લાગ્યા. જેમ સુર્ય પોતની કળા ધીમે ધીમે પ્રકાશે છે, તેમ દીવશે દીવશે મીરાંબાઇ મ્હોટાં થયાં. બાર મહીનાની ઉમ્મર થતાં બોલતાં તથા ચાલતાં શીખ્યાં. મ્હેલ આખામાં ફરવા માંડ્યું. ફરતાં ફરતાં પણ કાલી ભાષામાં ભગવાન શીવાય બીજા ઉચ્ચારો ભાગ્યેજ સાંભળવામાં આવતા હતા. ગીરધરલાલ, નટવરલાલ, શામલાલ, વિઠલનાથ, કલધર ભગવાન આદિ ભગવાંનના નામનો ઘડીએ ઘડીએ અને પળે પળે ઉચ્ચાર કરતાં હતાં. જે ઉચ્ચાર સાંભળી રાજા જયમલ ઘણો હર્ષે પ્રફુલીત થતો હતો, અને મીરાંને લાડથી રમાડતો હતો.

રાજા પોતે રાજશેવા રાખતા હતા, ને તેનું નીયમીત પુજન, અર્ચન, થાળ, ભોગ આદિ શેવન સાચા દિલથી કરતા હતા. પ્રથમ સવારમાં વહેલા ચાર વાગતાં નિદ્રામુક્ત સૌચ આદી કર્મથી પરવારી દંતધાવન કરતા હતા. દંતધાવન કરી તુત સ્નાન કરતા હતા. મે સ્નાન કરી શેવામાં બીરાજમાન થતા.

પ્રથમ ઠાકોરજીને સ્નાન કરાવી વસ્ત્ર આદિથી શણગારી આસન ઉપર બરાજમાન કરતા હતા; બીરાજમાન કરી ચંદન વિલેપન કરી ઉત્તમ પુષ્પો, જેવાં કે જાઈ, જુઇ, ચંપો, ચંબેલી, કેતકી, મોગરો, ગુલાબ, ગુલબાશ,

ડમરો, તુળશીપત્ર વીગેરે ધરાવી ધુપ, દીપ કરી આર્તી ઉતારતા હતાં; આર્તી ઉતારી પોતે હાથમાં તુળશીની માળા લઇ એક ચિતે પ્રભુ સ્મરણ બે કલાક સુધી કરતા હતા.

સ્મરણ કર્યા બાદ ચાંદીના પાત્રામાં મંગળાભોગ ધરાવી, શેવામાંથી પરવારી રાજ્ય કાજમાં ગુંથાતા હતા. એવી નિયમિત રીતે વર્તી ભગવાનની શેવા અને સ્મરણ સત્ય નીષ્ઠાથી પ્રેમપુર્વક કરતા હતા.

મીરાંબાઇની રમત પણ ભગવાન સાથેજ હતી. શેવા મંદીરમાં જઇ લાલજીની મુર્તીને લઈ સપ્રેમ છાતી સાથે દાબતાં હતાં, અને તે મુર્તી સાથે ગેલ કરતાં હતાં. મીરાંબાઇની વીરમત અને પ્રભુ મૂર્તી ઉપર પ્રેમ જોઈ જયમલ અતીશય હર્ષવંત થતો હતો.

એવી રમત ગમતની લીલામાં ને લીલામાં પાંચ વર્ષ વિતી ગયાં, તે અરસામાં મીરાંબાઇ સમજણાં થયાં. સમજણમાં આવ્યા બાદ મીરાંબાઇએ નિયમ બાંધ્યો કે પોતાના પીતાજીની નિંદ્રામુક્ત થવાની વખત થાય, કે તર્ત પોતે નિંદ્રામુક્ત થઈ પીતાજીની સાથે સૌચ આદી કર્મોથી પરવારી સ્નાન કરી શેવા મંદીરમાં બેસતાં હતાં.

મંદીરમાં બેશી પ્રથમ લાલજી મહારાજને પ્રેમ પૂર્વક સ્નાન કરાવી, વસ્ત્ર આભુષણથી શણગારી, ચંદન વિલેપન કરી પૂષ્પ ધરાવતાં હતાં. અને પૂષ્પ ધરાવી હાથમાં માળા લઈ સાચા દીલથી પ્રભુનું સ્મરણ કરતાં હતાં.

આટલી નહાની વયમાં પણ પ્રભુ સ્મરણમાં અને શેવામાં તેમને સવાપહોર દીવસ થતો હતો. દ્રઢ ભક્તિ જોઇ જયમલ રાજા અતિશય હર્ષવંત થયો હતો. અને

મીરાંબાઇ ઉપર પૂત્ર કરતાં પણ અધિક પ્રેમ રાખતો હતો. અને મીરાંબાઇને દેવી સમજી ખાનપાન આદિમાં પણ કમીના રાખતો નહી. આવી રીતે મીરાંને પ્રભુ પારાયણ સમજી તે મીરાંબાઈની સાચા દીલથી શેવા કરતો હતો.


મીરાંબાઇને જોડે લીધા શીવાય પોતાને ખાવું રૂચતું નહોતું. તેથી જમવાની વખતે મીરાંને સાથે બેસાડી, પ્રથમ તેને જમાડી જમતો હતો. અને મીરાંબાઇનું વચન પડતાં પહેલું ઉપાડી લેતો હતો.

જયમલ રાજા પોતાને આવી પ્રભુ પારાયણ પુત્રી પ્રાપ્ત થઇ, તેથી તે પોતાને અહોભાગ્ય સમજતો હતો. અને પોતાને આવી પુત્રી આપી તેથી ઇશ્વરનો તનમનથી આભાર માની અહોનીશ પ્રભુનું સ્મરણ કરતો હતો.

એમ દીવશ ઉપર દીવશ અને માસ ઉપર માસ વ્યતીત થવા લાગ્યા. અને એમ દિવસો વ્યતીત થતાં મીરાંબાઇની ઉમ્મર તેર વરસની થઇ. મીરાંબાઇ તેર વરસના થયાં, ત્યારે જયમલ રાજાની રાણી મીરાંની માએ રાજાને કહયું, પ્રાણનાથ! મીરાંબાઇ તેર વરસનાં થયાં, માટે તેના વીવ્હાની તપાસ કરોતો સારૂ, કારણ, તેનો કન્યાકાળ થયો છે. રાજાએ કહ્યું, પ્રથમ મીરાંબાઇને પૂછો કે તેની શી મરજી છે. રાણી કહે આવી વાત તે તેને પૂછાતી હશે? રાજા કહે હા. તેની મરજી વિરૂદ્ધ હું કાંઇ કાર્ય કરનારો નથી. રાણી કહે પ્રાણનાથ! આવાં ગાંડાં વચનો મુખે શોભતાં નથી. શું દરેક પુત્રીઓ પોતાના માબાપને કહેતી હશે? અને દરેક માબાપો પોતાની પુત્રીને પુછીને દરેક કાર્ય કરતા હશે? તેમાં વળી વીવ્હાની વાત તે છોકરીને પુછાતી હશે? તે શરમાય નહી કે?

રાજા કહે તમારૂ કહેવું વ્યાજબી છે, પણ તે બીજી પુત્રીઓ માટે, મીરાં માટે નહી. મીરાં કોણ છે તમે જાણોછો ? રાણી કહે હા, આપણી પુત્રી છે. કોણ છે કેમ કહોછો ? રાજા કહે ના, તે મનુષ્ય નથી, પણ મનુષ્ય અવતારમાં કોક દેવાંગના છે. ઇશ્વરે આપણા ઉપર તૃષ્માન થઇ દેવાંગનાને આપણે ત્યાં પ્રગટ કરી, તેથી શું આપણે ખાસ પુત્રી ભાવજ રાખવો ? ના, તેમ કદી રાખવું નહી, ને તેના સંબંધનાં દરેક કાર્ય તેને પુછીનેજ કરવાં.

રાણી કહે જેવી તમારી ઇચ્છા. હું મીરાંબાઇને પુછી તેના વીચાર જાણવા સારૂ તેના ઓરડામાં જાઉછું. રાજા કહે તેને પુછીને જે ઉત્તર તે આપે તે મને જણાવો. રાણી કહે સારૂ, કહી રાણી મીરાંબાઇના ઓરડા તરફ ગઇ અને રાજા કચેરી તરફ ગયા.



પ્રકરણ ૭ મું.

સ્વપ્નુ આવ્યું કારમુ, થયાં અતિશય મગ્ન;
ગિરિધરલાલે આવીને, નીજથી કીધાં લગ્ન.

મીરાંબાઈ પોતાના ઓરડામાં પલંગ ઉપર નીંદ્રાવશ થયાં છે, ત્યાં તેમને એકાએક શ્રી ગિરિધરલાલજીએ સ્વપ્નુ આપ્યું. તે સ્વપ્નુ એવું ઉત્તમ હતું કે, જે સ્વપ્નથી મીરાંબાઈ અતિપય હર્ષિત થયાં, અને સ્વપ્નમાં લીન બની ગયાં.

વહાલા વાંચકવૃંદ ! મન ગમતુ સ્વપ્નુ આવતાં મન તેમાં લીનતા પામે છે; તેમ મીરાંબાઇને થયું. મન ગમતું સ્વપ્નુ આવે તો મન લીનતા પામે, તે કાંઇ નવાઇની વાત નથી. જે વસ્તુ મનને પ્રિય હોય, તે વસ્તુ સ્વપ્નામાં પણ મળે તો મન ખુશી કેમ ન થાય ? તે પ્રમાણે મીરાંબાઇને થયું. વહાલા વાંચકવૃંદ ! મીરાંબાઇને એવું તે શું સ્વપ્નુ હતુ કે તેમાં લીન બન્યાં ? એવિ તે શું પ્રિય વસ્તુ હતી કે જેને જોઇ તે પરમ આનંદ પામ્યાં ?

મીરાંબાઇને ગિરિધરલાલ શીવાય બીજી કોઈ વસ્તુ પ્રિય નહોતી. પ્રભુ પારાયણને પ્રભુ શીવાય બીજી અધિક પ્રિય વસ્તુ હોશજ શેની. કારણ, તે પ્રભુ પારાયણ દેવી રત્ન હતું.

સાક્ષાત ગિરિધરલાલજીએ સ્વપ્નામાં આવી મીરાં સાથે લગ્ન કર્યું. જે લગ્નથી મીરાં અતિપય હર્ષિત બની, અને સ્વપ્નામાં ગિરિધરલાલજીની સ્તુતી કરવા માંડી.

મીરાં— **ગાયન.**

(જાશો ક્યાં દઇ વચન) એ રાહ.

હે ! **પતિતના પાવન,** સોંપ્યું તુમ ચરણે મન;
ગિરિધર સ્વામી ચિતે ચાહુ, સાચા એક **શામઘન,**
શામઘન; હે !
જોઈ પવિત્ર તુમ દર્શન, થયું શીતળ શીતળ તન;
ભાવે ભાવે જાવે જાવે દોડી તુમ ચરણે, પ્રેમી મન, પ્રે-
મી મન, પ્રેમી મન; હે !
સંસાર માય અગન, છે મુક્તિની વિઘ્ન;
મુક્તિદાતા નામ તમારૂં, કર્યું મુજથી હા ! લગન, હા !
લગન; **હે !**

ઉપર પ્રમાણે સ્તુતી કરી રહ્યાં ત્યાં ભગવાન અંત-ર્ધ્યાન થયા, ત્યાં મીરાંબાઇની આંખ ઉઘડી ગઈ. આંખ ઉઘડતાં ભગવાન, કે જેમણે પોતાની સાથે લગન કર્યું તે-મને દીઠા નહી, તેથી એબાકળાં બની ભગવાનને શોધ-વા લાગ્યાં.

ગાયન.

(મગવરુભ આ વર્ષા આવી) એ રાહ.

કેમ પ્રાણ પ્રભુ તરછોડી ગયા (૨)
તરછોડી કેમ રામા બીચારી, ગિરિધર શામ નમેરા થયા—કેમ.
દર્શન વિણ પ્રભુ ચિત્ત નવ ઠરતું, પરણીને શું અળગા ર-
હ્યા—કેમ.
સ્વપ્નમાં પરણી કીધી ગૃહણી, તરછોડી **શું** વિચાર લહયા
—કેમ.
આવી મળો અલબેલા છેલા, લાવી દાશીપર કંઇક દયા—કેમ

હે ગિરિધરલાલજી! હે પ્રાણ પ્રભુ! એવો તે દાશીનો શું અપરાધ થયો, કે એકદમ તરછોડી ચાલ્યા ગયા? અચળ સુખ, કે જે કદાપી કાળે ચળીત થાય નહી, તેવું સુખ આપી લુંટી લીધું, અને વિયોગ વન્હિમાં નાંખી. પ્રાણ પ્રભુ! એવો તે દાશીએ પલકમાં શું અપરાધ કર્યો, કે એકદમ તજી દઈ ચાલી ગયા? આપ તો કૃપાના સાગર છો. પ્રાણ પ્રભુ! અબળા ઉપર આવો વિયોગરૂપી કારીગ્રા કરવો ઘટે? આપ તો સુખના રત્નાકર કહેવાઓછો, ભક્ત વત્સળ, રણછોડ, દિનદયાળ, એવાં અનેક નામ ધરાવો છો. આપના શરણમાં દુઃખનું નામ સ્વપ્ને પણ નજ હોય, છતાં આપના શરણમાં આ વિયોગ દુઃખ અનુંભવુંછું, તે એક અચંબાની વાત છે. વ્હાલા! તમે અનેક ભક્તોનાં કામ કર્યાં.

ગાયન.

(મારી સહાય કરશે મોરારી) એ રાહ.

કહાવો ભક્ત વત્સલ મોરારીરે, કેમ તજી આ રામા બીચારી;
દ્રૌપતી નારીની લજ્યા ઉગારી,
પુર્યા ચીર તમે ફીરતારી—કહાવો.
વસુદેવ દેવકીજી સ્તુતી વીચારી;
તમે છોડાવ્યાં કંસને સંહારી
પ્રલ્હાદ સ્થંભે વાસ પુર્યો, તેમ કરો વ્હાર મારી—કહાવો.

પ્રાણ પ્રભુ! પ્રાણ પ્રભુ! તમે અનેક ભક્તોનાં કામ કર્યાં, તો શા માટે ટળવળાવો છો? બીજા ભક્તોનાં કાર્ય કર્યાં. તો હુંતો તમારી ગ્રહણી છું. જાતેથી લગ્ન કરી શા માટે તરછોડી? માટે પ્રાણ પ્રભુ! હવે તો પધારી દર્શનનો લાભ આપી આભારી કરો. દુખણીને સુખી કરો. મારા

નાથ ! મારા ધણી ! નોધારાના આધાર ! વિચાર કરો. માછલી જળ વિના જીવે ખરી? નહીજ. તો પછી આ પ્રેમી માછલી વારીરૂપ તમારાં દર્શન વિણ કેવી રીતે જીવશે ? ચકોરી ચંદ્રવિણ શાન્તિ પામે ખરી ? નહીજ. તો પછી આ પ્રેમી ચકોરી ચંદ્રરૂપ આપનાં દર્શન વિણ શો રીતે શાન્તિ પામશે ? તેનો વિચાર કરો. સુર્ય વિણ કમળ ખીલે ખરૂં ? નહીજ. તો પછી આ કમળ રૂપી કાયા તમારા દર્શન વિણ શી રીતે ખીલશે, તેનો ખ્યાલ કરો. ચીતચોરી બહાવરી બનાવી ચાલ્યા ગયા ! જેવી રીતે ગોકુળમાં ગોપીઓનાં મહી માંખણ ચોરી, ગોપીઓને સતાવતા હતા, તેવીજ રીતે આ ગોપીનું ચિત્ત ચોરી તેને સતાવોછો શા માટે ? તે વખતે ગોપીઓને તમારાં સાક્ષાત દર્શન મળતાં હતાં, તેવી રીતે દર્શન આપી સુખેથી સતાવો; પણ દર્શન વગર શા માટે સતાવો છો ? તે વખતે ગોપીઓને જશોદા માતાજીની વ્હાર હતી, ને ફરીયાદ બહાને પણ દર્શનનો લાભ હતો, તે અત્યારે કયાં છે ? નહીતર આટલી વીનવણી કરત નહી. અને ફરીયાદ બહાને પણ ચિત્ત ચોરનાં દર્શન કરત. માટે વહાલા ! વીચાર કરો, અને દર્શનનો લાભ આપી આ દાશીને કૃતાર્થ કરો. હું તો એક તનમનથી ફક્ત તમારૂજ રટણ કર્યા કરૂં છું.

ગાયન.

(દોનો સીંયારામ) એ રાહ.

ગિરિધર શ્યામ,વશ્યા દીલ ધામ, રટુ તુમનામ, પ્રિતેથી હું.
પ્રિતે પરણી,કીધી ગૃહણી,તારો તરૂણી,છે વિનવણી—ગિરિધર.
અનેક ભકતો તારીઆ, જાતે કીધી વ્હાર;

તેમ દરશન દઇ દાશીને, પ્રિતે કરો સ્વીકાર ..... ગિરિધર-
સત્ય દિલે સમરણ કરૂ, સ્વામી ગિરિધરલાલ;
પ્રત્યક્ષ દર્શન દ્યો પ્રભુ, બેઠુ આણી અતી વ્હાલ—ગિરિધર.

ઉપરની વિનવણી સાંભળી ભગવાને અંતરીક્ષથી કહ્યું.

પ્રભુ— **મરાઠી સાખી.**

મીરાં સાચી ભકિતતારી, વીસરી ના વિસરાયે;
અળગો નથી એક પળ પણ, તુજથી પાસે છું હું સદાયે;
તજ પાસેજછુ, સાચીને કેમ વિસરૂ હું—

મીરાં—ક્યાં છો ? વ્હાલા ક્યાંછો ? મારા વહાલા ગિરિધર લાલજી ! પાસેજ બોલોછો છતાં શા માટે દેખાતા નથી.

પ્રભુ— **મરાઠી સાખી.**

જ્ઞાન દ્રષ્ટિથી જોતુ વિચારી, સદાયે છું તુંજ પાસે;
પ્રત્યક્ષ દર્શન આપીશ આગળ, પુરીને મારી આશ,
સત્ય પંથે પળો, પામર જીવનો ઉધ્ધાર કરો.

મીરાં—વહાલા નાથ ! ભકત વત્સલ ભગવંત ! દિનદયાળ! દીન પ્રાણીઓ ઉપરની દયાની વાત સાંભળી મારૂ મન શીતળ થયું છે. પણ પ્રત્યક્ષ દર્શન વિણુ તે મન અચિરૂ બને છે. કયાંછો ? કયાંછો ? મારા વ્હાલા ગિરિધરલાલ ક્યાં છો ? (મીરાંની માતા આવેછે)

રાણી—બ્હેન ! બ્હેન ! તું કોને ખોળે છે ?

મીરાં—માતા ! વ્હાલી માતા ! કોને કેમ ? મારા ગિરિધરલાલજીને; પરણીને ચાલ્યા ગયા તેમને.

રાણી—મીરાં ! મીરાં ! તારૂ ચિત્ત ઠેકાણે છે કે નથી ? કોણ પરણીને ચાલ્યા ગયા ?

મીરાં—મારા ગિરિધરલાલ, મારા છોગાળા રાધાપતી.

રાણી—મીરાં ! મીરાં ! આજ આવાં ગાંડાં શા માટે કાઢે છે ? હું તને એક વાત પુછવા આવી છું, પણ તારૂ ભાન ઠેકાણેજ કયાં છે.

મીરાં—માતાજી ! મારૂ ભાન ઠેકાણેજ છે. કયાંઇ નાશી ગયું નથી. જે વાત પુછવી હોય તે સુખેથી પુછો, તેનો યોગ્ય જવાબ આપીશ.

રાણી—પ્રથમ કહે કે તું કોની ઝંખના કરે છે ?

મીરાં—મારા પરણેત પતીની.

રાણી—પરણેત પતી કોણ ?

મીરાં—કોણ શા માટે ? મારા **ગિરિધરલાલજી**.

રાણી—ગિરિધરલાલજી પરણેત પતી કેવી રીતે ? નકી તારૂ ભાન ખસ્યુ લાગે છે, નહીતર આવાં ગાંડાં વચન નીકળેજ નહી.

મીરાં—માતાજી ! ગાંડાં વચન નથી; મારૂ ભાન ઠેકાણે છે. આપોઆપ મનસા વાચાથી પરણ્યા, તે પરણેલ પતી કેમ નહી ?

રાણી—વારૂ તું પરણી તો તેમનું સ્વરૂપ પણ જોયું હશે, તેમના વસ્ત્રો શણગાર પણ નજરે પડયા હશે, તો કહે વારૂ તે કેવા હતા ? ને તેમણે શું વસ્ત્ર શણગાર ધારણ કર્યા હતા ?

મીરાં—માતાજી ! મારા પ્રાણ પ્રભુનું સ્વરૂપ વર્ણવ્યું જાય તેમ નથી.

રાણી—એતો બધી વાત જાની, પણ તને જે સ્વરૂપનાં દર્શન થયાં તે વર્ણવી બતાવ્ય, તો હું સત્ય માનું.

મીરાં—માતાજી ! એ ઘનસ્યામનું વર્ણન શું કરૂ, ? જુવો, સાંભળો, સ્વરૂપ સુદીર સ્યામ વરણુ હતું, માંથે મોર પીંછનો મુગટ ધારણુ કર્યો હતો, કેશરી પીતામ્બર ધારણુ કર્યું હતું, કેશરી વાઘો શરીર ઉપર પહેર્યો હતો, હાથમાં મોરલી શોભી રહી હતી, કોટમાં મોતીના હાર શોભી રહ્યા હતા; બે હાથે બાજુબંધ પણ દીપી રહયા હતા, કાનમાં કુંડળ મચ્છાકારનાં હીરા જડીત્ર ધારણુ કર્યા હતાં, એવી રીતના અજબ આભ્રણો અને કેશરી વસ્ત્રોથી દેદીપ્યમાન મારા ગિરિધરલાલજીના સ્યામ સ્વરૂપને કેમ ભુલી જાઉ ?

રાણી—મીરાં ! આજે વર્ણન કર્યું. તે તેં શાસ્ત્રમાં લખ્યા મુજબનુંજ વર્ણન કર્યું છે; શાસ્ત્રો વાંચવાથી જે વર્ણન તારી ધ્યાનમાં ચોટી રહ્યું છે, તેજ વર્ણન તું બોલે છે. તે સીવાય બીજુ વર્ણન નથી.

મીરાં—માતાજી ! શાસ્ત્રોમાં જે વર્ણન આપેલું છે, તેજ વર્ણન મારા મુખથી તમોએ સાંભળ્યું; અને તેજ વર્ણનને મળતા મારા વહાલા **ગીરધરલાલજી** છે, જુદા નથી. ને શાસ્ત્રો લગાર પણ ખોટા નથી. શાસ્ત્રમાં જે સ્વરૂપ વર્ણવ્યું છે તે સ્વરૂપ આબેહુબ છે.

રાણી—મીરાં ! એતો તને પરણવાની ઝંખના થઈ હશે, અને તેવુંજ મનન કરતી નીંદ્રાવશ થઈ હઇશ, તેથી તને એવું સ્વપ્નું આવ્યું.

મીરાં—ના માતાજી, મારા મનમાં બીલકુલ ચિંતવન સરખું પણ નહોતું. હું પરણી છું, તે સ્વપ્નુ સમજતાં નહી, સઘળું સત્યજ છે. ગિરિધરલાલજીને મનસાવાચાથી પરણી ચુકી છું.

રાણી—મીરાં. હું તને તારા લગ્ન માટેજ પુછવા આવી છું, કે હવે તારો વિવ્હા કરી નાંખવો. કારણ, તું યોગ્ય વયની થઈ છું.

મીરાં—વીવ્હા ! માતાજી વિવ્હા તો થઇ ગયો, અને લગ્ન પણ થઇ ગયાં. હવે ફરીથી વીવ્હા કેવો ?

રાણી—ગાંડી ! આતું શું લવે છે ? વીવ્હા અને લગ્ન બધુંએ થઇ ગયું, પણ તે સ્વપ્નામાં. હમો જે કરવા ધારીએ છીએ તે સાચો વીવ્હા.

મીરાં—માજી ! સ્વપ્નામાં નહી, પણ સાચોજ વીવ્હા થઇ ગયો છે. શું મીરાંનો બે ઠેકાણે વીવ્હા કરવો ધારો છો ?

રાણી—મીરાં ! ગાંડા છોડી દે, ને વીવ્હા કરવાનું હા કહે તારી સન્મતી લઈનેજ તારા પીતા તારો વીવ્હા કરવાનું કહે છે, ને તેથી મને પુછવા માટે મોકલી છે.

મીરાં—માતાજી ! એક મેનમાં બે તલવારો રહી શકે ખરી ? એક આત્મા બે ઠેકાણે સમરપાય ખરો ?

રાણી—બે ઠેકાણાં શાનાં ? એકજ ઠેકાણે.

મીરાં—માતાજી ! સાચું ઠેકાણું આપો આપ મળવા છતાં ખોટા ઠેકાણામાં લોભાઉ, એવી હું મુરખી નથી, સમજ્યાં ?

રાણી—ખોટુ ઠેકાણું શા માટે ?

મીરાં—માતાજી ! જુવો, સાંભળો.

ગાયન.

(મુખડાની માયા લાગીરે) એ રાહ.

ખોટે રીઝુ નહી લગારીરે—હો માતા મારી.
સાચુ કેમ દઉ વિસારીરે—હો માતા મારી.
સંસારીનું સુખ શાનું, એ છે માયા કેરૂ બ્હાનું;
તેને કેમ સાચુ માનુંરે—હોમાતા મારી—ખોટે.
જન્મ મરણ દુખ મોટુ, માયામાં લપટાવું ખોટુ;
તેહ માયામાં ન લોટુરે—હો માતા—ખોટે.
સંસારીને મરવું ખરે, તેથી તો રંડાવું પડે;
રંડાપાનું દુઃખ નડેરે—હો માતા—ખોટે.
હાથ હરી હાથ માંહી, જેને કદી મરવું નાંહી
અખંડ એવાતણ રહું સાહીરે—હો માતા—ખોટે.

રાણી—મીરાં ! તું તો છેક જ્ઞાનમાંજ ગળી ગઇ, પણ દુનિયાદારીનો વીચાર કર્યો ?

મીરાં—દુનિયાદારીનો વિચાર શાનો ?

રાણી—જો, તને અમે ના પરણાવીએ, તો દુનીયામાં ખોટું કહેવાય તેનો.

મીરાં—મારાં લગ્ન ના કરો તેમાં દુનિયાને શું, કે તમને ખોટું કહે ?

રાણી—દુનિયા કોઇથી જીતાણી છે ? આપણે દુનિયાને કહીએ ને દુનિયા આપણને કહે.

મીરાં—દુનિયાની લાજે શું અવિચળ સુખ ખોઉ ? જે આત્મા **ગિરિધરલાલજીને** અર્પણ કર્યો છે, તે શું બીજાને અર્પણ કરૂ ? ના ! ના ! તે કદાપી કાળે બનશે નહી.

રાણી—તું ગમે તેટલી હઠ કર, પણ તારી હઠને નહી ગણતાં તને અમે તારી સન્મતી લીધા વીના પરણાવીએ તો તું શું કરે ? માટે માનને ખાતું મૂકી વીવ્હા કરવાનું કબુલ કર, ને હા કહે.

મીરાં—માતાજી ! આ જીભે તો કદાપી કાળે હા કહેવાની નથી.

રાણી—તને પુછ્યા શીવાય તારૂ સગપણ કરવાનો અમારો હક છે; સગપણની બાબત છોકરાંને પુછાય જ નહી, તે છતાં પુછીને કરવું યોગ્ય ધારી તને પૂછ્યું, ત્યાં તું માન ખાય છે; તેથી હવે તને પૂછ્યા શીવાય તારો વીવ્હા કરી નાંખવો પડશે.

મીરાં—માતાજી ! તમારા હકની તમને કોણ ના પાડે છે ? તમારો હક છે તે ખરૂ છે, પણ તે આ કાયા ઉપર, મન ઉપર નહી. મનનો હક મારા **ગિરિધરલાલ** શીવાય કોઇને આપ્યો નથી, ને આપીશ પણ નહી. તે ખાત્રી સમજજો.

રાણી—ત્યારે તું ખુશી થઈ કબુલ નહીજ કરે ?

મીરાં—માતાજી ! વારે ઘડીએ શું પુછોછો ? એક વખતની પરણેત કંન્યા જો સતી હશે, ને પોતાનો પતી દેવ લોક પામ્યો હશે, તો વિધવા પણું સુખેથી સહન કરશે; પણ બીજી વખત લગ્ન કરવાની સ્વપ્ને પણ ઇચ્છા કરશે નહી. તો મારે માંથે મારા પરણેત પતિ **ગિરિધરલાલજી** જે જળમાં, સ્થળમાં, અને દરેક મનુષ્યોના ઘટમાં વ્યાપી રહ્યા છે તે ગાજે છે, તો બીજા લગ્નની હા કેમ કહીશ, તેનો વીચાર કરો.

રાણી—મીરાં ! તારા મનમાં ભુત ભરાયું છે, તેથી તારા ઉપરવટ થઇનેજ હમારે વીવ્હા સંબંધમાં વર્તવું પડશે.

મીરાં—તે વર્તવાની તમને કોણ ના પાડે છે ? તમો મુક્તિઆર છો.

રાણી—ત્યારે સીધી રીતે કબુલ કરને ? મુક્તિઆરી જાણવા છતાં ખાલી હઠ કરે, તે કેવી રીતે પોસાય ? માટે ખુશી થઇ લગ્ન કરવાનું કબુલ કર, અને અમને વિવ્હા કરવા ખુશી થઇ રજા આપ

મીરાં—કોનો ? મીરાંનો વીવ્હા કરવાની મીરાંને મોઢે કબુલાત માગો છો ?

રાણી—હા, મીરાંના વિવ્હાની.

મીરાં—વારૂ માતાજી ! તમો મીરાં કોને માનો છો ? આ પંચ ભુતના પુતળાને મીરાં માનતા હો, તો તમને મારી રજા છે.

રાણી—પંચ ભુતનું પુતળું કેમ ?

મીરાં—માતાજી ! પંચ ભુતનું પુતળું નહી તો બીજું શું ? તમે કોને મીરાં માનો છો ?

રાણી—તને.

મીરાં—મને એટલે આ શરીરને ?

રાણી—હા.

મીરાં—આ શરીરમાં મીરાં ક્યાં છે તે બતાવો, ને પછી મીરાંનો સુખેથી વિવ્હા કરો.

રાણી—તુજ મીરાં.

મીરાં—(હાથ બતાવી) જો આને મીરાં માનતાં હો, તો આતો હાથ છે. (પગ બતાવી) જો આને મીરાં માનતા હો, તો આતો પગ છે. (પેટ બતાવી) જો આને મીરાં માનતાં હો, તો આતો પેટ છે. (મ્હોં બતાવી) જો આને મીરાં માનતાં હો, તો આતો મ્હોં છે. (માંથાને બતાવી) જો આને મીરાં માનતાં હો, તો આતો માંથુ છે. તો ખરી મીરાં કયાં છે, તે બતાવો તો પછી સન્મતી આપું. જો આત્માને મીરાં સમજતાં હો, તો તે તો ગિરિધરલાલજીના ચરણમાં અર્પણ થઈ ગયેલો છે.

રાણી—તેજ આત્માસહ આ પંચ તત્વના પુતળાનેજ મીરાં સમજું છું.

મીરાં—માતાજી ! આત્મા કે જે ગિરિધરલાલજીના ચરણ કમળમાં અર્પણ થઇ ગયેલો છે, તે શીવાયના આ પંચ ભુતના પુતળાને તમારી નજરમાં આવે તેમ કરો. તેનાં તમો મુક્તિઆર છો.

રાણી—આત્મા વગરના પંચ ભુતના પુતળાને શું કરવાનું હોય ? ચૈતન્ય આત્મા શિવાય તે પુતળું નકામું છે. મડા તુલ્ય છે. મડાનું વેવૈશાળ થાય ખરૂ કે ?

મીરાં—માતાજી ! મનવગરનો વિવ્હા, તેને શું વિવ્હા સમજો છો ? ને તમો ચહાય તેટલા ઉપાય કરો, પણ છેવટમાં જો જો, કે દુનિયાદારીની રીતમાં તમારી આબરૂને ખાતર આ પંચ તત્વનું પુતળું જ્યાં વળાવશો ત્યાં વરશે, પણ તે મનવગરનુજ સમજજો.

રાણી—મને ખાત્રી છે કે તારા પીતા શીવાય તું મારૂ માન્ય નહીંજ કરે.

મીરાં—માન્ય નહી કરે એવું શા માટે કહો છો ? જે પંચભુતના પુતળા ઉપર તમારો અધિકાર છે, તેના માટે તો તમને સન્મતિ આપી.

રાણી—(રાજાને જોઈ) જો પેલા તારા બાપુ આવ્યા. માટે ગાંડુ જ્ઞાન છોડી હા પાડી અમારા જીવને સંતોષ થાય એવાં વચનો ઉચ્ચાર. (રાજા આવે છે)

રાજા—કેમ રાણી! શું વિચાર કર્યો ?

રાણી—તમારી મીરાંને તમે છેક મોંઢે ચઢાવી છે, તેથી તે તો કહે છે હું **ગિરિધરલાલજીને** પરણી છું, માટે બીજે વરવાની નથી.

રાજા—ધન્ય છે મીરાં તારી પ્રભુ પારાયણુતાને !

રાણી—પ્રભુ પારાયણુતા શાની ? એતો બાળ હઠ.

રાજા—રાણી ! બાળ હઠ નથી, પણ તે બધાં પ્રભુ પારાણુતાનાં લક્ષણ છે.

રાણી—શુ તેના માટે તેને કુંવારી રાખવી ?

રાજા—તેની મરજી તેમ હોય તો તેમ કરવું. (મીરાંને) કેમ બ્હેન તારી શું ઇચ્છા છે ?

મીરાં—પીતાજી ! હું તો મારાં માતાજીને કહી ચુકી છું, કે આ પચતત્વના પુતળાને ગમે ત્યાં વરાવો, પણ આ આત્માને તો હું મારા ગિરિધરલાલજીના ચરણમાં અરપી ચુકી છું. આ દેહનું ગમે તે થાય તેની મને પરવાજ નથી.

રાજા—ધન્ય છે મીરાંબાઈ તારી પ્રભુ પ્રત્યે સાચી નીષ્ટાને !

મીરાં—પીતાજી ! મારા ઠાકોરજીને ભોગ ધરાવવાનો વખત થયો છે, તેથી જાઉં છું.

રાજા—ભલે જા, ને ભગવાનને ભોગ સુખેથી ધરાવ. (મીરાં જાય છે)

રાણી—તમે મીરાંને હદથી જ્યાદે લાડ લડાવી આપમતીયણ કરી.

રાજા—રાણી ! હદથી જાદે લાડ તો શું, પણ તે દેવીના ચર્ણ ધોઇ પીવાનું મન થયા કરે છે. એ મનુષ્ય અવતાર નથી, પણ સાક્ષાત દેવાંગના છે.

રાણી—ઠીક, તમને યોગ્ય લાગે તે ખરૂ; પણ તેને સમજાવી તેનાં લગ્ન કરી નાંખો તો વધારે સારૂ. કારણ, હાથી દરબાર અને છોકરી સાસરેજ શોભે.

રાજા—તમારૂ કહેવું બરાબર છે, પણ તે કહેવત મારી મીરાંને લાગુ પડતી નથી. મીરાં શીવાય બીજી દરેક છોકરીઓ માટે તે કહેવત બરાબર છે. (દાશી આવે છે)

દાશી—માજી ! દશોંશી આવ્યા છે.

રાણી—આવવા દીયો. (દશોંશી આવે છે)

દશોંશી—

કવિત.

ધન્ય રાજ્ય જયમલ, અટંકી જગમાં સાચો;
ધર્મ દાનમાં શુર, નહીં યુધ્ધે જરી કાચો.
પાળી શુદ્ધજ ધર્મ, નીતી રીતી સૌ જાણે;
પ્રભુ ભક્તિમાં પુર, ભક્તિથી ભકત વખાણે.
સાચી ભક્તિ પ્રભુ તણી, શેવન સાચુ પ્રભુ તણું
ઈમ જપે દશોંશી મુખથી, અચળ કીર્તી શું મુખ ભણું.

ખમા મારા અટંકી રાણાને ઘણી ખમા.

રાજા—દશોંશી ! હવણાંથી તમારૂ આવાગમન કચેરીમાં નહોતું તો તમો કયાં ગયા હતા ?

દશોંસી—બાપુ ! હું દેશાટન કરવા ગયો હતો. કારણ, શાસ્ત્રમાં કહ્યું છે કે દેશાટણ કરવાથી ઘણું જાણવાનું તથા જોવાનું મળે છે.

રાજા—વારૂ ! કયાં કયાં ફર્યા, ને શું શું અનુભવ કર્યા તે કહો ?

કવિત

છોડીને મેવાડ, ભેટયો હુ પહેલો કાશી;
જ્યાં વીશ્વેશ્વર નાથ, બીરાજ્યા છે અવીનાશી.
ત્યાંથી સીંધ મારવાડ, બધો ફરીઓ બંગાળો;
સીધો આવ્યો જેપુર, રાજાનું મોંહુ બાળો.
બેટી આપી યવનને, ધર્મને ધોઈ નાંખ્યો પરો;
એવા કુલાંગાર જ્યાં હોય, ત્યાં પહેલા મરો.

રાજા—ઓહો ! તમે તો ઘણી મુસાફરી કરી ?

દશોંશી—બાપુના પ્રતાપે મુસાફરી કરવામાં બાકી રાખી નથી.

રાજા—વારૂ ! બીજી કાંઈ નવાજુની ?

દશોંશી—મહારાજ ! નવા જુનીનું શું પૂછોછો ? આજ કાલ ક્ષત્રીઓ પોતાની બ્હેન બેટી મોગલને આપી, મોગલ બાદશાહીમાં ઉચી પદવી ભોગવતા યવનના દાસ બની બેઠા છે.

દોહરો.

વખત વિષમ આ આવીયો, નજર ન જોયું જાય;
બેટી આપી યવનને, ક્ષત્રી મન મલકાય.

રાજા—ધિક્કાર છે તેવા કુલાંગારને; થુ છે તેવાના નામ ઉપર, કે જાતી ભ્રષ્ટ થઈ, સ્વતંત્રતા મૂકી યવનના દાસ બનવા છતાં મહોટાઇ માણે છે.

દશોંશી—તે ખરૂ, પણ કહેવત છે કે "ખુદા મહેરબાન તો ગદ્ધા પહેલવાન."

રાજા—ધિક્કાર છે તેમની પહેલવાનીને. અને તેમના નામને.

દશોંશી—મહારાજ! જયપુરના કાંઈ ખબર સાંભળ્યા?

રાજા—શા?

દશોંશી—મહારાજ! તે ખબર સાંભળીને તો જેમ સાપ કાંચળી મૂકી નાસે, તેમ ઘણીજ ત્વરાથી આ તરફ આવ્યો છું.

રાજા—એવા તે શા ખબર છે?

દશોંશી—પ્રભુ પારાયણ મીરાંબાઈનું બુરૂ થવાના.

રાજા—આ શું સત્ય કહોછો? શા ખબર!

દશોંશી—ક્ષત્રીય કુલાંગાર જયપુરનો રાજા ભગવાનદાસ, કે જેણે પોતાની દીકરી અકબરશાહ વ્હેરે આપી છે, ને જાતી ભ્રષ્ટ બન્યો છે, તે તમારી પ્રભુ પારાયણ દેવી સમાન પુત્રીનું માગુ પોતાના પુત્ર માનસીંહ માટે કરવાનો છે. તે માગુ જો તમો કબુલ નહી કરો, તો બાદશાહને કુમકમાં બોલાવી જોર જુલમથી પણ મીરાંબાઈ સાથે પોતાના પુત્રનું લગ્ન કરવા નીશ્ચય જણાવે છે.

રાજા—શું! એ વટલેલના છોકરા સાથે દેવ કન્યાનો સબંધ!

દશોંશી—હા મહારાજ, તેમજ છે. નકટો બધાને નકટા કરવામાંજ રાજી હોય છે. તે ઉપર એક ટુંક દ્રષ્ટાંત છે તે સાંભળો.

પ્રકરણ ૮ મું

દ્રષ્ટાંત.

એક નિર્ધનપુર કરીને ગામ હતું, ત્યાં પાંચ-સો ઘરની વસ્તી હતી. ગામ નહાનું હતું. ગામના લોકો પૈશે ટકે સુખી હતા. ત્યાં એક ભગવાનદાસ જેવો ઇર્ષાવંત કપટચંદ કરીને વાણીઓ રહેતો હતો. તે પોતાના જેવ સાહ્યબીવાળા ને મોજ શોખ અને ધર્મ ધ્યાન કરતા જોઈ બળી જતો હતો. કારણ, તે મખીચુસમાં પહેલો નંબર ગણાતો હતો, ચમડી તુટતાં દમડી બચતી હોય તો ચમડીનો ભોગ સુખેથી આપતો હતો, પણ દમડી ખરચતો નહોતો. ને બીજાને ધર્મ કાર્યમાં, અને શરીર સુખમાં પૈસા ખર્ચ કરતા જોઈ, મનથી બળ્યા કરતો હતો. તેણે એક દીવશ વિચાર કર્યો, કે આ પ્રમાણે મારાથી જોઇ શકાતુ નથી. તેમ આપણી પુંજીમાંથી એક પાઈ પણ ઓછી કરી શકાતી નથી, તેથી કોઇ દેવની ઉપાસના કરી, બધાથી બમણું દ્રવ્ય પ્રાપ્ત કરી સુખેથી ઉડાવું. એવો વિચાર કરી જંગલમાં જઇ તેણે મહાદેવનું અતિ ઉગ્ર તપ આદર્યું. તેના ઉગ્ર તપથી મહાદેવ પ્રસન્ન થયા, અને કહ્યું માગ્ય માગ્ય જે માગે તે આપું. મહાદેવની વાણી સાંભળી તે મનથી ઘણોજ ખુશી થયો; અને મહાદેવ પ્રત્યે કહ્યું, કે બે વચન માગું છું તે આપો. મહાદેવ પ્રસન્ન થઇ તેને બે વચન માગી લેવા કહ્યું. કારણ, દેવ ભક્તિને આધિન છે. તેના મનની

મલીનંતા જાણવા છતાં પણ, બે વચનો માગી લેવા કહ્યું. કારણ, મનની ગમે તેવી મલીનતા હોય, પણ દેવથી છાની કોઇ મનની કે ગમે તેવી વાત રહેતીજ નથી. કારણ, તે-તો અગમ નીગમને જાણવા વાળા છે. કપટચંદ આથી વધારે હર્ષ પ્રફુલીત બન્યો, અને મહાદેવજીને કહ્યું. પ્રથમ વચનતો એ, કે હું તમારૂં સ્મરણ કરીને માગું, તે મને મળે. મહાદેવજી કહે તથાસ્તુ. હવે બીજુ વચન માગી લે. ત્યારે કપટચંદે કહ્યું મહારાજ! બીજુ વચન એ માગુ છું. કે મારા ગામમાં બધા ભીખારી થાય. મહાદેવે કહ્યું એવું અઘટીત વચન હું આપનાર નથી; પણ જા કહું છું, કે તારા તપનો લાભ તારા કરતાં તારા ગામના લોકોને બમણો મળશે. કપટચંદ કહે મહારાજ બમણો? મહાદેવજી કહે હા બમણો. કારણ, તેં બધાને ભીખારી કરવા ધાર્યો તેથી બમણો લાભ આપીશ. કપટચંદે વીચાર કર્યો કે આ-તો ભુંડી થઇ. મહેનત કરી સુવા આપણે, ને બમણો લાભ મળ્યો ગામને. પણ તેને માટે પણ વચન લેવા દે, પછી કાંઇ યુક્તિ કરીશું. એવો વીચાર કરી મહાદેવજીને કહ્યું બહુ સારૂ ભોળાનાથ, તમારૂ વચન માંથે ચઢાવું છું; પણ તેને માટે મને વચન આપો, કે જે મને આપો તેથી બમણું મારા ગામના લોકને મળે. મહાદેવજી કહે લે વચન, કહી વચન આપી અંતરધ્યાન થયા. મહાદેવજી અંતરધ્યાન થયા, કે કપટચંદે પોતાના ગામનો રસ્તો લીધો. તે ઘેર આવી મહાદેવજીના વચનની ખાત્રી કરવા માટે નાહી ધોઇ શંકર ભોળાની સ્તુતી કરી માગણી કરી, હે શંકર દાદા, જો તમારૂં વચન સત્ય હોય, તો મને પાંચસો મોહોરો આપો. શંકરના વચનની સીદ્ધીથી એકદમ પાંચસો

મોહોરોનો ઢગલો તે વાણીઆના ઘરમાં થયો. અને ગામ-ના લોકને ત્યાં એક હજાર હજારના ઢગલા થયા. વાણી-એ ગામમાં ખાત્રી કરીને વિચાર્યું, કે વચન તો સાચું; તે-માં ફેર નહી. પણ મને પાંચસો મળી તો ગામના લોકને હજાર હજાર મળી. આતો અગાઉ કરતાં વધારે બળવાનું થયું, પણ હું નંદ કહેવાઉ, ને તેનો રસ્તો ના કરૂ તો, વા-ણીયા વિદ્યા જે સર્વમાં શ્રેષ્ટ કહેવાય છે તે ખોટું ઠરે. કારણ, કહેવતમાં કહ્યું છે, કે નંદના ફંદ ગોવીંદ જાણે, ને બળીયાકાકાને પાડો તાંણે. તે કહેવત સાચી ઠરાવું ત્યારે-જ ખરો. એવો વીચાર કરી ગામના લોકને પાછા પાડવા-ની યુક્તિ મેળવવામાંઃગુંથાયો. ઘણી વખત વીચાર કર્યો ત્યારે તેને એક યુક્તિ યાદ આવી, તે એવી યાદ આવી કે શંકરે મારી માગણીથી ઉલટુ ગામ લોકને આપ્યું. મેં બધાને ભીખારી કરવા ધાર્યા, ત્યાં તેમણે મારા કરતાં બમણું આપવાનું કહ્યું. તો એવું અપાવું કે શંકર અને ગામ લોક જન્મારો યાદ કરે. તેણે વીચાર્યું. શરીરના અ-વયોમાં બે આંખો સરખું કામ કરે છે. એક આંખથી દેખાય છે, તેજ બે આંખથી દેખાય છે. ત્યારે એક આંખ ફોડી નાંખવાનું વચન માગુ, તો ગામ લોકની બે આંખો ફુટી જશે, ને આપણે એક તો રહેશે. એટલે ગામ લોકને મારી જરૂર પડશે, તેવું ધારી નાહી ધોઈ શંકરની સ્તુતી કરી. હે ભોળાનાથ! જો તમારૂ વચન સત્ય હોય, તો મારી એક આંખ ફુટી જાઓ. ત્યાં વચનની સિદ્ધિથી તેની એ-ક ફુટી ગઇ, અને ગામના લોકોની બંને આંખો ફુટી ગઇ, એટલે કે તે આંધળા થયા. દર્ષાવંત માણુસ પોતાની જા-તને દુખ આપતાં બીજાનું બુરૂ થતું હોય તો તેમ કર-

વામાં પાછો પડતો નથી. ગામ લોક આંધળા થયા તેથી પળે પળે કપટચંદને વિનવણી કરવા લાગ્યા, ને વારે વારે તેને મ્હોટો કરાવી તેની પાસેથી કામ કરી લેવા લાગ્યા. આથી કપટચંદ ખુશી થયો. થોડા દીવશ વીત્યા બાદ, એક સંગ તે ગામની ભાગોળે ઉતર્યો. તે સંગનો સંગવી તે ગામ જોવા સારૂ ગામમાં ગયો, ત્યાં બધાને આંધળા જોઈ મન સાથે વીચાર કર્યો, કે આ ગામમાં બધા આંધળા કેમ? શું ભગવાને બધા ગામને આંધળા બનાવ્યા હશે? એવો વીચાર કરે છે ત્યાં કપટચંદ આવ્યો. તેને કાંણો જોઈ સંગવીએ કહ્યું, ભાઈ, આ ગામમાં બધા માણસો આંધળા શાથી થયા? ત્યારે કપટચંદે કહ્યું મહાદેવજીના પ્રતાપથી. શંગવીએ કહ્યું એવો તે પ્રતાપ હોય? કપટચંદ કહે હા. શંગવી કહે તે શી રીતે! કપટચંદે કહ્યું મેં મહાદેવજીનું તપ કરી બે વરદાન માગ્યાં. તે વર આપવા કબુલ થયા. તેમાં પ્રથમ વર એ માગ્યો, કે હું જે વખતે જે માગુ તે તમારા વચનની સિદ્ધિ મને મળે. તે વર મહાદેવજીએ મને ખુશી થઈ આપ્યો; બાદ બીજો વર એ માગ્યો, કે ગામ સઘળું ભીખારી થાય. ત્યાં મહાદેવે ઉલટો વર આપ્યો. સંગવીએ કહ્યું ઉલટો વર શો? કપટચંદ કહે તને જેટલું આપું તેથી ગામ લોકને બમણું આપવું. તેથી તેમનો તે વર મેં કબુલ રાખી વચન લીધું. તે આપી મહાદેવ અંતરધ્યાન થયા. સંગવીએ કહ્યું પછી? કપટચંદે કહ્યું, પછી એ કે હું ઘેર આવ્યો, અને મહાદેવજીના વચનની ખાત્રી કરવા માટે મેં તેમની સ્તુતી કરી. પાંચસો મોહોરો માગી. તે શંકરદાદાએ મને આપી, પણ લોકના ઘરમાં હજાર હજાર મોહોરો આવી. આ મારાથી જોઇ શકાણું નહી, તેથી મેં વીચાર કર્યો કે

હું છેતરાયો. મહાદેવે મને છેતર્યો, પણ હું છેતરાયો નથી. મહાદેવ પોતે છેતરાયા છે. નંદ વિદ્યા શું કામમાં આવશે, એવો વીચાર કરી મેં મારી એક આંખ ફોડી નાખવા માટે મહાદેવ પાસે માગણી કરી, ત્યાં મારી એક આંખ ફુટી ગઇ અને ગામ લોક આંધળા બન્યા. હવે તો આંધળામાં કાણો રાજીઓ હું એકલો છું, ને એક લાકડીએ ગામ હાંકુછું. કપટચંદનાં આવાં વચનો સાંભળી સંગવીને ગુસ્સો ચઢયો, અને વિચાર કર્યો કે આ ગામ લોકને કોઇ રીતે આના પાશમાંથી મુકત કરવા. જેથી કસાઇના હાથમાંથી ગાયો છોડાવવા જેટલું થશે. એવો વિચાર કરી પોતે તેનાથી છુટા પડી જંગલમાં જઇ શંકરનું તપ આદર્યું. તે તપથી શંકર પ્રસન્ન થયા, અને તે સંગવીને ઇચ્છીત વર માગવાનું કહયું. સંગવીએ કહયું મારે કોઇ રીતનો સ્વાર્થ નથી, પણ પરમાર્થ બુદ્ધિથી આપનું તપ કર્યું છે. માટે માગવાનું એટલુંજ, કે આ ગામને તે પાપીના પાશમાંથી મુકત કરો, અને ગામ લોકનું દુઃખ કાપો. શંકરે તથાસ્તુ કરી ગામ લોકને દેખતાં કર્યાં. ગામ લોક દેખતા થયા કે કપટચંદને પકડી ગડદા પાટુ કોણી વીગેરે માર મારી અધમુવો કર્યો. તે એવો માર્યો કે ખાટલા વશ થયો. અને થંડા મારથી થોડા દીવશમાં મોંતને શરણ થયો. અહીંતો મારથી રીબી રીબીને મુવો, ને યમપુરીમાં પણ તેને યમ કીંકરોએ યોગ્ય શીક્ષાએ પહોંચાડયો. માટે વહાલા વાંચકવૃંદ! જેવી રીતે તેની અવસ્થા થઈ તે તમે વાંચી, તેથી ઈર્ષા ભાવ તજી સમ દ્રષ્ટી રાખશો તો સુખી થશો, નહીતર આ લોકમાં રીબાઇ રીબાઇને મરશો ને પરલોકમાં પણ યમકીંકરના હાથથી સજા પામશો.

રાજા—વાહ ! દશોંશી અતી ઉત્તમ અને અસરકારક દ્રષ્ટાંત કહ્યું.

દશોંશી—મહારાજ ! ઇર્ષાવંત આ ભવમાં ને પરભવમાં સુખ પામતો નથી, છતાં પણ પોતાની વૃતી છોડતો નથી. માટે તેવા માણસથી ડરીને ચાલવામાં સાર છે.

રાજા—શું તેવા પામરથી ડરી ઉત્તમ ક્ષત્રિ ધર્મને બટ્ટો લગાડીશ ? નહી ! નહી ! કદી નહી ! શું અમે ચુડીઓ પહેરી છે ?

દશોંશી—અટંકી વીર ! તમારૂ કહેવું સત્ય છે, પણ આજ કુસંપેજ સત્યાનાશ વાળ્યું છે. નહીતર યવનોની મગદુર શી, કે તે ભર્તખંડ ઉપર રાજ્ય કરે ? મહારાજ ! તમારી કુમકનો વિચાર કરો, ને તેની કુમકનો વીચાર કરો; ખાલી લડાઇ કરી ખંપી જવામાં માલ નથી.

રાજા—ત્યારે શું તેનાથી ડરી તેને કંન્યા આપવી ?

દશોંશી—મહારાજ ! મારી તેવી માગણી નથી. કુલઅંગાર સાથે કંન્યા આપવાનું કહેતા પહેલાં આ જીભના ટુંકડા ન કરૂ, કે એવું વેણ ઉચ્ચારૂ. હું કાંઇ ભીરૂ નથી, તમારો દશોંશી છું. પણ બાપુ ! મીરાંબાઇનો યોગ્ય સ્થળે વીવ્હા કરી લગ્ન કરી નાંખો, એટલે લઢાઇનું મુળ રહેશે નહી.

રાજા—એ વીચાર અતિ ઉત્તમ દર્શાવ્યો. પણ મીરાંબાઇના યોગ્ય શુદ્ધ ક્ષત્રી અટંકી વીર મળે તો વીવ્હા કરી નાંખીએ. પણ આ જમાનામાં એવા બાહુબળી વીર નર છે ક્યાં ?

દશોંશી—બાપુ ! ઉત્તમ ક્ષત્રી ધર્મનો લય થયો નથી. વીરમાતાના દુઃખથી ઉત્પન્ન થયેલાં વીર રત્નો છે.

રાજા—તેવાં રત્ન મારી નજરમાં તો આવતાં નથી. તમારી ધ્યાનમાં હોય તો બતાવો.

દશોંશી—બાપુ ! ઉદેપુરનો રાણો અટંકી છે. તે કુળની બલીહારી છે.

રાજા—હા ! હા ! તે બરાબર છે. દશોંશી જાવો તે રાણા સાથે સગપણનું ચોકઠું ગોઠવી વેળાસર પાછા આવો, ને ખાંડુ પણ સાથેજ લેતા આવજો.

દશોંશી—ભલે બાપુ ! હાલને હાલ જાઉ છું, ને સગપણ કરી ખાંડુ પણ સાથેજ લેતો આવું છું.

રાજા—કદાપી આનાકાની કરશે તો ?

દશોંશી—બાપુ ! તમારો બારોટ કોઇ રીતે પાછો પડે તેવો નથી. ને ઘણી આનાકાની કરશે, તો છેવટમાં યવનથી ડરીને તે માગુ ના કબુલ કરો છો, એવું કહીશ કે તર્ત તૈયાર સમજો. ક્ષત્રી ધર્મ માટે પ્રાણ પાથરે તેવા છે.

રાજા—બહુ સારૂ, તો આ સોને મઢેલું શ્રીફળ લેતા જાઓ, ને કામ સિદ્ધ કરી વહેલાસર આવો.

(શ્રીફળ આપે છે)

રાણી—જો જો બારોટ, ફેરો અફળ ન જાય ?

દશોંશી—માતાજી ! તમારા બારોટનો ફેરો અફળ હોયજ નહી. તમે તમારે લગ્નની સામગરી સજવા માંડોને.

રાજા—લ્યો, આ વાટ ખરચી. (સોના મહોરની થલી

આપે છે) કામ સિદ્ધ થયેથી રાજી કરીશું.

દશોંશી—મહારાજ ! આ શરીરમાં લુણ તમારૂં ભરેલું છે. ને ખાઇએ છીએ તે પણ તમારૂંજ લુણ.

રાજા—જા, કામ સિદ્ધ કરી વહેલાસર પાછા આવજે.

દશોંશી—બહુ સારૂ બાપુ ! તમારા પગના પ્રતાપે કામ સિદ્ધ કરી જલદીથી પાછો આવીશ.

રાણી—પ્રાણનાથ ! મીરાંને પૂછ્યું કે એમને એમ દશોંશીને મોકલ્યા ? (બારોટ જાય છે)

રાજા—રાણી ! ધર્મ સંકટ તેથી લાચાર. પણ પાછળથી તમો જોજો કે તે મીરાં પોતાના ગિરિધરલાલ શીવાય બીજાનું લીલુ વાળવાની નથી તે નથીજ. આજે વીવ્હા થાય છે તે ઉપરનાજ સમજજો. મનના વીવ્હા નથી, ફક્ત તનનાજ છે. આ વીવ્હાને વીવ્હા સમજશો નહી. પરંતુ તેને વટલેલ ક્ષત્રીઓથી પરણેલી ધારી કોઈ રીતનો ઉપદ્રવ ન થાય તેટલાજ માટે વીવ્હા અને લગ્ન કરવું પડે છે.

રાણી—શું વટલેલ ક્ષત્રીઓ જોરવાળા છે ? અને તમે કમજોર છો, કે તેઓ ફાવી જશે ?

રાજા—પ્રિયા ! તેમ નથી, પરંતુ ઝાઝી કીડીઓ સાપને તાણે, તે કહેવત તમો જાણોછો, છતાં શા માટે પુછોછો ? કદાપી તેની સાથે બાકળી બાંધી યુદ્ધ કરીએ, તો તેની કુમકમાં અકબર બાદશાહ પોતે આવે, અને આપણી કુમકમાં તો જે અટંકી ક્ષત્રીઓ છે તેજ આવે. આપણું સૈન્ય કેટલું.

અને બાદશાહનું સૈન્ય કેટલું. તેના અથાગ દળ આગળ મુઠી ભર માણસો શું કરી શકે ? સમજો કે બકરાના ટોળામાં વાઘ, તેનાં અથાગ બકરાં આગળ આપણા મુઠીભર વાઘ શું કામ કરી શકે ? કદાપી પરાજ્ય થાય, તો પાછળથી પ્રભુપારાયણ દેવીને દુઃખ થાય. તે દુઃખ ન થાય તેને માટેજ ખાસ આ સગપણ કરવું પડયું છે. પણ ધન્ય છે મીરાંબાઇને કે તેનું લક્ષ તો એક ગિરિધરલાલજી તરફજ લાગી રહ્યું છે. આપણી સંસારીક માયાની વાત તેને ગમતીજ નથી. આખો દીવશ તે અને તેના ગિરિધરલાલજી તે શીવાય બીજી કોઇ ચીજ તરફ વૃતી દોરતીજ નથી. પ્રભુ પારાયણની બલીહારી છે.

રાણી—પ્રાણનાથ ! તમારૂ કહેવું સત્ય છે, પણ જગત વહેવારમાં રહેવું તે આપણો ધર્મ છે. ચાલો સૌ સારાં વાનાં થયાં. તમારી ઇચ્છા તેને પરણાવી પારકી કરવાની હતી તે ફળીભુત થઇ.

રાજા—તમારી ઇચ્છા પરિપુર્ણ થઈ તેથી હું પણ સંતોષ માનું છું. પણ મીરાંને આમાંનુ કાંઇજ નથી. તેને તો તમે ગમે તેમ કરો, પણ તેથી તે સુખી કે દુઃખી કાંઇજ નથી. તમારી લાગેલી માયાની ઉપાધીઓ તમે તમારે અનુભવો, પણ તેને તો કાંઇજ નથી. ફક્ત **ગિરિધરલાલજી** તે **ગિરિધરલાલજી**જ.

રાણી—પ્રાણનાથ ! તમારૂ કહેવું સત્ય છે. તેનાં દરેક કર્મોથી હું અતિશય ખુશી થાઉં છું, પણ વહે-

વારીક વાતને માટે મારે લગાર કહેવું પડ્યું.

રાજા—તે તો ઠીક, હવે તો તમારા મનનું ધાર્યું થયુંને?

રાણી—મહારાજ ! મનનું ધાર્યું શેનું ? ઇશ્વર ઇચ્છાએ સર્વે વાત બને છે. (દાશી આવે છે)

દાશી—મહાદેવી ! ભોજનનો સમય થયો છે.

રાણી—ચાલ્ય આવીએ છીએ. (રાજાને) પધારો પ્રાણનાથ.

રાજા—ભલે ચાલો. (જાય છે)



પ્રકરણ ૯ મું.

મીરાંનો વિવ્હા કર્યો, રાણાથી બની મગ્ન:
ખાંડુ તેડી લાવીયો, કરવા મીરાંનું લગ્ન.

ચીતોડ ગઢમાં જ્યાં રાણાનું રાજ્ય છે, ને રાણો સભા ભરી બેઠો છે, ત્યાં મીડતાથી મીરાંના સગપણ માટે નીકળેલો દશોંશી આવી પહોંચ્યો. અને રાણાની સભામાં આવી રાણાને પ્રણામ કર્યા. રાણે કહ્યું દશોંશી કયાંથી આવોછો ? દશોંશીએ કહ્યું રાણાજી ! હું મીડતાથી જયમલરાઠોડની પુત્રીનું સગપણ કરવા સારૂ આવ્યો છુ.

સગપણની વાત સાંભળી રાણો ખુશ થયો, અને કહ્યુ કુંવરી કેવી છે ? દશોંશીએ કહ્યું મહારાજ ! રાઠોડ કુંવરીમાં કોઇ વાતની કહેવત હોયજ નહી. રાણાએ કહ્યું તેની છબી લાવ્યા છો? દશોંશીએ કહ્યું હા મહારાજ, કહી મીરાંની છબી હાથમાં આપી સોનાથી મઢેલું શ્રીફળ રાણાના મ્હોં આગળ મૂકયું. છબી જોઈ રાણાએ શ્રીફળ સ્વીકાર્યું. અને પુછ્યું કે લગ્ન કયારે કરવાં છે ? દશોંશીએ કહ્યું મહારાજ ! કયારે શું ? હાલને હાલ ખાંડુ મારી સાથેજ મોકલો, વીલંબ કરવાનો નથી. રાણો આથી ખુશ થયો. અને દુર્મદસીંહ નામનો એક રજપુત કે જે પોતાનો વિશ્વાસુ હતો તેની સાથે ખાંડુ આપી દશોંશી સાથે વિદાય કર્યો.

દશોંશી દુર્મદસીંહ સાથે ખાંડાસહ મીડતામાં આવ્યો, અને જયમલ રાજાને ખબર આપ્યા. જયમલ આથી ઘણો

ખુશ થયો, અને સારૂ મહુરત જોઇ મીરાંને ખાંડા સાથે વરાવી, અને બે દીવસબાદ મીરાંને ચીતોડ વળાવાની હોવાથી તેને માટે તૈયારી કરાવા માંડી.

મીરાંને ચીતોડ ગઢ વળાવવાને આગલે દીવશે એક મહંતની મીડલામાં પધરામણી થઇ; તે મહંતનાં દર્શન કરવા જયમલ મીરાંસહ ગયા. મહાત્માને વીનવણી કરી દરબારમાં બોલાવી તેમને ઉતારો આપ્યો.

મહંતના હાથમાં ગિરિધરલાલજીની મુર્તી જોઈ મીરાંનું મન લોભાણું. તેણે મહંતને કહ્યું મહાત્મા ! આ ગિરિધરલાલજીની મુર્તી મને આપો.

મહંતે કહ્યું બચ્ચા, તે મુર્તીને હું કદાપી મારા હાથમાંથી નીચે મુકતો નથી. ફકત શેવા કરવા માટેજ તેમને થાળીમાં પધરાવી શેવા કરી પાછી હાથમાં રાખું છું. તો કહે કે હું કેવી રીતે આપી શકું ?

મીરાંએ કહ્યું મહાત્મા ! તે ગિરિધર મુર્તીનો વાસ તમારા હાથમાં છે, પણ મારા તો ઘટમાં તે મુર્તીનો વાસ છે, તો કહો કીયો વાસ વધે ? મહાત્માએ કહ્યું બચ્ચા તારો વાસ વધે. મીરાંએ કહ્યું જો મારા ઘટનો વાસ વધારે ગણતા હો, તો તે મુર્તી આપી દ્યો. મહંતે કહ્યું હું પ્રથમ ગિરિધરલાલજીને પૂછી જોઉ, ને તેમની મરજી હોય, તો તે મુર્તી તમને આપું. મીરાંએ કહ્યું તો પૂછી જૂવો કે તેમની શું મરજી છે ? મહાત્માએ કહ્યું તે કાંઈ હાલ પુછાય નહી. મીરાંએ કહ્યું તો કયારે પુછશો ? મહંતે કહ્યું શેવા વખતે પૂછીને તેમનો ખુલાસો મેળવીશ, કહી ગયા.

મીરાંએ ગિરિધરલાલજીની સ્તુતી કરી કે હે ગિરિધરલાલજી હે નાથ ! તમો મહંતને મારી પાસે આવવાનું

કરી, મારી પાસે પધારી મારી આશા ફળીભુત કરજો; એ પ્રમાણે વિનવણી કરવા માંડી.

ગાયન.

(જોજે હો અલી મેલી કળી) એ રાગ.

જો જો હો પ્રભુ, ના નહી કહેશો, સહાય કરજો સાથ;
પ્રેમની પ્યાસીને, વિસરો ન દાશીને, પ્રિતેથી પકડ્યો હાથ.
પ્રેમેથી પરણીને, વિસરો ન ગ્રહણીને, રહેજો હો રહેજો હો
રહેજો કહાવો કૃપાળુ નાથ.

પ્યાસીની પ્રિત, અજબ રીત, શેવીશ ધારીને હીત;
સાચી પ્રતિત, જાણું હું નીત્ય, તેથી છે તન દુશીત;
આવો દાશી પાસ, બેઠી ધરી આશ, દીલમાં પુર્યો વાસ,
દીયો નહી ત્રાસ.

ગિરિધર સ્વામી ચાહુ ચીતે માટે લાવોને કાંઇ મહેર;
ચીતડુ તલસે, મનડુ વિલખે, દર્શન વિણ કહો રહે શી પેર;
માટે પ્રભુ આવો વિભુ
લાવીને દયા તજશો નહી મયા— જો જો.

ઉપર પ્રમાણે વિનવણી કરી જમવાનો વખત થવાથી જમવા માટે ભોજન ગ્રહ તરફ ગયાં. ભોજન ગ્રહમાં જઇ પોતાના પીતાને કહ્યું પીતાજી મહંત મહારાજને કહી મને **ગિરિધરલાલજી**ની મુર્તી અપાવો. રાજાએ કહ્યું બહેન! મહંત પાસે જઈ વિનવણી કરીશ, ને જો તેમની મરજી થશે તો અપાવીશ. મીરાંએ કહ્યું મેં મહંત પાસે વિનવણી કરી છે. તેમણે **ગિરિધરલાલજી**ની મરજી પુછીને તેમની ઇચ્છા હશે તો આપીશ તેમ કહ્યું છે. રાજાએ કહ્યું તો તેમને પુછી જોવાદો, **ગિરિધરલાલજી**ની

મરજી હશે તેમ કરશે, કહી ઠાકોરજીને શયન કરાવા માટે ગયાં.

બીજે દીવશ સવારમાં વહેલાં ઉઠી, ઠાકોર શેવાથી પરવારી, પોતાના પીતાને સાથે લઈ મહંત પાસે આવ્યાં. મહંત પાસે આવી તેમણે **ગિરિધરલાલજીને** સપ્રેમ પ્રણામ કર્યા. પ્રણામ કરી મહંતને કહ્યું મહાત્મા! મારા ગિરિધરલાલજીને પુછ્યું? તેમની શું મરજી છે? મહંતે કહ્યું મીરાં! તું આ મુર્તીને લઇ શું કરીશ?

મીરાએ કહ્યું મહાત્મા! શું કરીશ કેમ કહો છો? તેમનું સાચા દિલથી શેવન કરીશ, ને સદાય પાસેના પાસે રાખીશ.

મહાત્મા આથી ખુશ થયા, અને **ગિરિધરલાલજી**ની મૂર્તી મીરાંને અર્પણ કરી, અને કહ્યું **ગિરિધરલાલજી** તારી પાસે રહેવાને બહુ ચહાય છે.

ગિરિધરલાલજીની મૂર્તી મળવાથી મીરાંબાઈ ઘણાં-જ પ્રસન્ન થયાં. મહંતનો સાચા દીલથી આભાર માન્યો, અને મુર્તી લઇ પોતાના ઓરડામાં ગયા.

મીરાંબાઇના લગ્ન માટે ખાંડુ લઇ દુર્મદસીંહ આવ્યો હતો તેણે ચિતોડ ગઢ જવાની તૈયારી કરી. જયમલ રાજાને તથા રાણીને કહ્યું, રાજાજી! હવે મીરાંને વિદાય કરો. રાજા કહે બહુ સારૂ, કહી દાશીને મીરાંને તૈયાર કરી લાવવા સારૂ મોકલી.

દાશીએ મીરાંબાઇના ઓરડામાં જઈ મીરાંબાઇને તૈ-યાર કરી રાજા પાસે લાવી. મીરાંનો વિયોગ થશે એવું સ-મજી રાજાજીની તથા રાણીજીની આંખમાં આંસુ આવી ગયાં. મીરાંની માતાએ મીરાંને શીખામણ દેવા માંડી કે એ-

હેન, સાસરે જઈ શાણી થજે. તારા સાસુ તથા નણંદનું કહ્યું માન્ય કરજે. સતીની રીતીને અનુસરી તારા પતીનું શેવન કરજે.

મીરાંએ કહ્યું મારા પતીનું શેવન કરવામાં પાછી નહીં રહું. તન મન અને ધનથી શેવન કરીશ. અને જેવો પ્યાર છે તેથી અધીક રાખીશ. જો તેમ ન હોત, તો સાથે શું કરવા રાખત? ઘટમાં તો હતાજ, પણ મહંતની કૃપાથી હવે તો હાથમાં પણ આવ્યા છે.

મીરાંની માતાએ કહ્યું મીરાં! મીરાં! આ તું શું કહે છે? મને ખાત્રી છે કે તું ત્યાં જઇ હમારૂ સારૂ કહેવરાવે તેમ લાગતું નથી. ભક્તાણીવેડા કરવા માગે છે કેમ?

મીરાં કહે ના માતાજી, ભક્તાણીવેડા કેવા? હું તો મારા પરણેત પતીની શેવા ઉઠાવીશ. બીજાને સ્વપ્ને પણ ઇચ્છિશ નહી. સતીના ધારાને અનુસરી તમારા નામને દીપાવીશ. ઝાંખપ આવવા નહી દઉ તે નક્કી સમજજો.

રાણી કહે હવે મને તારૂ બોલવું ગમ્યું. સુજાત માબાપની દીકરી છું, સુજાતને ઘેર જાય છે, રાણો અટંકી અને આપણા ક્ષત્રીયમાં શ્રેષ્ટ છે, તેવું સાસરૂ મળ્યું તે તારો ભાગ્યોદય સમજજે.

મીરાં કહે જ્યારથી મારો મનનો માન્યો પતી મળ્યો, ત્યારથી મારો તો ભાગ્યોદય થઇ ગયો છે. તમારો રાણો તો ચિતોડઘડનો રાજા છે. પણ મારા મનનો માન્યો તો આખા જગતનો રાજા છે. તમારા રાણા પાસે તો બે પાંચ હજાર સૈન્ય અને શેવકો હશે, પણ મારા મનના માન્યાની આમન્યા આખુ જગત રાખે છે. તમારા રાણાની સાહ્યબીની ગણતરી થાય, પણ મારા મનના માન્યાની

સાહ્યબીની ગણતરી કોઇથી થાય તેવી નથી. તમારો રાણોજી ફક્ત ક્ષત્રી ધર્મનેજ અટંકી છે, પણ મારો વ્હાલો તો દિનદયાળ, ભક્તવત્સલ ભક્તિનેજ આધિન છે. જાત ભાતની તેને પરવા નથી. દુનિયામાં એક ઢેડ જેને જગત સકળ તુચ્છ સમજે છે, તે પણ ભક્તિથી મારા વ્હાલાના ચર્ણપદને પ્રાપ્ત થાય છે. એવો તે દિનદયાળ ભક્તિને વશ મારો વ્હાલો છે. તમારા રાણાને મરવાનો ભય છે, મારા વ્હાલાને તેનો ભય નથી. તમારા રાણાની ફક્ત રજપુતોજ પ્રશંશા કરે છે, પણ મારા વ્હાલાની તો સકળ જગતમાં પ્રશંશા ચાલે છે. કહો માજી તમારો રાણો વધે કે મારો વ્હાલો ?

રાણી કહે મીરાંએ પાછું એજ ટાયલુ ચલાવ્યું કે ? હજી તુ તારી જક છોદી રાણાજીને કબુલ નહી કરે ? તેના ખાંડા સાથે ફેરા ફરી છું તેનો વિચાર કર. જેને તુ સ્વપ્નામાં વરી છું તેની આટલી પ્રશંશા કરે છે, તો જેને જગત જનની સમક્ષ વરી તેની તો તારે વધારે પ્રશંશા કરવી જોઇએ. સતીને તો પતી એજ પરમેશ્વર છે. સતીનું કલ્યાણ તેના પતીથીજ છે. સતી પતીને નહી સ્વીકારી, પરમેશ્વરને ભજે તો તેનું કદાપી કાળે કલ્યાણ થતુ નથી. શાસ્ત્રો તેં કયાં વાંચ્યાં નથી ? તારૂ કહેવું અને માનવું છે, કે શાસ્ત્રો ખોટાં નથી, તો શાસ્ત્રમાં સતીને પતીનેજ સાચો પ્રભુ એવું લખ્યું છે, તે વાકય ખરૂ કે ખોટું ?

મીરાં કહે માતાજી! તમારૂ સમજવું ફેર છે. જગતમાં સતી પ્રથમ મનસા વાચાથી જેને વરી તેજ પ્રભુ. તે વાકય શાસ્ત્રમાં લખ્યું છે તે બરાબર છે. પણ મને તે વાકય લાગુ પડતું નથી. કારણ, હું તો પ્રથમથીજ મારા ગિરિધરલાલજીને મનસા વાચાથી વરી ચુકી છું, તો પછી

રાણાને કેવી રીતે કબુલ કરૂ? તેનો વિચાર કરો—સતીએ તો મનથી વર્યો તેજ પતિ, અને તેજ પ્રભુ. બીજાને સ્વપ્ને પણ કબુલ નહી કરે નહી કરે ને નહીજ કરે.

રાણી કહે ત્યારે તું રાણાના ખાંડા સાથે ફેરા ફરી તે ખોટું કે? મીરાં કહે હા ખોટું. તદન ખોટું. મીરાં ક્યાં ખાંડા સાથે ફેરા ફરી છે ? રાણી કહે હજી બે દીવસ થયા છે અને એટલામાંજ ફરી જાય છે ? મીરાં કહે હું ક્યાં ફરી છું ? રાણી કહે ત્યારે કોણ ફર્યું છે ? મીરાં કહે આ પંચભુતનું પુતળું. રાણી કહે તે પંચભુતનું પુતળું મીરાંનુંજ છે, તેથી મીરાંજ ફેરા ફરી છે. મીરાં કહે ના. પંચભુતના પુતળાને મીરાં સમજતાં હો તો તે પુતળુ ફેરા ફર્યુંછે પણ મનને બાજુંએ મુકીને, આત્માને અળગો રાખી, મન વગરનું લગ્ન તેને લગ્ન કોણ કહે છે ? આત્મા વગરના પંચભુતના પુતળાને મનુષ્ય કોણ કહે છે ? તેતો મડુ સમજવું. આ દેહ, આ પંચભુતનું પુતળુ ફેરા ફર્યું છે, તો તેને જ્યાં મોકલો છો ત્યાં જાય છે, પણ આત્મા જતો નથી. તે આત્મા તો શ્રી ગિરિધરલાલજીના ચરણ કમળમાં આનંદથી મહાલે છે. રાણી કહે આત્મા વગરનું પંચતત્વનું પુતળુ ચૈતન સુન્ય હોય છે, તે કાંઇ ચૈતનવાળું હોતુ નથી, પણ મીરાંતો સહચૈતન છે અને સહઆત્મા છે.

મીરાં કહે માતાજી ! શું આ પંચભુતના પુતળાને સહઆત્મા સમજો છો ? ના, તે સહઆત્મા નથી. મારા ગિરિધરલાલજીની ઝંખનામાં દેહથી જુજનો પડચો છે. તેના ગુણની ગણનામાં ઘેલો થયો છે. શું ઘેલા થયેલા દેહને સજીવન સમજોછો ? ના ! ના ! તેને તો આત્મા સુન્ય સમજજો. કારણ, ચગડોળ ફરતો આત્મા દેહમાં વસતોજ નથી. તે તો ભ્રમણામાં ભુલો ભમ્યા કરે છે.

રાણી—ત્યારે શું તું ઘેલામાં ખપવા માગે છે?
ડહી છતાં ગાંડીમાં ગણવા માગે છે?

મીરાં—માતાજી! શું તમે મને ડહી સમજોછો?

રાણી—હા.

મીરા—ના! ના! આ આત્માતો પ્રભુના ચરણ કમળનાં સાક્ષાત દર્શન કરવા બહાવરો બની ગયો છે.

રાણી—મીરાં! આ બોલવું તહારૂ તદન જુદું છે. બહાવરી કે ગાંડી મીરાંથી આવા જવાબ અપાયજ નહી. માટે કહુંછું કે તું રાણાજીને કબુલ કર, ને આ હઠ છોડી દે.

મીરાં— **ગાયન.**

(કેમ મહેતા તમારી બુદ્ધિ ફરી) એ રાહ.

શું ધર્મ સતીનો વિસરાવો, કેમ ખોટો દાબ કરો આવો;
પરણી ગિરિધર સ્વામી સાથે, તે વીણ નહી કોઇનો દાવો—શું.
જેછે જળ સ્થળનો વાશી, વળી ઘટ ઘટ વ્યાપક અવિનાશી:
થઇછું હું ચર્ણ કમળ દાશી, બસ એજ છે મારા અભીલાશી—શું.
ભક્તિથી વશ તેતો થાયે, દર્શનથી દુઃખ સરવે જાયે;
પરણેત પતી કેમ તજાયે, વિસર્યો તેને કેમ વિસરાયે—કેમ.

માટે માતાજી, નક્કી સમજજો કે આ મીરાં કદાપી કાળે સાચો હીરો મુકી કાચનો કટકો ગ્રહન નહીં કરે, તે તમો નક્કી સમજજો.

રાણી કહે હઠીલી છોકરી હઠમાં તું ખરાબ થઇશ. અને રાણાજી તને ગ્રહણ નહી કરે તે નક્કી સમજજે. હઠનાં ફળ સારાં નથી. ને હઠીલુ માણુસ કદાપી કાળે સુખી થતું નથી.

મીરાં કહે માતાજી! મારો રાણાજી સ્વીકાર નહી કરે તેની મને પરવા નથી. મારા ભગવાને મારો સ્વીકાર કર્યો છે તેજ બસ છે. હજાર હાથના ધણીએ સ્વીકારી છે, તો પછી બે હાથના માણસના સ્વીકારની પરવા નથી. જુવો સાંભળો.

મીરાં— **ગાયન.**

સ્વીકારી ગિરિધરલાલ વ્હાલ મુજને કરીરે; માતા.
કરી મુજને અતિશય ન્હાલ, ભક્તિ મુજ ઉર ધરીરે. દાતા.
સાચી કિરપા છે હરીની, અન્યની પરવા ન જરીએ; માતા.
કૃપાદ્રષ્ટી તેની તે બદલાતાં, ભવસાગર કેમ તરીએ—ભક્તિ.
કદી પ્રભુની કૃપા મનુષ્યની, કામમાં આવે નાંહીરે. માતા.
કદી મનુષ્યની કૃપા હરીની, થાય મનુષ્યથી ન કાંઇ—ભક્તિ.

કહો માતાજી! બે હાથના માણસના સ્વીકારની શી જરૂર છે? રાણી કહે આ તારાં વચનો સાંભળીને મારૂ મન તો દીંગજ બની ગયું છે. તારા ભગવાન શીવાય બીજાનો આદર તારાથી થવાનો નથી, તેવી મારી તો ખાત્રી છે. પણ તેથી રાણાની અણમાનીતી થઇ અથડાયા કરીશ.

મીરાં કહે માતાજી! મારા ગિરિધરલાલજીની માનીતી છું, તેથી રાણાના માનની મને જરૂર નથી. ગિરિધરલાલજીનું માનીતુ માણસ અન્ય જનના માનની પરવા રાખતુજ નથી. માથે ગિરિધરલાલજી સરખા ધણી બીરાજત છે, તો રાણો અને રાણાનું માન ખાંડ ખાય છે, જુવો સાંભળો.

મીરાં— **ગાયન.**

(ગોરી ગુણુયલ જાશું હમારે ગામરે) એ રાહ.

મમ માતુ ન જાણો નાદાનરે,
એક ગિરિધર પ્રભુ મુજ પ્રાણુરે—મમ.

માન અખંડ તેનું હું પામી, પામી
જગપતી સ્વામી—દુઃખ સઘળાં વામી હું સુજાણરે—મમ
સાખી.
જગત નીયંતાનાથ એ, ઘટ ઘટ વ્યાપક શામ;
માન પુરણ પામી ગઈ, રાણાનું નથી કામ.
કહો રાણાથી શું ભવ ભ્રાન્તિ જશે, કે દુઃખ દુર થશે,
કહો માનું શું મીશે;
સત્ય પતી ગિરિધર ગુણવાનરે—મમ.

દુર્મદસીંહ, કે જે રાણાનું ખાંડુ લઇ આવેલો તેણે વીચાર કર્યો, કે આ કાંઈ રાણાનું ઉકાળે તેમ લાગતું નથી. જે અત્યારથીજ રાણાને ગણતી નથી, તો પાછળથી શું લીલુ વાળશે? જાણે મોટું પંડીતનું પુંછડુ. જાણે મોટી ભગતાણી. (રાજાને) લ્યો હવે તાકીદ કરો નાહક ખોટી શા માટે કરો છો?


રાજાએ કહ્યું હાલ મોકલું છું (રાણીને) પ્રિયા! તેની સાથે દાશીઓ કઈ મોકલવાની નક્કી કરી છે? રાણી કહે આ સુમતી અને કુમતી બંને દાશીઓને તઈઆર કરી છે. રાજાએ દાશીઓને કહ્યું સુમતી, મીરાંબાઇને સાચવીને લઇ જજો. તેની બરોબર શેવા ચાકરી કરજો.

સુમતી કહે બાપુ! તે બાબતની ચિંતા રાખશો નહી. આ પ્રભુ પારાયણ દેવીનું જીવનીપેઠે જતન કરીશું, અને પુજ્ય ભાવથી વર્તી તેની શેવા બરદાશ ઉઠાવીશું.

દાશીનાં આવાં વચન સાંભળી રાજાએ દુર્મદસીંહને કહ્યું દુર્મદસીંહજી, મારી મીરાંને સાચવીને લઇ જજો, અને રાણાજીને હમારા જયશ્રીકૃષ્ણ કહેજો. તેમની માતાજીને અને તેમનાં બ્હેનને પણ હમારા ઘટીત કહેજો.

દુર્મદસીંહ કહે બહુ સારૂ (મીરાંને) મીરાંબાઇ તમો હવે રથમાં બીરાજીત થાઓ. મીરાંને રથમાં બીરાજીત થવાનું કહેતાં મીરાં દાશીઓસહ રથમાં બેઠી અને રથ હંકરાયો.

રથના પવન વેગી ઘોડાઓને ઇસારત થતાં ઉપડયા. જયમલ રાજા તથા રાણી વીગેરેએ મીરાંને હુંશીઆર રહેવાનું કહેતાં જ્યાંસુધી રથ પોતાની દ્રષ્ટીથી દુર થયો ત્યાં સુધી રથના સામુ એકી ટસે જોતાં ઉભાં રહ્યાં. જ્યારે રથ દેખાતો બંધ થયો, ત્યારે સૌ રાજમહેલ તરફ ગયું અને ભગવાનનો પરમભકત રાજા જયમલ મીરાંના વિયોગના વિચારમાં પડયો.



પ્રકરણ ૧૦ મું.

ચીતોડના રસ્તે મીરાંબાઈ.

મધ્યાન કાળ થવાથી ઘોડાને વીસામો ખાવા માટે રથ એક જગો ઉપર છોડ્યો. ત્યાં જાજમ પાથરી સર્વે વિશ્રાંતી લેવા બેઠાં. વિશ્રાંતી લેવા બેઠા ત્યાં મીરાંબાઈ પોતાના નિયમ પ્રમાણે હાથમાં માળા લઈ ગિરિધરલાલજીનું રટણ કરવામાં ગુંથાયા.

મીરાંબાઇનું આવું વર્તન દુર્મદસીંહથી જોઈ શકાણું નહી, તેથી સુમતીને કહ્યું તમારી મીરાંબાઇની આ રીત હમારા રાણાજીને ગમશે નહી. જ્યારે આ પ્રમાણે વર્તન કરવું હતું, ત્યારે લગ્ન શા માટે કર્યા? સુમતી કહે દુર્મદસીંહજી, મીરાં કોણ છે તે તમે જાણો છો?

દુર્મદસીંહ—કોણ છે કેમ કહે છે? માણુસ જેવું માણુસ.

સુમતી—દુર્મદસીંહજી ભુલો છો, તે માણુસ નથી.

દુર્મદસીંહ—માણુસ નથી કેમ?

સુમતી—તેનાં પ્રભુ પારાયણતાનાં લક્ષણ જાતા નથી. અત્રે વિસામો મળતાં તમો સંસારી કુથલી કરવામાં રોકાયા અને તે તેના કામમાં પ્રવર્ત થઇ.

દુર્મદસીંહ—તે જાણ્યું, ભક્તાણીનો ડોળ ઘાલી માળા ફેરવવા બેઠી તે કે બીજું?

સુમતી—હા! હા! તેજ. જોઈ તેની પ્રભુ પ્રત્યેની નિષ્ટા?

દુર્મદસીંહ—જોઇ! જોઇ! પણ તે બધો ખાલી ઢોંગ.

સુમતી—તમારી પાપી નજરમાં તે બધો ખાલી ઢોંગજ

લાગવાનો. પવિત્ર નજર શીવાય તે સમજાયજ નહી.

દુર્મદસીંહ—મારી પાપી નજર ને તારી પવિત્ર નજર કેમ?

સુમતી—હા ! હા ! પાપી નહીંતર બીજું શું ? જો પવિત્ર નજર હોય, તો ખાલી ઢોંગ કહોજ નહી.

દુર્મદસીંહ—જો ઢોંગ ના હોય ને હ્રદયમાંજ હોય, તો માળાની શી જરૂર છે ? જેના હ્રદયમાં વાસ છે તેને માળાની જરૂરજ નથી. માળા ફાળા તેતો ખોટા ઢોંગજ. મન શિવાયની માળા નકામી છે.

સુમતી—દુર્મદસીંહ ! આ તમે શું બોલો છો ? શું આ બધા ઢોંગ સમજો છો ? તમો કહોછો કે જેના ઘટમાં છે તેને માળાની જરૂર નથી તે ખરૂ છે, પણ અત્રે વિસામો લેવા બેઠાં ત્યાં તમો ખાલી કુથલી અને નીંદા કરવામાં ગુંથાયા. અને તે પોતાનું કર્મ **શ્રી ગિરિધરલાલજી**નું રટણ કરવામાં ગુંથાયાં. તમો કુથલી કરો છો તેમાં તેનું લગાર પણ ચિત્ત છે? તેનું ચિત્ત તો એક માળામાં અને પ્રભુમાં મળી ગયું છે, અને એક તાર થઈ ગયું છે. તમારા સામી નજર પણ જૂવો છો ?

દુર્મદસીંહ—નજર નથી પણ મનથી તેના મનને કાંઈક થતુ હશે. બગલુ નદીમાં એક પગે એક દ્રષ્ટીથી ઉભુ રહે છે, પણ તેનુ ધ્યાન માંછલાં તરફ હોય છે. તો પછી આનું ધ્યાન તેવું નહી હોય તેનો પુરાવો શો ?

સુમતી—ખરૂ કહો છો દુર્મદસીંહજી,"કોઈના મનમાં હાથ"

ઘલાય છે? અગમ નિગમ જાણુવાવાળા શીવાય મનની ખબર પડતી નથી. તેનું એક દ્રષ્ટાંત મને યાદ છે તે કહો તો કહું.

દુર્મદસીંહ—(ઠીક છે સાંભળવા દે. વખતે તેને પાછી પાડવાનો દાખલો મળે તો સુમતીને બોલતી બંધ કરી દેવાય) કહે સુમતી એવાં દ્રષ્ટાંત તો મને સાંભળવાં ઘણાંજ ગમે છે. કારણ, તેમાંથી ઘણું શીખવાનું મળે છે.

સુમતી—જુવો સાંભળો.

દ્રષ્ટાંત—એક વણીક ગૃહસ્થ હતો. તે કાંધા પાંજરાનો એટલે ધીરધારનો ધંધો કરતો હતો. તેના દેણદાર ગ્રાહકોમાં ઢેડની વરણ વિશેશ હતી. કારણ ઢેડ અણુસમજુ હોય છે, તેથી તેમની પાસેથી સારો લાભ મળે છે. તેમની ગ્રાહકી ઢેડ વર્ણમાં વિશેશ હતી. શેઠ રોજ નાહીને શેવા કરીને ખાતા હતા. આ નીયમ તે બરાબર પાળતા હતાં. ગમે તેવું કામ હોય પણ આ નીયમ ચુકતા નહી. તેમના ઘેર એક દાશી સત્ય નિષ્ટા અને સત્ય ભક્તિના બળે અગમ નિગમને જાણવા વાળી હતી. અને તે દાશીના પુન્યે શેઠને ઘણો સારો લાભ મળતો હતો. એક દીવશના સમાયોગે તે શેઠની ન્યાતના એક માણુસને તે શેઠનું કામ પડયું, તેથી તે શેઠને ઘેર ગયો. તે વખતે શેઠ શેવા મંદીરમાં બીરાજ્યા હતા. શેવાનું કર્મ પુરૂ કરી, હાથમાં માળા લઈ પ્રભુમાં એકતાર થયા હોય તેવો ડોળ ઘાલી માળા ફેરવતા હતા. દાશી ઘરમાંથી કચરો કાઢતી હતી. પેલો માણુસ શેઠને ઘેર આવ્યો અને દાશીને પુછ્યું શેઠ છે ? દાશી કહે ઢેડવાડામાં ગયા છે. તે શબ્દ સાંભળી તે માણુસ ચાલ્યો ગયો.

દાશીનાં આવા વચનો શેઠે સાંભળ્યાં, તેથી ઝટપટ માળા ફેરવવાનું આટોપી શેવા મંદીરમાંથી બહાર આવ્યા. બહાર આવી દાશીને કહ્યું હું શેવામાં હતો છતાં, તેં પેલા માણસને કેમ કહ્યું, કે શેઠ ઢેડવાડામાં ગયા છે ? દાશીએ કહ્યું શેઠજી ! મેં કહ્યું તે સત્યજ કહ્યું છે. જે વખતે તે માણસ આવ્યો, તે વખતે તમો હાથમાં માળા લઇ પ્રભુને છેતરવાનો ખોટો ડોળ કરી, રૂપલા ઢેડ પાસેથી રૂપીઆ લાવવાના છે તેના મનન (ચીંતવન)માં હતા, તેનુંજ મનન કરતા હતા. શેઠ આ સાંભળી વિષ્મય પામ્યા. દાશીને કહ્યું સત્ય કહે, કે મારા મનની તેં કેવી રીતે જાણી? તારા શબ્દે શબ્દો, અક્ષરે અક્ષર સાચા છે. તને આ જ્ઞાન શી રીતે પ્રાપ્ત થયું તે કહે. દાશી કહે શેઠજી ! તે વાત હું તમને શી રીતે કહી શકું ? અહીંથી સાત ગઉપર સત્યપુર નગ્ર છે; ત્યાં એક શંકરશર્મા નામનો બ્રાહ્મણ રહે છે, તે તમને તે વાત કહેશે. શેઠને આ વાતથી ચટપટી થઇ ને તુરત સત્યપુરનો રસ્તો લીધો. સત્યપુર આવી તેણે શંકરશર્માનું ઘર શોધી કહાડ્યુ. તેની સ્રીને હાંક મારી. શંકરશર્માની સ્રીએ જાણ્યું કે પેલી દાશીએ મોકલ્યા છે. કારણ, તે પણ અગમ નિગમને જાણવાવાળી હતી. શેઠનો સાદ સાંભળી તે એકદમ બહાર આવી શેઠને કહ્યું ઉભા રહો, હું મારા પતીની આજ્ઞા લઇ આવું છું, ઘરમાં જઇ પોતાના પતીની આજ્ઞા પેલા શેઠ સાથે વાત કરવાની માગી. શંકરશર્માએ તેને ખુશીથી આજ્ઞા આપી. આજ્ઞા મળતાંજ તે શેઠ પાસે આવી કહ્યું, શેઠ તમને તમારી દાશીએ મોકલ્યા છે ? શેઠે કહ્યું હા. શંકરશર્માની સ્રીએ કહ્યું શેઠજી તમે તમારા મનનો ખુલાસો કરવા આવ્યા છો, પણ અહીંથી પાંચ ગાઉ છેટે ઉધમપુર નામ-

ના નગ્રમાં જીવો કસાઇ કરીને રહે છે, તે તમારા મનનું સમાધાન કરશે. શેઠ કહે કસાઇ ? શંકરશર્માની સ્ત્રી કહે હા કસાઇ. અને તેજ તમારી શંકાનું સમાધાન કરશે. શેઠ આથી અચંબો પામ્યા અને ઉદ્યમપુર તરફ ગયા. ઉદ્યમપુરમાં જઈ જીવા કસાઇનું ઘર પુછતા જીવા કસાઇને ઘેર ગયા. જીવા કસાઇને ઘેર તેની સ્ત્રીને પુછ્યું, કે જીવો કસાઈ છે ? જીવા કસાઇની સ્ત્રીએ કહ્યું તે તો દુકાન ઉપર બેઠા હશે. કામ હોય તો દુકાને જઇ મળો. શેઠને વિચાર થયો કે તે પણ પેલી બેના માફક અગમનિગમને જાણવા વાળોજ હશે. તે શિવાય મારા મનનું સમાધાન કરી શકેજ કેમ. અને જો તે તેવો હશે, તો તેનો વેપાર પણ ઉત્તમજ હશે. દુકાન પુછી બજારમાંથી એક જણે કહ્યુ ખાટકીવાડામાં તેની દુકાન છે, માટે ખાટકીવાડામાં જાઓ. ખાટકીવાડાનું નામ સાંભળી શેઠને વિચાર થયો, કે હું વણીક ખાટકીવાડામાં શી રીતે જઈ શકું ? પાછો વિચાર ફેરવ્યો, કે ગમે તેમ થાય પણ ત્યાં જઇ તેને મળવું તો ખરૂંજ. એવો વિચાર કરી તે ખાટકીવાડામાં ગયા. ખાટકીવાડામાં જઇ જીવા કસાઇની દુકાન પુછી, ત્યાં એક ખાટકીએ તેને તેની દુકાન બતાવી. દુકાનનો પત્તો મેળવી જીવા કસાઈની દુકાને જઈ પુછ્યું, કે જીવો કસાઇ છે ? જીવો કસાઇ દુકાન ઉપરજ બેઠેલો હતો તેનેજ પુછ્યું. તેથી જીવા કસાઇએ કહ્યું તમને તમારા મનનું સમાધાન કરવા પેલી બ્રાહ્મણીએ મોકલ્યા છે ? શેઠતો આથી અચંબો પમ્યા અને કહ્યું હા. તે સમાધાન કરી મારા મનની શંકા દુર કરો. જીવો કસાઇ તે શેઠ સાથે એક બ્રાહ્મણને ત્યાં આવ્યો. તે બ્રાહ્મણને ત્યાં શેઠને જમવા વિગેરેની સોઇ કરી કહ્યું. તમે જમીને પરવારો તેટલાં અરસામાં હું મારા વૃદ્ધ

માતા પીતાની શેવા બજાવી આવું છું, કહી તે ગયો. શેઠ જમવાની વખત થતાં જમવા બેઠા, છતાં તેમને જમવાનુ બીલકુલ રૂચ્યું નહી. જેમ તેમ જમી ઉઠયા અને જીવા કસાઇની વાટ જોતાં બેઠા. થોડીવાર થઇ ત્યાં જીવો કસાઇ આવ્યો, અને શેઠની પાસે બેઠો. અને વાતચીત કરવા માંડી.

શેઠ—જીવાભાઈ! મારા મનની તમે કેવી રીતે જાણી?

જીવો—શેઠજી! હું મારાં વૃદ્ધ માતા પીતાની પ્રભુ સમાન શેવા ઉઠાવું છું. ઇશ્વરનું સાચા દિલથી સ્મરણ કરૂ છું, તેથી હું અગમનિગમને જાણુંછું. તેથીજ તમારા મનની જાણી શકયો છું. શેઠજી હું ખાટકી છું, માટે એમ ન સમજતા કે હું હત્યા કરૂછું; પ્રાણીપર દયા એ મારૂ કર્તવ્ય છે. બીજું અસત્ય, અનિતિ વિગેરે કાર્યોથી દુર રહુંછું, સત્ય નિષ્ટાથી વર્તુછું. તેથીજ મને અગમનિગમની સુજ પડે છે.

શેઠ—તમે પર માટી વેચોછો તે જીવની હત્યા શિવાય કે?

જીવો—હા, જીવ હત્યા શિવાયજ. કારણ, પર માટી માટે જીવની હત્યા કરતો નથી, પણ બહારથી પર માટી લાવીનેજ વેચુંછું. સઉને વખત ધંધો કર્યાવિના સિદ્ધી નહી તેથી લાચાર, પરંતુ જીવ હત્યા કે ઓછુ તોલ, માપ વિગેરે કોઈ અનિતિ ધંધો તો કરતોજ નથી.

શેઠ—વારૂ! પેલી શંકરશર્માની સ્ત્રી કેવી રીતે મારા મનની વાત કહી શકી તે કહેશો?

જીવો—હા, તેનું કારણ તેજ, કે તે એક ખરી પતીવ્રતા છે. પતીને પ્રભુ સમાન જાણુવાવાળી તે સાધ્વી

સતીમાતા છે. તમો ગયા ત્યારે પોતાના પતીની આજ્ઞા મેળવવા ગઇ. આજ્ઞા મળી કે તુર્ત તમારી સાથે વાત કરવા આવી. એવી તેની પતી પ્રત્યે સત્યે સત્ય નિષ્ટા છે. જેવી નિષ્ટા પતિ પ્રત્યે છે, તેવીજ નિષ્ટા પ્રભુ પ્રત્યે છે. તેથીજ તે અગમનિગમને જાણે છે.

શેઠ—આથી મને ઘણોજ હર્ષ ઉત્પન્ન થયો છે. વારૂ! પણ મારી દાશી મારા મનની વાત કેવી રીતે જાણી શકી, તે કહી મારો સંદેહ દુર કરો.

જીવો—શેઠજી! તે તમારે ત્યાં સત્ય નિષ્ટાથી વર્તી તમારૂ નીમકહલાલ કરે છે. જેવી સત્ય નિષ્ટા નોકરી ઉપર રાખે છે, તેવીજ સત્ય નિષ્ટાથી ઇશ્વરનું સ્મરણ કરે છે. તેથીજ તે અગમનિગમને જાણેછે.

શેઠ—હું કોઇ દિવસ તેને હાથમાં માળા લઇને ઇશ્વર સ્મરણ કરતાં જોતો નથી, તો તે ઇશ્વર સ્મરણ કેવા રીતે કરતી હશે તે સમજાવો.

જીવો—શેઠજી! દાશીજન કે જેને સત્ય નિષ્ટાથી વર્તવું છે તેને ફુરસદ હોયજ નહી, કે જેથી તેને માળા લઇ ઇશ્વર સ્મરણ કરવાનો વખત મળે. માળા ફેરવે કાંઇ ઇશ્વર પ્રસન્ન થતાંજ નથી. જેના મનમાંજ તે રટણ રંમ્યા કરે છે, તેને માળાની કાંઈ જરૂરજ નથી. તે તો અહોનીશ મન સાથેજ રટણ કર્યા કરે છે; તેના પ્રતાપે તે અગમનિગમને જાણે છે

આ સાંભળી શેઠ અચંબો પામ્યા, અને કહ્યું ધિક્કાર છે મને, કે હું અધર્મ અને અનિતીના કાર્યમાં પ્રવર્ત થઇ

મુંઢ બન્યો છું. લોકોને બતાવવા ખાતરજ માળા, સેવા, આદિ કાર્ય કરૂછું, પણ મનવગરનું તદન નકામું છે. જીવા ભાઈ, તમે મારા ગુરૂ છો, મારા પ્રભુ છો. તમારા ઉપદેશથી મારા મનનું સમાધાન થયું છે. સમાધાન તો થયું તે થયું, પણ મારા મનની મલીનતા દુર થઈ. પ્રભુ નામે ઘટ ઘરમાં વાસ કર્યો છે, કહી જીવાના ચરણુ કમળમાં પડયા. જીવે તેમને હાથ ગ્રહી ઉઠાડી ઇશ્વર રટણ નહી ચુકવું, તથા સત્ય નીષ્ટાથી વર્તવાનું કહી ઘણો બોધ આપ્યો. શેઠ આથી પ્રસન્ન થયાં અને જીવા કસાઇની આજ્ઞા માગી પોતાના ગામ તરફ ગયા. રસ્તામાં શંકરશર્માને ઘેર જઈ તેની સતી સ્ત્રીને પણ પ્રણામ કર્યા. ત્યાંથી ઘેર આવ્યા, ઘેર આવી દાશીના ચરણુમાં પડયા. તેને પોતાની ગુરૂ સમજી તેના પ્રત્યે પુજ્ય ભાવ રાખવા લાગ્યા. સાચા દિલથી ઈશ્વર સ્મરણ કરવા લાગ્યા.

દુર્મદ—કુમતી! તારૂ દ્રષ્ટાંત બરાબર છે. પેલી દાશી જેવું કોઇ અગમનિગમને જાણુવાવાળુ હોય તો બતાવ, કે હાથમાં માળા ને પેટમાં લ્હાળા.

સુમતી—તમો બંને એક નિષ્ટાનાંજ માણુસ છો. જેવી જોઇએ તેવી જોડી છો, કે એક કાંણો ને બીજી ખોડી તેમાં કદાપી કાળે કહેવત હોયજ નહી. તમને તો તેનો અનુભવ નથી. પણ આને તો બરાબર છે, છતાં તમારા જેવી નજર રહી, તે એક અચંબાની વાત છે. પારસ મણીની સંગતથી લોહનું સુવર્ણ થાયજ થાય; છતાં પારસમણીની સંગતથી લોઢુ કાટમાં ફેરવાઇ ગયું, તે ઘણીજ તાજુબીની વાત છે.

કુમતી—એ તો જાણી તને ડાહ્યલી. હું તો ભલે કાટ થઇ, પણ તું સુવર્ણું થઇ છે તે બસ છે. આ ઢોંગ નહીતર બીજું શું? ઘટમાં હોય તો માળા ફેરવવાનું શું કામ છે?

સુમતી—માળાથી ચિત્ત સ્થીર રહે છે, તેટલાજ કારણથી માળાની જરૂર છે. બીજું કાંઈ કામ નથી. આવી પ્રભુ પારાયણ દેવિની નિંદા કરી ક્યાં છુટશો? ધોબી પણ એક પૈસો લઇને કપડાનો મેલ ધુવે છે. પરંતુ તમારા જેવાં વગર પૈસે પાપ ધોવાવાળા ધોબીઓને લાખવાર ધિટકાર છે.

કુમતી—જાણી તને મોટું પંડીતનું પુંછડું થઈ તે. જાણી તને અને તારી પ્રભુ પારાયણ દેવીને. પણ નક્કી સમજજે કે તમો ઘણાજ દુઃખી થશો. માટે ઢોંગ તજી સંસાર વહેવાર આદી વાત ચિત્તમાં ભળો, જેથી બધે માન મેળવશો. આમ અતડાપણામાં ફાયદો નહી કાઢો.

સુમતી—બહુ સારૂ, અમારે તે સુખ જોઇતું નથી. સંસાર વહેવાર આદિ વાતમાં ભળવું પણ નથી. તું તારે ભળીછું તે સુખ ભોગવ એટલે બસ છે.

કુમતી—હા ! હા ! હું સુખ પામીશ તે તમો તમારી નજરે જોશો અને બળી બળીને ખાખ થશો.

સુમતી—હમારે બળવાની શી જરૂર છે. પતંગીઆં દિવામાં પોતાનું મ્હોત છે, છતાં તેમાંજ સુખ માને છે, અને ઝંપલાઇ મરે છે તેની બળત્રા બીજાને શું કરવા હોય? વાવવું તેવું લણવું, અને કરવું તેવું ભોગવવું.

દુર્મદસીંહ—હવે કુથલી રહેવા દો. સાંજ પડવાની વખત થઇ છે માટે પડાવ ઉપાડો, ને તમો સર્વે સજ થાઓ. તમારી બાઇને કહો હવે તેના ખોટા ડોળ તજી તૈયાર થાય.

સુમતી—ખોટો કે ખરો ડોળ કહેવાની તમને શી જરૂર છે. હમો તો તૈયારજ છીએ.

મીરાંબાઇને સુમતીએ ધ્યાન મુક્ત કર્યાં અને સજ થઇ રથમાં બેઠાં. રથ હંકાર્યો તે બીજે દીવસ સવારમાં માં ચીતોડગઢ આવી પહોંચ્યાં. મેડતામાં ત્રણ મંગળ ખાંડા સાથે વર્ત્યા હતાં, અને ચોથું મંગળ બાકી હતું. તે ચીતોડગઢમાં આવ્યા પછી રીવાજ મુજબ રાણાજી સાથે વર્તાવ્યું. છેડા છોડવા માટે કુળ દેવ્યા અંબાજી માતાના મંદીર તરફ ગયાં. રાણાજીની બ્હેનને પણ મીરાંબાઇ સાથે મોકલ્યાં. રાણાજીની માતાને પણ કુળ દેવ્યા અંબાજીના મંદીરે તેડી લાવવા અનુચર મોકલ્યો. અનુચરે રાણાજીની માતાને મીરાંબાઇ મંદીરે ગયાનાં ખબર વિદીત કર્યાં અને તેમને અંબાજીના મંદીરે આવવાનું કહ્યું છે તેમ કહ્યુ. રાણાજીની માતા નવી વહુ માતાના મંદીરે ગયાની ખબર સાંભળી ખુશી થયાં, અને અનુચર સાથે કુળદેવ્યા અંબાજીના મંદીર તરફ જવા તૈયાર થયાં.



પ્રકરણ ૧૧ મું.

મીરાંને તેની સખીઓ શહ પથમ દેવીના મંદીરે વડારણો તેડી લાવી. રાણાજી પાછળ રહ્યા. કુંભા રાણાની બ્હેન મીરાંની નણંદ પદ્માબા પોતાની ભાભી સાથે આવી પહોંચી. મંદીરનાં દ્વાર બંધ જોઈ પદ્માબાએ પુજારીને કહ્યું મંદીરનાં દ્વાર બંધ શા માટે કર્યાં છે? ઉઘાડો અમારે માજીનાં દર્શન કરવાં છે. પુજારીએ કહ્યું માજીને થાળ ધરાવ્યો છે, માટે દર્શન હાલ બંધ છે. થોડીવાર પછી દર્શન થશે.

પુજારીનાં આ વાક્યો સાંભળી પદ્માબાએ કહ્યું મીરાં ભાભી, દર્શનને હજુવાર છે, માટે ચાલો આપણે એકાદો રાસડો ગાઇએ. મીરાંબાઇએ કહ્યું દર્શન બર્શનની કાંઇ જરૂર નથી; પણ રાસડા શેના? પદ્માબાએ કહ્યું ભાભી એમ શા માટે કહોછો? દર્શન માટે તો અત્રે આવ્યાં છો, છતાં દર્શનની કાંઇ જરૂર નથી, એમ કેમ કહોછો? મીરાંબાઈ કહે કોનાં દર્શન? પદ્માબા કહે જગત જનેતાનાં. મીરાંબાઇ કહે જગતપીતા શીવાય તો જગતજનેતા હોયજ શાની? અને તેજ જગત પિતાને હું વરી છું. માટે જગત જનેતા તે તો મારી શોક્ય કહેવાય, તેનાં દર્શન ન હોય. શોક્યને પગે પડે તેવી મુરખ કોણ હોય?

પદ્માબા કહે શું જગત જનેતાને તમે શોક્ય કહોછો? મીરાં કહે હા. જગત જનેતા તે જગત પીતાની પત્ની ખરા કે નહી? ને જ્યારે તે જગત પીતાની પત્ની, ત્યારે તો મારી શોક્યજ. તેનાં દર્શન તે કરાય? તમે તમારે સુખેથી દર્શન કરો.

પદ્માબાએ વિચાર કર્યો કે ભાભી રાણાજી સાથેના લગ્નથી હર્ષઘેલી થઇ છે, તેથી આવું લવે છે. પણ મારા સાંભળવા પ્રમાણે મીરાંબાઇને રાસડા સારા ગાતાં આવડે છે. કારણ, તેણે શાસ્ત્રોનું મનન કરેલું છે, માટે એકાદો રાસ ગવરાવું. એવો વિચાર કરી મીરાંબાઇને કહ્યું ભાભી, બધી કુથલી રહેવા દો, ને એકાદો રાસડો ગાઇએ.

મીરાં કહે શેનો રાસડો ? પદ્મા કહે શાસ્ત્રનો. મીરાં કહે હું તો શાસ્ત્ર બાસ્ત્ર કાંઇજ જાણતી નથી. ફક્ત મારા ગિરિધરલાલજીનાં ગુણ ગાઈ જાણું છું. કહો તો તેના ગુણનો રાસડો ગાઇએ. પદ્મા કહે પણ મને તે રાસડો આવડતો નથી. મને તો માતાજીના પારે ગાવાનો રાસડો આવડે છે. કહો તો ગવડાવું, નહીતર તમોને આવડતો હોય તે તમો ગવડાવો, અને હું અને આ વડારણો ઝીલીએ.

મીરાંબાઈ કહે મારા ગિરિધરલાલજીના ગુણ ગાવા મને ઘણાજ ગમે છે. તે સાંભળવા તમારી ઇચ્છા હોય તો ગાઉં. પદ્માબા કહે ઠીક છે ગાઓ તો ખરાં; તમોને રાસડા કેવા આવડે છે તે તો જાણીએ. મીરાં કહે જો તમારી ઇચ્છા હોય તો મને ગાવાને કાંઇ હરકત નથી. હું ગાઉં છું ને તમે બધાં ઝીલો.

રાસડો.

(ગરજે ગગન ઘરરરર) એ રાહ

નમુ ગિરિધર ગુણવંત, રહુ રાખી ખંત,
સાચો પતી મુજ જય જય.
ગુણ ગણે મહંત સંત, પામે નહીં અંત,
અગણીત ગુણવંત જય જય.

સત્ય શેવું તજવા ભવભય,
નામ દેતાં થાય પાપ લય— નમુ

સાખી.

ભવ દધિ તારણ સાથએ, નોધારાનો નાથ,
ભક્તિવશ મમ સુદરો,
અહો હેતેથી મમ હાથરે બ્હેનીઓ, હેત તેનું કેમ વિસરીએ;
શું કરૂ તમારી માતને બ્હેનીઓ, હેત તેનું કેમ વીસરીએ.

સાખી.

જે દર્શન ચિતડું ચહે, તે દર્શન ક્યાં થાય;
તે દર્શન આવી મળે—મન દોડેરે
તેવે સમે ગિરિધર ભેટવારે.
કૃપા દ્રષ્ટી જો કરી, દર્શ આપે શ્રી હરી;
બન્યુ ચિત્ત આ આધર—ચિત્ત આ અધિર
અધિરતાનો આવે પુર્ણ અંત— નમુ.

પદ્માબા કહે ભાભી તમારૂં ચિત્તબાત્ત ઠેકાણે નથી કે શું? જે માતાજી પારે તમો છેડા છેડી છોડવા આવ્યાં છો, તેનુંજ અપમાન! શું આવી તે ઘેલછા હોતી હશે? પ્રથમ બોલવામાં કહેતાં હતાં તે તો ઠીક, પણ રાસડામાં પણ તેનું તેજ કુળ દેવ્યાનું અપમાન! ભાભી તમો તમારા હાથેથીજ તમારૂં બુરૂ કરવા ચાહો છો. ઠીક છે આતો હું છું, પણ જો મારાભાઇ તથા મારાં માજીને મોંઢે આવું બોલશો, તો તેઓ કુળ દેવ્યાનું અપમાન સહન નહી કરે; અને તેથી તમો દુઃખી થશો.

મીરાંબાઇ કહે પદ્મા બ્હેન! હમેશાં પીતા હોઇને, માતા. પીતા શીવાય માતા હોયજ નહી, તેનો વિચાર કરો. અને તેજ જગત પીતાને હું પરણી, તો તમારાં જગત જ

તુંની મારી શોક્ય નહી કે ?

પદ્માબા—શું જગત જનુની અંબીકાજી તમારાં શોક્ય ? ભાભી વિચાર કરો, તે દેવી જેવી તેવી નથી, હજરા હજુર છે.

મીરાંબાઇ—તો મારા ગિરિધરલાલજી ક્યાં છુપા છે, તે પણ હજરા હજુરજ છે.

પદ્માબા—તમારા ગિરિધરલાલજી રહ્યા તમારા ઘેર; પરંતુ જેના પારે આવ્યાં છો તેનું અપમાન કરતાં વિચાર કરો.

મીરાંબાઇ—બ્હેન હું ક્યાં આવી છું ?

પદ્માબા—તમે નથી આવ્યાં ત્યારે કોણ આવ્યું છે ? આવ્યા છતાં આવું જુઠું આ કોણ બોલે છે ?

મીરાંબાઇ—આવ્યું છે આ હાડ ચામનું ખોળીયું. અને બોલે છે તે આત્મા તેને તમે જુઠો કહો છો. પણ તમારી ભુલ છે. આત્મા જે બોલે છે તે સત્યજ છે.

પદ્માબા—દેવીના પારે ઉભાં છો, તે આત્મા તમો જે હાડચામનું ખોળીયું આવ્યું છે તેમાંજ છે તેજ બોલે છે, તો પછી સાચુ કેવી રીતે માનું ?

મીરાંબાઇ—જે આત્મા બોલે છે તેને તમો આ હાડ ચામના ખોળીઆમાં છે કહો છો, તે તમારી ભૂલ છે. તે આત્મા આ હાડચામનાં ખોળીઆમાં નથી, પણ તેજ પતીના ચરણકમળમાં છે, અને ત્યાંથીજ બોલે છે, તે સત્ય સમજો.

પદ્માબા—આત્મા વગરનું હાડચામનું ખોળીયું તે તો મડુ ગણાય. શું તમો મડા રૂપ છો ?

મીરાંબાઇ—હા, મડા જેવીજ.

પદ્માબા—તમો કહો છો કે મડા જેવીજ, વારૂ મડુ તે હાલતુ ચાલતુ હશે કે ?

મીરાંબાઈ—હા, મડુ ખુશીથી હાલે ચાલે છે. મડુ એક પ્રકારનું નથી; મડાં બે પ્રકારનાં હોય છે.

પદ્માબા—મડાં તે બે પ્રકારનાં હોતાં હશે કે ?

મીરાંબાઇ—હા.

પદ્માબા—બે પ્રકારના કેવી રીતે ?

મીરાંબાઇ—બે પ્રકારનાં કેવી રીતે તે સાંભળો. પહેલો પ્રકાર તો એ કે નિર્જીવ મડુ એટલે, કે કાંઇ પણ સંજ્ઞા વગરનું. સંજ્ઞા વગરનું મડુ હાલતું ચાલતું નથી. તે મડુ તો શ્મશાન ભુમીનાજ લાયકનું, એટલે કે તે બાળી મુકવાનુંજ. બીજા પ્રકારનું મડુ તે એ, કે કોઇ ઠેકાણે જીવ ચોટયો એટલે જીવ, ખોળીયું ગમે ત્યા હોવા છતાં જ્યાં જીવ લાગ્યો હોય ત્યાંજ ફર્યા કરવાનો. એટલે જીવ બીજે ફરતો હોય તો તે જીવ વગરનું મડુ કેમ ના કહેવાય?

પદ્માબા—ભાભી તમારા કહેવાનો ભાવાર્થ સમજાણો નહી. શું જીવ કોઈ જગ્યાએ ચોટયો હોય અને તેમાં ભમતો હોય તો તે ખોળીયાને મડુ કેમ કહેવાય? શું તેનામાં હાલવા ચાલવાની ગતી રહેતી નથી? કે તે શું ખાતું પીતું નથી ? શા વનુ રહે છે કે તે મડુ કહી શકાય ?

મીરાંબાઇ—ખાવું પીવું તે તો એક દેહને ભાડા રૂપ છે. પણ મન વગરનું ખાવું તે ન ખાવા જેવુંજ

છે. જીવ બીજે ભમતો હોય, તો તે જીવ વીનાની દેહ મડા તુલ્ય છે. જુવો તે ઉપર એક ટુંક દ્રષ્ટાંત છે, તે સાંભળો એટલે તમારી ખાત્રી થશે.

પદ્માબા—ગમે તે દ્રષ્ટાંત આપો પણ તમારૂ કહેવું તદન ખોટું છે. જીવ બીજે ભમતો હોય તો તે દેહ મડા તુલ્ય કહેવાયજ નહી.

મીરાંબાઈ—પણ મારૂ દ્રષ્ટાંત સાંભળો અને તમોજ કબુલ કરો તો પછી તો ખરૂને?

પદ્માબા—કહો સાંભળું છું,

મીરાંબાઇ—સાંભળો અને મન સાથે પુર્ણ વિચાર કરજો, પછી મનમાં સંખ્યા આવે તો સુખેથી પુછજો.

દ્રષ્ટાંત—એક વાણીઓ તેની પત્નીસહ એક નગ્રમાં રહેતો હતો. તેને એક દસ વર્ષનો પુત્ર હતો. તે વાણીઆનું સાસરૂ ત્યાંથી પાંચ ગાઉ દુર એક નાના ગામડામાં હતું. એક દીવશ તેના સાસરે તેના સાળાની છોકરીનાં લગ્ન હતાં. તેથી તે વાણીઆનો સાળો પોતાની બ્હેનને તથા ભાણેજને તેડવા સારૂ આવ્યો. લગ્ન પ્રસંગ તેથી તે વાણીઆને પોતાના પ્રાણથી પણ અધીક પોતાના પુત્રને તથા પત્નીને મોકલવા ફરજ પડી. તે પણ સાથેજ જાત, પરંતુ પોતે મ્હોટો વહેપારી હોવાથી બે દીવશનું કામ હતું, અને પણે બે દીવશની લગ્નની પણ ઢીલ હતી, તેથી તેણે પોતાના સાળાને કહ્યું અમો બે દીવશ બાદ આવીશું. કારણ, મારે ઘણુંજ જરૂરનું કામ હોવાથી બે દીવશ આવી શકુ તેમ નથી. જરૂરનું કામ સાંભળી તેનો સાળો લાચાર બન્યો અને કહ્યું વારૂ! તમો બે દીવશ બાદ આ-

વજો, પણ મારી બ્હેનને તથા મારા ભાણેજને તો મોકશોને ? આ વાત સાંભળી તે વાણીઓ કે જેણે પોતાના છોકરાને એક પળ પણ નજર આગળથી દુર કાઢેલો નહી, તેણે કહ્યું તેમને પણ હું સાથેજ લેતો આવીશ. તેના સાળાએ કહ્યું તે નહી બને. કારણ, આવા પ્રસંગે મારાં બેન ભાણેજ બે દીવશ અગાઉ ના આવે, તો મારૂ ખોટુ દેખાય. તે વાણીએ ઘણી રકઝક કરી છતાં નીરૂપાયે તેને પોતાની બેરી તથા પુત્રને મોકલવાની ફરજ પડી. તેણે તેના સાળાને કહ્યું વારૂ લઈ જાઓ, પણ જીવની માફક જાળવીને લઈ જજો. જો તે રસ્તામાં હેરાન થાય નહી. તેના સાળાએ કહ્યું તમોને તે વ્હાલાં છે અને મને કાંઈ વ્હાલાં નથી ? તે બાબતની ચીંતા રાખવી નહી, કહી પોતાની બ્હેન તથા ભાણેજને લઈ પોતાને ગામ આવ્યો. ઉન્હાળાના દીવશ હોવાથી શરીરમાં વાયુની પ્રકૃતી દરેક માણસને રહે છે. તે અરસામાં ખાંડની ચીજ પચતી નથી, તેતો સ્વભાવિકજ છે, છતાં લગ્ન પ્રસંગ હોવાથી ખાંડનુંજ ખાવાનું તે વાણીઆની સ્ત્રી પુત્રને મળ્યુ. ખાંડનું ખાવાને લીધે તે વાણીઆના છોકરાને ઓચિંતું ઝાડે ફરણું તથા ઓક શરૂ થઇ. (એટલે કે કોલેરા જેવું થયું) આ પ્રમાણે છોકરાની તબીયત બગડતાં તે છોકરાની માતા તે વાણીઆની સ્ત્રીનો જીવ ઉડી ગયો, અને એકદમ પોતના પતીને તેડવા માણસ દોડાવ્યું. અહીં તે છોકરાનાં ઓષડ વેસડની શરૂઆત થઇ. આવો પ્રસંગ બનવાથી લગ્ન પ્રસંગ સર્વે વિસરી ગયાં અને સર્વેના જીવ તે છોકરામાં લાગી રહ્યા. તે છોકરાના બાપને તેડવા મોકલેલો માણુસ તે વાણીઆને ઘેર આવી પહોંચ્યો. ત્યાં વાણીઓ હાથમાં ચોપડા લઇ નામુ તપાસતો હતો. અને નામામાં

એક તાર થઇ રહ્યો હતો. પેલા માણસે આવી તે શેઠને કહ્યું હાલને હાલ તૈયાર થાઓ. કારણ, તમારા છોકરાને કોલેરા થયો છે. આ ખબર સાંભળી વાણીઆના જીવને કાંઇ ભાન રહ્યું નહી, ને પોતાના છોકરાની મુખ આકૃતી પોતાના સન્મુખ ભાસવા માંડી. કોલેરાનો શબ્દ સાંભળી તેના હાંજા ગગડી ગયા, અને ટાંટીઆ ભાગી ગયા. પાંચ ગાઉની વાટ તેને પાંચસો ગાઉ જેટલી થઇ પડી. પોતાની આંખમાં આંસુ આવી ગયાં. આ દેખાવ જોઇ તેડવા આવેલા મનુષ્યે તેને ઘણી ઘણી ધીરપ આપી; પરંતુ તે ધીરપ શું કામમાં આવે ? જેમ તેમ કરી પોતે પોતાના પુત્રને નીહાળવા માટે તે માણસની સાથે પોતાના સાસરે જવા તૈયાર થયો. પોતે પેલા માણસ સાથે એ બાકળો ચાલવા લાગ્યો. ઘણો ઘણો ઉતાવળથી ચાલવા લાગ્યો, પણ ભાગેલા પગે રસ્તો કેમે કર્યો ખુટે નહી. જીવ તેનો છોકરામાંજ લાગી રહ્યો છે. દેહનું તો ભાનજ નથી. જેમ તેમ કરતાં તે ગામડાની નજદીક આવ્યો. છેટેથી તે ગામ દેખાવા લાગ્યું. તે ગામ દેખાતાંજ તેણે પોતાના પુત્રને મળવા માટે દોટ મુકી. તેણે દોટ તો મુકી, પણ તેને દેહનું ભાનજ નથી. તો રસ્તામાં શું છે તેની તેને ગમ કયાંથી પડે. તે દોટ મુકી સુસવાટ કરતો દોડયો જાય છે, ત્યાં રસ્તામાં એક નાગ પડ્યો હતો, તેના ઉપર પગ દેવાઇ ગયો. નાગ ઉપર પગ પડતાંજ નાગ કચરાયો. તેથી તે નાગે પોતાની ફણા ઉંચી કરી તે વાણીઆના પગના કાંડામાં બચકુ ભર્યું તેનું ભાન પણ તે વાણીઆને રહ્યું નહી. તેતો પોતાના છોકરાની ઝંખનામાંજ હતો, એટલે ભાન શેનું હોય. મહા મુશીબતે તે પોતાના સાસરાને ઘેર આવી પહોંચ્યો, ન્હેબાકળો બની પુ-

છ્યું, મારો છોકરો બતાવો બતાવો. તેનો સાળો કે જે છોકરાને આરામ થવાથી બહાર ઉભો હતો, તેણે કહ્યું આ રહ્યો તમારો છોકરો. હવે તો તેને સારૂ છે. એ તો ખાંડનું ખાવાથી તેને વા ઉછેરો થયો હતો. પોતાના છોકરાને આરામ થયેલો જોયો, ત્યારે તેના જીવમાં જીવ આવ્યો. જે માણુસ તે વાણીઆને તેડવા ગયો હતો, તે ધીમે ધીમે આવતો હતો, ત્યાં રસ્તામાં નાગને જોયો. તે કોઇનો પગ પડવાથી દબાયેલો જોયો. તેણે વીચાર કર્યો કે કોઇના પગ તળે ચંપાયો હશે. એવો વીચાર કરી તે આ વાણીઆના સાસરે આવ્યો. તે વાણીએ પોતાના છોકરાને પોતાના ખોળામાં લઈ ચુંબન કર્યું, અને પાછો સુવાડયો. છોકરાને સુવાડી તે લોટે જવા માટે ધોતીયું બદલતો હતો. ત્યાં તેના પગે લોહી નીકળેલું તેના જોવામાં આવ્યું. ત્યાં તેણે પોતાની સ્ત્રીને કહ્યું જો, આ મને શેનું લોહી નીકળ્યું તેની સ્ત્રીએ બરાબર ? તપાસ કરી, તો કોઇ જનાવર કરડયું હોય તેવું લાગવા માંડ્યું. ત્યાં તે વાણીઆને તેડવા જનાર માણુસ બેઠો હતો તેણે કહ્યું મને બતાવો જો, શું જનાવર કરડયું છે ? તે વાણીએ તે માણુસને પોતાનો પગ બતાવ્યો. તેડવા જનાર માણુસ હોંશીઆર હતો. તેણે તે વાણીઆનો પગ જોતાજ કહ્યું તમને હેરૂ કરડયું છે, તેમાં શક નથી. તમોએ રસ્તામાં બેભાનીમાં એક હેરૂના ઉપર પગ દઇ તેને કચરેલો છે, ને તેજ તમને કરડયો છે. કારણ, તે હેરૂને મેં મારી નજરો નજર દીઠું છે. આ વાત સાંભળી તે વાણીઆને ભાન આવ્યું. ભાન આવતાંજ તર્ત તે નાગનું તેને વિશ ચડયું અને ત્યાંજ દેવલોક પામ્યો.

કહો પદ્માબેન જ્યાંસુધી તેને ભાન નહોતુ, એટલે

કે જીવ તેના છોકરામાં હતો ત્યાંસુધી તે નાગનું વિષ તેને અસર કરી શક્યું નહી. ને ભાનમાં આવતાં તેને વિશ્વનો અસર થયો અને તેનો પ્રાણ ગયો. કહો દેહ મડા જેવો ખરો કે નહી ?

પદ્મા આ વાત સાંભળી ચકિત થઇ કહ્યું, ભાભી તમારૂં કહેવું બરાબર છે. મડાં એ પ્રકારનાં ખરાં તેમાં શક નહી. ભાભી ! તે વાણીઆના જીવનું તો ભાન નહોતું ને તમોને તો બરાબર ભાન છે, તેથી તમારી દેહ મડા રૂપ કહેવાય જ કેમ ?

મીરાં કહે ભાન સમજતાં નહી. કારણ, જે આત્મા બોલે છે તે તેનાજ ચરણકમળમાંથી. દેહમાંથી નહી. પદ્મા કહે તે તો હું માનતી નથી. મીરાં કહે તમારી ખાત્રી કરી આપું અગર તમો પોતે ખાત્રી કરો એટલે સમજાશે. જેમ તે વાણીઆને નાગ ડસવા છતાં તેને કશી અસર થઈ નહી, તેમજ આ દેહને ગમે તેવી વિપતી પડો છતાં કાંઇજ અસર થવાની નથી,

પદ્મા આથી ચકિત થઇ, તેની ખાત્રી કરવાના હેતુથી એક વડારણ પાસે સોય મંગાવી. વડારણ સોય લઇ આવી અને પદ્માબાને આપી. પદ્માને સોય મળતાંજ તે સોય મીરાંની પીઠમાં ધીમે ધીમે ઘોચવા માંડી.

ઘોચતાં ઘોચતાં આખી સોય તેની પીઠમાં પેશી ગઇ, છતાં તેને કાંઇ પણ અસર થયેલી જણાઇ નહી. આ પ્રતક્ષ દાખલો જોઈ એકદમ તે મીરાંબાઈના ચરણમાં પડી મીરાંની માફ માગી,

હે જગતજનની મીરાંબાઇ ! હે પુજ્ય પવિત્ર મીરાંબાઈ ! આ દાશીનો અપરાધ ક્ષમા કરો. આ દાશીએ તમને સોય ઘોંચી પુર્ણ દુઃખી કર્યાં છે, તે અપરાધ ક્ષમા કરો.

તમારૂં ચિત્ત ગિરધરલાલજીમાં છે તે બરાબર છે. જે સોયની સહેજ અણી અડતાં માણસ ચમકે, તે સોય આખી તમારી પીઠમાં ઘોચાઇ, છતાં તમને કાંઇ પણ અસર થઇ નહી. ધન્ય છે! તમારી તમારા ગિરિધરલાલજી પ્રત્યેની સત્ય આસ્થાને.

મીરાંબાઇ કહે બ્હેન! તમે મને જગ્તજનુની કહી શા માટે પગે પડો છો? જગ્તજનુની ક્યારે થઇશિ, કે મારા પરણેત પતિ ગિરિધરલાલજી સ્વીકાર કરશે ત્યારે; જ્યાંસુધી તેમણે સ્વીકાર કર્યો નથી, ત્યાંસુધી હુ એક પતિ વિરહથી દુખી અબળા છું. અને તેને ભક્તિ બળથી મેળવવાનુ મથન કરનાર પ્રબળાછું.

ધન્ય છે તમારી સત્ય નીષ્ટાને! આકીનને! જે મન શ્રી ગિરિધરલાલજીના ચરણ કમળમાં છે, તે મનનો સ્વીકાર તો થઇજ ગયો છે. તે શીવાય તે મન તેમના ચરણ કમળમાં કેવી રીતે ટકી શકે? સ્વીકાર શીવાય કોઇ પણ ચીજ ચરણ કમળમાં રહેજ કેમ? મનનો સ્વીકાર થયો છે, તો તમો સાક્ષાત જગ્તજનુની ઠરી ચુકયાં છો.

મીરાંબાઇ કહે બ્હેન! મનનો સ્વીકાર થયો, પણ તનનો સ્વીકાર નથી થયો સુધી જગ્તજનુની કેમ કહેવાય? જ્યારે આ તનનો સ્વીકાર થશે ત્યારે મને પોતાને જગ્તજનુની સમજીશ; બાકી ત્યાંસુધી નહી.

પદ્મા કહે ધન્ય છે તમારી ટેકને! ધન્ય છે તમારી ગિરિધરલાલજી પ્રત્યેની ભક્તિને! ધન્ય છે તમને, કે હમારી માફક ડાળાં પાંખડાંને નહી વળગતાં એક થડનેજ સાહી તેનાં પત્ની બની બેઠાં છો! જગ્ત ગમે તેમ માને, પણ હું તો તમને જગ્તજનુની જાણીનેજ વંદન કરૂં છું.

આજથી તમારી માફકજ આ દેહ શ્રી ગિરિધરલાલજી-ના ચરણ કમળમાં અર્પણ કરૂ છું.

મીરાં કહે તેમ કરશો તો સહેજમાં ભવસાગર તરશો. ફરીથી માતાના ગર્ભવાસમાં દેહ ધારણ કરવો નહી પડે.

મીરાં— **ગાયન.**

(આંખો ખોલી. તું જો જીવ આ) એ રાહ.

મનન કરી જુવો બ્હેની, છે નામ હરીનું સાચુ;
સંદેહ મનનો ખુવો, હરીવીણ સર્વ કાચુ—મનન.
આ તુમ માત દર્શનથી, કહો શું વળશે;
ખરો જગતાત તેને, ગ્રહી મને રાચુ—મનન.
અચિંતા જમદા આવે, આ જીવ લેવા;
નહી દે હાથ આ, તુમ માત જુવો પાછુ—મનન.

પદ્માબા—ધન્ય છે પવિત્ર માત તુલ્ય મીરાંબાઇ તમોને! લાખો ધન્યવાદ છે. આજ તમારા દર્શનથી મારો આત્મા નિવૃતી પામ્યો છે. તેજ ગિરિધરલાલજીના નામને આંજ ઓળખવા પામી છું, તે તમારોજ પ્રતાપ. એક ગુરૂની માફક ઉપદેશ આપી મારો અવતાર સફળ કર્યો છે. આજથી તમે મારાં ગુરૂ છો, હુ તમારી શીષ્ય છું. આ દાશીને શીષ્યણીમાં અંગીકાર કરી પાવન કરો. તમારો સહવાસ મને ઘણોજ ગમશે, માટે તે કબુલ કરો.

મીરાંબાઇ—બ્હેન! હજી તમારી ઉમ્મર નાની છે, ભર-જુવાની છે, સંસારી સુખ માણવું અધરૂ છે તે માણો; પણ શ્રી ગિરિધરલાલજી, જે મારા

પતી તેને વિસરશો નહી. તો તમારૂ સહેજમાં કલ્યાણ થઇ જશે. મારો વ્હાલો, મારો નાથ દિન દયાળ ભક્ત વત્સલ છે. જે માણસ તેનુ એક ઘડીભર રટણ કરે છે, તેનું તે અહો-નીશ રટણ કરવાવાળો કદરદાન છે. તે પોતાની કદર ચુકતા નથી.

પદ્માબા—માતૃ તુલ્ય મીરાંબાઇ! સંસારની અસાર માયા અનુભવવાનું કહો છો ? જે સંસારી માયાને તમે તજી, તેને ગ્રહણ કરવાનું કહોછો, પરંતુ તમો ગુરૂએ તરછોડી, તે આ શીષ્યણી કદાપી કાળે કબુલ કરનાર નથી. તે તો તમારી સાથેજ રહેશે, અને હરી ગુણ ગાશે.

મીરાંબાઇ—પદ્મા બ્હેન! હું એક જીવ વગરના મડા જેવીની સાથે રહેવામાં શું સાર છે ?

પદ્માબા—મીરાંબાઈ! આ જીવ વગરનુ મડુ કે જેનાથી મને આત્મ બોધ મળ્યો, તે મડાને ગુરૂ સમજી તે તરફ પુજ્ય ભાવથી વર્તીશ, અને તમારા પતિ ગિરિધરલાલજીનું સાચા દિલથી રટણ કરીશ.

મીરાંબાઇ—તમારાં માતાજીને અને ભાઇને પુછ્યું છે ? તેઓ આજ્ઞા આપશે ?

પદ્માબા—તેમની આજ્ઞાની કાંઈ જરૂર નથી. જો આજ્ઞાથીજ જરૂર ગણતાં હો, તો રાણાજી સાથે લૌકિક લગન કરી ચિતોડગઢમાં આવ્યાં છો, છતાં ગિરિધરલાલજીમાં ચિત્ત કેમ પરોવી રહ્યાં છો ! રાણામાં મન કેમ લગાડતાં નથી ?

મીરાંબાઇ—બ્હેન ! તેની ગણુના કોઇ રીતે ગણાય તેવી નથી. શેષ નાગ સહસ્ત્ર ફણાથી મારા વ્હાલાના ગુણની ગણુના કરે છે, છતાં તેની ગણુનાનો અંત નથી. બ્રહ્મા ચોમુખે મારા વ્હાલાના ગુણનું વર્ણન કરે છે, છતાં મારા વ્હાલાના ગુણનો અંત નથી. મ્હોટા રૂષી મુની આદી મારા વ્હાલાની ગણુના ગણે જાય છે, છતાં તેની ગણુનાનો અંત પામતા નથી, એવી મારા વ્હાલાની ગણુના છે. તેના આગળ તમારો રાણો તે શું હીસાબમાં ? જુવો સાંભળો.

મીરાં—

ગાયન.

(સહીઅર મનની મનમાં) એ રાહ.

એ બહેની ગણુના ન તેની ગણાય, જશ જેના વિશ્વે ભણાય.
તન આ તેની તરફમાં તણાય, (આ કૃપાસીંધું) ગણુના.
સ્વાર્થની માયા, માયાવી કાયા, તેમાં ફસાયા, જરી ન ફાવ્યા, પુરા પસ્તાયા.
વ્હાલાની માયાનો મહીમાય. જુવો (૨)
અકળીત માયા ના કળાય.

પદ્માબા— સાચુ સાચુ.
મીરાંબાઇ—રાણો શું ગણતીમાં ગણાય,
પદ્માબા— સાચુ સાચુ.
મીરાંબાઇ—તજી સાચો જૂઠો કેમ ભજાય,
પદ્માબા— આ હા ! હા ! હા !
મીરાંબાઇ—ગણુના ન તેની ગણાય.

પદ્મા—ધન્ય છે મીરાંબાઇ! એવા અગણીત ગુણવાળાને મેળવી લીધો છે, તો પછી રાણો કે જે એક પામર પ્રાણી તેની શી જરૂર છે? ધન્ય છે તમને અને તમારી ભક્તિને! મીરાંબાઈ! તેવાજ રસ્તે દોરી આ આત્માનો ઉદ્ધાર કરો. મારાં માજીને તથા મારા ભાઇને પણ આવોજ બોધ આપી તેમને પણ તમારા વ્હાલાનું શરણ મેળવવા શક્તિવાન કરો. મીરાંબાઇ! મીરાંબાઇ! પવિત્ર મીરાંબાઇ! આ પામરનું આ વાક્ય શ્રવણ કરી, પામર જીવોને ભક્તિ માર્ગે દોરવાનો પરોપકાર કરો. આ પામર જીવોને આભારી કરો. તે આભાર જન્મ પર્યંત વીસરનાર નથી, તે સત્ય સમજો. હું તો તમને તન મનથી જગતજનુની તુલ્યજ સમજુછું. તેથીજ તન મનથી તમને પ્રણામ કરૂછું, તે સ્વીકારી ભગવાન શ્રી ગિરિધરલાલજીના ચરણ કમળ મેળવવા હજુ શક્તિવાન નથી, છતાં તમારા પ્રતાપે તે મેળવવા શક્તિવાન થઇશ. તેવી ખાત્રી સમજી હાલમાં તમારાજ ચરણ કમળમાં આદેહ અર્પણ કરૂ છું, તે સ્વીકારી માયામાં ફસેલા પામર જીવને માયાથી મુક્ત કરો. (શ્રાષ્ટાંગ કરે છે, ત્યાં મીરાંની સાસુ મોટાંબા આવે છે.)

મોટાંબા—(પદ્માને મીરાંને શ્રાષ્ટાંગ દડવ્રત કરતી જોઇ) પદ્મા! પદ્મા! આ શું કરેછે? આવો ઉંધો ન્યાય કયાંથી કાઢયો! ભાભી નણંદને પગે પડે, કે નણુંદ ભાભીને પગે પડે?

પદ્મા—માજી ! ભાભી નણંદને પગે પડે, નણંદ ભાભીને પગે કદાપીકાળે ના પડે. પરંતું આ કાંઇ ભાભી નથી.

મોટાંબા—ભાભી નથી તો કોણ છે ભાભો ?

પદ્મા—ભાભીએ નથી ને ભાભોએ નથી, જે દેવીનાં દર્શન કરવા તમો આવ્યાં છો, તે દેવીના જોડનીજ બીજી દેવી છે. જગ્તજનુની છે.

મોટાંબા—એતો જાણી તારી જગ્નજનુનીને. તારી ભાભીએ કાંઇ જાદુ બાદુ કર્યું લાગે છે.

પદ્મા—હા ! હા ! મને તો જાદુ કર્યું છે. પણ જ્યારે તમને તે જાદુની અસર થશે, ત્યારે તમો પણ પગે પડશો, સમજ્યાં ?

મોટાંબા—જા જા ચબાવલી, પોતે પગે લાગે છે, ને મને હું તેની પુજ્ય છતાં, પગે પડાવા માગે છે કેમ?

પદ્મા—માજી ! હું પગે પડાવા માગતી નથી, પણ તેનો ઉદ્દેશ સાંભળશો એટલે તમો આપો આપ પગે પડશો, સમજ્યાં ?

મોટાંબા—જાણી એતો તને ડાહલીને, અને જોયો એનો ઉદ્દેશ; હું કેટલીકવાર થયાં આવીછુ તે મને પગે પડવું જોઇએ, તે છતાં પગે પડતી નથી, ને ઉલટી તું તેના પગે પડવા કહે છે કેમ ? ઠીક છે રાણાને આવવા ધો, પછી તમારી વાત. (રાણો આવે છે.)

રાણાજી—કેમ હજી દર્શનની કેટલી વાર છે ?

પુજારી—તૈયારી છે મહારાજ ! (મંદીર ખોલી નાંખે છે)

મોટાંબા—(મીરાંને) વહુ દીકરા ! માતાને પગે લાગો. (મીરાં આડુ જોઇ બેસેછે) કેમ દીકરા સાંભળતાં નથી ? આ આપણી કુળદેવ્યા જગતજનુની અંબીકા દેવી છે તેમને પગે લાગો.

મીરાંબાઇ—માતાજી ! જે તન મન શ્રી ગિરધરલાલજીને અર્પણ થયેલું, તે બીજાને નમવાનું નથી.

મોટાંબા—ત્યારે તમે કોઇને નહીજ નમો કેમ ?

મીરાંબાઈ—ના નમીશ, પણ ત્રણને, તે શિવાય બીજાને નહી.

મોટાંબા—ત્રણ કીયા કીયા ? અમારાથી એ મોટાં છે ! રજપુત જાતીમાં શ્રેષ્ટ ગણતી હોય, તો પણ હમેજ છીએ સમજી ?

મીરાંબાઇ—મારે કાંઇ જાતભાતની જરૂર નથી. ત્રણ જણને નમીશ તે કોણ, જુવો સાંભળો.

શાર્દુલ વિક્રિડીત.

પ્રથમ નમુ પીતાને, જેને ભકિત મુજ પ્રભુ તણી;
બીજી માતુ મારી, જનુની જેને મુખ ભણી.
ત્રીજા પતી મુજ પ્યારા, જે છે ન્યારા જગમહી;
ગિરિધર કરધરનારા, સંગે સ્વપ્ને દુઃખ નહી.

મોટાંબાઇ—ત્યારે હું તથા આ મારો કુંવરતો તારા હીસાબમાંજ નથી કેમ ?

મીરાંબાઈ—મારા હીસાબમાં આવશો, તે શા કામનું છે ? મારા ગિરિધરલાલજીના હીસાબમાં આવશો તો જન્મ મરણનો ફેરો ટળશે.

મોટાંબા—તારા ગિરિધરલાલજી સાચા, અને આ જગત જનુની કુળદેવ્યા ખોટાં કેમ ?

મીરાંબાઈ—ના ખોટાં કેમ કહેવાય! જેમનો કર મારા પ્રાણપ્રભુ ગિરિધરલાલજીએ સાહયો તેમને ખોટાં કહેવાયજ કેમ?

મોટાંબા—ત્યારે તું તેમને નમતી કેમ નથી?

મીરાંબાઇ—તેતો હુ તમને કહી ચુકીછું, કે ત્રણ શીવાય બીજાને નમતીજ નથી, એવો મારે નીયમ છે તેથી.

મોટાંબા—ત્યારે શું તું કુળદેવ્યાનું અપમાન કરી સુખ પામીશ?

મીરાંબાઇ—સુખ ક્યાં છે? મારા ગિરિધરલાલજીના દર્શન શિવાય બીજુ સુખ સમજતીજ નથી.

મોટાંબા—હવે તારા ગિરિધરલાલનું નામ જવાદે, એતો જોયો તારો ગિરિધરલાલ. આ તારૂ અને આ તારા પતી મારા કુંવરનું અપમાન કરતાં શરમાતી નથી? સુજાત માબાપના છોરૂના આ લક્ષણ કહેવાય નહી. સુજાત માબાપનું છોકરૂ કદાપી કાળે આ વર્તન કરેજ નહી. માટે વિચાર કર, સતીની રીતીને અનુસરી તારા પતીનું કહેવું લગાર માન્ય કર.

મીરાં—પતિનું કહેવું અમાન્ય કરૂ એવી હું મુર્ખી નથી- સમજ્યાં? સુજાત બાપની જાતને ખોટપ આવવા દઉ એવિ હું નાદાન નથી. સતીની રીતીને પુર્ણ રીતે સમજું છું. મારા પરણેત પતી જે આજ્ઞા કરે તે ઉઠાવવા તૈયાર છું.

મોટાંબા—એતો બોલવાનું; કરવાનું નહી. તારા પતીની આજ્ઞાનું પાલન તું ક્યાં કરે છે?

મીરાંબાઇ—ક્યાં કરૂં છું શા માટે કહો છો? મારા પર-

ણેત પતી જો ભડભડ કરતી ભયાનક આગમાં, દવદવ કરતાં દુરંદર દાવાનળમાં, અને ભયાનક પાણીના પુરમાં પ્રવેશ કરવાની આજ્ઞા કરે, તો તે ઉઠાવવા તૈયાર છું.

મોટાંબા—એતો જાણ્યો તારો ડોળ. એતો બધું કહેવાનું. એક દેવીને નમન કરવાનું કહેતાં નીયમ બતાવી બેઠી, તો કદાપી તારા કહેવા મુજબનું કામ બતાવે, તો બહાનાંની કયાં ખોટ છે? એતો જાણી તને સતી સાધવીને! વાહરે શાણી સતી વાહ !

મીરાંબાઇ—મારૂ સતીત્વ તમને બતાવાથી શું ફાયદો છે? મારો પરણ્યો જાણે છે એટલે બસ છે.

મોટાંબા—એતો બધું જાણ્યું. કુળદેવ્યાને નમવાનું કહ્યું તેજ આજ્ઞા ન ઉઠાવાણી, તો બીજું શું કરવાની છું?

મીરાંબાઇ—મારો પરણ્યો તે દેવીને નમવાનું કહે, તો લાખવાર કબુલ છે, અરે! તે દેવીને તો શું, પણ એક રસ્તાની ધુળને પણ નમવાનું કહે, તો તે આજ્ઞા તન મનથી માંથે ચઢાવી તેમની આજ્ઞાનું પાલન કરવું તે મારો ધર્મ છે,

રાણો—મીરાં! દેવીને પગે પડો, અને મારી માતાનું અપમાન કરતાં વીચાર કરો.

મોટાંબા—કેમ, હવે તો પરણેત પતીની આજ્ઞા થઇને? હવે તો જખમારીને નમશોને ?

મીરાંબાઇ—ના! આ કાયા ત્રણ શીવાય બીજાને નહી નમે તે નહીજ નમે.

મોટાંબા—વાતમાં કહે છે કે આ પરણ્યો આજ્ઞા કરે તો નમવા તૈયાર છું, ને પાછી ફરી કેમ જાય છે?

મીરાંબાઇ—પણ મારા પરણ્યાની આજ્ઞા ક્યાં છે ?

મોટાંબા—શું રાણો આજ્ઞા કરે છે તે તારો પરણ્યો નથી કોણછે તો બીજો કોઇ છે ?

મીરાંબાઇ—હા, રાણા સાથે પરણીજ નથી.

મોટાંબા—જ્યારે, રાણા સાથે પરણી નથી, ત્યારે અહીઆં શા માટે આવી છું ?

મીરાંબાઇ—દુર્મદસીંહના તેડાથી, તથા માતા પીતાની આજ્ઞાથી.

મોટાંબા—પણ રાણા ને પરણીને કે એમને એમ !

મીરાંબાઇ—એમને એમ. રાણાને કોણ પરણ્યું છે ?

મોટાં—ત્યારે તારો પરણેત પતી કોણ છે ?

મીરાંબાઇ—મારો પરણેત પતિ તમારી નજરથી દેખાય તેવો નથી.

મોટાંબા—નજરથી દેખાય એવો નથી તે કોણ ?

મીરાંબાઇ—કોણ શું, **ગિરિધરલાલજી.**

મોટાંબા—પણ છે ક્યાં ?

મીરાંબાઇ—દરેક મનુષ્યના ઘટ ઘરમાં, જળમાં, સર્વ સ્થળે મારા વ્હાલાનો વાસ છે.

મોટાંબા—ક્યાં છે ?

મીરાંબાઇ—હુ. કહુ છું તો ખરી, કે તમારી પાપી નજરથી તે નહી દેખાય.

મોટાંબા—તે દેખાવા શીવાય હું તો તારૂ સાચુ માનતીજ નથી. કારણ, તું તદન જુઠી છું; મારા કુંવરના ખાંડા સાથે તારા બાપને ત્યાં ત્રણ મંગળ વર્તીને આવી છું, ચોથું મંગળ મારા કુવર સાથે અહીઆં વર્તાયું, છતાં કહે

છે કે હું રાણાને પરણી નથી, તો તા સા-
ચુ કેવી રીતે મનાય ?

મીરાંબાઈ—શું હું રાણા સાથે અને રાણાના ખાંડા સા-
થે મંગળ વર્તી છું ?

મોટાંબા—તું નહીં, ત્યારે કોણ તારો બાપ વર્યો છે ?

મીરાંબાઇ—ભુલો છો. હું નહીં, પણ આ દેહ.

મોટાંબા—તે દેહ તારી નહી તો કોની ?

મીરાંબાઈ—મારી શેની ? એ તો માટીની.

મોટાંબા—ત્યારે બીજા માણસોની દેહ તો સોના રૂપાની
હશે કેમ ?

મીરાંબાઇ—ના ! સોના રૂપાની નહી. પણ દેહને મારી
કહેનાર મનુષ્ય મુર્ખ છે. પંચભુતનું પુતળું
છેવટે પંચભુતમાં મળી જાય છે, તેને
મારૂ કહેવાયજ કેમ ?

મોટાંબા—ત્યારે કોનું કહેવાય ? દેહ હઇને તો માણસ-
ની ઓળખાણ છે. આમારા કુંવરની દેહનેજ
રાણો કહે છે, ત્યારે તે દેહ રાણાની નહી ?

મીરાંબાઇ—ના, રાણાની શેની ? આત્મા જતાં તેજ દેહ
રાણો મટી મડુ થશે, અને માટી માટીમાં
અને બીજાં તત્વો બીજામાં ભળી જશે, પ-
છી રાણો ક્યાં છે તે જાણશો પણ નહીં,
તો તે દેહ રાણાની શેની ?

મોટાંબા—દેહ હઇને તો આત્માની ઓળખાણ છે. અ-
મારા મહેલ છે, તે રાણાજીના મહેલના નામ-
થી ઓળખાય છે, તે અમારા કેમ નહી ?

મીરાંબાઇ—તમારા શેના ? હેટો માટીના. તે મહેલ પડતાં
તે ખંડીએર કહેવાશે. ત્યારે એમ નહીં ક-

હેવાયે કે રાણાજીનાં ખંડીએર. માટે મારૂં એ માયાવી શબ્દ રચનારની અથાગ માયાનો પાર મોટા મોટા રૂષી મુની પામ્યા નથી, તો તમો અને હું તે કીસ ગણુતીમાં. જુવો સાંભળો, અને તે પ્રમાણે જીવને શીક્ષા આપો. માયામાં લપટાઈ ના મરો.

ગાયન.

(અરે શું ભુંડા મમતમાં મરે) એરાહ.

જીવ શીદ ખાલી હું પદ કરે,
માયામાં શાને લપટાઈ મરે,
જોને શીદ મારૂં તારૂં દીલ ધરે,
તારૂં નથી કોઇ ખરે ભુપરે.
મારૂં એ જાણો માયા ભેદ, તે માયાનો કરો તમે છેદ
નહી તો થાશે છેવટે ખેદ.
મારૂં મારૂં ભલે જીવ કહે, પણુ નહીં કોઇ તારૂં છે
પુન્યને પાપ બે સાથે રહે પડતાં આ મળમુત્રની દેહ.

માટે વિચાર કરો, મારૂં તારૂં મુકી મારા **ગિરિધર લાલનું** સાચા દિલથી સ્મરણુ કરો. તમારી માતાથી તે જગત પીતાની આજ્ઞા શીવાય કાંઇજ વળવાનું નથી, તે સત્ય સમજજો. રાણાજી તથા તમે બીલકુલ હુંપદમાં તણાશો નહી. હુંપદથી મારો વ્હાલો સદા ન્યારો છે, માટે સમજો અને વિચાર કરો. જૂવો, આ સંસારરૂપી સાગર છે તેમાં પામર પ્રાણીરૂપી અજ્ઞાની મનુષ્યો પડેલાં છે. સંસારરૂપી સાગર માયાના અથાગ વારીથી ભરેલો છે, તેમાંજ અજ્ઞાની પામર પ્રાણીઓનો અંત છે. જ્ઞાનવાન મનુષ્યો તે સંસારને મીથ્યા જાણી, તે સાગરમાંથી બહાર

નીકળવા ભક્તિરૂપી નાવ ગ્રહણુ કરી, તેમાંથી બહાર નીકળી જાય છે, પરંતુ અજ્ઞાની પામર પ્રાણીયો તે પાણીમાં ડુબકાં ખાવાનું દુઃખ છતાં, તેને સુખ માની તેમાં પુરા પ્રેમથી ડુબકાં ખાધા કરે છે, એટલે માયામાં લુબ્ધ થઈ પડ્યા રહે છે. તેમાં ડુબી મરવાની કે મગર મચ્છરૂપી કાળના કોળીઆ થવાની બીક ધરાવતા નથી, પણુ છેવટમાં મગરમચ્છ રૂપી કાળના મ્હોમાં આવતાં પસ્તાય છે, અને વિચાર કરે છે, કે જો હું આ પાણીમાં એટલે પાણીરૂપી માયામાં ના હોત, તો આ દશાને પ્રાપ્ત થાત નહી. છેવટમાં પ્રાણી ગમે તેટલો પસ્તાવો કરે, પણુ તે તદ્દન નકામો થઇ પડે છે. તે પસ્તાવો તે કાળરૂપી મગરમચ્છ સાંભળતો નથી, તે તો પોતાનું કામ પુરૂ કરે છે એટલે, કે તે ગળી જાય છે. મુખમાં આવેલો કોળીઓ કાળ કદાપી કાળે છોડતો નથી. માટે તે સંસાર સાગર તરવાનું ભક્તિ રૂપી નાવનું સાધન મેળવી ભવસાગર પાર ઉતરો.

મોટાંબાએ કહ્યું વારૂ હમને તો છો કાળ ખાઇ જતો, અંતે તો સૌ કાળનો ભોગ છે. નામ તેનો નાશ છેજ. તેના માટે શું તારી માફક ભક્તાણી થવું ? શું મારૂ તારૂ મુકી બાવા થવું ? તું જ્યારે **ગિરિધરલાલજીને** પરણી છું એટલે તુંતો કાળનો ભોગ નહીજ થાય કેમ ?

મીરાં કહે બ્રહ્માદિ દેવોને પણુ તે કાળ ગ્રશી જાય છે, તો પછી હું તે કીસ ગણુતીમાં; જ્યાં હાથી તોળાતા હોય, ત્યાં પાડા તો પાસંગમાંજ ખપેને. જેમ સીંહ મૃગનો ગ્રાસ (કોળીઓ) કરી જાય છે, તેમ ચરાચર જીવોનો કાળ કોળીઓ કરી જાય છે. વળી તે કાળ શું કરશે ? તે કોઈના જાણુવામાં આવતુ નથી. ક્ષણુ, ઘડી, પહોર, દિવશ, માસ અને વર્ષ એ નામ સંજ્ઞાઓ વડે જાણુવામાં

આવે છે, કે કોઇ કાળ છે; પણ તે કાળ મુર્તી પ્રત્યક્ષ જોઈ શકાતી નથી, એવો અગોચર અપ્રગટ રૂપ છે. તે કાળે એક વેલ ફેલાવી છે. તે વેલની છાલતે રાત્રી અને પુષ્પ તે દીવશ છે. તે પુષ્પ ઉપર જીવ રૂપી ભમરો આવી બેસે છે, અને તેનો રસ ગ્રહણ કરે છે. તે ઝેરી રસ એવો સ્વાદીષ્ટ છે, કે તે લોભી ભમરો નહી ધરાતાં છેવટ તેજ કાળના આધિન થાય છે.

માટે વિચાર કરો અને તે કાળથી બચવા માટે મારા વ્હાલાનું રટણ કરો. જે કાળે મોટા મોટા રાજા રાણાઓને નથી મૂકયા. દશરથ રાજા, કે જેને રામચંદ્રજી સરખા પ્રતાપી પુત્ર હતા, તેને પણ તેજ કાળે ગળ્યા. વસુદેવ જેને ત્યાં કૃષ્ણ ભગવાન પુત્ર રૂપે પ્રગટ થયા, તેને પણ તેજ કાળે ગળ્યા. રાવણ, કે જેને ત્યાં પવન પાણી ભરતા અને વા વાશીદુ વાળતા તેને પણ તેજ કાળે ગળ્યા, તો તમો અને તમારો રાણો કીસ ગણુતીમાં.

મોટાંબા—ત્યારે શું તને કાળની બીક નથી.

મીરાંબાઇ—ના, માથે ગિરિધરલાલ જેવો સ્વામી બીરાજે છે, તો કાળની બીક શેની. કાળ તે તો મારા પ્રભુનો દાસ છે, શેવક છે, મારા વ્હાલાને આધીન છે.

મોટાંબા—જ્યારે બ્રહ્માદિક દેવને કાળ ગળી જવાનો, તો તને તે મૂકશે તેની ખાત્રી શી ?

મીરાંબાઇ—મારા વ્હાલાનું રટણ ચુકું, તેની ભક્તિ મૂકું, તો મને પણ ભય લાગે. પણ તે મૂકુ કેમ ?

મોટાંબા—ત્યારે તો તુ સદેહે સ્વર્ગમાં જવાની કેમ ?

મીરાંબાઈ—હા, જૂવો સાંભળો.

મીરાંબાઈ— **ગાયન.**

(બંસીવાળા આજો) એ રાહ.

સાચો મારે ગિરિધરલાલશું નેહ,
મેંતો અરપી છે તેને આ દેહ—સાચો.
ચરણ કમળ ચિત્તમાં ધર્યાં, સાંધ્યો સાચો તે શું દોર;
તનથી મનથી શરણ ચહ્યું છે જ્યાં નહી કાળનું જોર
ગિરિધર, છે મમવર, સાહ્યો કર, તેનાપર આ કાયા
કરૂ હું ઓવાર;
ચિત્ત ચહે એક તેહનેરે, અવર ન ઇચ્છુ કોઇ;
ભવ દાધ તારણ નાથએ બેઠીશું ચિત્ત પ્રોઈ—ગિરિધર

મોટાંબાઇ કહે એતો જોઇ તને, અને જોયો તારા નેહને. જો સુખી થવું હોય,તો આ માતાજીને નમન કર, અને તનમનથી કુળદેવ્યાની માફી માગ્ય. નહી તો દુઃખી થઇશ. પંડીતાઈમાં કાંઇ વળવાનું નથી.

પદ્માબા કહે માતાજી ! વ્હાલા માતાજી ! આટલો બોધ સાંભળ્યો છતાં તમને કાંઇ લાગણી થતી નથી ? (રાણાને) બંધુ ! બંધુ ! આ માતૃ તુલ્ય મીરાંને પગે પડી તેમને માતાજીએ કટુ વચનો કહ્યાં, તેની માફી માગો. અને જેવી રીતે આપણી કુળદેવ્યા જગતજનુનીને પારે દર્શન અર્થે આવ્યાં છો, તેવીજ રીતે આ જગતજનુનીનાં દર્શન કરો. આપણી કુળદેવ્યા તે તો એક પત્થરનું પૂતળું ફકત દેવતાઇ અંશજ છે, ને આતો સાક્ષાત રૂપ છે. માતાજી ! રાણાજી ! વિચાર કરો. નહી તો આળસુને ઘેર ગંગા પધાર્યા, પણ આળસુએ આળસમાં રહી ગંગા સ્નાન કર્યું નહી, ને ગંગાજી અલોપ થયાં ત્યારે આળસુને વિચાર થયો અને છેવટમાં પસ્તાયો તેવું થશે.

દુર્મદસીંહ આ બનાવ જોઇ રહ્યો હતો, તેનાથી તે ખમાણું નહી. તેણે રાણાને કહ્યું રાણાજી! તમારી જનેતાનું અને બીજુ જગતજનેતા કુળ દેવ્યાનું અપમાન સહન કરી છાનામાના ઉભા ઉભા જોયા કરો છો, તે એક અચંબાની વાત છે! જે અપમાન એક કાયર પુરૂપ સહન ના કરી શકે, તે અપમાન તમો શુરવીર કેમ સહન કરી ઉભાછો? તમારૂ શુરવીરપણું ક્યાં ગયું?

રાણો કહે દુર્મદસીંહ જોયા કરો. શુરવીરપણું તો આ રહ્યું, પણ તે અજમાવવાનું ઠેકાણું ક્યાં? શું અબળા ઉપર ક્ષત્રીની શુરવીરતા દેખાડાતી હશે કે?

દુર્મદસીંહ કહે ત્યારે આવું અબળાના હાથનું અપમાન તે પણ સાંખી ખવાતું હશે કે? આવું અપમાનતો તમેજ સહન કરો, બીજો હોય તો તેજ વખતે બતાવી આપે કે અપમાન કરવાનું ફળ આવું મળે છે.

રાણાજી દુર્મદસીંહની ઉશ્કેરણીથી ઉશ્કેરાયા. મીરાંને કહ્યું મીરાં, મીરાં, બસ કર, અને મારી માતાજીનું કહેણ કબુલ કર, હવે મારો જુસ્સો મારા હાથમાં નથી.

મીરાં કહે કહો રાણાજી શું કરશો! જ્યાંસુધી મારો રામ રાખનાર છે ત્યાં સુધી, તમો અને તમારો જુસ્સો જખમારે છે, સમજ્યા?

રાણો કહે મીરાં ઝાઝુ નહી બોલ, નહીંતર હું તને છુંદી નાંખીશ, કાપી નાંખીશ. નહાને મોંઢે વધુ લવારો નહી કર, નહીતર મારી નાંખીશ.

મીરાં કહે રાણાજી મારૂ મારૂ શું કરોછો! જાઓ મારો રોટલાને દાળ, જેથી પેટ ભરાશે. બીજો મારો અભીમાન અને અહંકાર, કે જેથી ભવસાગર તરાશે. મને મારવાથી શું ફળ મળશે?

રાણો કહે હજી પણ તારી વાચાળતા બંધ ના થઇ કેમ ? હું કોણ છું તે તું જાણે છે ?

મીરાં—હા. ઇશ્વરના ઘરનું એક પ્રાણી.

રાણો—તે તો સઉ જાણે છે, પણ હું રાણો છું તે તને ખબર છે ?

મીરાં—હા. કહો તેનું કેમ છે !

રાણો—રાણોને વળી અટકી ! આખી રજપુત જાતીમાં એક.

મીરાં—ગમે તેવા હો પણ મારા નાથ ! મારા પ્રભુને ત્યાં તો રાય અને રંક સર્વે સરખા છે.

રાણો—અકબરશાહ બાદશાહ જેવો પણ રાણાના ત્રાસથી ત્રાસે છે, તે હુંજ.

મીરાં—તે હુંપદમાંજ ખરાબ ખસ્ત થશો. માટે હું એ શબ્દ તજી મારા **ગોવિંદના** ગુણ ગાઓ. રાણાજી! રાણાજી ! આ અબળાનું માની પ્રભુ ચરણમાં ચિત્ત લગાડો. પાપીઓના પાસથી પાપી ના બનો.

રાણો—પાપીઓનો પાસ. તુંજ એકલી ધર્માત્મા કેમ ?

પદ્માબા—હા ! હા ! એજ ધર્માત્મા. આટલો બધો બોધ શ્રવણ કરવાથી પત્થર પણ પીંગળી જાય, છતાં તમારા પાપી હૃદયમાં તેનો અસર ના થયો તે એક અજબની વાત છે.

રાણો—તારે પણ તેની માફક ભક્તાણી થવું છે કેમ ?

પદ્માબા—હા, હા. ભક્તાણી થવું છે. તમારી માફક ભવ અટવીમાં અથડાવું નથી. પારસમણીના અડકવાથી લોહુ તે સોનું બને છે, પણ તમોને તેની અસ-

ર ન થઈ તે એક અચંબાની વાત છે! પણ નક્કી સમજજો કે હુંપદથી છેવટ ખરાબ ખસ્ત થશો. ઇશ્વરને ત્યાં ગરીબને તવંગર, રાય અને રંક, સઉ સરખાંજ છે. ત્યાં તમને રાણા સમજી આસન નહી આપે. સર્વની માફક તેના સામા ઉભા રહી જવાબ આપવો પડશે.

રાણો—ઠીક છે તે વખત જોઇ લેવાશે.

પદ્માબા—રાણાજી! તે તો અદ્દલ ઇનસાફી છે. હલકાને ભારે, રાયને રંક, ઉંચને નીચ, તે જોતો નથી, સુખીને દુઃખી અને દુઃખીને સુખી કરવાવાળો તેજ છે. અને અયોગ્ય કૃત્યો માટે શાસન આપવાવાળા યમ તેના કીંકરો છે.

રાણો—તેથી શું ?

પદ્માબા—તેથી શું? તમારો કાળ થયા પછી જોશો, કે કરેલ પાપ કર્મની શીક્ષા ભોગવવી પડે છે કે નહી. તેજ વખતે તમને પુર્ણ પસ્તાવો થશે.

રાણો—કાળ શું કરવાવાળો છે? મારી કુળદેવ્યા સમર્થ છે.

મીરાં—કાળ દેવ્યા આગળ તમારી કુળદેવ્યાનું કાંઇજ ચાલવાનું નથી. કાળ રૂપી કાળીકા દેવી છે. જેનો આકાર એવડો મ્હોટો છે, કે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આકાશ જેનું શીષ્ય છે, પાતાળ જેના પગ છે, દશે દીશાઓ જેની ભુજાઓ છે, સાત સમુદ્ર જેનાં હસ્ત કંકણ છે, સંપુર્ણ પૃથ્વી રૂપી જેના હાથમાં ખપ્પર છે, અખીલ જગતના જીવો છે તે તેનું ભોજન છે, સુમેરૂ પર્વત અને હીમાલય એ બંને તેના કાનનાં રત્ન કુંડળ છે, ચંદ્રમા અને સુર્ય તેનાં

યુગળ નેત્રો છે, તારા, ગણ, તેના મસ્તક ઉપ-રનાં બીંદુઓ છે, ત્રીશુળ, મુશળ આદિ જેના હાથમાં કાળ શસ્ત્રો છે, અને હાથમાં તેદ્રા (ઘેન) રૂપી ફાંસો છે તેના વડે કરી જીવમાત્રને મારી નાંખે છે. એવી જે કાળરૂપી કરાળ કાળીકા દેવી છે, તે સર્વ વિશ્વના જીવોનો કોળીઓ કરી મહા ભૈરવ જે રૂદ્ર છે, તેની અગાડી મસ્ત બની નાચ કર્યા કરે છે. તે ભૈરવ એક જુદોજ છે. જેનું નામજ ભયંકર છે. તે જ્યારે અભાવ રૂપી ધનુષ્ય હાથમાં ધરી, રાગ દ્વેશરૂપી બાણો ચલાવે છે. ત્યારે તેથી ચરાચર જીવોને તે બાણો વડે જર્જરીભુત બનાવી નાશ કરી દે છે. માટે રાણા વીચાર કરો, અને સમજો ? તે કાળરૂપી દેવી આગળ તમારી કુળ દેવ્યા હીસાબમાં નથી, તેથી તે કાળ દેવ્યાને જીતવા માટે અનાથના નાથ નોધારાના આધાર મારા **ગિરિધરલાલજીનું** સ્મરણ સાચા દિલથી કરો, જેથી તે કાળદેવ્યાની બીક તનમનથી જશે, અને અવિચળ પદને પામશો.

રાણો—શું હજી પણ મારી કુળદેવ્યાનું અપમાન કરતાં વિચાર આવતો નથી ? મને ખાત્રી છે કે વૈભવ સુખ તારાથી મણાવાનું નથી. તારી હઠનું ફળ હાથે કરીનેજ માગે છે.

મીરાં— રાણાજી ! તમારાથી કાંઇજ થવાનું નથી. ખાલી મમત શા માટે કરો છો ?

રાણો—શું હું રાણાથી કાંઇ થવાનું નથી ?

મીરાં—રાણા તમારી રૈયતના. ઈશ્વરના રાણા નથી. તે તો તમારા રાણાઓનો પણ રાણો, અને મહારાણાઓનો પણ મહારાણો છે સમજ્યા?

રાણો—જાઓ. દુર્મદસીંહ! આનું આપણે આપણા મહેલમાં કામ નથી. તેને તો તેની કરણીનું ફળ આપવુંજ જોઇએ. આને ભુતના મહેલમાં મુકી આવો. ત્યાં ભલે તેના **ગિરિધરલાલજી** સાથે રંગમાં રમે, કે પછી ભુતનો ભોગ બની ભુત થઇ તેમની સાથે ભમે.

મીરાં—ઓહો! એજ કે બીજું? તમારૂં કહેવું સફળ થાઓ, ને મને મારા **ગિરિધરલાલથી** રંગે રમવાનું મળો.

મોટાંબા—રંગે રમવાનું નથી, ત્યાંતો એવાં ભુતડાં છે, કે મહેલમાં જતાં પહેલાંજ ગળી જશે, સમજી? અમારે તો તું નહી ને તારી બ્હેન. ગોળી હશે તો ઢાંકણાંની શી ખોટ છે.

દુર્મદસીંહ—માજી! તેના જેવી તો તેર પકડી લાવીશું.

પદ્માબા—કાળ મુખા કુત્રા, શું તુ મીરાંબાઇ કે જે પરમસાધવી જગતજનેતા સમાન છે, તેના જેવી તેર લાવવાનું કહે છે? ભુલે છે, એના જેવી બીજી મેળવવાનું કહેનારા ખાંડ ખાયછે.

મોટાંબા—તે ગમે તેવી હોય, પણ મારા ઉપરવટ થઇ મારા સામું બોલી કુળદેવ્યાનું અપમાન કર્યું, તેથી તેનાં પગલાં મારા ઘરમાં ના જોઇએ.

પદ્માબા—માજી એનાં પવિત્ર પગલાં તમારાં ભાગ્ય કયાથી હોય કે તમારા મહેલમાં થાય!

એનાં પવિત્ર પગલાં થાય તો તો તમારા ભાગ્યનો ઉદય થઈ જાય, પણ એવાં નશીબ ક્યાં છે? કે એવાં પવિત્ર પગલાં તમારા મહેલ સુધી આવે.

મોટાંબા—એતો જાણી તને અને તેને પવિત્ર છો તે!

પદ્માબા—તેની પવિત્રતા તમારી પાપી નજરમાં ક્યાંથી જણાય! તેની પવિત્રતા જાણવા માટે પાપ વૃતી દુર કરી એકાગ્રહ ચીતથી **પરમાત્માનું** સત્યવૃતીથી રટણ કરો તોજ, તેની પવિત્રતા તમારી નજરમાં આવે, તે શીવાય આવવાની નથી.

મોટાંબા—અમારે તેની પવિત્રાઈ જોવી નથી, ને ભક્તાણી થવું નથી. તું તારે જો એટલે બસ છે. કોણ જાણે શું જાદુ કર્યું છે ને શી બુટ્ટી સુંધાડી છે, કે તેનો અવગુણ તો બીલકુલ આવતોજ નથી.

પદ્માબા—શું તે પવિત્ર જગતજનુની તુલ્ય મીરાંનો અવગુણ! શું તે પ્રભુંપારાયણ દેવીનો અવગુણ! તેનો અવગુણ કહેતાં તમારી જીભે કાંટા કેમ નથી પડતા? તમો આટલું આટલું બોલોછો, છતાં તેને છે કશી લાગણી? તે તો તેમના **ગિરિધરલાલજીનું** રટણ કરી રહ્યાં છે.

મોટાંબા—હા! હા! રટણ કરી રહી છે તે બધુંએ જાણુંછું. મનમાં તો ઘણીએ બળી જતી હશે, ને ગાળો ભાંડતી હશે, પણ અહીઆં ફાવી જાય તેમ નથી. બસ તેને તો ભુતના મહેલમાંજ મોકલાવી દેવી છે, એટલે ત્યાં ભલે

તેનું ભક્તાણું ફૂટયા કરે.

પદ્માબા—માજી! ભુતના મહેલમાં તો શું, પણ કાળના મ્હોંમાં મૂકશો તો પણ તેને તે અસર કરી શકનાર નથી. જેને માથે **ગિરિધરલાલજી** જેવો ધણી બેઠો છે, તેનો તમારાથી વાંકો વાળ પણ થવાનો નથી. તે સાધવીને સતાપવા ગમે એટલાં મથો, પણ તે દેવીને તમારા પામરથી કાંઇ વળવાનું નથી, તે નક્કી સમજજો.

એટાંબા—ઠીક છે જોઇ લઇશ, કે ત્યાં કેવી રીતે ફાવે છે?

પદ્માબા—સુખેથી જોઇ લેજો, અને તમારા મનનો સંદેહ ખોજો. જો જો કચાશ રાખતાં નહી.

દુર્મદસીંહ—માજી! પદ્માબા તો નાદાન છે, તેની સાથે તમે શા માટે નાદાન બનો છો?

રાણા—દુર્મદસીંહજી, તમો જાઓ હાલને હાલ તેની કુમક કરનાર પદ્માબા સહ મીરાંને ભુતના મહેલમાં મૂકી આવો.

દુર્મદસીંહ—રાણાજી! રાણાજી! આવી તે આજ્ઞા હોતી હશે? મીરાંને તો તેની કરણીનું ફળ આપો છો, પણ પદ્માબાને ભુતના મહેલમાં મુકી આવવાનું શા માટે કહો છો?

રાણા—એની પક્ષ તાણે તેને પણ તેજ સજા થવી જોઇએ.

પદ્માબા—રાણાજી સુખેથી એવી સજા કરો, હું તે સજા ભોગવવા ઘણી ખુશીની સાથે તૈયાર છું.

દુર્મદસીંહ—પદ્માબા! આ તમે શું બોલો છો? એવો ખોટો પક્ષ ખેંચવાથી શું લાભ મળવાનો છે?

જો તમારા બંધવ રાણાજી યાત છે, તો એના કરતાં પણ ચઢીઆતી ભાભી લાવીશું, માટે એવો ખોટો મમત રેહેવા દો

પદ્માબા—જા ! જા ! એના જેવી તો શું ! એના ખાસડા જેવી તો લાવ્ય. જેના ખાસડાને પણ જગત શ્રેષ્ટ ગણી પુજે છે સમજ્યો !

દુર્મદસીંહ—એ તો જોઇ એને અને જોયું એના ખાસડાને. રાણાજી એના વીના કુંવારાજ ના રહે. પણ તમે નાહકની સજા શા માટે ઉઠાવો છો?

પદ્માબા—સજા! મને અને મારી પવિત્ર માત તુલ્ય મીરાંને સજા કરનાર છે કોણ ? સજા કરનાર ખાંડ ખાય છે સમજ્યો ?

દુર્મદસીંહ—ત્યારે ભુતના મહેલમાં જઇ તેની સાથે ભુતના ભોગ થવું છે ?

પદ્માબા—તે ભુત ભોગ લે તારા જેવાનો અને તારી પાપી વૃતીએ દોરનાર રાણા જેવાનો. અમને સત્ય વૃતીવાળાને ભુત શું કરી શકનાર હતાં ? ભુત પણ અમને જોઇ ભાગી જશે સમજ્યો !

રાણો—દુર્મદસીંહ જાઓ. આ વાચાળ પદ્માને ઘેર લઇ જાઓ, અને મીરાંને ભુતના મહેલમાં મૂકી આવો. જો પદ્માને ત્યાં મોકલીએ તો દુનિયામાં ખોટુ કહેવાય. જાઓ આ હુકમનો એકદમ આદર કરો. (રાણો જાય છે)

દુર્મદસીંહ—જેવો રાણાજીનો હુકમ. મીરાંબાઈ ચાલો તૈયાર થાઓ. (સુમતી અને કુમતીને) કેમ સુમતી ! કેમ કુમતી ? તમારો શું વિચાર છે !

સુમતી—હું તો મારી બાઇને મૂકી એક ક્ષણ પણ ખ-

સવાની નથી.

દુર્મદસીંહ—કેમ કુમતી તારો શું મત છે ?

કુમતી—આપણે તો ભુતને જોઈ ભડકીને મરી જઈએ. માટે આપણે તો આવવાનાં નથી.

સુમતી—ત્યારે તું મેડતાથી બાઇ સાથે શા માટે આવી?

કુમતી—બાઇનું રક્ષણ કરવા. કાંઇ મરવા નથી આવી, સમજી ?

સુમતી—તું મરવાથી બીહે છે ત્યારે હમને હમારો જીવ વહાલો નહી હોય, કેમ ?

કુમતી—તે તમો જાણો. પણ આપણે તો આવવાનાં નથી. ભુતને જોઇને હું તો ફડકી મરૂ, ને વગર મરતનો જાન ખોઉં.

સુમતી—પાપણી, પવિત્ર પ્રભુ પારાયણ દેવી પાસે હોવા છતાં, મ્હોતનો ભય હોયજ શેનો? પણ તે પ્રત્યે તારી આસ્તા હોય ત્યારેને? દેવ બળવાન નથી, પણ દેવ પ્રત્યેની આસ્તા બળવાન છે, સમજી?

કુમતી—તું તારે સમજ, ને તું તારે જા, મારે તો મરવા આવવું નથી.

સુમતી—ભલે તારી મરજી. પાપણી ! તું આ પ્રભુ પારાયણ દેવીનો સંગ છોડી પાપીઓના સંગથી પાપમાં ભલે રાજી રહે, પણ સમજજે કે છેવટમાં પસ્તાઇશ.

કુમતી—બહુ સારૂ, તમે અમારે સુખેથી સીધાવો.

સુમતી—ચાલો દુર્મદસીંહજી.

દુર્મદસીંહ—ચાલો, પણ ઉભા રહો હું પદ્માબાને મહેલમાં મુકી આવું. (પદ્માને) ચાલો પદ્માબા.

પદ્માબા—હું તો તમારી વાતચીતથીજ ચકીત બનીછું. તમે તમારે મીરાંની સાથે મને લઈ જાઓ. તે પવિત્ર જગતજનુનીનો સાથ હું છોડવાની નથી તે નથીજ.

દુર્મદસીંહ—પણ રાણાજીની આજ્ઞા ક્યાં છે ? તમને તો મહેલમાં મૂકી આવવાનાં છે.

પદ્માબા—હું કદાપી તેમને મૂકી મહેલમાં જનાર નથી. જ્યાં તે ત્યાં હું.

મીરાંબાઇ—પદ્મા બ્હેન! ખાલી હઠ શા માટે કરો છો? રાણાજીની મરજી નથી, તો તમે સુખેથી મહેલમાં જાઓ, તમને હું વીસરનાર નથી. વખત આવે બોલાવીને સાથેજ રાખીશ.

પદ્માબા—હે માત તુલ્ય મીરાંબાઇ ! હે પવિત્ર મીરાંબાઇ ! ગુરૂની આજ્ઞા શીર્ષે માનવીજ જોઇએ તે શાસ્ત્રમાં લખેલું છે, તેથીજ તમારી આજ્ઞાને માન આપવા ખાતર જાઉંછું, પણ હું કહેતાં આત્મા જતો નથી. ફક્ત આ હાડ ચામનું ખોળીઉંજ જાય છે, તે સત્ય સમજજો. આત્મા તો તમારા ચરણમાંજ લાગી રહ્યો છે. તમારામાંજ લીન બન્યો છે. જુવો સાંભળો.

ગાયન.

પદ્માબા—(પંથી પરદેશી ચીત સોંપી) એ રાહ.

છોડી સતીઆનો સંગાથ, હવે હું જાઉં...છું.
તુમ વચન પાળવા જાઉં, જુદી હું થાઉં...છું.

સાખી.

મીરાંબાઈ—ગિરિધર પ્રભુ નવ ચુકશો, સમરજો દીલ સાથ;
ભક્તિ કરજો ભાવથી, ભક્ત વત્સલ મુજનાથ.

જોઈ સાચી આવી ટેક, દીલે હરખાઉં...છું.

પદ્માબા— ....છોડી.

વચન કદી ચુકુ નહી, રટણુ ન મૂકુ લગાર;
સત્ય પ્રભુ એતો સહી, પ્હોંચાડે ભવપાર.
હું જાઉં બની લાચાર, મન મુંઝાઉં...છું. છોડી.

પદ્માબા લાચાર બની પોતાના મહેલ તરફ જવા તૈયાર થયાં. દુર્મદસીંહે કહ્યું પદ્માબા ઉભાં રહો, હું તમને મહેલ સુધી મુકવા આવું. પદ્માબાએ કહ્યું મારે કોઇની જરૂર નથી; એમ સમજતો નહીં, કે તારી અને તારા રાણાની બીકથી આવું છું. આ પવિત્રનો સાથ છોડવા લગાર પણ ખુશી નથી, છતાં તેમના વચનનીજ ખાતર આવા પવિત્ર સાથ છોડુ છું.

દુર્મદસીંહ કહે ભલે જાઓ પણ જો જો રાણાજીનો ઠપકો ના આવે ? બારોબાર મેહેલમાં જજો. પદ્મા કહે સારૂ, જો ખાત્રી કરવી હોય તો પાછળ આવી જોઇ જા, એટલે વધારે ખાત્રી થશે. પદ્માબા મીરાંને પ્રણામ કરી મહેલ તરફ ગયાં; તે ગયા તો ખરાં, પણ દુર્મદસીંહને વિશ્વાસ આવ્યો નહી, તેથી તે તેમની પાછળ પાછળ મહેલ સુધી ગયો. જ્યારે પદ્માબાએ મહેલમાં પ્રવેશ કર્યો, ત્યારે તે પાપી ત્યાંથી પાછો વળી મીરાંબાઇ પાસે આવ્યો.

મીરાંબાઈ પાસે આવી મીરાંને કહ્યું ચાલો. મીરાંબાઈ કહે ચાલો, હું તો તૈયારજ છું. દુર્મદસીંહ કહે મીરાં! જે ભુતના મહેલમાં જવા માટે તૈયાર થઇ છું, તે ભુતનો મહેલ જેવો તેવો સમજતી નહી. ધોળે દહાડે ભુત પ્રત્યક્ષ આખા મહેલમાં ઘુમે છે. જેથી કોઈ માણસ તે રસ્તે પણ જઇ શકતું નથી. આવી સુંદીર કાયાનો ભોગ શા માટે આપે છે?

મીરાં કહે મારો ભોગ આપવાવાળો કોણ છે? માંથે ધિંગો ધણી મીરાજીત છતાં ભોગ લેવાવાળુ કોણ છે? સમજીશ નહી નીધણીઆણ? મારા ધણીના પ્રતાપ આગળ તમે પામર ગમે તેટલા મથો, આ મીરાંને મારવા ગમે તેટલી યુક્તિઓ કરો, પણ તેમાં કાંઇજ વળવાનું નથી. ભુતના મહેલમાં પણ મારા વ્હાલાનો વાસ છે. કારણ, તેતો જળમાં, સ્થળમાં અને ઘટ ઘરમાં વસી રહેલા છે. માટે મારા પતિની પાસે હોવાથી તું અને તે મહેલનાં ભુતો ઝખ મારે છે.

દુર્મદસીંહ કહે તેમ સીદ્ધી રીતે કબુલ નહીજ કરે. માંથે મરણ આવ્યું હોય ત્યારે કદાપી કાળે સુબુદ્ધિ સુઝતી જ નથી. તેમ તને પણ કુબુદ્ધિ થઇ હોય એમ ભાસે છે.

સુમતી કહે પાપીઆ, જેને કાળની બીકજ નથી, તેને કુબુદ્ધિ થતીજ નથી. પણ મને તો ભાસે છે કે તારે માંથે કાળ ટમટમી રહ્યો છે, તેથીજ તારી બુદ્ધિ ફરી હોય તેમ ભાસે છે. તારાથી અને તારા રાણાથી જે થાય તે કરવામાં બાકી મૂકશો નહી.

દુર્મદસીંહે કહ્યું જોઉ છું કે કાળ કોને માથે ભમી રહ્યો છે? ભુતના મહેલમાં પ્રવેશો, પછી વાત. છેટેથી જોઇને ભાગશો.

મીરાં કહે ઠીક છે ચાલો, તમારો ભુતનો મહેલ બતાવો. તમારે મન તે ભુતનો મેહેલ છે, પણ મારે મન તો તે મારા વ્હાલાનું મંદીર છે. તે ઠેકાણેજ મારા વ્હાલાનો વાસ છે. તમારી પાપી વૃતીથી તમને દર્શન નહી આપવા માટે તમને બતાવવાનો ખોટો ત્રાસ છે. ચાલો ચાલો જલદી કરો, મને મારા વ્હાલાને ભેટવા વાર થાય છે.

દુર્મદસીંહ કહે ચાલો, ત્યાં તમારો એક વ્હાલો નથી. પણ અનેક વ્હાલા તૈયાર છે, મ્હોંત આગળ મનુષ્ય લાચાર છે. સુમતી કહે મ્હોંત નથી મુર્ખા વિચાર કરય. ત્યાં તો મારી મીરાંબાઇના ગિરિધરલાલ ભરથાર છે. આખા જગતના કિરતાર છે.

દુર્મદસીંહ કહે હા! હા! ચાલો ભરથારને દિલદાર બ્રુધાએ તૈયાર છે, કહી ભુતના મહેલ આગળ ગયાં. મહેલ આગળ જતાં મીરાંને શુભ શુકનો થયા. મીરાં કહે આ શુભ શુકનોથી મારી તો ખાત્રી છે કે મારો વ્હાલો મને મળશે. ચાલ્ય મારા વ્હાલાના મંદીરમાં પ્રવેશતાં પહેલાં મારા વ્હાલાની સ્તુતી કરીને પ્રવેશું. એમ કહી સ્તુતી કરવા માંડી.

ગાયન.

(સાચો સાહેબ જગ કીરતાર.)

વ્હાલા ગિરિધર વર ઘનશામ, હું તો જપુ અહો
દીનજામ—વ્હાલા.
અશરણ શરણ ધર્યું સત્ય નામ છો, આ દાશીના અભીરામ—વ્હા.
દર્શન આશ ધરી અહીં આવી, આશ પુરો પ્રભુ દર્શ બતાવી
કહાવો પુરણ કામ—હુંતો.
હસ્ત ગ્રહી પ્રભુ કીધી ગૃહણી, શીદ ટવળાવો શામા પરણી,
ભુલી ભમાવો ન ભામ; હુંતો.

એ પ્રમાણે સ્તુતી કરી મીરાંબાઇએ એકદમ ભુતના મહેલમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાની સાથે પ્રભુ શ્રી ગિરિધરલાલજીએ વિચાર કર્યો, કે જો આ સ્થળે તેની મનોવાંચ્છના પુર્ણ કરવાનો અમુલ્ય અવસર છે. અને તે પરચાથી આ પામર પ્રાણીઓને જ્ઞાન મળશે. એવો વિચાર કરી એકદમ પોતે પણ ભુતના મહેલમાં સાક્ષાત રૂપે પધાર્યા.

એક તરફથી મીરાંએ પ્રવેશ કર્યો, અને એક તરફથી પ્રભુ ગિરિધરલાલજીએ પ્રવેશ કર્યો. તેમનાં પગલાંથી અને પ્રભુની માયાથી તેમાંથી ભુત પ્રેત અલોપ થઇ ગયાં, અને તે મહેલ સાક્ષાત વૈકુંઠના મંદીરના રૂપમાં ફેરવાઇ ગયો.

ભગવાનની અથાગ લીલાનો પાર કોણુ સમજી શકે છે? તેની લીલા ન્યારી છે. જળમાં સ્થળ, અને સ્થળમાં જળ, પણ પલકમાં કરે છે. એવા **શ્રી ગિરિધરલાલજી** ઉપર સાચો નેહ હોય તેને દુઃખ તો કદી હોયજ નહી. આવી રીતનો અજબ ફેરફાર જોઇ દુર્મદસીંહ વિષ્મય પામ્યો. અને રાણાજીને જાણ કરવા માટે તે રાણાજીના મહેલ તરફ ગયો.



પ્રકરણ ૧૨ મું.

દુર્મદસીંહ રાણાજીના મહેલમાં ગયો, અને રાણાને તથા રાજ માતાને જોયેલી બીના વિદિત કરી કહ્યું, મીરાં તો અજબ જાદુગરણી, તેમાં લગારે શક નહી. જે ભુતના મહેલને આપણે છેટેથી જોતાં ડરતા હતા, તે મહેલમાં એકદમ પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને કોણ જાણે શુંએ જાદુ ચલાવ્યું, કે તે મહેલ એક સુંદીર ઈંદ્રભુવન સરખો બનાવી દીધો. તે કેવી રીતે બનાવ્યો, તે પણ સમજી શકયો નહી.

મોટાંબા કહે શું તે કાંઇ મંતર જંતર બોલી હતી? દુર્મદસીંહ કહે ના, તે મહેલમાં પેઠી, કે તરત તે મહેલ બદલાઈ ગયો. મોટાંબા કહે એમ તે બદલાતા હશે? દુર્મદસીંહ કહે હા. એમજ થયું, તે મેં મારી નજરો નજર જોયું. દુર્મદસીંહ ભુલતા હશો? દુર્મદસીંહ કહે ના, ખાત્રી પુર્વક જે કહું છું તે સત્યજ છે. ને તમારી ખાત્રી કરવી હોય તો તમે ચાલો. તમને તેડવા માટેજ આવ્યો છું.

મોટાંબા અજાયબ થયાં, અને કહ્યું પાકી જાદુગરણી તેમાં તો શક નહીં. મારી કુંવરી ઉપર પણ કોણ જાણે કેવું જાદુ ચલાવ્યું, કે તે પણ અમારી વીરૂદ્ધમાં પડી. જેને વંદન કરવા લાયક હું પોતે તથા મારો કુંવર, તેમને ઉલટાં તેના પગે પડવાનું કહેવા માંડયું. આવી જાદુગરણી

મારી આખી ઉમ્મરમાં મેં આજેજ જોઇ.

દુર્મદસીંહ કહે માજી ચાલો ત્યાં જઇ તેની ચેષ્ટા જોઇએ. મોટાંબા કહે પદ્માને પણ સાથે લઇ લ્યો એટલે તેને ખાત્રી થાય, કે તે આવી જાદુગરણી છે. દુર્મદસીંહ કહે ભલે તેમને પણ સાથે લ્યો. પણ છે કયાં ? મોટાંબા કહે એ આવી. (પદ્માબા આવે છે) મોટાંબા કહે પદ્મા આવ્ય તારી ભાભીની જાદુની વિદ્યા જોવી હોય તો ! પદ્માબા કહે શાની ? મોટાંબા કહે ભુતના મહેલ ઉપર કોણ જાણે શુંએ જાદુ કર્યું, કે જે મહેલનો રસ્તો પણ તે ભુતોના ભયથી ભયંકર લાગતો, હતો તે મહેલ તેણે ઇંદ્રપુરી જેવો બનાવ્યો છે તે.

પદ્માબા કહે માતાજી ધન્ય છે તેની પ્રભુ પારાયણતાનો તમોએ તો તેને મારી નંખાવા ભુતના મહેલમાં મોકલી, પણ જેને માથે શ્રીગિરિધરલાલ જેવો સાચો ધણી, તેને તમારાથી શું થાય ?

મોટાંબા કહે હજી પણ તું તેની જાદુઈ વિદ્યા કબુલ કરતી નથી. પદ્માબા કહે ના. જાદુઈ વિદ્યા બીલકુલ નથી. પણ ઠાકોર શ્રી શ્રીગિરિધરલાલજીએ પોતેજ તે મહેલ તેવો બનાવ્યો હશે ! નહીં તો તેનાં પવિત્ર પગલાંના પ્રતાપથી તે મહેલમાંનાં ભુત પ્રેતો બળીને ખાખ થઇ ગયાં હશે, ને તે મહેલ ઇંદ્રપુરી સમ બન્યો હશે.

દુર્મદસીંહ કહે જોયો તેનાં પગલાંનો પ્રતાપ ! હીણ પગલાંનીએ આવી કુળદેવ્યાનું અપમાન કરી રાણાજીને અને માજીને ઉદ્વેગ કરાવ્યો. તમોને જાદુમાં આંજી નાંખ્યાં એવો તેના નીચ પગલાંનો પ્રતાપ.

પદ્માબા કહે પાપીઆ ! પેલી તારી પાપી રતીમાં

તેના પગલાંનો પ્રતાપ નહીજ દેખાય તે મુજબ છે. ભુંડો ભુંડનો ભાવ ન તજે; તે કહેવત અનુસાર પવિત્ર સતી તુલ્ય મીરાંબાઇનું ભુંડુ બોલ્ય, પણ તને તારી કરણીનાં ફળ મળશે. દુર્મદસીંહ કહે પદ્માબાં ખરૂ કહ્યું, તેનું આ ફળ આપોછો કેમ? સાચાને જુઠો ઠરાવવા માગો છો કેમ? પણ જાણો છો? તમારી તેના ફેંકેલા જાદુઇ જોરમાં અંજાએલી આંખોથી તેના અવગુણ નહીજ દેખાય.

પદ્માબાએ કહ્યું પાપીઆ! સતીને સતાપેછે તેથી તને રોમ રોમ કીડા પડશે, અને કોઇ કાઢનાર નહી જડે કાઢનાર સમજ્યો? સંતીઆંને સંતાપવાથી મ્હોટા મ્હોટા રોળાઈ ગયા, તો તું તે બીચારો શું હીસાબમાં? જો સાંભળ.

પદ્માબા— **ગાયન.**

(કાયા કાચો કુંભ છે જીવ) એ રાહ.

સંતોને સંતાપતાં, પામીશ દુઃખ અપાર;
સતીયાંને દુભાવતાં, કાઢીશ નહી કાંઇ સાર;
જરી વીચારમાં (અરેહાં) તુજ પાપ કર્મ જો વીચારી;
બીજાની ચ્હે બુરી, તેજ તારી છે થનારી—જરી.
ઇશ્વરને ઘેર ન્યાય છે, નહી તુજ સમ અન્યાય;
સતીઆ સ્વર્ગે વિચરે, પામર નરકે જાય;
જાતાં કાળ મુખે જીવ, વિમાસણ કરવી પડે;
પડતાં પ્રાની દેહ, જ્યારે યમ દુત નડે;
યમ કીંકરનો ભય ધરી, પામર પ્રાણી વીચાર;
દુખ પામીશ તેવ સમે, પસ્તાઈશ પારાવાર—જરી.

માટે સમજ સમજ, અને સતીને પગે પડી તેના માફી માગ્ય. નહીતર પાપીઆ તારી બુરી વલે થશે.

મોટાંબા કહે હવે બધી કુથલી રહેવા દઇ ત્યાં આ-વવું છે કે નહી? પદ્માબા કહે ચાલો આવવા તૈયાર છું. ત્યાં આવવાથી પવિત્ર પરમાત્મા શ્રી ગિરિધરલાલજીનાં દર્શન મળશે અને તે દર્શન નહી મળે તો જગત જનુની મીરાંબાઇનાં દર્શનતો મળશે માટે ચાલો મોટાંબા, દુર્મદસાંદ તથા પદ્માબા ભુતના મહેલ તરફ ગયાં.

મીરાંબાઇએ ભુતના મહેલમાં પગ મુક્યો ત્યાં તે મહેલ ઇંદ્રભુવનસમ બન્યો તેથી મીરાંબાઇને ખાત્રી થઇ કે અહીંઆં મારો વ્હાલો સાક્ષાત રૂપે હોવો જોઇએ તે શિવાય આવો અજબ ફેરફાર હોયજ નહી પણ વ્હાલો ક્યાં હશે? દર્શન કેમ નહી આપતો હોય? શું હું તેનુ રટણ ચુકી છું? ના! ના! રટણ તો ઘડીભર પણ ચુકી નથી. ત્યારે શા માટે દર્શન નહી આપતો હોય? હં! હં! રાણા સાથે પરણી તેથી. પણ રાણા સાથે કોણ પરણ્યું છે? હું પરણી છું? ના! ના! આ હાડ ચામનું પુતળું પરણ્યું છે. આ પુતળું મીરાંનુંજ ને તેથી રીસાયા હશે? ના! ના! પુતળુ પરણ્યું તેમાં શું? પણ આત્મા વગરને? આત્મા તો તેનાજ ચરણ કમળમાં હતોને? ના! ના! તેવા કારણથી તો તજેજ નહી. ત્યારે દર્શન કેમ નહી આપતા હોય? શું તેમના ધ્યાનથી ઘડીભર વિરક્ત થઇ હઇશ તેથી તજી હશે? ના! એક ઘડીપણ મ્હેં મારા વ્હાલાને વિસાર્યાજ નથી. વ્હાલી વસ્તુ તે એક ક્ષણુ પણ વિસરાતી હશે? તે વસ્તુ વિસરાય ત્યારે તે વ્હાલી શાની? ત્યારે શું દોશ થયો હશે? પ્રાણનાથ! અમો અબળાના દોષ અનેક, પણ વ્હાલા! તે દોષની માફી કરી દર્શન આપી આ દાશીને કૃતાર્થ કરો. અને પરણી ગૃહણીને સ્વીકારી આભારી કરો. વ્હાલા

પરણીને વિસારી તે દોષ તમારો છતાં, તે દોષ મનમાં નહી લાવતાં તન મનથી રટણ કરૂ છું. વ્હાલા! હવે તો ઘણી થઇ. આ વૈકુંઠપુરી સમ મંદીરમાં બીલકુલ ચેન પડતું નથી; આ ચિત્ત વ્હાલાનાં દર્શન કરવા ચાહય છે, આ દીલ વ્હાલાને ભેટવા દોડી રહ્યું છે, આ તન વ્હાલાના ચરણ કમળમાં જવા તૈયાર થઇ રહ્યું છે, પણ વ્હાલો કયાં?

મીરાં— **ગાયન.**

(શું નિર્મળ જળની તલાવડીમાં) એ રાહ

આ દીલ દોડે છે વાલમ મળવા, ચહે નહી કાંઇ અન્ય;
માટે મ્હેર કરો કાંઈ મોહન, વિનતિ ધારો મન;
રટણ તમારૂ ચિત મહી ધાર્યું, કીધુ નથી કાંઈ અન્ય ચિંતન
સમર્પ્યું છે પ્રિતમ પ્રેમી તમને આ તન ધન—આ.
ફક્ત ચહુ દર્શન સુંદીરશામ, છોપુરણ કામ (૨)
ચિત્તએહું જઇ તુમ ચરણમાં, દર્શન ચાહે તન.—આ.

ગિરિધરલાલજી કહે આ રહ્યો મીરાં! તારી પાસેજ ઉભો છું. મીરાં (હર્ષઘેલી બની) શું મારા વ્હાલા પધાર્યા! હવે તો આ દાશીને અંગીકાર કરશોને? મહારાજ! આજ સુધી દર્શન નહી આપતાં દીવાની શા માટે બનાવી? રસીલા શું રીસ હતી કે આટલી રવડાવી? જો આમજ કરવું હતું, તો સ્વપ્નામાં આવી લગ્ન કરી શા માટે સપડાવી? વ્હાલા, મેં તે તમારૂ શું બગાડયું છે કે મારાથી તો અદ્રષ્યજ રહો છો? શું તમારી બીજી રાણીઓ સારી ને હું ખોટી!

ગિરિધરલાલ કહે મીરાં! વ્હાલી મીરાં! તારી પ્રેમ

લક્ષણા ભક્તિથી હું તારા ઉપર કૃપમાન છું. સર્વે કરતા તું મને અધિક પ્રિય છું.

મીરાંબાઈ—વ્હાલા એતો બધું કહેવાનું, મ્હોંની મીઠાશ.

ગિરિધરલાલ—ના, તારી ભુલ છે. હું જે કહું છું તે બધું સાચુંજ છે.

મીરાંબાઇ—શું સાચું ! સાચું કેવી રીતે માનું ? જો વ્હાલી ગણતા હોત, તો દર્શનથી વિમુખ રાખતજ નહિ.

ગિરિધરલાલ—દર્શનથી વિમુખ ક્યાં રાખી છે ? જરાક જ્ઞાન દ્રષ્ટિથી વીચાર કર્યો ?

મીરાંબાઇ—શું વિચાર કરૂં ? જ્યારે ઘટ ઘરમાં વાસ કરી બેઠા હતા, ત્યારે પ્રત્યક્ષ દર્શન આપતાં શું વાંધો આવતો હતો ?

ગિરિધરલાલ—વ્હાલીને દર્શન આપતાં વાંધો આવતો હશે ?

મીરાંબાઇ—વ્હાલીને દર્શન આપતાં વાંધો ના આવે, પણ આવ્યો.

ગિરિધરલાલ—શો વાંધો આવ્યો ?

મીરાંબાઇ—પહેલો વાંધો તો એ કે પરણીને તરછોડી.

ગિરિધરલાલ—મીરાં તારી ભુલ છે. તરછોડી ક્યારે ?

મીરાંબાઈ—ત્યારે શું પ્રેમની પરિક્ષા કરી ?

ગિરિધરલાલ—પરીક્ષા ! ના, પરિક્ષા કરીનેજ પરણ્યો. પછી પરિક્ષા કેવી ?

મીરાંબાઈ—ત્યારે શા માટે ટવળાવી ?

ગિરિધરલાલ—ટવળાવીછે કોણે ! એતો પ્રેમ લક્ષણા ભક્તિ શીખાવી.

મીરાંબાઇ—બરાબર શીખાવી. તેમાં કાંઈ કચાશ નથી.

ગિરિધરલાલ—પ્રેમ લક્ષણા ભક્તિનો પાઠ શીખ્યાં ?

મીરાંબાઇ—બરાબર જુવો સંભળો, પણ હવેતો દર્શનથી વિમુખ નહી કરોને ?

ગિરિધરલાલ—તમારો પ્રેમ લક્ષણા ભક્તિનો પાઠ સંભળાવો પછી કહું.

મીરાંબાઇ—ત્યારે હાલ કહેતાં શું વાંધો આવે છે ?

ગિરિધરલાલ—વ્હાલી ! વ્હાલમાં તે વાંધો આવતો હશે? પ્યારી ! પ્યાર તે પતગતો હશે ?

મીરાંબાઈ—ત્યારે શું રીસ કરી રામાને રવડાવી ?

ગિરિધરલાલ—રસીલીથી તે રીસ હોય ? છબીલીથી તે છળ હોય ? રંગીલીથી તે રાડ હોય ? તુ ભુલે છે, પણ પ્રેમ લક્ષણાં ભક્તિનો પાઠ સંભળાવો. તે સાંભળવા મન અધિરૂ થયું છે. ઘણા ઘણા ભક્તો થયા, પણ તારી ભક્તિની બલિહારી ! ધ્રુવ અને અંબરીશ સરખા ભક્તો થયા, પ્રલ્હાદ અને પાંન્ડવ જેવા ભક્તો થયા, અહલ્યા અને દ્રોપતી સરખા ભક્તો થયા, પણ મીરાં તારી ભક્તિની બલિહારી !

મીરાંબાઇ—પ્રાણ પ્રભુ ! તે ભક્તોના પગની રજ છું. ધ્રુવજીએ બાળપણમાં છ મહીના સુધી ઉગ્ર તપ કર્યું, પ્રલ્હાદજીએ બાળપણામાં પિતા વીરૂદ્ધ થઇ તમનેજ ભજ્યા. તેવી ભક્તિ નથી. ખાલી ખોટી ઉપમા શા માટે આપો છો?

ગિરિધરલાલ—મીરાં ખોટી ઉપમા નથી. તે સર્વે ભક્તો

સાચા, પણ તારી ભક્તિથી તો અવધિ ! તે બધાની ભક્તિથી તેમને યોગ્ય વરજ આપ્યા છે, કોઈની જોડે લગ્ન કર્યું નથી. પણ તારી પ્રેમ લક્ષણા ભક્તિથીજ તારા ઉપર પ્રસન્ન થઇ, તારી સાથે તો લગ્ન કર્યું છે. બોલ્ય કીઇ ભક્તિ વધે?

મીરાંબાઈ—મહારાજ ! ખાલી મ્હોટાઈ શા માટે આપો છો ? તે ભક્તોના પગની રજ બરાબર પણ મારી ભક્તી ક્યાં છે? મેં ક્યાં પવન ભક્ષિ પેટ ભર્યું છે? મેં ક્યાં એક આસને બેસી ભક્તિ કરી છે? મે ક્યાં પાણી ભક્ષિ પેટ ભર્યું છે? મેં ક્યાં અન્ન જળનો ત્યાગ કરી ઉપવાસીત રહી ભક્તિ કરી છે ? એવાં એવાં કષ્ટા ઉઠાવી ભક્તિ કરનારની તુલનામાં મુકો છો, પણ તેમના પાશંગમાં પણ નથી.

ગિરિધરલાલ—મીરાં ! ગોપીઓ સાથે લગ્ન કર્યું તેમની ક્યાં તેવી ભક્તિ હતી ? ફક્ત પ્રેમ લક્ષણા ભક્તિથીજ તેમની સાથે લગ્ન કર્યું હતું. તેમ તારી પ્રેમ લક્ષણા ભક્તિથીજ તારા ઉપર પ્રસન્ન થઇ લગ્ન કર્યું છે. તેવી ભક્તિ મને ઘણી પ્રિય છે. માટે તે પ્રેમ લક્ષણા ભક્તિ કરી બતાવ્ય.

મીરાંબાઈ—શું વ્હાલા તેવી ભક્તિને વશ થઇ મારૂ પાણી ગ્રહણ કર્યું છે, તો તે ગોપાંગનાઓ જેવી ભાગ્યશાળી તો ખરી, તેમાં વાંધો નહી. કહો

શું કહી બતાવું.

ગિરિધરલાલ—તે પ્રેમ લક્ષણા ભક્તિ.

મીરાંબાઈ—કઈ.

ગિરિધરલાલ—પ્રત્યક્ષ દર્શન માટે વિનવણી કરતી હ-
તી તેવી.

મીરાંબાઇ—ખુશીથી તે મારા વ્હાલાને કહી બતાવવું.

ગિરિધરલાલ—તો હું તને પુરવણી આપું.

મીરાંબાઇ—મારાં એવાં કયાંથી ભાગ્ય કે હું મારા વ્હા-
લાને વિનવણી કરૂં ને મારો વ્હાલો તેમાં
પુરવણી આપે!

ગિરિધરલાલ—જરૂર પુરવણી આપીશ. વિનવણી
શરૂ કરો.

મીરાંબાઇ—જેવી મારા પ્રાણ પ્રભુની ઇચ્છા.

મીરાંબાઈ— **ગાયન.**

(મહારાણી માજી થયાં ખરાં) એ રાહ.

મીરાં—મુંઝાણી હું તો દર્શનવિણ ગભરાણી;

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ!

મીરાં—દર્શન મળતાં ઉર અતિ હરખાણી.

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ!

મીરાં—રટણ તમારૂં કરતી પ્રીતે, માયામાં ન ફરી
હું જરી,

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ!

મીરાં—તાતે રાણા સાથ વરાવી, પણ બેઠી
ધણી સાચો ધરી;

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ !

મીરાં—અનેક આધિવ્યાધિ વળગી, તેમાં નહી રોળાણી
તો પામી સારંગપાણી;

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ !

મીરાં—રટણ તમારૂ ઘડી ન ચુકી, ભલે આધક તમોએ
તાણી;

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ !

મીરાં—એવી રીતે ભક્તિ કીધી, એકી સત્ય
ધણી ધારી;

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ !

મીરાંબાઇ—અંતે આવી દર્શન દીધાં, આશા પુરી સારી
છેવટમાં સ્વીકારી;

ગિરિધરલાલ—સાચી ભક્તિ વાહ !
મીરાં તારી ભક્તિની બલીહારી.

મીરાં—સ્વીકારી મ્હારી વાહ !

ગિરિધરલાલ—ધન્ય છે મીરાં તારી ભક્તિને !

મીરાંબાઇ—પણ વ્હાલા ! એક વચન આપો.

ગિરિધરલાલ—વ્હાલી ! એક નહી પણ બે.

મીરાંબાઇ—વ્હાલા ! એકજ વચન આપો.

ગિરિધરલાલ—શી બાબતનું !

મીરાંબાઇ—વચન આપો પછી કહું.

ગિરિધરલાલ—મીરાં ! હું ત્હારો થયો. પછી વચનની
શું જરૂર છે ? વગર મુલે વેચે ત્યાં વેચાવા

તૈયાર છું.

મીરાંબાઇ—વ્હાલા! એતો બધુ કહેવાનું. એક વચન તો આપાતું નથી.

ગિરિધરલાલ—શુ મારી મીરાંને મારો ભરૂસો નથી?

મીરાંબાઇ—તે જાણુવાની તમારે શી જરૂર છે? ભરૂસો છે કે નથી તે મારૂ મન સમજે છે, પણ વચન આપવું હોય તો આપો, નહીતર તમારી ઇચ્છા. ધણીનું કોઇ ધણી છે?

ગિરિધરલાલ—રિસ! વ્હાલી રીસ! રસીલાથી તે રીસ હોય?

મીરાંબાઇ—કેમ ના હોય? પરણીને પડતી મુકનારની પ્રતિતિ રખાય?

ગિરિધરલાલ—વ્હાલી! આવાં મેણાં તે મરાય?

મીરાંબાઈ—સત્તરવાર.

ગિરિધરલાલ—લ્યો હવે મારી ભૂલ થઇ, માફ કરો.

મીરાંબાઇ—તે તો બધુ ખરૂ, પણ વચનની વાત વિસરાવા માગો તે વિસરનાર નથી સમજ્યા? ઠગારા બની ઠગી, લુંટારા બની લુંટી, ફાંશીઆ બની ફસાવી, હવે વચન લીધા શિવાય પ્રતિતિ રાખનાર નથી.

ગિરિધરલાલ—વ્હાલી આવી ઉપમા! કહો ઠગારા બનીને તમને શું ઠગ્યાં? બોલો લુંટારા બની તમને શું લુટયાં? બોલો ફાંશીઆ બની તમને શું ફસાવ્યાં?

મીરાંબાઇ—તે કહું પણ; મારા વ્હાલાને ખોટું લાગે ત્યારે ?

ગિરિધરલાલ—ઠગારો ! લુંટારો ! ફાંશીઓ ! એવા અનેક શબ્દો કહ્યા છતાં ખોટું ન લાગ્યું, તો પછી બીજું ગમે તે વચન મારી વ્હાલી કહેશે તે સુખેથી આ તારો પ્રેમીનાથ સહેશે.

મીરાંબાઇ—સાંભળો, પરણીને ચાલ્યા ગયા, તે ઠગારા બનીને ઠગી ખરી કે નહિ ?

ગિરિધરલાલ—પછી ?

મીરાંબાઇ—ચીત ચોરી ચાલી ગયા, તે લુંટારા બની લુંટી કે નહી ?

ગિરિધરલાલ—પછી ?

મીરાંબાઇ—પરણીને દર્શન ન આપ્યાં તે ફાંશીઆ બની ફસાવી ખરી કે નહી.

ગિરિધરલાલ—મીરાં ! તારૂ કહેવું બરાબર છે, પણ એક વાતે ખોટું.

મીરાંબાઈ—તે વાત કઇ.

ગિરિધરલાલ—જ્ઞાન દ્રષ્ટીથી તું વિચાર કર ? કે મેં તને ત્રિસાસી છે? કે મેં તને ફસાવી છે? વિચાર વગરનું બોલવું નકામું છે.

મીરાંબાઇ—તે તો બરાબર છે. સર્વ પ્રાણીના ઘટ ઘરમાં તમારો વાસ છે, પણ પ્રત્યક્ષમાં તો નહી, તે ખરૂંને ?

ગિરિધરલાલ—પ્રત્યક્ષમાં નહી, તે ખરૂ કેવી રીતે? વાહ! મેં તારાથી લગ્ન કર્યું તે પ્રત્યક્ષમાં કે ?

મીરાંબાઇ—પ્રાણ પ્રભુ ! તમો અકળકળા કોઇ કાળે કળા-

વાના નથી. તમે ઠગારા કોઇ કાળે ઠગાવાના નથી. તમો બે બોલા કોઇ કાળે બધાવાના નથી. આમથી બાંધ્યાં, તો કે આમથી રસ્તો તૈયાર છે.

ગિરિધરલાલ—તે કેવી રીતે ?

મીરાંબાઇ—પ્રાણ પ્રભુ! આ જગત તે તમારી લીલા છે. પ્રાણી માત્ર તમેજ પેદા કર્યું છે. તેનું નીમીત તમે રાખ્યુંજ નથી કારણ, કોઇ પ્રાણીનો આત્મા હરી લ્યો ત્યારે કોઇ પણ તે મીત તમારા ઉપર મુકી શકેજ નહી. કારણ કોઇ કહેશે તાવથી મુવો, કોઇ કહેશે કોલેરાથી મુવો, પણ કોઇ નહી કહે કે ભગવાને માર્યો. એવી તમારી અગાધ માયાને હું શી રીતે જીતી શકનાર છું ? પણ વ્હાલા ! પેલુ વચન આપો.

ગિરિધરલાલ—લ્યો વચન. આ દેહ મીરાંનેજ અર્પણ છે, હવે તો વિશ્વાસ લાવશોને ?

મીરાંબાઇ—મારા પ્રાણ પ્રભુનો તે અવિશ્વાસ હોય ? કહો વ્હાલા હવે માગણી કરૂ ?

ગિરિધરલાલ—સુખેથી માગણી કરો. હું પ્રથમથીજ કહું છું કે આ દેહ પણ તમોનેજ અર્પણ છે.

મીરાંબાઈ—વ્હાલા ! મારી માગણી પણ તેજ છે.

ગિરિધરલાલ—શી ?

મીરાંબાઇ—વ્હાલા ! દાશીની પાસેના પાસેજ રહેશો, એજ.

ગિરિધરલાલ—વ્હાલી! તારી માગણી મારે કબુલ છે. પછી ?

મીરાંબાઈ—વ્હાલા! પતી પાસે છતાં સતીને બીજી કાંઈજ જરૂર નથી. ફક્ત પતીનાં અહોનીશ દર્શન મળ્યાં એટલુંજ બસછે. (મીરાંની સાસુ મોટાંબા, પદ્માબા, અને દુર્મદસીંહ આવે છે.)

સુમતી—મીરાંબાઇ! રાણાજીની માતા. તેમનો હજુરી તથા રાણાજીની બ્હેન આવ્યાં.

ગિરિધરલાલ—રાણાની બેહેનનું મન મારા તરફ વળ્યું છે તે તમેજ વાળ્યું છે.

મીરાંબાઇ—તે સઘળો તમારી ભક્તિનો પ્રતાપ. તમો આસન ઉપર બીરાજો. હું તેઓ પુછે તેનો ઉત્તર આપી, તે પામર પ્રાણીઓ સમજે તો સમજાવું. (ગિરિધરલાલજી આસન ઉપર બીરાજે છે)

મોટાંબા—મીરાં વહુ! તમારી વાત તો અજબ! હમો પાસે છીએ છતાં કોની સાથે વાતો કરો છો તે સમજાતું નથી. શું રાઠોડ કુળને લાંછન લગાડી જયમલ રાજાના નામને હલકુ કહેવડાવવા ધાર્યું છે ?

મીરાં—માજી! તમો પામર શું સમજો? હું મારા વ્હાલાથી વાતો કરૂં છું.

મોટાંબા—એવો તારો વ્હાલો કીયો છે કે જેની સાથે હમારા પાસે ઉભાં રહેવા છતાં શરમ તજી

વાતો કરે છે ?

મીરાં—મારો પરણેત પતિ.

મોટાંબા—મારા કુંવર શિવાય બીજો પરણેત પતી તારો કીયો મુવો છે ? હું એવો કોઇ જોતી નથી. કે જે રાણાની કન્યા સામે દ્રષ્ટી સરખી પણ કરી શકે.

મીરાં—તમારો કુંવર રાણો તો શું પણ મોટા મહારાજાઓ પણ જેની આગળ એક મગતરા તુલ્ય છે, સમજ્યાં ?

મોટાંબા—શું મગતરા તુલ્ય ?

મીરાં—હા ! હા ! મગતરાથી પણ તુચ્છ !

મોટાંબા—લગાર નજરે પાડય, કે મારા કુંવરને મગતરાથી પણ તુચ્છ ગણનાર એવો એ માંથાનો કીયો મુવો છે તે સમજાય.

મીરાં—મનની મલીનતા કાઢી પાપ વૃતી સુધારો એટલે દેખાશે.

મોટાંબા—એતો જાણી તને મનની ચોખ્ખી, એવો શુરવીર છે ત્યારે છુપાઇ કેમ બેઠો છે? સામે શા માટે આવતો નથી ?

મીરાં—સામે આવશે તો એ તમારી વૃતી પ્રમાણેજ દર્શન મળશે. કેમ જોવો છે ?

મોટાંબા—હા ! હા ! લગાર જોઉં તો ખરી કે એવો એ માંથા વાળો કોણ છે ?

મીરાં—(ગિરિધરલાલજીને) પ્રાણ પ્રભુ લગાર ચમત્કાર બતાવો જેથી. તેમની પાપી વૃતી દુર થાય.

ગિરિધરલાલ—મીરાં તારા વચનને તાબે છું. તું કહે તેમ કરવા તૈયાર છું.

મીરાં—(મોટાંબાને) જુવો મારો વ્હાલો દર્શન આપે છે. (પદ્માબા શીવાય મોટાંબા તથા દુર્મદ સીંહને કાળ રૂપે દર્શન આપે છે અને પદ્માબા કે જેનું માન શ્રી ગિરિધરલાલજી તરફ વળેલું છે તેને સાક્ષાત રૂપે દર્શન થાય છે.) મોટાંબા તથા દુર્મદ સીંહ બીકનાં માર્યાં શીયાં વિયાં થઇ જાય છે. પદ્માબા પ્રભુજીના ચરણમાં સાષ્ટાંગ દંડવત કરે છે.

પદ્મા—હે ! કૃપા સિંધુ ! નોધારાંના આધાંર ! ભક્ત વત્સલ ભગવંત મીરાંબાઇ જેવાં પુન્ય જગત જનનીના પ્રતાપે તમારાં સાક્ષાત દર્શન થયાં, અને મારો આત્મા સફળ થયો.

ગિરિધરલાલ—પદ્મા તે વૃતી ચુકીશ નહીને એક મનથી મારૂ રટણુ કરીશ તો તને સેજે સ્વર્ગનું સુખ પ્રાપ્ત થશે, તેમાં શંકા સમજીશ નહીં; હું ભક્તને આધિન છું.

પદ્મા—સત્ય છે કૃપાસીંધુ તેવૃતી કદાપી કાળે ચુકીશ નહીને તન મનથી તમારૂ રટણુ કર્યા કરીશ.

ગિરિધરલાલ—પદ્મા સંત સંગત એ એક ઉત્તમ વસ્તુ છે, તેનો બોધ મીરાં પાસેથી શ્રવણુ કર. (મીરાંને) મીરાં પદ્માને તમો સંત સંગતનું ફળ જણાવી તેનો મનો ભાવ સુધારો, હું આસન ઉપર બેસું છું.

મીરાં—બહુ સારૂ પ્રાણુ પ્રભુ. પદ્મા બેહેન સંત સંગતથી થતા ફાયદા શ્રવણુ કરો અને મનની શંકા નીવારણુ કરી સંત સંગતમાં પ્રવર્ત રહો.

પ્રકરણ ૧૩ મું.

મીરાંબાઈ કહે જે પુરૂષ આનંદથી રહીત છે તે જો સંતની સંગત કરે તો આત્માનંદથી પરિપુર્ણ થાય છે. જે અજ્ઞાનતા વડે કરીને મરણને શરણ થાય છે, તે સંતના સમાગમથી જ્ઞાન પ્રાપ્ત કરી અમર થાય છે. અને કોઈ આપદાએ કરી દુઃખી હોય છે, તેઓ સંત સમાગમથી સંપદાને પામે છે. આપદારૂપી કમળનો નાશ કરનારી સમાગમ રૂપી (હીમ) બરફની વૃષ્ટી છે. સંત સમાગમથી આત્મ બુદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી તે સર્વ દુઃખ રહીત થઇ પરમાનદને પામે છે.

સંત સમાગમ કરવાથી હૃદય રૂપી મંદીરમાં દિપક પ્રકાશી નીકળે છે, અર્થાત જ્ઞાન પ્રકાશે છે, જેથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થાય છે. તદનતર કોઇ ભોગ પદાર્થની વાંચ્છના રહેતી નથી; કારણ તેથી બોધવંત બને છે અને સર્વેથી ઉત્તમ પદમાં બીરાજમાન થાય છે.

જેમ કલ્પવૃક્ષની પાસે જવાથી મનોરથ સિદ્ધિ થાય છે, તેમ સંત સંગતથી મોક્ષ પદની સીદ્ધિ થાય છે. જેમ ખારવા લોકો નાવડા વડે સમુદ્ર તરે છે, તેમ સંત જનના સમાગમથી, જ્ઞાન રૂપી નાવ મળવાથી, ભવસાગર સેજમાં તરાય છે.

મોહ રૂપી વૃક્ષનો નાશ કરનાર, સંત સમાગમ રૂપી તીક્ષણ કુહાડો છે; તે સંત સંગત વડે કરીને પુરષાર્થી પુરૂષ અવિનાશી પદને પ્રાપ્ત કરે છે. જ્યાં કલ્પવૃક્ષ હોય છે, ત્યાં સર્વે પદાર્થો આવી વાસ કરે છે; તેમજ જ્યાં

સંતોષ, શમ, દમ, ત્યાં વિચાર અને સત્સંગ, એ ત્રણે આવી વસે છે; જ્યાં એકે વાસ કર્યો, ત્યાં બીજાઓને આવવુંજ પડે છે. તેમજ જ્યાં વિચાર આવી રહે છે, ત્યાં સંતોષ, ઉપશમ અને સતસંગ એ ત્રણેને નિવાસ કરવોજ પડે છે.

હે સંત સંગતથી પવિત્ર બનેલ બ્હેન! આ મન રૂપી હાથી વિચાર રૂપી અંકુશ વડે વશ થાયછે, અને મન રૂપી વનમાં વાસના રૂપી નદી વહે છે. તેના અશુભ અને શુભ એ બે કીનારા છે. તે નદીમાંના જળને પુરૂષાર્થ કરી અર્થાત અશુભ ત્રટ તરફ જતુ હોય તો શુભ ત્રટ તરફ વાળવું એજ પુરૂષાર્થ છે.

જ્યારે અંતર્મુખ આત્માના સન્મુખ પોતાની વૃતીનો પ્રવાહ થશે, ત્યારે તમે પરમ પદને પ્રાપ્ત થશો. હે બ્હેન! પ્રથમતો એ પુરૂષાર્થ કરવો યોગ્ય છે કે—અવિચાર રૂપી બેટને દુર કરવો. જ્યારે અવિચાર રૂપી બેટ દુર થશે, ત્યારે તેની મેળેજ સીદ્ધી રીતે પ્રવાહ ચાલવા માંડશે.

દ્રવ્યની તરફ જે પ્રવાહ ચાલે છે, તેજ બંધનનું કારણ છે; પણ જ્યારે આત્માની તરફ અંતર્મુખ પ્રવાહ ચાલશે, ત્યારે નિશ્ચયાત્મક જાણી લેવું કે મોક્ષનું કારણ થશેજ. માટે તે ઉપદેશ ધ્યાનમાં લઈ, તે પ્રમાણે વર્તી, મારા ગિરિધરલાલને ખુશી કરો.

પદ્મા કહે ધન્ય છે મીરાંબાઇ તમોને અને તમારા બોધને. તમારૂ જ્ઞાન તે દૈવીજ્ઞાન છે, તેમાં શક નથી. તમારા બોધથી આ પાપી કાયા પાવન થઇ છે, અને તેજ કાયા તમારા સંગને ચાહ્યુ છે, માટે તમારો સંગ પ્રાણ ગયે પણ છોડનારી નથી. તમને અને તમારા પતિ દિનદયાળ

ગિરિધરલાલજીને મારા તન મનથી પ્રણામ છે. અને આ ભવસાગરમાં ભટકતી ગાયને ભક્તિ રૂપ આશ્રય આપી શરણે રાખવી એ તમારૂ કામ છે.

મીરાંબાઇએ ભગવાનની સન્મતી પુછી. ભગવાને પદ્મા-ને સાથે રાખવા સન્મતિ આપી. સન્મતી મળવાથી મીરાં-એ પદ્માને પોતાની સાથે રાખવા કબુલ કર્યું, તેથી પદ્મા અતિષય હર્ષવંત બની. મીરાંને લાખો ધન્યવાદ આપવા લાગી, અમે મીરાંબાઇના ચરણકમળમાં પડી.

વ્હાલા વાંચકવૃંદ આપણે હવે મોટાંબા તથા દુર્મદસીહ તરફ નજર ફેરવીએ, તે તો બીચારાં ભગવાનનાં કાળ રૂપ દર્શનથી શીયાંવીયાં બનીનેજ ઉભાં રહ્યાં છે. મન સ્તબ્ધ બન્યુ છે. ચિત્તનું તો ભાનજ નથી. એવી રીતે બ્હીકથી સપડાએલાં હતાં. તેમને ઘણો વખત જતાં એટલે આ સંવાદ પુરો થતાંજ ભાન આવ્યું.

જ્યારે ભાન આવ્યું ત્યારે પદ્માને મીરાંના ચરણકમળમાં પડેલી જોઈ મોટાંબાએ કહ્યું. પદ્મા ! પદ્મા ! આ શું ? તારૂ ભાન ક્યાં ગયું ? એ જાદુગરણીના પગે પડતાં શરમ નથી આવતી ? શું તું પણ જાદુમાં તણાણી કે સપડાણી ?

પદ્મા કહે માજી ! માજી ! હજી પણ તમોને વિશ્વાસ ના આવ્યો ? સાક્ષાત દર્શન મળ્યાં તો પણ તમારો સંદેહ નહી ટળ્યો ? શેનો ટળે ! તમને દર્શન તો આપ્યાં, પણ તમારી વૃતી પ્રમાણેજ દર્શન મળેને ?

માતાજી ! પાપવૃતીમાં ઘેરાએલાં માતાજી ! પાપવૃતી દુર કરો, અને આ પવિત્ર જગ્તજનેતાસમ મીરાંબાઇને દંડવ્રત કરો; ગંગાજી આપો આપ પધાર્યા છે, માટે આળ-સુની માફક આળસ તજી, તેમાં નાહો, સ્નાન ગ્રહણ કરો;

વખત જતાં ગંગાજી અલોપ થશે, પાપીઆં પસ્તાશો; માનો, માનો, માતાજી આ રંકનું કહેવું માનો. આ માતૃ તુલ્ય મીરાંને દંડવત કરો.

મોટાંબા કહે મુર્ખી, એતો જોઇ તારી માતૃતુલ્ય મીરાંને. મને તેને દંડવત કરવાનું કહેતાં તારી જીભે કાંટા કેમ પડતા? મુર્ખી! હું રાજમાતા એક વહુઆરૂને નમુ તેવી મુર્ખી નથી સમજી? તેનું ગમે તેવું જાદુ હશે, પણ આ કાયાને તે સ્પર્શ કરી શકનાર નથી. તે નક્કી સમજજે; તું તો ભોળી છું, તેથી તેના જાદુમાં અજાઈ ગઈ, તેની જોડે જઇ બેઠી—પણ હું કાંઇ તેવી નથી, કે જેથી અંજાઉ, સમજી! માટે વીચાર કર, એ કુલટાનો સંગ છોડી ઘેર ચાલ્ય. એ જાદુગરણી તેના જાદુથી મારા કુંવરની ઘાત કરતાં પણ નહી બીહે; તેને તો મારી નંખાવવીજ સારી.

માતાજી! માતાજી! શું એ પ્રભુ પારાયણ દેવીને મારવાનું કહેતાં તમારી જીભ કેમ તુટી પડતી નથી? શું તમે એને મારશો? મારવાની વાત તો કોરાણે રહી, પણ તેના વાળને પણ ઈજા પહોંચાડી શકો તેમ નથી.

મોટાંબા—તે હમને શું કરી નાંખવાની હતી? શું અમારી આબરૂ ખોવા તેને જીવતી રાખીશું? એ વંઠેલને શું, વખતે મારા કુંવરને મારી નાંખે; એ જાદુગરણીને શી રીતે પહોંચાય?

પદ્માબા—માજી! માજી! તમારી બુદ્ધિ કેમ ફરી છે! શું મીરાંબાઈથી તમારી આબરૂ જશે? શું આબરૂ સાચવા માટે તેને મારી નંખાવવા ધારો છો? શું એ પવિત્ર સાધવી માતૃ-

તુલ્ય જગતજનેતાતે વંઠેલ કહો છો ? મા-જી! માજી! તમારી ભુલ છે. મીરાંબાઇ જેવી પરમ સાધવીથી તમારી આબરૂ વધશે. અ-હીઆં અને ત્યાં બંને ઠેકાણે વધશે. અહીઆં એટલે જગતમાં એટલે આ લોકમાં, અને ત્યાં એટલે પરલોકમાં, બંને ઠેકાણે આબરૂ વધશે. તેને મારી નાંખવાની ગમે તેટ-લી યુક્તિઓ કરો, પણ જેને માંથે સાચો ધણી શ્રી **ગિરિધરલાલજી** બીરાજે છે, જેની ગણુનામાં તમો એક જંતુ છો, તેની મનમા-નીને મારવામાં ફાવશો, તે સ્વપ્ને પણ સમજશો નહી. નાહક પાપના પોટલા શા-માટે બાંધો છો ? મારવામાં જે પાપ સમા-યેલું છે, તેથી વિશેષ પાપ મારવાનું મનન કરવામાં છે, માટે પાપ પુન્યને વિચાર કરો. માજી ! વિચાર કરો. જગત જનુનીને વંઠેલ એ શબ્દની ઉપમા નહી આપો. પરમ પુજ્ય સાધવીને પગે પડી તેને કહેલ કટુ વચનોની માફી માગો; તમે ગમે તેમ બોલો છો, પણ જુવો છો કશીએ રીસ ? જૂઓ છો કશો ખાર ? જુવો છો કશુ ઝેર ? ના ! પ્રભુ પારાયણ દેવીને રીસ, ઝેર, કે ખાર કશુંએ નથી. તે તો સમદ્રષ્ટીથી જોવાવાળી છે; તમે તમારે જે વાત બનવિ સંભવિત નથી, તે વાત બોલી ગમે તેટલાં પાપનાં પો-ટલા બાંધો, પણ માજી અંતે તે પોટલા આ-ત્માનેજ ભોગવવાં પડવાનાં; માજી! માજી!

દેહ નાશવંત છે, આત્મા અમર છે. દેહથી કર્યાં આત્માનેજ ભોગવવાં પડે છે. આત્માને કાંઈજ કરવાનું નથી. સંસાર અટવીમાં માયા રૂપી દેહ કોટડીમાં અમર આત્માને પુર્યો છે. આત્મા તે કારાગ્રહથી છુટવા બહુ વલખાં મારે છે, પણ માયા રૂપી કોટડી નાશવંત દેહ. તેને બહારૂ આપે ત્યારેને ? માયા કોટડી રૂપી દેહ પડતાં, આત્મા છુટો પડી ન્યાય મંદીરમાં તે માયા કોટડીનો ન્યાય આપવા જશે. અદ્દલ ન્યાય થશે, અને માયા કોટડી રૂપી દેહે જે કર્મો કર્યાં હશે તેની શીક્ષા આત્માને ભોગવવી પડશે. કાયારૂપી નગ્રમાં આત્મા મુસાફર આવ્યો છે. સોદાગરનું રૂપ લઈ આત્મા અનેક વ્હેપાર કરે છે, તે વહેપારનો હીસાબ પરમાત્મા રૂપી શેઠ પાસે જશે, અને તેમાં તેને શાબાશી ક્યારે મળશે કે નફો મળશે ત્યારેજ. નહીતર તેના કોપને પાત્ર થશે; માટે માજી! પુન્ય રૂપી કમાઈ મુકી, પાપ રૂપી નુંકશાનીમાં શા માટે ઉતરો છો ? પરમાત્મા અદલ ન્યાઈ છે, ત્યાં હીસાબ આપતાં પસ્તાવો કરશો, તે કરતાં તેવી પાપ રૂપી નુંકશાનીમાં શા માટે ઉતરો છો ? સાચી સતિ સાધવી પ્રભુ પારાયણ દેવીનું બુરૂ કરવાનો વિચાર કરતાં પહેલાં મનને વારો, છતાં સમજો, કે તેવી છે તો તેનું કર્મ તે જાણે, તમારે શું? " ભેંશનાં શીંગડાં ભેંશને ભારે " તે કહેવત ક્યાં જાણતાં નથી; માટે તેવા પાપ કર્મ તજી

ભગવાન શ્રી **ગિરિધરલાલજી**નું રટણ કરો. અને તમારા કુંવર માટે ધાસ્તી ના રાખો. શું આ સાધવી તમારા કુંવરનું બુરૂ કરશે? ના! ના! સ્વપ્ને સમજશો નહી. **શું** એ સાધવી મારશે એમજ સમજતાં હો, તો બોધ રૂપી કટારથી તમારા કુંવરના ઘટ ઘરમાં વાસ કરી રહેલા તમારા કુંવરના સાચા આર કામ, ક્રોધ, લોભ, મોહ, માયા અને અંહકાર તેમનેજ મારશે. તમારા કુંવરને તે ઈજા આવવા નહીજ દે. જેમ બિલાડી ઉંદરને મારે છે, જેમ નોળવો સાપને મારે છે, તેમ સાધુજન કામ, ક્રોધ, મોહ, માયા, લોભ અને અંહકારને મારે છે, બીલાડી ઉંદરને જોતાંજ તેનો નાશ કરી નાંખે છે. નોળવો સાપને જોતાંજ તેનો નાશ કરી નાંખે છે. તેમને નજરે દીઠા છોડતાંજ નથી. તેમ સાધુજન કામ ક્રોધને છોડતા નથી. તેમના તે શત્રુ છે. અમર આત્માને માયામાં ફસાવનાર તે છ શત્રુ છે. સાધુજન છના શત્રુ છે. તેને મારી માયા વિરક્ત કરશે. માટે માતાજી! આ બોધ રૂપી નાવ ગ્રહણ કરી ભવદધી તરો, નહીતો અધવચમાં ડુબી મરશો, અને છેવટમાં પસ્તાવો થશે.

મોટાંબા—એતો જાણ્યું તારૂ ટાયલું. **શું** મોટું પંડીતનુ પુંછડુ થઇ છે? તું અને તારી મીરાં પાર ઉતરો. અમે અમારે ભલે ડુબી મરીએ. આ હા હા હા! શું જાદુનું જોર!

દુર્મદસીંહ—માજી! જોયો ઢોંગ? પદ્માબા! આથી તો રાણાજીના નામને બટ્ટો લાગશે સમજ્યાં?

પદ્માબા—પાપીઆ, શું સમજુ? તું તારી મેળે સમજ, અને આ બીજાં અમારાં પાપીષ્ટ માજી ઉભાં તેને સમજાવ.

મોટાંબા—શું હું પાપીષ્ટ?

પદ્માબા—હા! પાપીષ્ટ નહી તો બીજું શું? આ બોધ રૂપી વારીથી એક પત્થર સરખો પણ પીગળી જાય, તે બોધ રૂપી વારીથી તમારી માટીની કાચી કોટડીરૂપી દેહને અસર ના થયો, તો પાપીષ્ટ નહીતર બીજું શું?

મોટાંબા—એતો જાણી તને. ચાલ્ય ઘેર ચાલ્ય. એવી નામબોળું સાથે રહેવાનું કામ નથી, માટે ચાલ્ય.

પદ્માબા—નામબોળુ? માજી નામબોળું તે નથી. પણ નામબોળુ તો તમો આપોઆપજ છો. તમો જગતના પામર પ્રાણીઓ પાસે નામ કાઢવાનું શું કામ છે? પવિત્ર પરમાત્મા પાસે તેનું નામ નીકળી ગયું છે. ને નામતો શું! પણ કામ નીકળી ગયું છે સમજ્યાં?

મોટાંબા—તે સમજીને મારે શું કામ છે. કામ નીકળી ગયું નથી. હજીતો કામ નીકળવાની વાર છે. રાણાજી હસ્તેજ તેનું કામ નીકળી જશે, સમજી? પણ તારે આવવું છે કે નહી?

પદ્માબા—ના! ના!. મારે તો તમારી માયાની જાળમાં આવવું નથી. ફક્ત આ મારી માતૃ તુલ્ય જ-

ગતજનુની અને તેમના પતિ ગિરધરલાલજીનું શેવન કરવું છે, તમે તમારે જાઓ.

મોટાંબા—ઓહો! શું બીચારી રહેવાવાળી! તારી મગદુર છે, કે તું આ જાદુગરણી પાસે રહી શકે? જોયો ફેર! શી ભભુતી ભભરાવી?

પદ્મબા—જ્ઞાનરૂપી ભભુતીથી માયારૂપી દીપક જે આ શરીરમાં ઉજાસ મારી રહયો હતો તે બુઝાઈ ગયો. અને તે અંધકારમાં જ્ઞાનરૂપી ભભુતી અડતાં ઓચિંતો સત્ય પ્રકાશ થયો, અને સમજી, કે માયા તે મીથ્યા છે. સંસારરૂપી સમુદ્રમાં ડુબી મરવાનું એક સાધન છે.

મોટાંબા—એ તો બધું જાણ્યું તું જ્ઞાની થઈ છે તે. પણ ચાલ્ય આગળ થા, નહીંતર રાણાને બોલાવવા પડશે.

પદ્મબા—રાણાને! રાણાજી શું કરશે?

મોટાંબા—શું કરશે! સુકાની જોડે પણ લીલુ પણ બળશે. આ જાદુગરણીને તો પોતાનો હાથ બતાવશે પણ તેની સાથે તારે પણ સજા ખમવી પડશે.

પદ્મબા—એજ કે બીજું? સજા ખમ વા આ દેહ તૈયાર છે. શું સજા કરશે? જીવથી મારશે! એક વખત મરવું તે તો પ્રાણીમાત્રને છેજ. નીમીત વગર કોઇથી મરાતુ નથી. રાણાજી હાથે મ્હોતનું નીમીત હશે તો તેમ થશે.

મોટાંબા—ત્યારે તો તું નહીજ આવે કેમ ?

પદ્મબા—ના, ના, ને નાજ.

મોટાંબા—કારણ ? એવું તેં અહીંઆં શું જોયું, કે તું ઘેર આવવાની ના પાડે છે ?

પદ્મબા—શું જોયું ! સત્ય પુછતાં હો, તો જે મહા પ્રભુ મોટા મોટા રૂષીમુનીઓના સ્વપ્નામાં પણ ના આવે, તે મહાપ્રભુ શ્રીગિરિધરલાલજીનાં દર્શન. કહો એથી કાંઇ વધારે છે ?

મોટાંબા—એ તો જોયાં તારાં દર્શન ફરસન (દુર્મદસીંહજી) દુર્મદસીંહ જાઓ રાણાને બોલાવી લાવો, અને આ હકીકત તેનને વિદિત કરો.

દુર્મદસીંહ—હાલ જાઉં છું, અને તેમને બધી વાતે વાકેફ કરી હાલને હાલ તેડી લાવું છું કહી ગયો. મોટાંબા કહે ઠીક છે, જોઉછું, કે તારી હઠ શું કામમાં આવે છે, અને તારી મીરાંને પણ બતાવું છું કે જાદુ કેવી રીતે ચલાવાય છે. મીરાંબાઇએ પદ્માબાને કહ્યું પદ્માબા ! ચાલો ચાલો, આપણે આપણા ભગવાનનું ભજન કરીએ.

ગાયન.

(મીરાંને પુર્વ જનમ શું છે પ્રિત) એ રાહ.

ધર્યું છે સાચુ પ્રભુ તુમમાં ચિતરે ખરેખર લાગી છે.
ગિરિધરલાલશું પ્રિતરે, નામ હૈડે ધાર્યું છે હોજી.
અનેક ભક્તો તારીઆ, જાતે કીધી વ્હાર;

અડગ ટેક રાખી રહ્યા, તે પોહોચ્યા ભવો દધી પારરે—નામ.
પંચાળી ચીર પુરીયાં, કૌરવને દરબાર;
ઓંઠો પાડ્યો પાપીને, પ્રભુજી સુણ્યો સતીનો પોકારરે—નામ.
પ્રલ્હાદ સ્તુતી સાંભળી, હીરણ્યકશીપુ દરબાર;
પાપીના વધ કારણે, પ્રભુએ લીધો નૃશીંહ અવતારરે—નામ.
બળતા નીંભા માંહીથી, બચાવ્યાં મંજારી બાળ;
ભક્તની સ્તુતી સાંભળી, થતો બચાવ્યો તેહનો કાળરે—નામ.
ભક્ત વસ્તલ સુંદર તમે, સમરીએ દીલ સાથ;
હાથ કદી નવ છોડશો, દીન બેલી તમે દીનાનાથરે—નામ.

મોટાંબા કહે શું મ્હોટી ભક્તાણી ! જાણે મ્હોટા ભગતનું પુંછડુ બનીઆ હોય, તેવો ડોળ ધરી બેઠીઆ છે. પદ્માબા કહે માજી ! ભગવાનની ભક્તવત્સલતા સાંભળી ? ભજનમાં જે રસ છે તે તમોને ક્યાંથી સમજાય ! મોટાંબા કહે રાણાજી શિવાય તે સમજાવાનો નથી. તે આવે એટલીજ વાર છે. મીરાંબાઇ કહે પદ્માબા નાહકની કુથલી શા માટે કરો છો? ગિરિધરલાલજીનું રટણ કરો. વખત નકામો નહી ગુમાવો, વખત ફરીથી મળવાનો નથી. વખતનું મુલ્ય થતુ નથી. વખતની કીમત ન્યારી છે, માટે ભગવાનનું નામ લ્યો. તેના નામની ધુન લગાવો. બોલો **જય ગિરિધર લક્ષ્મીવર પ્રભુ જય ગિરિધર લક્ષ્મીવર.**

પ્રકરણ ૧૪ મું.

દુર્મંદસીંહ રાણાજી પાસે ગયો અને રાણાજીને કહ્યું રાણાજી! માતુએ તમને ભુતના મ્હેલે બોલાવ્યા છે. રાણાજી કહે ભુતને મ્હેલે શું કરવા? દુર્મંદસીંહ કહે તમારી મીરાં જાદુગરણીનું જાદુ જોવા. મીરાંનું જાદુ! હા મહારાજ. મીરાંનું જાદુ જાદુ શાનું? શાનું શું મહારાજ, ભુતનો મ્હેલ તો આપનો અજાણ્યો નથીને? રાણો કહે ના. દુર્મંદસીંહ કહે તે ભુતનો મ્હેલ તો ઇંદ્રભુવન જેવો બન્યો છે. રાણો કહે શી રીતે? દુર્મંદસીંહ કહે શી રીતે શું, જાદુના જોરથી. રાણો કહે મીરાં જાદુગરણી છે? દુર્મંદસીંહ કહે જાદુગરણી તે કેવી! ભુતના મ્હેલને તો ઇંદ્રભુવન જેવો બનાવ્યો, પણ તમારાં બ્હેન પદ્માબાને કોણ જાણે શું જાદુ કર્યું છે, કે તેતો તેનેજ દેખે છે. તેના ભેગાં ભળી ગયાં છે, તે મ્હેલે આવતાં નથી. તેથીજ તમને તેડવા સારૂ માજીએ મને મોકલ્યો છે. માટે ચાલો અને તે જાદુગરણીનાં કામો જુવો, એટલે તમારી ખાત્રી થશે.

રાણાજી કહે શું એવી જાદુગરણી છે? દુર્મંદસીંહ કહે હા મહારાજ. જેણે ભુતના ભયંકર મ્હેલને ઇંદ્રભુવન જેવો બનાવી દીધો, તેને તમને ઠાર કરતાં શું વાર! નડતરને દુર કરવું તે કોણ ના કરે? માટે તેનો કાંક રસ્તો કરી દ્યો. નહીતર તે રાજનું પણ ઉથલપાથલ કરી શકે તેમાં શક નહી.

રાણાજી કહે દુર્મંદસીંહ તેનું શું કરવું? દુર્મંદસીંહ કહે શું કરવું શું, તેને તો ઠારજ કરવી. જો તે જીવતી

રહી તો નક્કી સમજજો કે રાજનું બુરૂ થશે.

એમ વાતો કરતા ભુતના મ્હેલ નજીક આવ્યા. ભુતના મ્હેલને ઈંદ્રભુવન જેવો જોઈ રાણો ચકિત થયો, અને કહ્યું વાહરે જાદુગરણી મીરાં તારૂ જાદુ! હું આવી જાદુગરણી જાણતો નહોતો.

દુર્મદસીંહ કહે રાણાજી! હજી મ્હેલમાં તો ચાલો: પદ્માબાને તેના જાદુના પાસમાંથી મુક્ત કરો ત્યારે ખરૂ! રાણો કહે પદ્માબાના શું ભાર છે, જો હાલ તેડીને જાઉછું, કહી મ્હેલમાં પ્રવેશ કર્યો.

રાણાજીને જોઈ મોટાંબાએ કહ્યું રાણાજી! આ તમારી જાદુગરણી રાણીએ મારી પદ્માને શી ભભુતિ ભભરાવી છે, કે તે સાવ ઘરી બેઠી છે. કહે છે કે મારે ઘેર આવવું નથી. રાણો કહે કેમ? મોટાંબા કહે તેને ભક્તાણી થવું છે. કયારનાં તે બે જણાં તાળીઓ કુટે છે, ને કાંક લવે છે.

રાણાએ પદ્માબાને કહ્યું પદ્માબા! ઘેર ચાલો. પદ્માબા કહે રાણાજી! મારે, ઘેર આવવું નથી. તમારા ભુતના મ્હેલમાંજ છું. રાણો કહે એ જાદુગરણી જોડે રહેવું નથી. એકદમ ઘેર ચાલો.

પદ્માબાએ કહ્યું રાણાજી! તમારી બુદ્ધિ કેમ બગડી છે? જે જગતજનુનીને મ્હોટા રૂષી મુની નમે, તેને જાદુગરણી કહેતાં શરમાતા નથી? પવિત્ર સતી સાધવી જગતજનેતાનું અપમાન કરતાં વિચાર કરતા નથી? પ્રભુજીનો પ્રત્યક્ષ પરચો જોવા છતાં પાપાંધ શા માટે બનો છો? રાણો કહે શો પરચો? પદ્માબા કહે શો પરચો! જે ભુતનો મ્હેલ છેટેથી ભયંકર લાગતો હતો, તે ઈંદ્રભુવન

સરખો શ્રી હરી વાસીત ઉત્તમ મંદીર બન્યું છે, તે દેખાતું નથી ?

રાણો કહે જોયું તે બધું જાદુનુ જોર. તે બધી જાદુની વિધાનો ચમત્કાર. એ વિધાના અનેક દાખલા વાંચ્યા છે. તું ભોળી તેથી ભોળવાઈ છું, કે કાંક ભભુતી નાંખી ભોળવી છે. હું કાંઇ તારા જેવો ભોળો નથી, સમજી ?

પદ્મા કહે મારા જેવા ભોળા થઇ તેનું ભભુતીરૂપી શીક્ષણ માથે ચઢાવો, તોતો સમજો કે તમારાં નશીબજ ખુલી જાય, અને તેથી સ્હેજમાં સ્વર્ગ સુખની પ્રાપ્તિ થાય. ફરીથી માતાના ગર્ભવાસમાં આવવું ના પડે.

રાણો કહે જોયું તેનું શિક્ષણ. હું રાણાને તે બિચારી શું શિક્ષણ આપનાર હતી ? ચિતોડનો રાણો ક્ષત્રીયોમાં શ્રેષ્ટ, તે એક અબળાનુ શીક્ષણ ગ્રહણ કરશે ?

પદ્માબા—રાણાજી ! તમારૂં એવું ભાગ્ય ક્યાંથી, કે તે પોતે શીક્ષણ આપે ને તમે ગ્રહણ કરો? શું તમે તેને અબળા સમજો છો ? શું તમે પોતે પોતાને ક્ષત્રીઓમાં શ્રેષ્ટ અટંકી વીર માનો છો ? ના ! ના ! તેમ નથી. તે અબળા નથી, પણ તમોજ અબળ છો. તે તો એક સાચી પ્રબળા છે, તેમાં બીલકુલ શક નથી.

રાણો—શું પદ્માબા ! હું અબળ ? કેવી રીતે અબળ ? શું મારાં પરાક્રમ તમારાથી અજાણ્યાં છે ?

પદ્માબા—રાણાજી તમે શું પરાક્રમ કર્યાં છે ? યવન સાથે યુધ્ધ કે બીજા ? તેમાં શુ; તેથી તમે પોતાને અટંકી સમજો છો ? રાણાજી અલી-

માનના શબ્દો ના બોલો. અભીમાન રાજા રાવણ સરખાનો રહ્યો નથી, તેમ કૌરવ જેવાનો પણ રહ્યો નથી. માટે રાણાજી અટંકી એ શબ્દથી ફુલાઈ ના જાઓ.

રાણો—ત્યારે શું હું ખોટો અટંકી ?

પદ્માણા—એક વાર નહી પણ લાખવાર સમજ્યા ? અટંકીનાં નામ સાંભળ્યાં છે? જુવો સાંભળો, ધ્રુવ, પ્રલ્હાદ, અમરીષ, સુધનવા, ચંદ્રહાશ એવા ઘણા અટંકી વીરો થઇ ગયાં જેઓ ભક્તિની સાચી ટેક ધરી ભગવાનને ભજતા હતા, અને તે અવટંકી ભક્તિ બળે પ્રભુની મ્હેર મેળવી. ધ્રુવજી અમર થયા, પ્રલ્હાદને તેની અચળ ભક્તિથી ભગવાન પ્રસન્ન થઈ હીરણ્યકશપુને નૃસીંગ રૂપ ધરી માર્યો, અને પોતાનો કરી થાપ્યો. સુધનવાને તેલની કઢામાં તેના પીતા પોતાના પાપીષ્ટ પ્રધાન શંખ અને લેખની ચઢવણીથી નાખવા તૈયાર થયા, ત્યારે તેની સાચી ભક્તિની ટેકથી તેલની કઢા ભગવાને શીતળ બનાવી. ચંદ્રહાસને દ્રષ્ટબુદ્ધિ પ્રધાન ગાલવ મુનીનું વચન જુઠું કરવા અને પોતાનો જમાઈ નહી બનવા દેવા માટે તેને મારવા અનેક પ્રયત્નો કર્યા. જંગલમાં તેને મારાઓ સાથે મોકલ્યો, પણ તેની ભક્તિની ટેકથી ભગવાને તેમાં દયા મુકી તેને બચાવ્યે. અને છેવટે તેનેજ દ્રષ્ટબુદ્ધિનો જમાઇ બનાવ્યો. મુનીનાં વચન સત્ય થયાં, અને તેજ ચંદ્રહાસ તેનો જમાઇ થયો. જમાઇ બનવા છતાં પણ પોતાની પુત્રી

વીધવા થવાની બીક નહી રાખતાં, માતાના મંદીરે મારા મોકલ્યા, તેને પુજા કરવાનું બહાનું કાઢી મોકલ્યો છતાં, જેને શામળીઆની સાથ તેનો વાંકો વાળ ન થાય. તે કહેવત મુજબ તેને રાજાએ બારોબાર તેડાવ્યો. પુજાનો થાળ લઇ તેનો પુત્ર મંદીરે ગયો, અને તેને મારાઓએ ઠાર કર્યો. કરવું અને જો ! સુરજ સામી ગમે તેટલી ધુળ ઉડાડી સુરજને ઝાંખો કરવા, ધારે પણ સુરજ કદી ઝાંખો નજ થાય. તે સઘળી ધુળ પોતાની આંખમાં પડતાં પોતેજ અંધ બને. સામાને નાંખવા ગમે તેટલા ખાડા ખોદે. પણ તે ખાડામાં સામો માણસ નજ પડે. એ ખાડામાં તો જે ખોદે તેજ પડે. સામાનું ગમે તેટલું બુરૂ કરવા ધારે, પણ તેનું બુરૂ નજ થાય, ને છેવટમાં પોતાનુંજ બુરૂ થાય. સામાને ખરાબ કરવા ગમે તેટલા પ્રયત્નો કરે, પણ સામાને કાંઈ નજ થાય, અને છેવટે પોતાનું ધાર્યું ધુળ થાય. એતો કરે તેવુંજ ભરે અને છેવટમાં પસ્તાઇ પસ્તાઇને મરે. ઇશ્વરની કૃપાથી ચંદ્રહાસ બચી ગયો અને પ્રધાન પુત્ર માર્યો ગયો. છેવટમાં દ્રષ્ટબુદ્ધિ કચેરીમાં ગયો અને ચંદ્રહાસને જોતાં તે વિચારમાં પડયો. તેને પુછતાં પોતાનોજ કુંવર દેવીને દેહેરે ગયો છે, એવું સાંભળી એકદમ દેવીને મંદીરે ગયો. ત્યાં પોતાના કુંવરને મારાઓના હાથથી ઠેર થયેલો જોઇ તે પોતાને હાથે

દેવી સમક્ષ કટાર ખાઇ મુવો. ચંદ્રહાસ દેવીના દેહેરે આવ્યો, અને આ બે જણની લાશોને જોઇ પોતે મરવાને તૈયાર થયો. ત્યાં તેની અચળ અને અડગનીષ્ટા પ્રભુ પ્રતે જોઈ દેવી પ્રસન્ન થઇ. તેને મરવાનું કારણ પુછતાં ચંદ્રહાસે કહ્યું આ બંને મુવા તો મારે જીવીને શું કરવું છે? દેવી તેની આવી સમદ્રષ્ટી જોઇ અજાયબ થઇ તેને ધન્યવાદ આપ્યો. દ્રષ્ટબુદ્ધિને અને તેના છોકરાને જીવતાં કર્યાં. છેવટે દ્રષ્ટ બુદ્ધિ પોતાની પાપીષ્ટ નિષ્ટા બદલાઇ તે ચંદ્રહાસને પગે પડયો. એવા વીર તે અટંકીવીર. કહો રાણાજી તેમાંનુ તમે શું કર્યું? ક્ષત્રીઓમાં ભલે અટંકી વીર કહેવાઓ, પણ જ્યાંસુધી એક ટેક ધરી શ્રી ગિરિધરલાલજીનું રટણ નહી કરો, ત્યાંસુધી અટંકી થવાના નથી, તે સત્ય સમજજો.

રાણા—અમારે એવી ટેક જોઇતી નથી. તમે તમારે ભક્તાણું કુટયા કરો છો એજ બસ છે.

પદ્મા—એટલુંએ સમજતા હો તો તો સારૂંજને! જો એમ સમજતા હો, તો મીરાં જેવી પવિત્ર જગતજનુનીને શા માટે હેરાન કરો છો?

રાણા—તેને તો હું કદાપી કાળે છોડવાનો નથી. તેને જીવતી રાખું તો એ જાદુગરણી શું ના કરે!

પદ્મા—રાણાજી! નાહકનુ પાપ શીદ વ્હોરો છો? જરા વિચાર કરો. બોલો છો સવળુ ને સમજો છો વાંકુ. જે મીરાંબાઇથી થશે તે કોઇથી થવું નથી,

તે સત્યજ છે. પણ સાર અસારનો વિચાર કરો. એના કૃત્યોથી તો તમારી પાપી નજર પવિત્ર થશે, અને તમારૂ કલ્યાણ કર્તા પણ તેજ થશે.

રાણો—શું એ બીચારીથી મારૂ કલ્યાણ થશે? જોઈ મોટી કલ્યાણ કર્તાનું પુંછડું.

પદ્મા—સમજો! સમજો! રાણાજી સમજો. એને કથીર સમજતા નહી. એતો પારસમણી છે. એના સંત્સંગથી લોહ પણ સુવર્ણ થાય તેમાં શક નથી. મને તો તેની ખાત્રી થઈ ચુકી છે.

રાણો—શી?

પદ્મા—જુઓ સાંભળો; તેના સત્સંગથી અજ્ઞાન રૂપી અંધકાર હૃદયમાંથી દુર થઇ જ્ઞાન રૂપી દીપક પ્રકાશી રહ્યો છે. અને તે પારસમણીના સંગથી લોહ રૂપી હૃદય કંચન જેવું પવિત્ર થયું છે. અને તેથીજ સાક્ષાત શ્રી ગીરિધરલાલજીનાં દર્શન કરવા પામી છું, તે સત્રળો તે માતૃ તુલ્ય જગત જનુની મીરાંબાઇનોજ પ્રતાપ. નહીતો આ કળી કાળમાં સાક્ષાત દર્શન ક્યાંથી મળે! આ જગત-જનુનીને તો હું તનમનથી પ્રણામ કરૂં છું. તેના પગની રજને પણ હું માંથે ચઢાવું છું. રાણાજી તમને પણ કહું છું, કે જો તમારૂ શુભ ઇચ્છતા હો, તો આ માતૃ તુલ્ય મીરાંને સાષ્ટાંગ દંડવત્ કરો. તેનાં બોધ વચનો માંથે ચઢાવો. તેથી નક્કી સમજજો કે તમારી પાપી કાયા, પાપી વૃતી પવિત્ર થશે, અને સ્હેજ-માં મોક્ષ પદની પ્રાપ્તી મળશે.

રાણો—તું તારે પગે પડ અને તું તારે પવિત્ર થા.

તને તેની લુચ્ચાઈની ક્યાંથી ખબર પડે? કારણ, તને તો તેણે જાદુમાં આંધળી બનાવી છે, અને જાદુના જોરથીજ પોતાની તરફેણમાં તાણી છે. (મીરાંબાઈને) બોલ મીરાં! આ મ્હેલ ઉપર શું જાદુ કર્યું? કીયા જાદુના જોરે આવો ઈંદ્રિભુવન મ્હેલ જેવો મ્હેલ બનાવ્યો?

મીરાં—રાણાજી! ભક્તિ જાદુના બળથી તમારા ભુતના મ્હેલને ઈંદ્રભુવન જેવો બનાવ્યો.

રાણો—એતો જોયુ તારૂ ભક્તિ જાદુ પાપણી! મ્હેલ ઉપર જાદુ કર્યું તે તો ઠીક, પણ આ મારી બ્હેન પદ્માને શું જાદુ કર્યું; કે ફક્ત તનેજ આધિન બની બેઠી છે. એવી તે તેં શું ભભુતી ભભરાવી છે, કે જેથી તે સાવ આંધળીજ બની તનેજ દેખે છે?

મીરાં—રાણાજી! તેને જ્ઞાન જાદુ નાંખ્યું છે. તે જ્ઞાન જાદુમાં ગળી જતાં પાપ પીસાચ દુર થયો છે. તે મને આધીન નથી, પણ મારા સાચા પ્રભુ ગિરિધરલાલજીના આધિન છે, સમજ્યા? તે માયામાં અંધ હતાં, તે માયાનાં પડળ ખુલી જતાં અજ્ઞાન અંધાપો દુર થયો. આંધળાં બન્યાં નથી.

રાણો—એતો જોયાં તેનાં જ્ઞાન ચક્ષુ, પણ કહું છું કે તેને સીધી રીતે ઘેર મોકલ, નહીતર હું તારો જાન લઈશ, તને મારી નાંખીશ.

મીરાં—જાન લેશો! મારી નાંખશો! તમારાથી કશું બનવાનું નથી. જેને મારવાનું તેને મારી શક્યા

નથી, તો મને શી રીતે મારવાના હતા?

રાણો—કોને નથી મારી શકયો! મોટા અકબર જેવા બાદશાહને હંફાવ્યો છે, તો તું બીચારી શું હીસાબમાં! એક પલકમાં મારી નાંખું સમજી?

મીરાં—એતો સમજી. જાણોછો અકબરને હંફાવ્યો તે ખરીવાત, પણ તે તમારી ધર્મની ઝનુન પણ જ્યાંસુધી મારા ગિરિધરલાલને હંફાવ્યો નથી ત્યાંસુધી બધું એ ખોટું.

રાણો—એતો જોયો તારો પ્રભુ! આખી ક્ષત્રીની જાતમાં શ્રેષ્ટ કહેવાઉછું. અકબર જેવા મહાન બાદશાહને હંફાવ્યો તો તારો ગિરિધરલાલ શું હીસાબમાં છે? લગાર સામો આવે તો બતાવું.

મીરાં—સામો શું કરવો છે, તમારા ઘટ ઘરમાં પણ તેનો વાસ છે. એતો તમારી પાપીષ્ટ વૃતીથી તમારા ઘટમાંથી દુર થયો છે. તેના હીસાબમાં મહાન અકબર બાદશાહ અને તમો મ્હોટા રાણા તે જંતુ જેવા છો. તેનું વીરાટ સ્વરૂપ જોયું છે? જેના મુખમાં નવે ખંડ સમાવેલા છે, તો તેનું સ્વરૂપ કેવડું હશે? તેનો વિચાર કરો, એવા મારા નાથને વિસરી નહી જાઓ. માતાના ગર્ભવાસમાં ઉંધે મસ્તકે લટકતા હતા, ત્યારે સ્તુતી કરતા હતા તેનો ખ્યાલ કરો. તે ગર્ભવાસમાં ફરીથી આવવું ના પડે તેવા ઉપાય કરો. મારૂ મારૂ શું કરી રહ્યા છો. જાઓ ઘેર જઈ રોટલાને દાળ મારો, કે જેથી પેટ ભરાય. બીજું કોઇ તમારાથી મરાવાનું નથી. તમારી ભુ-

જાબળ ઉપરજ કુદતા હો, તો તે બળ મારો વ્હાલો સેજ વ્યાધિ મુકશે તો તે જુજબળ દુર થશે. માટે તેવો મીથ્યા અભિમાન તજો, અને જેને મારવાના છે તેને મારો. મારવાના પોતાના સાચા શત્રુ તેને મારો, કે જેથી વ્હેરિથી મુક્ત થશો.

રાણો—હા! હા! વેરીનેજ મારીશ. પ્રથમ વેરી તુંજ, કે જેણે મારી બ્હેન ઉપર જાદુ કરી તેને આંધળી કરી. બીજો વ્હેરી યવનશાહ, જેણે પોતાના બળે ક્ષત્રી જાતને વટલાવી.

મીરાં—તે અરી નથી. મેં કાંઇ તમારી બ્હેનને જાદુ કર્યું નથી, પણ તેમને મારા બોધરૂપી જાદુનો અસર થતાં તેમની માયા બુદ્ધિ દુર થઇ છે. ગ્નાન બુદ્ધિ ગ્રહણ કરી છે તેથી તેમની પાપ વૃતી જતાં પવિત્ર બની બેઠાં છે. અને યવન બાદશાહ પણ તમારો અરી નથી. એતો જગતમાં માયાનું પ્રબળ મારૂ તારૂ તેજ છે. પણ ખરા અરિતો છ છે, કે જે અરી તમારૂ ચાલે તેટલું યુદ્ધ કરી શકે તેવા જોરાવર છે. માટે તેને મારો ત્યારેજ તમારી અટંકી અડક ખરી, નહીંતર ત્યાંસુધી અટંકી સમજતા નહી.

રાણો—એવા છ અરિ કીયા છે જે મારાથી પણ જોરાવર છે?

મીરાં—જુવો સાંભળો. કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર અને અભીમાન. કહો એ શત્રુને મારવા સમર્થ છો? નહિતર તે આ લોકનું ને પરલોકનું બંને ઠેકાણાનું બગાડી મનુષ્યરૂપી ભવરત્નને

ખરાબખસ્ત કરી નાંખશે, અને લક્ષ ચોર્યાશીમાં ફેરવશે.

રાણો—હું કાંઇ તારૂં ટાયલું સાંભળવા આવ્યો નથી. બસ કહું છું કે પદ્મા ઉપરથી તારૂં જાદુ ખેંચી લે અને તેને ઘેર મોકલ.

મીરાં—રાણાજી! આ ટાયલું નથી. મારો ગરીબનો બોલ શ્રવણ કરો, જુવો સાંભળો.

ગાયન.

(અરે શું માનવનો અભીમાન) એ રાહ.

ખરેછે કાયા કાચો કુંભ, વણસતાં વાર નથીરે.
જીવ શીદ કરે મમત નાદાન, માયામાં મરે મથીરે.
માયામાં મરે મથીરે, છેવટે સાર નથીરે—ખરેછે.
ભવ અટવીમાં માયા ગળતી, ન જા......એ કળી
જાણે અજાણે તેમાં પડતાં, જા........એ ગળી
ચાલ્ય તજી ગુમાન—ખરે છે.
માયા અકળ કીરતારની, કળના ન તેની થાયછે;
તજતાં સુખી રટતાં દુખી, ભવરત્ન એળે જાય છે.
માટે વિચારી રહે પરો જીવ, શીદ તેમાં ધાય છે.
તે માયાથી વિરકતને, હમેશ ગિરિધર સ્હાય છે. ખરે.

રાણો—હવે સાંભળ્યું તારૂં ટાયલું! જોયું તારૂં જાદુ! તેમાં અંજાઇ જાય તે આ પદ્મા જેવી. મને તેના જેવો ભોળો કે નાદાન સમજતી નહી, સમજી?

મીરાં—એવાં તમારાં ક્યાંથી ભાગ્ય જાગે, કે જેને તમે જાદુ સમજો છો તે તમને અસર કરે! અને તે જાદુનો અસર થાય તો તો તમારૂં સ્હેજમાં

કલ્યાણ થઇ જાય. માટે સમજો, સમજો, અને તમારી માતા મહાદેવી મુકી મારા ભગવાનને ભજો. થડ શીવાય ડાળાં પાંખડાંથી કાંઈ વળતું નથી. તે ઉપર એક ટુંક દ્રષ્ટાંત છે તે શ્રવણ કરો, જેથી તમારા મનનો સંદેહ મારો ભગવાન ભાગે, અને તેમના ચરણકમળ તરફ તમારી વૃત્તીને ઘેરે.

રાણા—એતો જોયા તારા ગિરિધરલાલ. મારી માતાની તુલ્ય ના થાય. તારા ગિરિધરલાલને ભજીને આવી જાદુગરણી બની. એવાને તું તારે ભજ. મારી જગતજનની આગળ તારો ગિરિધરલાલ ખાંડ ખાય છે, સમજી?

મીરાં—રાણાજી! ડાળાં પાંખડાંને શા માટે પકડોછો? એક થડને પકડો. થડ શીવાય ડાળાં પાંખડાથી કાંઈ વળવાનું નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના અધિપતિ તો મારો વ્હાલો એકજ છે. મહાદેવજી ભગવાનના અતિપ્રિય ભક્ત છે કે જે તેમને ભજે તેને ઇચ્છીત વર આપે છે, પણ મોક્ષ શીવાય. ધર્મ, અર્થ અને કામ એટલું આપવાની મારા ગિરિધરલાલજીએ મહાદેવજીને આજ્ઞા આપેલીછે, પણ મોક્ષનો અધિકાર તો મારા વ્હાલાએ પોતાના હાથમાંજ રાખ્યો છે સમજ્યા? દેવીને તો કોઇપણ અધિકાર અપાણોજ નથી. જેમ તમે દેવીને ભજો તેમ દેવી મારા ગિરિધરલાલને ભજે. કહો કોણ ચડે તમારી દેવી કે મારા ગિરિધરલાલ?

રાણા—એતો જોયા તારા ગિરિધરલાલને; તું ગમે તેટ-

હું તારા ગિરિધરલાલનું તાણ્ય, પણ તારા ગિરિ-
ધરલાલ મારી દેવીની તુલ્યનામાં તો શું પણ
પાશંગમાં પણ આવનાર છે?

મીરાં—રાણાજી તમારી ભુલ છે. જુવો આ દ્રષ્ટાંત સાં-
ભળો, પછી કહેજો.

રાણો—(દુર્મેદસીંહને) કેમ દુર્મેદસીંહ! સાંભળ્યું અટાયલું!
વળી દ્રષ્ટાંત કહેવા માગે છે.

દુર્મેદસીંહ—રાણાજી! શું દ્રષ્ટાંત કહે છે તે સાંભળો તો
ખરા! સાંભળવામાં શું જાય છે.

રાણો—મારી માતાજીને પાછી પાડવાનું દ્રષ્ટાંત કહે તો
ખરી. મારી માતાજી કોઇ કાળે પાછી પડે
જ નહી.

મીરાં—બહુ સારૂ સાંભળો.

દ્રષ્ટાંત:—કોઈ એક ગામમાં પીપો એ નામનો રા-
જા રાજ કરતો હતો. તે રાજા દેવી ભક્ત હતો. તે દેવી-
ને પોતાની ઇષ્ટદેવ્યા તરીકે માનતો હતો. વળી એમ પ-
ણ માનતો હતો, કે દેવોમાં સર્વોપરી દેવીજ છે, તેથી
તે રાજા દેવીને તનમનથી ભજતો હતો. ભગવાનનો મ-
હીમા શું છે, તે બીલકુલ જાણતો નહી. દેવીને દરરોજ
સવામણનો લાડુ નૈવેદ ધરાવતો હતો તે દેવીના મંદીર-
ને લગતી ચારે બાજુએ સાધુ સંતોને ઉતરવાને ધર્મશા-
ળા બંધાવેલી હતી. એક દીવસના સમાયોગે મહારાજશ્રી
રામનંદ સ્વામી તેમના સીષ્યોહસને ગામમાં આવી ચઢયાં
ચત્રમાસની રૂતુ હતી. તેથી તે દેવી મંદીર વાળી ધર્મશા-
ળામાં ચોમાસુ ગાળવા નીશ્ચય કર્યો, અને ત્યાં પડાવ રાખ્યો.
પોતાની સાથે સારંગરામની શેવા છે, તે સારંગરામ ભગ

વાનને દેવીની પાસે ધર્મશાળાની પડાળી છે તે પડાળીમાં સારંગરામને સીંહાસને પધરાવી, હમેશાં તેમની ભક્તિ ભાવે શેવા કરતાં. પ્રતઃકાળે અને સાયંકાળે એ વખત ભગવાનની આરતી ઉતારતા હતાં. તે ચત્રમાસમાં એક દીવસના સમયે પણે દેવીને સવામણ લાડુનો થાળ આવ્યો છે, અને અહીં સ્વામી શ્રી રામનંદ સ્વામી ભગવાનની આરતી ઉતારવાનો આરંભ કરે છે. રાજા પ. ણ થાળ વખત દેવી સનમુખ આવી ઉભેલા છે. રામાનંદ સ્વામીએ ભગવાનની આરતી ઉતાર્યા બાદ, ભગવાનને શયન કરાવી શીષ્યોસહ હાથમાં કાંસીજોડા લેઇ ભજન કરવા લાગ્યા, રાજા મ્હેલેં પધાર્યા. તે દીવશે મધ્ય રાત્રીના સમે જ્યાં રાજા પોતે ભરનીંદ્રા વશમાં સુતેલો છે તે અરસા- માં દેવી હાથમાં ખપ્પર સાથે રાજાની છાતી ઉપર ચઢી બેઠી, કે રાજા તરત જાગ્રત થયો, અને ભયભીત બની ગયો. દેવી કહે હે રાજા ! આજ તેં મને મારા નીયમ પ્રમાણે લાડુનો ભોગ કેમ ના આપ્યો ! રાજા એ હાથ જોડી કહે હે દેવી ! હે મમમાયા ! મારાથી કાંઇ અપરાધ થયો હોય તેની હું ક્ષમા માગું છું. તમો તો સર્વોપરી દેવી છો ! હું તો એક પામર પશુ સમાન છું. માટે મારા બાળકના ઉપર આવડો ક્રોધ ? હે દેવી ! હે દેવાધી દેવી ! આજ આપનો થાળ સવામણ લાડુનો આ વ્યો તે વખતે હું સનમુખજ હતો, છતાં કેમ કહો છો કે મને ભોગ કેમ ન આપ્યો ? દેવી કહે હે રાજા ? તું કહે છે તે થાળ તો શ્રી માહા પ્રભુ ગીરીધરલાલજી આરોગી ગયા, અને હું એમની એમ નૈવેદ વિના રહી. રાજા ક- હે હે દેવી ! થાળતો તમોને ધરાવેલો અને ગીરીધરલાલ- જી શી રીતે આરોગી ગયા ? શું એવાએ તમારાથી બળ-

વાન છે ? શું એમને માથે બીજું કોઈ નથી ? આતો મને આશ્ચર્યની વાત લાગે છે કે તમારો થાળ ગિરીધર લાલજી જમી જાય ! એવા એ ગીરીધરલાલ કોણ છે ? દેવી કહે આપણા દેવાલયમાં રામાનંદજી સ્વામી જે પોતાના શીષ્યોસહ ચત્રમાસુ ગાળવા ઉતર્યા છે તેમણે શ્રી વિશ્નુ ભગવાનની આરતી કરતાં હરગનો છાંટો મારા થાળમાં પડ્યો તેથી ભગવાનને અર્પણ થઈ ગયો, અને ભગવાન આરોગી ગયાં. રાજા કહે હે દેવી ! હું તો સમજતું હું કે, ત્રણ લોક અને ચૌદભ્રમાંડમાં તમારા તુલ્ય કોઇ નથી, પરંતુ તમારાથી બળવાન છે ! ! વારૂ ! એ ભગવાનથી બીજુ કોઇ બળવાન હશે ? દેવી કહે ના. એતો સાક્ષાત નારાયણ અખંડાનંદ સ્વયંભુ જયોતી સ્વરૂપ પોતેજ ઉત્પત્તી, પાલન અને લયના કરવા વાળા. જડ અને ચૈતન્ય સર્વેમાં એમનો નીવાસ. એમના વિના પાંદડુ પણ હલી શકે નહીં. મારી ભક્તિ કરી મને પ્રસન્ન કરનાર મારા ભક્તને હું જે વર આપું તે તેમની સંમતીથી અને તે વરને સીદ્ધ કરવાવાળા પોતેજ. હું ધન, ધાન્ય પુત્ર, વૈભવ આપી શકું. અને એ પ્રભુતો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થો આપવાવાળા પોતેજ. જન્મ મરણનો ફેરો ટળે અને જે ફરીથી ગર્ભવાસમાં ન આવવું પડે, તેનો તેમની પ્રસન્નતા મેળવે તેનેજ. રાજા કહે હે દેવી ! આવા અખંડાનંદ સ્વયંભુ જયોતી સ્વરૂપ શ્રી ગીરીધરલાલજીને મુકી બીજા અન્ય દેવની ઉપાસના શા માટે કરવી ? અત્યારથી મારો એજ નીશ્ચય કે એ અખંડાનંદ સ્વયંભુ જયોતીસ્વરૂપ શ્રી ગીરીધરલાલજી એજ મારા ઇષ્ટ દેવ, એજ મારા ધણી. અત્યારથી મારા સાચા ધણીને ભજી તેમને પ્રસન્ન કરવા. હે દેવી ! હવે આજથી મારે

તમારી કાંઇજ દરકાર નથી. આટલી શેવા તમારી ઉઠાવી, તેટલી જો મારા ભગવાનની ઉઠાવી હોત, તો શું બાકી રહેત ? પીપા રાણે પોતે રામાનંદ સ્વામીને શરણે ગયા. અને તેમના ઉપદેશથી રાણો તથા તેમની રાણીઓમાંની સીતા નામે રાણી બન્ને રાજ તજી, પ્રભુનું આરૂઢ ભજન કરી, ભગવાનને પ્રસન્ન કરી, ભગવાનના સ્વરૂપને પામ્યાં. અને તે ભક્ત માળમાં પીપા ભગત લખાણા

માટે રાણાજી વીચાર કરો અને મારા ગિરિધરલાલજીનું રટણ કરો, જેથી અવીચળ પદને પ્રાપ્ત થશો. રાણો કહે ગમે તેટલાં બનાવટી દ્રષ્ટાંતો દાખવ, પણ રાણાને કાનનો કાચો સમજીશ નહી. મારી માતાના પરચા જગ જાહેર છે.

મીરાં કહે રાણાજી ! ગિરિધરલાલજીના પરચા છુપા નથી. તે પરચા તમોને પણ મળશે ત્યારેજ ખાત્રી થશે.

રાણો કહે ખાત્રીની જરૂર નથી. પ્રથમ કહું છું કે પદ્માને ઘેર મોકલ. તેના ઉપર નાંખેલું જાદુ પાછું ખેંચ.

મીરાં કહે મેં કાંઇ જાદુ કર્યું નથી. તે આવતી હોય તો સુખેથી લઇ જાવો, મારે કાંઈ કામ નથી. રાંણાએ પદ્માને કહ્યું પદ્મા ! ઘેર આવે છે કે નહી ? પદ્મા કહે ના. રાણાજી કહે પદ્મા ! આમાંથી સાર નહી નીકળે, ને સુકાની ભેગું લીલું બળશે.

પદ્મા કહે રાણાજી ! શું કરશો ? રાણો કહે શું કરશો ! જાનથી જશો, સમજ્યાં ? પદ્મા કહે શ્રી ગિરિધરલાલજીની ઇચ્છા શિવાય રાણો તો શું, પણ રાણાના રાણાથી વાંકો વાળ પણ થાય તેમ નથી. માટે ખાલી મમત મુકો.

રાણો કહે પદ્મા ! શું હું કહું છું તે ઘાસ કાપું છું ?

પદ્મા કહે રાણાજી! ખરૂ કહેવડાવો તો ઘાસ કાપતા નથી, પણ ખડ ખાઓ છો. મારૂં મારૂં કરી રહ્યા છો, પણ મારો ગિરિધરલાલ હાથ પણ ઉંચો થવા દે છે? એવો મારા પ્રભુનો પ્રતાપ છે, સમજ્યાં?

દુર્મદસીંહ કહે રાણાજી! હવે તો હદ થઈ. ઘાસ કાપતાં નથી પણ ખડ ખાઓ છો. આ શું પદ્માબા બોલેછે? ના! ના! સમજતા નહી, કે પદ્માબા બોલે છે, એતો પેલી જાદુગરણીનું જાદુ બોલે છે.

રાણો કહે હવે મારો ગુસ્સો હાથ રહે તેમ નથી. શું હું હેવાન! પદ્મા કહે હા હેવાન! અરે હેવાન તો શું! પણ હેવાનથીએ નાદાન. અને કહુંછું કે હજી પણ વિચાર કરીને માન્ય, અને કરય ભક્તિ રસનું પાન!

રાણો કહે ભક્તિ રસનું તો શું, પણ પ્રથમતો એ જાદુગરણીના લોહીનુંજ પાન કરવા દે. એ પ્રમાણે કહી કમ્મરેથી તલવાર કાઢી મીરાં ઉપર ધસ્યો. મીરાં ઉપર ધસી મીરાંને મારવા માટે તલવાર ઉગામી.

જેને માંથે સાચો ધણી સાક્ષાત ગિરિધરલાલ બીરાજમાન થયેલા હતા તેને રાણાનો ગુસ્સો અને રાણાની તલવાર શું કરવાની હતી? તલવાર, ઉગામી જેવો મારવા જાય છે, તેવુંજ શ્રી ગિરિધરલાલે તલવારનું ફળ અદ્રષ્ય કર્યું. ફક્ત મુઠ એકલી રાણાના હાથમાં રહી.

તલવાર વગરની મુઠ જોઈ પદ્માબાએ કહ્યુ, પાપીષ્ટ! જોયું? ફળ વગરની તલવારથી શું કરવાનો હતો! ગજવેલનું ના મળ્યું તો લાકડાનું ફળ ઘાલવું હતું, પણ આવી એકલી મુઠથી તે બીક બતાવાતી હશેકે?

આ પ્રમાણે પદ્માબાના મુખનું ભાષણ સાંભળી રા-

ણો ભોંઠો પડ્યો, અને ક્રોધના આવેશમાં દુર્મદસીંહની તલવાર લઇ મારવા ધસ્યો. તે તલવારના ફળની પણ તેજ દશા થઇ. આથી રાણો વધારે ભોંઠો પડ્યો.

મીરાંએ કહ્યુ રાણાજી! મારી રક્ષા? હવે કાંઇ શસ્ત્ર છે? હોય તો કાઢો, પણ નક્કી સમજજો કે ગિરિધારી ધણી માંથે બીરાજીત છે, તો તમારા જેવાથી કાંઈ વળવું નથી. માટે વીચાર કરો. બએ તલવારોનાં ફળ ગુમાવ્યાં. તોપણ વળ્યુ નહી? આતો 'લેને ગઈ પુત ને ખો આઇ ખસમ' એ પ્રમાણે બન્યું.

રાણો કહે જાદુગરણી! તે બધુ તારી જાદુઇ વિદ્યાથીજ બન્યું છે. પદ્મા કહે આંધળા! હજી પણ તને ભાન ન આવ્યું? હજી પણ તારી આંખેથી પાપનાં પડળ ના ખસ્યાં? પાપીઆ! અત્યારે તો તું ગમે તેમ માન્ય પણ નક્કી સમજજે કે પાછળથી તને પસ્તાવો થશે. શ્રી ગિરિધરલાલને તો રટીશ તે તો રટીશ, પણ મીરાંની પણ ઝંખના કરી મારીશ, તે ખાત્રી સમજજે.

રાણો કહે અરે જા રે મીરાંની ઝંખના કરાવનારી નાદાન! તેને મારવાની તો ઝંખના કરીશ. અને તેને ગમે તે પ્રયાસ કરીશ ત્યારેજ છોડીશ.

પદ્મા કહે જારે જા મુર્ખા! ગમે તે પ્રયાસે મીરાંબાઇને મારીશ? આથી બીજો પ્રયાસ કીધો હશે? બએ તલવારો ઉગામવા છતાં ન ફાવ્યો, તો બીજો કયો પ્રયાસ વધુ હોય તે સમજાયું નહી.

રાણો કહે કહીને નહી, પણ કરીને બતાવીશ. પદ્મા કહે સુખેથી કરજે, જોજે કચાશ મુકતો. પણ નક્કી સમજજે કે તારાં ખાસડાં તનેજ પડશે. તારી યુક્તિઓ

તનેજ નડશે. એને તો શું, પણ એના એક વાળને પણ તારાથી ઈજા પહોંચાડી શકાય તેમ નથી. અને છેવટમાં કર્યાં કર્મની સજા ભોગવવીજ પડશે.

રાણો કહે ઠીક છે. દુર્મદસીંહ ચાલો હવે ગમે તે યુક્તિ રચી એ જાદુગરણીને તો ઠાર કરવી. નહીતર તે આપણું ને આપણા રાજનું નખ્ખોદ વાળશે. દુર્મદસીંહ કહે મહારાજ ! તેમાં શું. ગમે તે યુક્તિઓ કરી તેને તો હતી નહોતી કરીશું, માટે હાલ ચાલો. દુર્મદની આ સલાહ મળવાથી રાણો તેની માતા અને દુર્મદસીંહ વીલે મોંઢે દરબાર ગઢ તરફ ગયા.



પ્રકરણ ૧૫ મું.

મીરાંબાઇએ અહીંઆં પોતાની પાસે પ્રત્યક્ષ ગિરિધરલાલ છતાં મહાત્મા પાસેથી મળેલી ગિરિધર મુર્તી પધરાવી મંદીર બનાવ્યું અને સંત સમાગમ કરી પોતે હરી કીર્તન કરવા લાગી. અતીથી, અભ્યાગતની આસના વાસના કરવાનો નિયમ રાખ્યો, અને એક મોટો અખાડો જમાવ્યો.

એક દીવશ વિપયાનંદને પરમાનંદ એ નામના બે સાધુઓ ગુરૂભાઈ હતા, તે મીરાંના દર્શનાર્થે મીરાંને ત્યાં આવ્યા. મીરાંને સાષ્ટાંગ દંડવત્ કર્યા. મીરાંએ તેમની સારી રીતે આગતા સ્વાગતા કરી તેમને સંતોષ્યા. મીરાંનું સુસ્વરૂપ જોઈ વિપયાનંદની ધાનત ભ્રષ્ટ થઇ. તે વાત પરમાનંદે જાણી વિપિયાનંદને સખ્ત ઠબકો આપ્યો, અને બંને જણ ત્યાંથી મારાની આજ્ઞા લઈ વિદાય થયા.

દુર્મદસીહ કે જે રોજ મીરાંબાઈની ચર્ચા જોતો હતો, તે વિપિયાનંદનું મન સમજી ગયો. વિપિયાનંદને પરમાનંદ જતા હતા, તેમાંથી વિપયાનંદને એકાંત બોલાવી તેનું મન વાળ્યું; દુર્મદસીંહે કહ્યું વિપયાનંદ તમારી મનોરથ સિદ્ધિ મારા હાથમાં છે. પણ પરમાનંદથી છુટા પડો તો ફાવે. તે વાત વિપયાનંદે કબુલ કરી, અને ઉંધુ સમજાવી તેનાથી છુટા પડવા માટે પરમાનંદને કહ્યું.

પરમાનંદ પરમ ભક્ત હતો. તેણે જાણ્યું કે આની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે તે મીરાંબાઇથીજ સુધરશે. એવો વિ-

ચાર કરી તેનાથી છુટો પડ્યો. વિષયાનંદ તો છુટો પડતાંજ તે દુર્મદસીંહને મળ્યો.

દુર્મદસીંહે યુક્તિ કરી મીરાંની દાશી કુમતી, કે જે ભુતના મ્હેલમાં જવાનું થયું તે વખતે છુટી પડી હતી, તેને બોલાવી વિષયાનંદની મનેચ્છા પરિપુર્ણ કરવાનો રસ્તો પુછ્યો. કુમતીએ કહ્યું તે અતિથીને મ્હોં માગ્યું દાન આપે છે તે હું જાણું છું, પણ તે બધુ પાછી મીરાં પાસે જાઉ અને તેની દાશી થઇ રહું ત્યારે બને. દુર્મદસીંહે કહ્યું ત્યારે તું જા, અને ત્યાં રહે. પણ મીરાં તને રાખે એ અસંભવીત છે. કુમતીએ કહ્યું. તે તો હું ગમે તેમ કરીને તેની પાસે રહીશ. દુર્મદસીંહે કહ્યું જો તું મીરાંને ભ્રષ્ટ કરીશ યા તેને ઠાર મારવાની યુક્તિમાં ફાવીશ, તો તને ઘણું સારૂ ઇનામ અપાવીશ, એવી લાલચ આપી.

લાલચ એ એક બુરી ચીજ છે. લાલચથી માણસ માણસનું ખુન કરવામાં પણ પાછો પડતો નથી

છપો.

લાલચે કામ સધાય, લાલચે લક્ષણ જાયે;
વાઘ જેવો વિકાળ, પ્રાણી પણ કેદ કરાયે.
લાલચથી તજી લાજ, નીચ કર્મો સઉ કરતા;
તજી ન્યાયને ધર્મ, લાલચુ ખીસા ભરતા.
લાલચમાં લપટાઇને, મરે ઘણા અભાગીઆ;
જેઠા કહે તે મુરખજન, મુવા ન પત્તા લાગીઆ.

લાલચની મારી દાશી મીરાંબાઇ પાસે ગઈ અને કહ્યું, મીરાંબાઈ ! હવે મને પુર્ણ પસ્તાવો થયો છે. પસ્તાવાનો

પાર નથી. તમને સાચવીને છોડીને બીજે ગઇ પણ ક્યાંઇ સુખ ના મળ્યું. માટે મીરાંબાઇ ! પાછી આ દાશીના દોષ ક્ષમા કરી, આપની પવિત્ર શેવામાં અંગીકાર કરો.

મીરાંબાઇએ તેના કાલાવાલા સાંભળી તેને પાછી પોતાની પાસે રાખી. સુમતીએ કહ્યું આ ચંડાળણીને પાછી ના રાખો. ત્યારે મીરાંએ કહ્યું તે પોતાના પાપનો પુર્ણ પસ્તાવો કરે છે, માટે તેને રાખી લેવી. સુમતીએ કહ્યું મીરાંબાઈ ઓલી કહેવત સાંભળી છે, કે કુતરાની પુછડી ભોંયમાં ઘાલો પણ જ્યારે કહાડો ત્યારે વાંકીને વાંકી. તે મુજબ તેની ટેવ જવાની નથી, માટે વિચાર કરો.

મીરાંબાઇએ કહ્યું એનાં કૃત્ય એ ભોગવશે, પણ આપણે તો આપણી પાસે આજીજી કરતું આવે, તેને આશ્રય આપવો જોઇએ. તેનાં ચંડાળ કૃત્યોથી આપણને કાંઇ અસર થવાની નથી. જો તેને તેના પાપનો પસ્તાવો નહી થાય અને કૃત્યો કરશે, તો કરશે તેવું ભરશે; આપણને શું ? સુમતી કહે તમારી મરજી. મીરાંએ કુમતીને કહ્યું. કુમતી! પાપ કૃત્યો કરતાં ઇશ્વરથી ડરી તેવા કામને તનમનથી ધિક્કારીશ, તો તારો જય થશે. ઇશ્વર સહાય ભુત થશે, નહીતર છેવટમાં પસ્તાઇશ.

કુમતી કહે મીરાંબાઈ ! હવે પસ્તાવામાં શું બાકી છે ? આટલા દહાડામાંજ વિતિ ચુકી. સતીયાંનો સંગ છુટતાં, પાપીઓના પાસથી પાપીષ્ટ બની તેનું દુઃખ અનુભવિ, ખાત્રી કરીનેજ આવી છું. ખાત્રીમાં અધુરૂ કે બાકી નથી.

મીરાં કહે તો તારો સંસાર સુધરશે. પણ જોજે શીખ ભુલીશ નહી. માણુસ તે કરેલા કર્મોની શીક્ષા આ-

પવા શક્તિવાન નથી. ખરી શીક્ષા આપવા વાળો તો મા-
રો ગિરિધરલાલ ભજન હજુર છે. કુમતી કહે મીરાંબાઇ!
તમારા બોધ વચનોથી મારા મનને પુરી અસર થઈ છે.
(તેવી વખત આવે વાત) હવે નવાં પાપ કર્મ સ્વપ્ને
પણ નહી કરૂ, અને તન મનથી તમારા ગિરિધરલાલજીનું
રટણ કરીશ.

મીરાં કહે તો તું સુખેથી ભવભયના દુઃખથી મુક્ત
થઈશ. શ્રી ગિરિધરલાલજીના ચરણ કમળને પ્રાપ્ત થઈશ.
ચાલો સંતો કુડો પડો કુડો પડો, **જય ગિરિધર
રાધાવર**, પ્રભુ **જય ગિરિધર રાધાવર.** ભજનની શ-
રૂઆત થઇ.

ભજન.

પ્રભુ ગિરિધરલાલજી પ્યારો છે (૨) ટેક.
ભક્તવત્સલ છે મુક્તિદાતા, જગત સકળનો છે વળી ત્રાતા;
જેને રટતાં ઉપજે શાતા, પાપ કર્મથી ન્યારો છે–પ્રભુ.
ભવ દુઃખ હારી એ મોરારી, જેણે નારી અહલ્યા તારી;
સતી દ્રૌપતી લાજ ઉગારી એવો અમૃત ક્યારો છે–પ્રભુ.
ભક્તની ભક્તિ ઉરધરે છે, ભક્તનાં કામો હાથે કરે છે;
ભવ ભય દુઃખને આપે હરે છે, ભક્તિ વશ એ
થનારો છે—પ્રભુ.

ઉપર પ્રમાણે ભજન કરી શ્રી ગિરિધરલાલજીની આ-
ર્તી શરૂ કરી.

શ્રી ગિરિધરલાલજીની આરતી.

પ્રભુ જય જય જય લક્ષ્મીપતી,
કૃષ્ણ કાંન્ત રૂડા રઢીયાળા,
તુજ ભજન તણી ચાહુ મતી—પ્રભુ.

ભવો દધી કરો પાર, દધીમાંથી કાઢો બાર,
નમી તુને વારંવાર ગણી દીનની સ્વીકાર—જય.
હ્રદયે વાસ પુરો એ આશ, જાણીને દાસ, રહોને પાસ.
ચાહુ હરશ ધરી હવે અતી– પ્રભુ.

આર્તી પુર્ણ થઇ ત્યાં કુમતીના કરેલ સંકેત પ્રમાણે વિશયાનંદ મંદીરમાં આવ્યો. મીરાંબાઇ પાસે એક વચન માગ્યું. મીરાંબાઇએ તેને કહ્યું જે જોઇએ તે માગી લ્યો. અતિથીનું મન સંપાદન કરવું એ મનુષ્ય માત્રનો ધર્મ છે.

વિષયાનંદે કહ્યું મીરાંબાઇ! દેહ નાશવંત છે. ઇંદ્રિયો પોતાની જાત સુખ અનુભવે તેમાં દોષ કાંઇ કહેવાયજ નહી. જેમ દરબારમાં દરબારીઓ પોત પોતાનું કામ કર્યે જાય છે, તેમ મન રૂપી દરબારમાં ઇંદ્રિઓરૂપી દરબારીઓ પોત પોતાનું કામ કરે છે; માટે માગવાનું એટલુંજ કે ભોગરૂપી ઇંદ્રિને તમારા રૂપ લાવણ્યથી ભોગ ઇચ્છા થઇ છે, તો તે પરિપુર્ણ કરો. મારૂં તારૂં મહંતો રાખતાજ નથી, મારા તારાથી ન્યારાજ હોય છે. માટે મારૂં તારૂં નહી ગણતાં તે ભોગ ઇંદ્રિની આશા ફળીભુત કરો. અતીથીને તમારૂં યોવન દાન આપી સંતુષ્ટ કરો.

ભાઇ વિષયાનંદ! ભગવાં વસ્ત્ર રૂપી નાવથી ભવસાગર તરવા તૈયાર થયેલા માયાના ખાબોચીઆમાં ડુબી ના મર. આ નાશવંત દુનિયામાં પહેલી માયા તે સ્ત્રી છે. તેજ માયાના પાસથી ભવસાગરમાંથી બહાર નીકળાતું નથી. આ દેહ પણ નાશવંત છે. કાળે કરી દેહનો અંત છે, તેમ કાળે કરી દુનિયાનો પણ અંત છે. નામ તેનો નાશજ છે. પછી કોઇ વ્હેલું તો કોઇ મોડું, પણ જે વસ્તુનું નામ છે તેનો તો નાશ છેજ. ત્યારે નાશવંત ચીજમાં શા માટે લોભાય

છે ? આ દેહ પણ નાશવંત છે. આત્મા મુસાફરે અમુક ભાડુ આપી, અમુક મુદત બાંધી. આ ભાડાના દેહ રૂપી ખોળીઆમાં વાસ કર્યો છે. વખતને જતાં વાર લાગતી નથી. પાણીની માફક વહ્યો જાય છે, તો આત્માએ નીમેલી મુદત જતાં વાર નહી લાગે. આ ભાડાની કોટડી રૂપી દેહ છોડી જવું પડશે. માટે ભાડાની ચીજ માટે મમત શા માટે કરે છે ? ખોટાં દ્રષ્ટાંતો શા માટે બતાવે છે ? મન રૂપી દરબારમાં દેહ રૂપી ઇંદ્રિયો પોત પોતાનું કામ કર્યે જાય છે તે બરાબર છે. પણ તે કામોમાં છેવટ રાજાનો શેરો લેવો પડે છે. તેમ તે ઇંદ્રિઓએ કરેલ કર્મનો હીસાબ પરમાત્મા રૂપી રાજાને આપવો પડવાનો. સાચો હીસાબ હશે તો પરમાત્મા તેનો હોદ્દો વધારશે, અર્થાત સ્વર્ગ સુખ આપશે. ખોટો હીસાબ હશે તો તેનો દંડ કરશે; અર્થાત કારાગ્રહ રૂપી નર્ક કુંડમાં હોમી દેશે. કારણ, પાપ કર્મથી તે ન્યારો છે. પાપીઓને સજા આપવામાં પાછો પડતો નથી. તે અદલ ન્યાઈ છે. માટે નાશવંત દેહને માટે નાશવંત જગતરૂપી માયાના કુપમાં અમર આત્માને નહી હોમ ? અત્યારે તો તને સર્વ સારૂ લાગશે, પણ પાછળથી પસ્તાઇશ. ચોર ચોરી કરી દ્રવ્ય સંપાદન કરે છે, ત્યારે તે પુર્ણ ખુશી થાય છે, પરંતુ તે ચોરી પકડાતાં ન્યાયાસન પાસે ઉભો રહે છે, ત્યારેજ વિચાર થાય છે, કે મેં આવું કર્મ ના કર્યુ હોત તો આ દશાને પ્રાપ્ત ન થાત, અને આ દીવશ ન આવત. માટે મુર્ખા વિચાર કર, અને તે સાચા ધણીમાં ચિત પરોવી જગતના ક્ષણીક માયાવી સુખને છોડી સ્વર્ગના અવિચળ સુખને ગ્રહણ કર. જો પાપીઆ જો, આજસુધી તેં શું સુખ ભોગવ્યું ? શું આણ્યું ? શું જાણ્યું ? કશુંએ

નહી, તો વિચાર કર. કે આ સંસાર અટવી ઉપર કોને સુખ છે? કોઇનેજ નહી. તો તું વિષયરૂપી વીષ્ટામાં સુખ માની હરામી હાડીયાની માફક દોડે છે તેનો વિચાર કરચ અને મનને મારચ.

જેટલું કષ્ટ પરદારામાં છે, તેટલું કષ્ટ પરદારા ત્યાગમાં નથી. પરદારા ત્યાગમાં માત્ર મનને શાસ્ત્ર મર્યાદા, ધર્મ, એવા નિતિ રૂપ ઉપદેશથી સમજાવવું એટલુંજ છે. તેને જ્યારે આપણે કુળ, ધર્મ, શાસ્ત્ર, લોકલજ્જા, વડીલોપાર્જીત પ્રતિષ્ટા, પતિ પ્રેમ, આદિ વિષયો મન સન્મુખ ખડા કરી, મનને ઉપદેશીએ, તેમ છતાં પણ મન શાંતિના પામે, તો ધર્માત્મા પુરૂષોના ચરિત્રોનું અવલોકન કરવાથી, તેમ છતાં પણ મનને શાંન્તિ ન મળે, તો ઉપરા ઉપર પુરક, રેચક અને કુંભકરૂપ પ્રાણાયામ કરવાથી મનને સત્વર શાન્તિ મળે છે,

એ પ્રમાણે મનના નિંધ વિષય વસ્તુ પ્રતિના વેગને માત્ર બે ચાર વાર અટકાવાથી મનને એવો સ્વતઃ અભ્યાસજ પડી જાય છે. તે અસંખ્ય સ્વરૂપવાન પરદારાઓના સમુહમાં પણ વીકારવાન થતું નથી. માટે પરદારાના ત્યાગમાં અને મન રૂપી હાથીને જ્ઞાન અંકુશથી વશ રાખવામાં કષ્ટ છે, પણ તે કીંચીત કાળનુંજ. અને આનંદ ભવો તો અપુર્વ આ લોક અને પરલોક બંન્ને જગોએ છે.

હે મુર્ખા! એવા કીંચીત કષ્ટ અર્થે જીવન પર્યંત દુરાચારના ખાડામાં શા માટે પડે છે? નિતિ ભ્રષ્ટ, ધર્મ ભ્રષ્ટ, પતિવ્રત ભ્રષ્ટ, પ્રતિષ્ટા ભ્રષ્ટ, તન અને મન ભ્રષ્ટ, એવો અધમ શા માટે બને છે? માટે જરી વિચાર કરચ,

અને તે કીંચીત કષ્ટ સહન કરી મોક્ષ પદની પ્રાપ્તિ મેળવ.

વિપિયાનંદનો વિકાર મીરાંબાઇના બોધથી દુર થયો. મીરાંના ચરણ કમળમાં પડયો અને કહ્યું, હે જગત જનુની ! તું મારી ગુરૂ છો, તું મારી ઇષ્ટિ છો, તું મારી માતુ છો. દેવી ! દેવી ! તારા ઉપદેશથી આ માયાના કુપમાં બુડતો અમર આત્મા બચ્યો છે. તુંજ મારી મુક્તિદાતા છો, અને આ પાપી હ્રદયથી જે કાંઇ અપશબ્દો તમને કહ્યા, તેની તનમનથી માફી આપો. અને તમારી પવિત્ર શેવામાં આ પાપીને સ્વીકારી બોધ રૂપી ભક્તિનું દાન આપો.

મીરાંએ કહ્યું ભાઇ વિપિયાનંદ ! આટલી લાગણી થઈ તે કાંઈ ઓછી નથી. મને તમોએ કહેલાં પાપ વચનો માટેની લાગણી છેજ નહીં. મારી માફ તો શું, પણ તમોએ કરેલ પાપ કર્મના પસ્તાવાથી મારા ધણી નોધારાના આધાર શ્રી ગિરિધરલાલજીને ત્યાં પણ માફી મળી ચુકી, તેના માટે સંદેહ નહી લાવતાં. ધર્મ કાર્યમાં પ્રવર્તી અહોનીશ તે માયાળુની મયા મેળવવા શક્તિવાન થા.

વિપિયાનંદે કહ્યું પવિત્ર માતા ! તમારાં વચનને ગુરૂ સમાન સમજી માથે ચઢાવીશ, અને તમારા પતી અર્થાત, જગતના પતી શ્રી ગિરિધરલાલનું તનમનથી રટણ કરીશ.

ઉપર પ્રમાણે બોધ મળતાં તેના વિપઇ વિકારો દુર થયા, અને તે સંતોમાં ઇશ્વરનું ભજન કરવામાં પડયો. આ બનાવ જોઇ કુમતીએ વિચાર્યું, આ ઇચ્છા પણ ફળીભુત થઈ નહી, માટે બીજી કાંઇ યુક્તિ કરવા દુર્મદસીંહને સુચવણી આપું; એવો વિચાર કરી તે દુર્મદસીંહને ઘેર ગઇ.

દુર્મદસીંહને ઘેર જઇ દુર્મદસીંહને તેણે વિષયાનંદ સબંધી સર્વે હકીકત જાહેર કરી, અને કહ્યું મીરાંબાઇએ તેને એવો ઉપદેશ આપ્યો, કે તે તો તેમાં લિનજ બની ગયો અને મીરાં બાઇને પગે પડી ટીલવાઓના ટોળામાં ભજન ગાવામાં પડ્યો.

દુર્મદસીંહ આથી અજાયબ થયો, અને રાણાજીને આ વાત જણાવવાના હેતુથી કુમતીને સાથે લઇ દરબારમાં ગયો. દરબારમાં જઇ રાણાજીને આ વાતથી વાકેફ કર્યા. રાણો આથી આશ્ચર્ય પામ્યો, અને કહ્યું એ જાદુગરણીને મારવામાં આપણે સામે મ્હોંઢે ફાવનાર નથી, તેને માટે તો કાંઇ છુપી યુક્તિઓ કર્યા શિવાય તે પાપ ટળશે નહી.

દુર્મદસીંહે કહ્યું મહારાજ! એવી છુપી યુક્તિઓ શું કરીશું? કુમતીએ કહ્યું ગિરિધરલાલજીનું ચરણામૃત કહી તેને વિષ આપો, તે શિવાય તે પાપ ટળશે નહી. રાણાએ કહ્યું તે રસ્તો ઉત્તમ છે, પણ ત્યાં જશે કોણ? કુમતીએ કહ્યું તે કામ મારૂં. રાણે કહ્યુ શી રીતે? કુમતીએ કહ્યું શ્રીકૃષ્ણ ચર્ણામૃતનું બહાનું કરીને જઇશ, અને કહીશ કે દ્વારકાંથી એક મહાત્મા લાવ્યા છે, તે તમોને આપવા મોકલી છે. રાણો આ સાંભળી ખુશ થયો, અને એક વાટકામાં હળાહળ ઝેર, કે જેનો શ્વાસ લેતાં પ્રાણ રહિત બને તેવું તૈયાર કરી કુમતીને આપ્યું. દુર્મદસીંહને તેની ખાત્રી કરવા મોકલ્યો, કે તે આપે છે કે નહી.

પ્રકરણ ૧૬ મું.

મારાંબાઇ શ્રી **ગિરિધરલાલ**નું સ્મરણ કરી રહ્યાં છે, ત્યાં કુમતી વીશ ભરેલો ચાંદીનો વાટકો લઇને આવી, અને તે મીરાંબાઇને આપ્યો. મીરાંબાઇએ કહ્યું કુમતી આ શું છે? કુમતીએ કહ્યું એક મહાત્મા રાણાજીના દરબારમાં આવ્યા છે; તેઓ દ્વારકાંથી **શ્રી કૃષ્ણ ચરણામૃત** લાવ્યા છે, તેમાંથી રાણાજીએ તમને પ્રસાદી મોકલી છે.

મીરાંબાઇ કે જેને સાક્ષાત **ગિરિધરલાલજી**ની સાહ્ય, તેનું તે કાંઇ અજાણ્યું રહે છે? મીરાંબાઇએ કહ્યું આજ તો સોનાના સુરજ ઉગ્યા. મારા **કૃષ્ણજીનું ચર્ણામૃત** રાણાજીએ મોકલ્યું એટલો ભાવ જોઇ મારૂં મન પ્રસન્ન થયું છે. પણ આ પ્રેમથી મોકલેલી પ્રસાદી ગ્રહણ કરતાં પહેલાં તેજ ભગવાનનું સ્મરણ કરી લેવા દે.

ગાયન.

ઇશ્વર સ્તુતી.

(રઢીઆળા રણધીર) એ રાહ.

ગિરિધર ગુણવંત, રટું હું તો રાખી ખંત,
રટણ હું ચુકું નહી—**ગિરિધર.**
વ્હાર કરો **લક્ષ્મીકંથ**-સત્ય તુજ ગ્રહયો પંથ,
રટણ હું ચુકું નહી—**ગિરિધર.**
તુમ ચર્ણોદક નામથી, આવ્યું હળાહળ વીષ;
પાન કરૂ અતિ પ્રેમથી, સાચવજો જુગદીશ.
પાપીઓની ભાગો ભ્રાંત, કરો નિજ ચિત શાન્ત

પત તુમ સાચવો અહીં–ગિરિધર.
આવે પાપી પાપ અંત, સ્હેજે ગ્રહે ભક્તિપંથ;
તારનાર સત્ય તું સહી—ગિરિધર.

ઉપર પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી વિષનું પાન કર્યું. તે વિષનું પાન કરતાં પહેલાં તેમની સ્તુતિથી, પદ્માબાએ તથા સુમતીએ જાણ્યું કે રાણાએ કૃષ્ણ ચર્ણોદકને નામે વિષ મોકલ્યું છે. તેવું જાણતાં તેમણે કુમતીને કહ્યું હે પાપીણી! માતૃ તુલ્ય જગતજનુંનીને વિષ આપતાં તારૂં હૃદય ફાટી કેમ ન ગયું ! કૃષ્ણ ચર્ણોદકનું ખોટું નામ દેતાં તારી જીભ કેમ તુટી ના પડી ? અહીં સુધી લાવતાં જે હાથે ગ્રહણ કર્યું તે હાથ તુટી કેમ ના પડયા ? પાપીણી! એ દેવીને કાંઇ થયું, તો તારી શી દશા થશે તેનો વિચાર કર્યો ? અરે! આ વિષ તો શું, પણ ગમે તેવી પ્રાણ હર્તા ચીજ લાવ્યને, પણ પાપીણી જાણજે તેને તો કાંઇજ થવું નથી. હે દુષ્ટ પાપણી! પાપીઓના પાસમાં રહી ગમે તેટલાં કારસ્તાન કર, પણ તું અને તારાં કારસ્તાન જખ મારે છે. શંખણી વીચાર કર્ય, રાણાએ તેને મારવા બબે તલવારો ઉચકીને ઘા કરવા ગયો, પણ તે કરી શક્યો ? ઉલટાં ફળ ગુમાવ્યાં; તેવી રીતે તું પણ ગમે તેટલી યુક્તિઓ કર, પણ નક્કી સમજજે કે જેને શામળીઓ સાહ્યકાર છે, તેને મારવાના પ્રયત્નો કરનાર તારા જેવાં જખ મારનાર છે સમજી ?

મીરાંએ કહ્યું સંતો! ખાલી કુથલી શા માટે કરો છો? વખતની કીંમત જાણો, ને તેને વ્યર્થ નહી ગુમાવો. ચાલો કુડો પડો **જયગિરિધરલક્ષ્મીવર પ્રભુ જયગિરિધરલક્ષ્મીવર** ભજન ગાવાનું શરૂ થયું.

ભજન.

(રૂપ રૂપ શું કરે મુરખજન) એ રાહ.

કૃષ્ણ કૃષ્ણ સઉ સ્મરો, મુરખજન કૃષ્ણ હૃદયમાં ધરો;
માયા ઉપાધી અળગી કરીને, ભવજળદધીથી તરો;
અકળ છે માયા અવિનાશી, હરીજન રહે છે બહુત્રાસી,
હરી નામ છે એ અક્ષરનું, ભવજળ પાર કરે છે;
તેને તજતાં, માયા રટતાં, લક્ષ ચોર્યાશી ફરે છે—અકળ છે.
હરી ભજનવિણ જાણો જગમાં, કાંઇ નથી કરવાનું;
વિરક્ત થાતાં તેનાથી, નવ મળે કયાંઇ ઠરવાનું,
જાણજો કાયા છે કાચી, રહો તમે ભજનમાં રાચી.
ભક્તિ વશ ભુદર છે સાચો, ભક્તની વારે ધાયે,
જ્યારે ભક્તને ભીડ પડે ત્યારે, જાતે આવી કરે સાહ્ય.
ભક્તની ભક્તિ કરતો ફરે, ભક્તને માટે પ્રાણ પાથરે,
સુદામાની ભક્તિ સાચી, ભક્તની કીધી શેવા,
પ્રલ્હાદ સ્થંભે આવી વશીઆ, પોતે તે દેવાધી દેવા.
દ્રૌપદી ચીર પુર્યા ભુદરે, ભક્તને માટે પ્રાણપાથરે.

ઉપર પ્રમાણે ભજનની ધુન ઉપર ધુન ચાલી. વિષપાન કરવાથી મીરાંબાઇને કાંઇ અસર થઇ નહી, તે જોઇ દુર્મદસીંહ તથા કુમતી અજાયબ થયાં, અને રાણાજીને તે વાત વીદીત કરવા રાણાજી પાસે ગયાં.

રાણાજી પાસે જઈ મીરાંબાઇએ વિષપાન કર્યાના સમાચાર રાણાને કહ્યા. રાણે કહ્યું ત્યારે તો તે મરી ગઇ હશે. કુમતીએ કહ્યું મહારાજ! તમારા વિષથી તેને કાંઈ અસર થઇ નહી; તમોએ આપેલ વીષનો વાટકો તેની પાસે જઇ કૃષ્ણ ચરણામૃતનું નામ દઈ તેના હાથમાં આપ્યો, ત્યાં તેણે કૃષ્ણજીની સ્તુતી કરી, વાડકો પી ગઇ. સુમતીએ

અને પદ્માબાએ મને ઘણાં કઠોર વચનો કહ્યાં, પણ તે મેં ગણકાર્યાં નહી. મીરાંએ તે બંન્નેને વાર્યાં, અને ભજન ગાવામાં પડયાં.

ઘણીવાર સુધી હું અને દુર્મદસીંહ ત્યાં ઉભાં રહ્યાં, પણ મીરાંને વિષની અસર થએલી જોવામાં આવી નહી, તેથી તેની પાસેથી આપને સર્વે હકીકત જણાવા આપની પાસે આવ્યાં.

રાણાએ કહ્યું દુર્મદસીંહ! હળાહળ ઝેર કે જેનો શ્વાસ લેતામાં જીવ નીકળી જાય, તે ઝેર પચાવી ગઇ, તો હવે તેને શું કરવું? જે હળાહળ ઝેર પચાવી ગઈ, તે શું ના કરે?

દુર્મદસીંહ કહે ખરૂ છે મહારાજ! તેનાથી તો બ્હીવું સારૂ. વ્યાધિ અને વેરીને મુળથી ઉખાડી નાંખવા; કારણ, તે એક હાની કર્ત્તા છે તેમાં શક નથી.

રાણો—દુર્મદસીંહ! કેવી રીતે તેને મારવી, તે સમજ પડતી નથી.

દુર્મદસીંહ—મહારાજ! કેવી રીતે શું? તેની પાસે જઇ જીભ્હા જોરી ચલાવવી, ને તેમાં તેનો વાંક લાવી કાપી નાંખવી. એ શિવાય બીજો ઉપાય હું જોતો નથી.

રાણો—તે દીવશે કાપી નાંખવા ગયો હતો, ત્યારે તહારી અને મહારી તલવારોનાં ફળ ગુમાવ્યાં હતાં તે તને યાદ છે?

દુર્મદસીંહ—હા મહારાજા! પણ તે ફળ તલવારની મુઠમાં ઠેઠ નહોતાં, તેમાં તેના જાદુએ અસર

કરી ઉડાવી દીધાં, પણ મહારાજ! લોહાના એકજ કટકામાંથી મુઠ સમેત અખંડ તલવાર લઇને જાઓ, અને તે જાદુગરણીને ઠાર કરો, નહીતર કોક દીવશ ખરાબી થશે.

રાણો—ઠીક, તે પણ ખરૂં. અખંડ તલવારની મુઠમાંથી પળ કેવી રીતે ઉડાવી દેશે? કાલ તે યુક્તિ કરવી પણ ગમે તે પ્રયાસે તેને ઠાર તો કરવીજ.

દુર્મદસીંહ—મહારાજ! તે યુક્તિ બરાબર છે. પણ જોજો મનને પાછું ફેરવતા નહી.

રાણો—કાલ જરૂર તે યુક્તિ કરીશું, ને આ હાથેજ તેનો વધ કરીશ.

દુર્મદસીંહ આથી ખુશી થયો, અને બીજે દીવશે સવારમાં રાણા પાસે આવ્યો. રાણાને કહ્યું મહારાજ ચાલો. રાણો તૈયાર થયો અને ભુતના મ્હેલ તરફ ગયા.

ભુતના મ્હેલમાં જઈ રાણાએ કહ્યું મીરાં! તું કોની સાથે::વાતો કરતી હતી? મીરાંએ કહ્યું રાણાજી! હું મારા નાથ! મારા ધણી! નોધારાના આધાર શ્રી ગિરિધરલાલજી સાથે વાતો કરતી હતી. રાણે કહ્યું હું તારી સમક્ષ ઉભો છું છતાં તું બીજાને નાથ કહેનાર કોણ? મીરાં કહે રાણાજી! જેને હું નાથ કહું છું તે મારો તો નાથ છેજ, પરંતુ આખા જગતનો નાથ છે. રાણો કહે એતો જોયો તારા અનાથના નાથને. મીરાં કહે મારા અનાથના નાથ શ્રી ગિરિધરલાલજીને જોયા હોય, તો તમારી વૃતી આવી હોયજ નહી. રાણો કહે મીરાં! મારી વૃતી કેવી જુએ છે? મીરાં કહે::કેવી શું? સફેદ કપડા ઉપર મેલ ચઢતાં જેવું મલીન બને છે તેવી મલીન. રાણો કહે વારૂ! કપડુ તો

સાબુથી ધોવાય છે અને મેલ રહીત બને છે, તેમ વૃતી શી રીતે મેલ રહીત બને? તે તું બતાવ. મીરાં કહે રાણાજી! કપડાનો મેલ સાબુથી જાય છે, અને મેલ રહીત બને છે, તેમ મનોવૃતીનો મેલ જ્ઞાન રૂપી સાબુથી જાય છે, એટલે મનોવૃતિ વિકાર વીનાની બને છે. રાણો કહે મેલની કાળાશ હોય છે તે નજરેથી દેખાય છે, પણ મનોવૃતી ઉપરનો મલ કેવો હશે? મીરાં કહે રાણાજી! મનોવૃતીનો મેલ પાપરૂપી કાળાશજ છે. જ્ઞાન સાબુ લગાડવાથી પાપ મેલ ધોવાતાં મન. નિર્મળ એટલે પાપ રહીત બને છે. રાણો કહે વારૂ! મારૂ મન મલીન શાથી બન્યું, તે તું કહીશ? મીરાં કહે હા. પાપીઓની સોબતથી પાપનો પાસ લાગ્યો છે, તે સોબત તજી મારા ગિરિધરલાલમાં ચિત લગાડો અને સંત સંગત કરો, એટલે મનનો પાપરૂપી મેલ જઈ જ્ઞાનરૂપી ઉજ્વળતા આવશે. રાણો કહે શું સંતની સંગતમાં નાંખી સાધુ કરવો છે? મીરાં કહે રાણાજી! તમારૂ એવું ક્યાંથી ભાગ્ય જાગે, કે સાધુ બનો! ભગવાં કપડાં ધારણ કરવાથી સાધુ થવાય છે તેમ સ્વપ્ને પણ સમજતા નહી; તેમ ભગવાં વેશધારીને સાધુ માનતા નહી. સાધુ એટલે પવિત્ર મન, પ્રભુ પ્રત્યે પ્રિતિ, અને સત્ય નિષ્ટા ગ્રહણ કરો, તો તમે પણ સાધુ કહેવાશો. રાણો કહે મીરાં તારૂ મન પવિત્ર છે? મીરાં કહે હા. રાણો કહે તું સતી છું? મીરાં કહે હા. રાણો કહે સતીઓના ધારા તમને યાદ છે? મીરાં કહે હા. રાણો કહે તે કહી બતાવો. મીરાં કહે રાણાજી સાંભળો. સતીએ પતીનું સાચા દીલથી શેવન કરવું, અને પતિને પ્રભુ સમજી તેમાં ચિત્ત પરોવવું તેજ. રાણો કહે મીરાં તું સતીનો ધર્મ જાણે છે તેવીજ રીતે વર્તે છે? મીરાં કહે હા. રાણો કહે પતીની આજ્ઞાનું પાલન

કરવું તે સતીનો ધર્મ ખરો કે નહી ? મીરાં કહે ખરો. રાણો કહે જ્યારે તે ધર્મ ખરો સમજે છે, ત્યારે મારી આજ્ઞાનું ઉલ્લંઘન શા માટે કરે છે ? મીરાં કહે તમારી ખોટી આજ્ઞા હું ઉઠાવું ? રાણો કહે હું તારો પતી નથી ? મીરાં કહે ના. રાણો કહે કારણ ? મીરાં કહે તમે પતી શેના ? રાણો કહે તારી જોડે લગ્ન કર્યું તેના. મીરાં કહે તમારી જોડે લગ્ન કર્યું છે કોણે ? રાણો કહે મીરાંએ. મીરાં કહે રાણાજી તમે ભુલો છો. રાણો કહે ના હું ભુલતો નથી. તું જુઠ્ઠું બોલે છે. મીરાંએ કહ્યું રાણાજી! તમે કોઇ મીરાં સાથે લગ્ન કર્યું છે ? રાણો કહે તું મીરાં સાથે. મીરાં કહે વારૂ! આમાં મીરાં કોને માનો છો ? રાણો કહે તનેજ મીરાં માનું છું. મીરાં કહે આ દેહને ? રાણો કહે હા. મીરાં કહે આ દેહને મીરાં સમજી લગ્ન કર્યું હોય, તો તે દેહનું તમારી મરજીમાં આવે તે કરો. રાણો કહે તારે માનવું નથી ? શું બીજાની સાથે મનેચ્છા પ્રમાણે વર્તી મારા કુળને લાંચ્છન લગાડવું છે કેમ? મીરાં કહે આ કાયા તમને વરી છે, કાંઇ મન વર્યું નથી, સમજ્યા ? મીરાં તારૂ બુરૂ થશે. નાહકની સ્ત્રી હત્યા કરવી પડશે. મીરાં કહે આ કાયાના તમો મુખ્તીઆર છો. તેનું ગમે તે કરવા તમો મુખ્તીઆરી ધરાવો તો ભલે પણ આ મનની મુખ્તીઆરી મારા ગિરિધરલાલ શીવાય કોઇને આપી નથી. રાણો કહે ત્યારે તું પરણી તે મનને મુકીને ? મીરાં કહે હા. મન વગરનું લગ્ન તે લગ્ન કહેવાયજ નહી. રાણો કહે વારૂ મન તે કાયાથી જુદુ હશે ? મીરાં કહે હા. જો તેમ ના હોત તો પછી તમને કેવી રીતે કહી શકત ? રાણો કહે મીરાં કહ્યું માન, આમાંથી સાર નહી નીકળે. મફતમાં પ્રાણ ગુમાવીશ. મીરાં કહે રાણાજી! કોઈ-

થી કોઇના પ્રાણ લેવાતા નથી. મારા પતિની મરજી મુજબ બજાવે છે. શું તારો પતી એવો સમર્થ છે? મીરાં કહે હા. રાણો કહે મારે તેનું શું કામ છે. પણ કહું છું કે કહ્યું માન, અને એવાં દુરાચર્ણ તજી દે. મીરાંએ કહ્યું જો તમે દુરાચરણ સમજતા હો તો ભલે. તેજ દુરાચરણથી વર્તીશ, પણ મારા સાચા ધણીને નહી તજુ નહી તજુ ને નહીજ તજું.

રાણો આથી ગુસ્સે થયો, અને કહ્યું વારૂ નહી તજે? મીરાં કહે ના. લે ત્યારે જોઉં છું કે તારો પતી મને શું કરે છે, એ પ્રમાણે કહી રાણો તલવાર લઇ મીરાં ઉપર ધસ્યો.

જેને ભગવાન સહાય તેને પામરથી શું થાય? મીરાંના સાચાપતિ શ્રી ગિરિધરલાલજી પ્રત્યક્ષજ હતા. તેમણે રાણાને મીરાંનાં બે સ્વરૂપ બતાવ્યાં. રાણો આથી ચકીત થયો, પણ ગુસ્સાનો માર્યો બે મીરાંને મારવા ધસ્યો.

ભગવાને વિચાર્યું કે મુઢ મતીનાને હજી પણ સુજ ન પડી; તેથી ભગવાને મીરાંનાં ચાર સ્વરૂપ બતાવ્યાં. આથી રાણાનો ગુસ્સો નમી ગયો અને ચાર મીરાંને જોઇ ડાગળી છટ થઇ ગયો.

દુર્મદસીંહ, કે જે પાસે ઉભો હતો, તે રાણાની આવી સ્થીતી જોઇ ગાભરો બની ગયો, અને રાજમાતા મોટાંબાને તેડવા સારૂ દરબારમાં ગયો.

દરબારમાં જઇ તેણે રાણાની ઘેલછાની સ્થીતી મોટાંબાને જણાવી. બનેલી વાતથી વાકેફ કર્યાં. મોટાંબા આથી દુર્મદસીંહ ઉપર ગુસ્સે થયાં, અને કહ્યું અભાગી

આ, રાણાને એ જાદુગરણી પાસે કેમ લઇ ગયો ? તેને સખ્ત ઠબકો આપ્યો, અને તેની સાથે ભુતના મ્હેલ તરફ ગયા.

ભુતના મ્હેલમાં આવતાં રાણાને ચિતભ્રમ જોયો અને મીરાંનાં ચાર સ્વરૂપ જોયાં, તેથી તે અચંચો પામ્યાં અને કહ્યું, અભાગણી મને ખબર છે કે તું સૌના જીવ લેવા આવી છું. ગોઝારી કીયા જાદુના બળે તેં મારા કુવરને ગાંડો કર્યો.

મીરાં કહે માતાજી ! મેં તમારા કુંવરને ગાંડો કર્યો નથી. તે ગાંડો થયો તે તેની કરણીનું ફળ, તેમાં મારો કાંઈ દોશ નથી. મોટાંબા કહે તારો દોશ નહી ત્યારે કોનો તારા બાપનો ? કહું છું કે તારૂ જાદુ ખેંચી મારા કુંવરને તેની અસલ સ્થીતી ઉપર લાવ્ય, નહીંતર આનું પરિણામ સારૂ નહી આવે.

મીરાંએ કહ્યું ખોટું પરિણામ લાવવાની બીક બતાવતાં હો, તો તેની મને પરવા નથી, પણ ઉભાં રહો હું મારા ગિરિધરલાલજીની સન્મતિ માગું અને રાણાને અસલ સ્થીતી ઉપર લાવવાની વિનવણી કરૂ. મોટાંબાએ કહ્યું ગમે તેમ કર, પણ મારા છોકરાને તેની અસલ સ્થીતી ઉપર લાવ્ય, એટલે જાણે ગંગા નાહ્યા.

મીરાંએ રાણાને તેની મુળસ્થીતી ઉપર લાવવા ગિરિધરલાલજીની વિનવણી કરી. ભગવાને મીરાંની વીનવણીથી તેને એટલે રાણાને તેની મુળસ્થીતી ઉપર લાવી મુક્યો, એટલે ઘેલછા દુર કરી.

અસલ સ્થીતી ઉપર આવતાંજ રાણો તો મુઠીઓ વાળીને દોડયો. દોડતો જાય અને પાછું વાળી જોતો જાય, કે રખે ને મીરાં પાછળ તો આવતી નથી.

રાણો દોડયો તેની સાથે દુર્મદસીંહ તથા મોટાંબા પણ રાણાની પાછળ ગયાં. રાણો પોતાના દરબારમાં આવ્યો દરબારમાં આવવા છતાં મીરાંની બી તેના મનથી ગઇ નહી. તે તો એક મીરાં ! બે મીરાં ! ત્રણ મીરાં ! ચાર મીરાં ! એ પ્રમાણેજ બબડવા લાગ્યો.

થોડી વાર પછી દુર્મદસીંહ તથા મોટાંબા પણ આવી પહોંચ્યાં. તેમને જોઇ રાણાએ કહ્યું એક મીરાં ! બે મીરાં ! ત્રણ મીરાં ! ચાર મીરાં ! દોડો, દોડો, માજી પેલી મીરાં આવી. મોટાંબાએ કહ્યું રાણાજી ! અહીંઆં મીરાં નથી. ચિતને ઠેકાણે લાવી સાવધ થાઓ.

રાણાએ કહ્યું શું માજી ! આ સત્ય છે ? મોટાંબાએ કહ્યું હા સત્યજ છે. રાણાને મોટાંબાનું કહેવું ખરૂ લાગતાં ભાન ઠેકાણે આવ્યું. અને કહ્યું માજી ! તેનું જાદુ તો અજબજ ! મોટાંબા કહે કેમ ? રાણો કહે કેમ શું ? હું તેને ઉઘાડી તળવારે મારવા દોડયો, ત્યાં એક મીરાંની બે મીરાં થઈ, અને એને મારવા દોડયો, ત્યાં ચાર મીરાં થઇ.

મોટાંબાએ કહ્યું રાણાજી ! તમો ભુલે ચુકે તે જાદુગરણીના મ્હેલમાં જશો નહી, નહી તો જાન ગુમાવશો. રાણાએ કહ્યું હવે ભુલે ચુકે પણ તેના મ્હેલમાં જવાનો નથી. દુર્મદસીંહે કહ્યું માજી! એ જીવતી હશે તો રાણાનો જીવ લેતાં પાછી નહી હઠે. માટે તેને તો ઠેકાણે કરવાની બરાબર પેરવી કરવી. મોટાંબાએ કહ્યું ઉઘાડી તલવારથી જીવ ન લેવાયો, હળાહળ વિષ પચાવી ગઇ, હવે તેથી વધુ યુક્તિ કોઈ છે ?

દુર્મદસીંહે કહ્યું માજી! તે ભક્તિનો ખોટો ડોળ રાખે

છે, અને જાદુના જોરથી ઘણા ભગતડાં એકઠાં કર્યાં છે, તેને માટે મને એક સરસ યુક્તિ સુઝી છે.

મોટાબા કહે શી યુક્તિ સુઝી છે? દુર્મદસીંહ કહે એક કદંડીયામાં મ્હોટો વિક્રાળ નાગ પુરી તેને મોકલવો, અને કહેવરાવવું કે એક મહાત્મા દરબારમાં પધાર્યા છે, તેમણે સાલીંગરામની મુર્તી રાણાને ભેટ કરી છે. તે મુર્તી રાણાએ તમને ભેટ દાખલ મોકલી છે. સાલીંગરામની મુર્તીનું નામ સાંભળી તરત તેમાં હાથ ઘાલશે. હાથ ઘાલતાંની સાથેજ તે નાગનો ભોગ તે થશે.

મોટાંબાએ કહ્યું હળાહળ વિષ સરખુ પચાવી ગઇ, તો નાગનું ઝેર તેના શું હીસાબનું? દુર્મદસીંહે કહ્યું માતાજી વિષ તેણે પીધુ તેની ખાત્રી શી? પીવાનો ડોળ કરી ઢોળી દીધુ હોય તો કોને ખબર? મોટાંબા કહે પણ તે કરંડીઓ લઇ તેની પાસે જશે કોણ?

દુર્મદસીંહે કહ્યું કુમતીને મોકલવી. તે શીવાય તે બીજાનું માન્ય નહી કરે. કુમતી આપણો બોલ ઉથાપે તેમ નથી. મોટાંબા આથી ખુશી થયાં અને તે પ્રમાણે કરવા દુર્મદસીંહને સન્મતી આપી રણવાસ તરફ ગયાં.

દુર્મદસીંહે એક કરંડીઓ લાવી તેમાં મોટો વિષધર પુર્યો. તે કરંડીઓ બંધ કરી કુમતીને બોલાવી. કુમતીએ આવીને કહ્યું દુર્મદસીંહજી, મને શા માટે તેડાવી? દુર્મદસીંહે કહ્યું આ કરંડીઆમાં મોટો વિષધર પુર્યો છે, તે કરંડીઓ મીરાંબાઇને પહોંચાડવો.

કુમતીએ કહ્યું કેવી રીતે? દુર્મદસીંહે કહ્યું કેવી રીતે શું? ત્યાં જઇને કહેવું કે એક મહાત્મા પધાર્યા

તેમણે રાણાજીને આ સાલીંગરામની મુર્તી ભેટ આપી છે, તે ભેટ રાણાજીએ તમને મોકલાવી છે. કુમતીએ કહ્યું બહુ સારૂ, કહી વિષધર પુરેલો કરંડીઓ લઇ ભુતના મ્હેલ તરફ ગઈ. કુમતી ગઇ, પણ દુર્મદસીંહને ભરોંસો પડ્યો નહી, તેથી તે પણ રાણાજીની આજ્ઞા લઇ કુમતીની પાછળ ભુતના મ્હેલ તરફ ગયો,



પ્રકરણ ૧૭ મું.

ભગવાન શ્રી ગિરિધરલાલજીનાં ગૃહણીક પવિત્ર મીરાંબાઇ સાક્ષાત ગિરિધરલાલજીના આશ્રય નીચે સંતોનો અખાડો જમાવી ભગવાન શ્રી ગિરિધરલાલજીનું પ્રેમ લક્ષણા ભક્તિથી ભજન કરે છે. અતિથીની આસનાવાસના કરી તેને બોધરૂપી દાન આપી સંતુષ્ટ કરવાનો નીયમ ધારણ કર્યો છે. તેથી ગમે તેવો અતિથી આવ્યો તેને ખાવા પીવા, સુવા બેસવા વીગેરેની સોઇ કરી, તેની સાથે જ્ઞાનની વાતો કરી, તેને સંતુષ્ટ કરે છે. અને ઇશ્વર ભજનમા લેહે લાગી રહી છે.

ભજન.

પ્રભુ રાખે તેમ રહીએ, હો સંતો પ્રભુ રાખે તેમ રહીએ;
આપણ ચીઠીના ચાકર છઇએ, હો સંતો પ્રભુ
રાખે તેમ રહીએ.

કામકાજ સૌ અળગુ કરીને, નામ મોરારીનું લઇએ
અનેક ભક્તોનાં કામ કર્યાં જેણે, તેવું ભજન નીત્ય ગાઇએ.—હો.

સોળ સહસ્ત્ર ગોપીને વરીયા, ગાયો ચારી એ કનઇએ,
બાઇ મીરાં કહે પતિ એ સાચો, સત્ય શરણ નીજ સહીએ—હો.

ઉપર પ્રમાણે ભજન ઉપર ભજન અને કીર્તન ઉપર કીર્તન થાય છે. ત્યાં કુમતી વિષધર પુરેલો કરંડીઓ લઇ મીરાંબાઇ પાસે આવી, અને કરંડીઓ મીરાંબાઇની પાસે મુક્યો.

કરંડીઓ જોઇ મીરાંબાઇએ કહ્યું કુમતી! આમાં શું છે? કુમતીએ કહ્યું મીરાંબાઇ! રાણાજીના દરબારમાં કોઇ સંત મહાત્મા પધાર્યા છે, તેમણે રાણાજીને આ સાલીંગરામ ભેટ કર્યા છે. તે ભેટ રાણાજીએ તમારા માટે મોકલી છે.

મીરાં આથી ખુશ થઇ કહ્યું, ઓહો! શું રાણાજીનો ભાવ મારા ઉપર થયો! પ્રથમ મને મારા સાલીંગરામનાં દર્શન કરવા દ્યો, કહી કરંડીઓ છોડી તેમાંથી સાક્ષાત સાલીંગરામની મુર્તી બહાર કહાડી, તેનું પુજન કરી, પાછી કરંડીઆમાં પધરાવી.

વાહ! ભગવાન તારી લીલા! તરણાનો મેરૂ અને મેરૂનુ તરણું પલકમાં બનાવે, તારી અગાધ લીલાનું વર્ણન કોઇથી કરી શકાય તેવું નથી.

કર્તા— **ગાયન.**

છે અકળીત લીલા તુજ અતિરે, વાહા વાહ! જગતપતિ.
પાર ન પામ્યા કોઇ મુવામથી, રતી પણ જાણી શક્યા નહી
તુજ ગતીરે.......................................વાહા
વિષધર સાલીંગરામમાં, બદલાયા નહી ફેર;
ભક્તિ વશ તું ભુદરો, ભક્તોને તુજ મ્હેર...પાર.
ચરણામૃતના નામથી, મોકલ્યું સતીને વીષ;
વિષ તે અમૃત થઇ ગયું, સાચો ધણી જુગદીશ—પાર.
રાણે સતીને મારવા, હસ્ત ગ્રહી તલવાર;
પ્રભુએ પરચો આપીઓ, મીરાં બતાવી ચાર—પાર.
અકળગતી પ્રભુ તાહરી, કદી ન વર્ણવી જાય;
એવા પ્રભુજી ચરણમાં, પ્રેમે લાગું પાય—પાર.

મીરાંબાઇએ સાલીંગરામની શેવા કરી મુર્તીને પાછી કરંડીઆમાં પધરાવી પોતે શ્રી ગિરિધરલાલજીનું ભજન ગાવામાં ગુંથાયાં.

ભજન.

નામ તારૂં સુખદાઇ, ગિરિધર નામ તારૂં સુખદાઈ.
ધીરજતા ધ્રુવની ઉર લાવી, અવિચળ પદ દીધું ત્યાંહી—ગિરિ.
ઝુંડે પકડ્યો ગજને જ્યારે, પળમાં લીધો છોડાવી;
પ્રલ્હાદજીની પીડા પીછાણી, પ્રગટ્યા સ્થંભે જાઈ—ગિરિ.
હિરણ્યકસીપુ માર્યો હરીએ, નરસીંહ રૂપ બનાવી;
લાખાગ્રહથી પાંડવ બચાવ્યા, દોડી આવ્યા પ્રભુ ધાઇ—ગિરિ.
પંચાળીને ચીર પુર્યાં તમે, દુષ્ટ કૌરવથી બચાવી;
જ્યાં જ્યાં ભગતને ભીડ પડે પ્રભુ, ત્યાં ત્યાં લ્યો હસ્ત સાહી—ગિરિ.
જેઠો કહે પ્રભુ તુજ ગુણ ગણતાં, જન્મ મરણ કદી નાંહી—ગિરિ.

ઉપર પ્રમાણે ભજનની ધુન થવા માંડી. કુમતી વિષધરના કરંડીઆમાંથી સાલીંગરામની મુર્તી કાઢી ત્યારથીજ અચંબો પામી વીચારમાં પડી હતી. તેને દુર્મદસીંહે કહ્યુ કુમતી શું કર્યું? કુમતી કહે શું કર્યું શું? તમે તે કરંડીઆમાં વિષધર પુર્યો છે, કે મોટો પહાણો? દુર્મદસીંહ કહે કેમ? કુમતી કહે કેમ શું? મારી સમક્ષ તેણે કરંડીઆમાંથી મોટો પહાણો કાઢી તેનું પુજન કરી કરંડીઆમાં મુક્યો. દુર્મદસીંહ કહે તું જુઠી છું. મે મારી જાતે વિષધર પુર્યો છે, ને તું કહે છે પહાણો છે, તે હું કેવી રીતે કબુલ કરૂં?

કુમતીને આથી ક્રોધ ચઢયો, અને કરંડીઓ લાવી તેણે દુર્મદસીંહની સમક્ષ ઉઘાડયો, ને પહાણો કાઢવા હાથ ઘાલ્યો. હાથ ઘાલતાંની સાથે વિષધર ઉછળીને બહાર ની-

ફણી કુમતીને ડસ્યો. વિષધરના ડસવાથી કુમતી સંજ્ઞા વિનાની એટલે મડું થઇને પડી.

આ બનાવ જોઈ દુર્મદસીંહ બીકનો માર્યો નાશી ગયો. અને રાણા પાસે જઈ તેને સઘળી બીનાથી વાકેફ કર્યો. રાણાએ કહ્યું હવે કેમ કરવું? દુર્મદસીંહે કહ્યું કેમ કરવું શું? તમારી એક યુક્તિને તેના પોતાના જાદુના જોરથી ફાવવા દેનાર નથી. માટે તેને તો હવે દેશપાર કરવી. રાણો કહે હું તો ત્યાં આવનાર નથી. તું તારી મેળે જઇને તેને કહી દેજે. દુર્મદસીંહ કહે મહારાણા! ગભરાઓ છો શા માટે? હું તમારી ભેળોજ આવીશ. રાણે કહ્યું કયારે જઈશું. દુર્મદસિંહે કહ્યું મહારાજ! હવે તો સાંજનો વખત થયો છે, માટે કાલ સવારમાં જઇ તેને દેશ પાર જવાની આજ્ઞા આપવી. રાણાએ તેમ કરવા કબુલ કર્યું. રાણાએ કબુલ કર્યું તેથી દુર્મદસીંહ ખુશી થયો.

વ્હાલા વાચકવૃંદ! કુમતિ કે જે વિષધર ડસવાથી સંજ્ઞા વિનાની થઇને પડી છે, તેને સંભાળીએ. કુમતીને સંજ્ઞા વગરની પડેલી જોઇ મીરાંબાઇ તેની પાસે ગયાં, અને તેને કૃષ્ણચર્ણામૃતનું પાણી છાંટયું. કૃષ્ણચર્ણામૃતના પ્રતાપથી કુમતીને વિષધર ડસવાથી જે વિષ વ્યાપ્યું હતું તે દુર થયુ, અને આળસ મરડી બેઠી થઈ. થોડી વારે તેને ભાન આવ્યું.

ભાન આવતાં તે ઉભી થઈ. ત્યાં તેને વિષધર ડસ્યાનું ભાન આવ્યું અને વિચારમાં પડી.. તેને વિચારમાં પડેલી જોઇ સુમતીએ કહ્યું પાપણી! શું વિચાર કરછ? વિષધર ડસ્યાનું ભાન છે? કુમતી કહે હા. પણ વારૂ મને કોણે બચાવી? કુમતી કહે કોણે બચાવી! જરા વીચાર

કરચ. ઘોશીલી! તેં દુર્મદસીંહના સામેલ રહી મારવા અનેક ઉપાયો કર્યા, પણુ કરચ અને જો. તે કહેવતનો વિચાર કર. સતીને મારવા સાલીંગરામનું જુઠુ નામ દઇ વિષધર મોકલ્યો, પણુ પાપણી તેજ વિષધરનો ભોગ તું બની. ભગવાનની લીલાથી તેમણે સાલીંગરામ રૂપે પુજન કર્યું, પણ પાપણી તારી પાપ વૃતીએજ તને ઘેરી, અને તેમાં તુંજ સપડાણી. પાપણી વિચાર કર્ય ને હજુ પણુ પાપને દુર કરચ, તૃષ્ણાને તજ.

તૃષ્ણારૂપી મેઘ છે તેમાંથી દુઃખ રૂપી છાંટ—બુંદ વરસે છે. તૃષ્ણારૂપી કાળી નાગણુ છે, તેનો સ્પર્શ સુંવાળો લાગે છે; પણુ ઝેરથી પરિપુર્ણુ છે. તેના કરડવાથી મનુષ્ય જન અને જાનવર મરણુને શરણુ થાય છે. તૃષ્ણારૂપી વાદળું છે; તે આત્મારૂપી સુર્યની આગળ પડદો કરી દેછે. જ્યારે જ્ઞાનરૂપી પવનની ઝપટ વાગે છે, ત્યારેજ તે વાદળાનો નાશ થાય છે, અને આત્મપદનું સાક્ષાત સ્વરૂપ જણુાય છે. અગ્નીના સ્પર્શથી, તલવારના ઝટકાથી, ઇંદ્રના કઠોર વજ્ર પ્રહારથી જે દુખ થાય છે, તેથી અધિક દુઃખ તૃષ્ણાથી થાય છે. તૃષ્ણાના પ્રહારથી જે ઘાયલ થા છે તે મહા દુઃખ પામે છે. તૃષ્ણારૂપી દીવો બળ્યા કરે છે, તેમાં સંતોષાદિ ગુણોરૂપી પતંગીઆં બળી મરે છે.

જેમ પાણીમાં મમરમચ્છ—માંછલાં રહે છે, તે પાણીમાંની રેતીને કે કાંકરીને માંસ ગ્રંથીના ભરોસે મુખમાં ગ્રહણુ કરે છે, પરંતુ તેનાથી તેની કશી પણુ કાર્યસીદ્ધિ અર્થાત્ સુખ ભાગતી નથી; તેમ તૃષ્ણા પણુ જે કાંઇ પદાર્થ જુવે છે તેની તરફ ઉડી પડે છે, અર્થાત કોઈ રીતે તેને તૃપ્તી તો થતીજ નથી. જ્યારે એવી અતૃપ્ત તૃષ્ણા

છે. ત્યારે તેને શા માટે રાખવી જોઇએ ?

જો! જો! લગાર આંખ ઉઘાડ! આટલા આટલા પ્રયાસો કર્યા, પણ એકે પ્રયાસમાં ફાવી? જેને પ્રભુની મ્હેર તેને સદાયે લીલાલ્હેર. જેને પ્રભુની સાહ્ય, તેને પામરથી શું થાય ?: જો સાંભળ, પ્રભુના પ્રેમની બલિહારી છે. તેના ઉપર પ્રેમ હોય, તો તેતો પ્રેમનોજ ભુખ્યો છે.

ભજન.

પ્રેમને વશ છે મોરારી, જો સાંભળ પ્રેમને વશ છે મોરારી;
તેમાં ન ફેર લગારી, જો સાંભળ પ્રેમને વશ છે મોરારી.
કરમાબાઇનો ખીચડો આરોગ્યો, વિદુરની ખાધી ભાજી
જુઠાં બોર શવરીનાં ખાધાં, મુકયાં છપ્પન ભોગ વિસારી—જો સાં૦
વિદુરજીને ઘેર પ્રભુ પધાર્યા, ત્યાં ન્હાતાં હતાં ભક્તનારી;
પ્રેમને વશ દોડયાં નગ્ન સ્વરૂપે, વસ્ત્રને દીધાં વિસારી—જો સાં૦
ખાવા માગ્યું ત્યાં કેળાં લાવ્યાંને, કહ્યું બેસો હરિ સુધારી;
પ્રેમમાં ભુલીને છોતરાં આપ્યાં, ગર્ભને મુકયો વિસારી—જો સાં૦
પ્રેમ લક્ષણા ભક્તિ છે ન્યારી, નીંદે સર્વ સંસારી;
મીરાં કહે તેને નીંદે જે પામર, થાય પસ્તાવો ભારી—જો સાં૦

ઉપરનુ ભજન સાંભળી કુમતીનુ હૃદય પીગળ્યું, અને એકદમ મીરાંબાઇના ચરણમાં પડી, પોતે કરેલ કર્મોની માફી માગી. હે પવિત્ર સતીમાતા! મેં પાપણીએ તમને સતાવામાં બાકી રાખી નથી. પાપીઓ સાથે મળી તમને મારવા અનેક ઉપાયો કર્યા, જગતવંદનીય જગતજનુનીને વિષનો પ્યાલો આપી પાપનો બોજો માથે ઉઠાવ્યો. પાપીઓની સંગતથી વિષધરનો કરંડીઓ મેં સાળીગરામનું જુઠું નામ દેઇ હે પવિત્ર માતુ! તમને મારી નાંખવાના હેતુથી

આવ્યો. ત્યાં ભગવાન **શ્રી ગિરિધરલાલજીની** કૃપાથી પ્રત્યક્ષ પડછો બતાવ્યો, અને તેજ વિષધરથી આ પાપી કાયાનો અંત આવ્યો. ધન્ય છે મીરાંબાઇ તમારી નિર્વીકાર વૃતિને ! આટલું આટલું કરવા છતાં મનપર કાંઈ નહી આણતાં, આ પાપી આત્માને બચાવ્યો ! છેવટમાં પાપણીનો કર સાહ્યો, અને સુમતીએ સદ્બોધ સુણાવ્યો.

મીરાંબાઇ કહે કુમતી ! આટલેથીજ સુધરીશ, તો ઘણું છે. હજુ કાંઇ વહી ગયું નથી. જેમ ખોએલી આબરૂ મેળવી શકાય છે, તેમ પ્રભુની ખોએલી કૃપા પણ મેળવી શકાય છે. કુમતી કહે માતાજી ! હવે આ કુમતી નથી. હવે તો કુમતી મટી સતસંગતથી સુધરી ગયેલ સુમતી સમજજો. કુમતી એ નામનો ભાવ આ પાપી કાયાએ ભજવ્યો. આ પાપાત્માને પ્રભુ ચરણથી લજવ્યો. ઘણી થઈ માતાજી! ઘણી થઈ ! હદ આવી રહી. સુમતી કહે ધન્ય છે કુમતી ! આટલેથી તું સુધરી તેથી સર્વે સારાં વાનાં થશે. કુમતી કહે કીધેલ કર્મોની માફી મળશે ? સુમતી કહે હા. હવેથી બીજી મનેચ્છા તજીનેજ હરી ચરણમાં ચિત્ત લગાડ, જેથી સેજે:ભવ સાગર તરીશ, અને શીવપદ સુખને વરીશ.

કુમતીને પુરણ બોધ લાગ્યો, અને ભજનમાં ભળી સાધુ મંડળે ભજન ગાવું શરૂ કર્યું.

ભજન.

જીવડા શીદને ચિંતા કરે, હરીને કરવું હોય તે કરે.
શીદને અંતર ઉદ્વેગ ધરે, કહે તેથી શું કારજ સરે;
પ્રભુએ ધાર્યો જે મનસુબો, હર બ્રહ્માથી ન ફરે—હરીને.
દોરી સર્વની ધણીના હાથે, ભરાવ્યૂ ડગલું ભરે;

જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સુરનીસરે—હરીને.
જેનું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહી જરીએ, શીદ કુટઇ જીવ મરે-હરી.
તારૂ ધાર્યું થાય એટલું, હરી ઇચ્છા અનુસરે;
સદા કાળ એ રીત નીભે નહી, હુંપદ મન શીદ ધરે-હરી.
થાવાનું અણુચિતચ્યું થાશે, ઉપનીપદ ઓચરે;
રાખ ભરૂસો રાધાવરનો, નહી પસ્તાવું પડે-હરી.

દિલ્હી શહેરમાં મીરાંની ભક્તાઇની વાત બાદશાહને કાને ગઇ, કે મેવાડમાં મીરાંબાઇ જેવી ભક્ત કોઇજ નથી. જેને સાક્ષાત પ્રભુની સાહ્ય છે. અકબર બાદશાહએ આ વાત સાંભળી તેને જોવાની ચટપટી થઈ, તેથી પોતાના કવી તાનસેનને લઇ છુપા વેશથી મેવાડ તરફ ગયા.

મેવાડમાં ચિતોડ પાસે આવ્યા ત્યારે તેમણે સંત મહાત્માનો પોશાક પહેર્યો. બનાવટી દાઢી મુછો વિગેરે બનાવી ભુતનો મ્હેલ જ્યા મીરાંબાઇનું મંદીર છે ત્યાં આવ્યાં.

છેટેથી મીરાંબાઈનું મંદીર જોઇ બાદશાહ તો દીંગ બની ગયો, અને વિચાર કર્યો કે આતે શું! આ મંદીર છે કે રંગ મ્હોલ ? આવો રંગ મ્હોલ મારી ઉમ્મરભરમાં આજેજ જોયો.

તાનસેન કહે મહારાજ! અંદર જાકે દેખો ફીર બાત. તાનસેનની વાત સાંભળી બાદશાહે પોતાના મનની આશ્ચર્યતા દુર કરી મીરાંબાઈના મંદીરમાં ગયા.

મીરાંબાઇના મંદીરમાં પ્રવેશ કર્યો ત્યાં સંતોએ એક ભજન ઉપાડ્યુ.

ભજન.

સુખ છે તમારા શરણુમાં, હો શામળીઆજી.
એ મારા વ્હાલાએ કહ્યું કરણુમાં હો શામળીઆજી.
જપ તપ તીરથ ચારે પદારથ; (૨)
એ મારા વ્હાલાજીના ચરણુમાં હો શામળીઆજી—સુખ.
પ્રેમે કરીને વ્હાલો મંદીરે પધાર્યા પોતે (૨)
જોયુ નહી જાત કુળ વરણુમાં હો શામળીઆજી—સુખ.
બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વ્હાલા (૨)
ગણ્યા ન જાય લોક તરણુમાં હો શામળીઆજી—સુખ છે.

ભજન પુરૂ થયું ત્યાં મીરાંબાઈ સંતોનો વેશધારી બાદશાહ અકબર તથા તાનસેનના ચરણુમાં પડયાં. મીરાંની સંતો પ્રત્યે આવી પ્રેમ નીષ્ઠા જોઈ બાદશાહે તેને આશીશ આપી ઉઠાડી. મીરાંએ કહ્યું મહાત્મા! આજે આપે પધારી અને આભારી કરી આ મંદીર પાવન કર્યું.

વેશધારી સંતોએ કહ્યું મીરાંબાઇ! હમ તુમારી ખ્યાતી સુનકે આયે હે. ઓર સુના હે કે આપ બ્હોત જ્ઞાનવંત સિદ્ધ હો. તો હમકુ કુચ જ્ઞાન સુનાઓ. બોધ ગ્રહન કરનેકે લીયે હમ તુમારી પાસ આયે હેં.

મીરાંબાઇએ કહ્યું મહાત્માઓ! હાલતો રાત ઘણી ગઈ, માટે હાલતો તમો સામેના ઓરડામાં શયન કરો. સવારમાં શેવાથી પરવારી તમારી મનેચ્છા પરિપુર્ણ થશે. તેમને સુવા માટે એક ઓરડામાં મોકલ્યા.

મીરાંબાઇએ ઇશ્વર સ્તુતિ કરવા માંડી, કે હે પ્રાણ પ્રભુ! આ દિલ્હીનો બાદશાહ અકબર તથા તાનસેન મારી પરિક્ષા કરવા આવ્યા છે, માટે તારા બ્હાનાની પત રા-

ખરી તારા હાથમાં છે. એ પ્રમાણે કહી મીરાંબાઇએ ગિરિધરલાલજીની સ્તુતી કરવા માંડી.

ભજન.

વ્હારે આવજો ગિરધારી, ખરીપત રાખજો ત્હારીરે,
એકી સત્યે બ્હાનું ધારી.—ખરીપત.
બ્હાનાની પત રાખવી ત્હારે, રાખ્ય તું ગિરિધર નાથ,
પત જશે તો હાંશી થશે તુજ, આબરૂ તહારે હાથ,
વધુ શું કહું વિસ્તારી—ખરીપત.
વૈભવ આવા જોઇ શંકાણો, પોતે મનથી રાય;
પ્રગટ પરચો બતાવ્ય આપે, શંકા દૂર પળાય,
વિકારને નાંખ્ય નિવારી—ખરીપત.
પ્રલ્હાદ સ્થંભે જઇને વશીયા, શીતળ કીધો ત્યાંય.;
તેવી રીતેશું શંકા નિવારો, દીલ્હીશ્વરની આંહ્ય,
તજી ગર્વ શેવે લાચારી-ખરીપત.

બાદશાહ તાનસેનસહ સુવાના ઓરડામાં ગયા, અને ત્યાંનો વૈભવ જોઇ બાદશાહ તો લીનજ બની ગયો. ત્યાંનો ઠાઠ અને વૈભવ જોઇ બાદશાહે વિચાર્યું કે આવા વૈભવ માણે છે, તો તે સાધવી શેની? સાધુ પુરૂષો હમેશાં ભોગથી વિરક્ત હોય છે, એટલે કે તે સુખ ભોગનો તો પ્રથમથીજ ત્યાગ કરે છે. સુખ ભોગ ત્યાગ શિવાય સાધુતા રહેતીજ નથી.

તાનસેને કહ્યું બાદશાહ સલામત! તુમેરા કહેના સચ હે. ઐસા વૈભવ મેનેભી આજેજ દેખાં હય. પન જીસકુ જૈસા ચાહીએ ઐસા માલીક દીયા જાતા હય. આપ જૈસા સોનેવહાલેકુ માલીકને યાંહાંભી પલંગ ભેજ દીયા. વોહ ખુદા તાલાકી રીત ન્યારી હે.

અકબરશાહે કહ્યું વોતો સચ, લેકીન અપના દીલકા અંદેશા કીસ તરેંહસે દુર હોયગા, વો બાત કુચ ખ્યાલમે નહી આતી હે (બાજુમાં જોઇ) પન વો કયા ! વોતો બડા બીષધ્વર હૈ. ચાલો, ભાગો, નહીતર કાટ ખાયગા. બન્ને જણા મીરાંબાઇ પાસે આવ્યા, અને કહ્યું મૈયા હમકુ તો જ્વર નહી સોના.

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! ઉમદામાં ઉમદા પલંગ ઢાળેલા છે. મુખમલની તળાઇઓ બીછાવેલી છે, સુવાસીત અત્તરો છાંટેલાં છે, છતાં નાપમજ કેમ કરો છો ?

બાદશાહે કહ્યું વ્હો સબ જાવે જાનમમે. જહાં બ્હાં ઐસા બીષધર હે, કે ફુંકસે દમ નીકળ દેવે. તો ફીર વ્હો સોયા કીસી તરેંહસે જાય ?

મીરાંએ કહ્યું મહાત્માઓ! બોધ મળ્યો. અકબરશાહ કહે કૈસો ! મીરાં કહે જે છત્ર પલંગ અને સુખ વૈભવ તમે એક વિષધરની બીકથી ભોગવી નહી શકયા, તેમ કાળરૂપી વિષધરની બીકથી આ દેહ તેમાંનું કશું ભોગવી શકતી નથી.

હે અકબર બાદશાહ અને તાનસેનજી! સંસાર સાગરમાં દેહરૂપ લતા ન્ફીણુવત્ ક્ષણભંગુર છે; તેને પામી અભિમાન કરે છે તે મહા મુર્ખ છે. જેમ બીલાડી ઉંદરને પકડવા માટે ફરે છે, તેમજ આયુર્ય પણ જીવને નર્કમાં નાંખવા માટે ફરે છે. જેમ અંજળીમાં પાણી ઠેરી સકતુ નથી, ને ચંચળપણે પલાયણ કરી જાય છે, તેમ આયુર્ય પણ ચંચળ છે, તે એક સ્થળે સ્થીર નહી રહેતાં ચાલ્યું જાય છે; તેથી તે ક્ષણભંગુર આયુર્ય અને શરીરને પામી જે ભોગની વાંચ્છના કરે છે તે મુર્ખધિરાજ છે. કેમકે

મૃત્યુના મુખમાં હોવા છતાં પણ જીવવાની આશા કરે છે. કારણ, એક પછી એક ચરાચર પ્રાણીનો કાળ કોળીઓ કરી જનારજ છે, છતાં મોટાં મોટાં ખોટા મનસુબા આદરી વેર વિરોધ કરતો મનમાં મદ સહીત મકલાય છે. જેમ સાપના મ્હોમાં ફસાએલું દેડકું મચ્છરને ખાવાની ઇચ્છા કરે છે, તેમ પ્રાણી માત્ર પણ કાળના કેદી બન્યા છતાં, મુછ ઉપર તાર દેતા ભોગની ઇચ્છા કરે છે. જેથી તેઓ મુર્ખ શીરોમણીજ છે, એતો નીસંશયજ છે.

મીરાંબાઇએ કહ્યું હે દીલ્લીશ્વર બાદશાહ ! આ સંસારની માયા ઘણી સુંદર દેખાય છે, પરંતુ આખર બાજીગરની બાજી પ્રમાણે ‘ દો ઘડીકા દેખના ઓર અંત ધુલકી ધુલ’ તે જોતજોતામાં વૃક્ષ (ઝાડ) ની અંદર સળો કીંવા ઉધેઈ લાગે છે ને ઝાડને અંદરથી ખાઇ ખોખુ કરી મુકે છે, પણ ઉપરથી ઠીક જણાય છે, તેમ મનુષ્યો ઉપરથી ઘણાં સારાં શોભીતાં નજરે પડે છે, પરંતુ તેમના શરીરની માંહીલી બાજુએથી તૃષ્ણા રૂપી ઉધેઈએ કાળજી કોરી ખાધેલ છે, તેવા શરીરને જે સત્ય અને સુખરૂપ સમજી એટલે જાણી તેનો સુખના નીમીતે આશ્રય લે છે, તે કદાપી કાળે સુખી થતોજ નથી. જેમ નદીના પુરમાં તણાતો મનુષ્ય સર્પને પકડીને પાર ઉતરવા ચાહ્ય, તે પાર ઉતરી શકતોજ નથી, પણ ઉલટો પોતાની મુર્ખાઈ વડે મરે છે. તેમજ સંસારના પદાર્થોને સુખરૂપ સમજી તેનો આશ્રય કરે છે, તે સુખ પામતોજ નથી, પણ ઉલટો સંસાર સમુદ્રમાં ડુબે છે. એટલાજ માટે મેં આ જગતને અસત્યરૂપ જાણી વાસના રહીત થવાની ઇચ્છા કરી છે.

મીરાંબાઇના આ બોધથી અકબર બાદશાહનું હૃદય

પીગળ્યું, અને કહ્યું મીરાંબાઇ! તેં મને ગુરૂસમાન બોધ આપ્યો છે. વેશ પલટાવીને આવ્યા હતા છતાં, તારા ભક્તિના બળે તું અમને ઓળખવા પામી છું. તેને માટે હું તને મારા તનમનથી ધન્યવાદ આપુંછું.

મીરાંબાઈ કહે દીલ્હીશ્વર! હું તો એક પામર પ્રાણી છું. મારા પ્રભુના ગુણ ગાઉંછું. અકબરશાહ કહે મીરાં-બાઇ! મારા મનમાં એક સંદેહ રહ્યો છે તે દુર કરો. મારા સાંભળવા પ્રમાણે સંત શીવાય બીજાને તમે નમતા નથી, તે તમે ઓળખવા છતાં મને નમી તમારી નેમ ચુકી ગયાં કે કેમ તેનો ખુલાસો કરો.

મીરાં કહે દીલ્હીશ્વર! તમે એમ સમજતા નહી, કે મીરાં તમને નમી છે, તેથી પોતાની નેમ ચુકે છે. પ્રભુ પ્રતાપથી અડગ નેમી પોતાની ટેક જીવ જતાં સુધી મુકેજ નહિ, તે ખાત્રીપુર્વક સત્ય સમજવું. હુ તમને ઓળખવા છતાં નમી છું તે તમને નહી, પણ આ તમારા સંતના સ્વાંગને.

બાદશાહ આથી ચકીત થયો, અને મીરાંને કહ્યું.

દેશ વિદેશ જોયાં ઘણાં, જોયાં ભક્ત અનેક;
માયાવી સહુ પ્રાણીઓ, સાચી ભક્ત તું એક.

મીરાં કહે બાદશાહ! મારા કરતાં પણ બીજા ઘણા ભક્તો થયાં, તેના તુલ્ય ભક્તિ મારી નથી; ધ્રુવજી, કે જેણે બાળપણામાં ઉગ્ર તપ કરી અવિચળ પદવી મેળવી. પ્રલ્હાદ કે જેણે બાળપણામાં સાચા રટણથી તેના પીતા હીરણ્યકસીપુએ લોઢાના સ્થંભે બઝાડયો, તે સ્થંભ શીતળા બનાવી મારા વ્હાલાએ તેમાં વાસ પુર્યો, અને હીરણ્યકસીપુને નૃસીંગ અવતાર ધારણ કરી હણ્યો. સુધનવાની

સાચી ભક્તિથી તેના પીતાએ પાપી પ્રધાનોની ચઢવણી-થી તેલની તાતી કઢામાં નાંખ્યો. તે તેલ મારા વ્હાલાએ શીતળ કર્યું, એવા એવા અનેક ભકતો થયા તેની તુલ્યતો શું, પણ પાશંગમાં પણ આવું તેમ નથી.

અકબરશાહ કહે મ્હોટા પુરૂષો પોતાનાં વખાણ પોતાને મ્હોઢે સાંભળતાંજ નથી, પણ મીરાં! તારા આજના બોધથી તો મારૂં મન શીતળ બન્યું છે. આજ તેં એક ગુરૂની ગરજ સારી છે. ધન્ય છે તને અને તારી ભક્તિને! હવે હમો રજા લઇએ છીએ.

મીરાંબાઇએ કહ્યું અકબરશાહ! જે બોધ શ્રવણ કર્યો તેનું મનન કરી તેજ સાચા ધણીમાં ચિત પરોવજો. જેથી આ લોકમાં અને પરલોકમાં બંન્ને જગોએ કલ્યાણ થશે.

અકબરશાહે કહ્યું હે સતી સાધવી! તમને તનમનથી પ્રણામ કરીએ છીએ. પ્રણામ કરી બંન્ને જણ દીલ્હી તરફ ગયા. મીરાંબાઇ પ્રભુ સ્મરણ કરવામાં પડયાં.

પ્રકરણ ૧૮ મું.

આજે દીવશ સવારમાં ઉઠી સ્નાન આદિ કર્મથી પરવારી ગિરિધરલાલજીની શેવામાં હતા, ત્યાં મહાત્મા તુળશીદાસ મીરાંબાઇના દર્શનાર્થે પધાર્યા. તુળશીદાસજીને જોઇ મીરાં તુળશીદાસજીના ચરણમાં પડી. તુળસીદાસ પણ મીરાંના ચરણમાં પડ્યા, અને **જય શ્રી કૃષ્ણ** મીરાંબાઇએ તુળશીદાસને કહ્યા. જય રઘુવીર એવા શબ્દો તુળશીદાસે મીરાંને કહ્યા.

મીરાંબાઈએ કહ્યું આજ મારાં અહો ભાગ્ય કે આપ મહંતની પધરામણી મુજ રંકને ઘેર થઇ! તમારા પધારવાથી આ મંદીર પાવન થયું છે. આસન આપી તેમને બેસાડ્યા, અને કહ્યું મહાત્મા! તમારા પરમ સાધુની પધરામણીથી મને અતિશય હર્ષ થયો છે. તમારા સમાગમથી મને અધિક જ્ઞાન પ્રાપ્ત થશે.

તુળશીદાસે કહ્યું મીરાંબાઈ! તમારી ભક્તિની બલીહારી છે. તમો ભગવાન કે જે નોધારાનો આધાર, દિનનો બેલી, ભક્ત વત્સલ છે, તેમને તમે પોતાના કરી લીધા છે તો તમારી ભક્તિ અવધી!

મીરાંબાઇએ કહ્યું મારા એકલીના શેના? સકળ જગતના છે. સકળ મનુષ્યના છે. સર્વ સ્થળે મારા વ્હાલાનો વાસ છે, તો પછી મારી એકલીના શાના?

તુળશીદાસે કહ્યું મીરાંબાઈ! તમારૂ કહેવું સત્ય છે, પણ તે આ કળીકાળમાં કોણ સમજે છે? જે એવું સમજી તેને તનમનથી સ્મરે છે, તે સહેજમાં ભવસાગર તરે છે; ને મુંઢ મતીનાઓ કાળના પાસમાં સપડાઇ હાય હાય કરતાં મરે છે.

મીરાંબાઇ કહે મહાત્મા! તમારૂ કહેવું સત્ય છે, પ-રંતુ મારા નાથ **ગિરિધરલાલજી** પરમ દયાળું છે. પામર જીવોની કરણી સામું જોતાં નથી. જો મનુષ્યની કરણી સામું જૂવે, તો પામર જીવોની શી દશા થાય, તે કહી શકાતુંજ નથી.

તુળશીદાસ કહે મીરાં! **રામજી**ની એવીજ લીલા છે. દુખીઆનો તે સાથી છે. અંતનો તે દામ છે, એવો દયાળુ મારો **રામ** છે.

મીરાંબાઈ કહે મહાત્મા! મારા **ગિરિધરલાલજી**ને તમારા **રામ** તે કાંઇ જુદા નથી, તે તો અખંડાનંદ ઘન-શામ એકજ સ્વરૂપ છે.

તુળશીદાસ કહે જ્યારે એવું સમજોછો, ત્યારે મારા **રામ**નું રટણ કેમ કરતાં નથી? **ગિરિધરલાલજી**નું રટણ કેમ કરો છો ?

મીરાંબાઇ કહે રામનું અને મારા ગિરિધરલાલજીનું રટણ કાંઇ જુદુ નથી. તમને રામ રૂપે પ્રિય છે, તો તમે રામ રૂપે ભજો છો. મને ગિરિધર રૂપે પ્રિય છે, તેથી હું ગિરિધર રૂપે ભજુ છું. કહો કેમ તો ગિરિધર રૂપે ભ-જતા નથી ?

તુળશીદાસ કહે મારો રામ કે જેમણે પત્નીવ્રત ધારણ કર્યું હતું, જેમની વૈરાગ્ય વૃતી હતી, જે લક્ષ્મીને તેમણે તન મનથી ધિક્કારી હતી, તે સ્વરૂપ મુકી સોળ સહસ્ત્ર એકસોને આઠ ગોપીકાઓ સાથે ક્રિડા કરનાર, શૃં-ગારિક વૃતી ધારણ કરનાર અને જે લક્ષ્મીને મારા રામ-જીએ ધિક્કારી હતી તેને ચાહનાર એ સ્વરૂપને કેવી રી-ત ભજુ ?

મીરાંબાઇએ કહ્યુ મહાત્મા! રામચંદ્રજીએ જે લક્ષ્મી મારા પ્રાણ પ્રભુને અતિ પ્રિય છે તેને શા માટે ધિક્કારી તે કહેશો ?

તુળશીદાસે કહ્યું ઘણી ખુશીથી. મારા રામજીના ગુણ ગાવા મને અતિ પ્રિય છે. મારા રામચંદ્રજીએ લક્ષ્મીને ધિક્કારવાનું કારણ એ છે, કે લક્ષ્મી તે મહા અનર્થ, ખોટાં કામોને કરાવનારી છે. કેમકે, લક્ષ્મી તેજ હળાહળ વિષ છે. વિષના પાસમાં સપડાતાં નિંદ્રા, તંદ્રા, પ્રલાપ, ઉન્માદ અને મૃત્યુની મુલાકાત કરાવે છે; પરંતુ લક્ષ્મી રૂપી વિષ નજરે પડતાંજ કીંવા સ્પર્શ કરવાથીજ આંખ ખુલ્લી છતાં ઉંઘ, ઉન્માદ, તંદ્રા, પ્રલાપ અને મૃત્યુની મુલાકાત કરાવે છે, એ વિષેશ આશ્ચર્યજનક છે. ઝેર હળાહળ સારૂ, કે તે પ્રાણ લઈને તુરત છુટકો કરે છે; પરંતુ લક્ષ્મીરૂપી વિષ તુરત પ્રાણ લેતી નથી; તે તો અનેક અનર્થ કરાવી, રીબાવી રઝળાવી, પ્રાણ લઈ, રૌ રૌ નર્કનાં દુઃખ આપે છે. પામર જીવો એવી અનર્થકારિણી લક્ષ્મી પ્રાપ્ત ન થાય ત્યાંસુધી તેને પેદા કરવાના પ્રયત્નો કરે છે; અનર્થ કર્યા શિવાય લક્ષ્મી પ્રાપ્ત થતીજ નથી. પ્રાપ્ત લક્ષ્મી થએથી પણ અનર્થજ કરાવે છે, એટલે લક્ષ્મીના મદે કરી આત્મામાં રહેલ શીળતા, સંતોષ, ધર્મ, ઉદારતા, નમ્રતા, વૈરાગ્ય, વિચાર, વિવેક અને દયાદી સર્વે સદ્દગુણોનો નાશ કરે છે, અને એ સર્વે સદ્દગુણોનો નાશ થયો, તો પછી તેમાં સુખ ક્યાંથીજ હોય ! કેવી મહા આપદા વિપત્તિ પ્રાપ્ત છે ! માટે મહા દુઃખનું કારણરૂપ જાણી તે લક્ષ્મીનો મારા રામે ત્યાગ કર્યો છે.

જ્યારે જીવને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, ત્યારે તેથી મોટા સુખો ભોગવાય છે, અને જ્યારે તેની અછત થાય

છે, ત્યારે તૃષ્ણારૂપી અગ્નિવડે બળે છે. અર્થાત હાય વાય કરતો જ્યાં ત્યાં માથા મારતો જીવ રખડ્યા કરે છે, અને પારકાની સંપત્તિ જોઇ બળી મરે છે. મનુષ્ય માત્રમાં ઉત્તમ ગુણો ક્યાંસુધી રહે છે, કે જ્યાંસુધી તૃષ્ણાનો સ્પર્શ નથી થયો ત્યાંસુધી. જ્યારે તૃષ્ણા ઉત્પન્ન થાય છે, ત્યારે ઉત્તમ ગુણોનો સંહાર થઈ જાય છે. દુધનો સ્પર્શ જ્યાંસુધી સર્પે કર્યો નથી, ત્યાંસુધી તે ઉત્તમ દુધ છે; પરંતુ જ્યારે તે દુધને સર્પનો સ્પર્શ થાય છે, ત્યારે તે દુધ કેવળ વિષરૂપ થઇ જાય છે; તેમ ઉત્તમ ગુણો રૂપી દુધ મીઠું કયાં સુધી રહે છે, કે તૃષ્ણા રૂપી નાગણે સ્પર્શ કર્યો નથી ત્યાંસુધીજ.

હે મીરાંબાઈ! મારા રામજીએ કહ્યું છે કે લક્ષ્મી દેખાવા માત્રજ સુંદર છે, પરંતુ સ્પર્શ કરવાથી અનેક ઉપાધીઓને જન્મ આપે છે. અર્થાત પ્રાપ્ત થતાં વેંતજ સર્વે સદગુણોનો નાશ કરે છે. જે આત્માનંદને પ્રાપ્ત કરનારો ભક્તિ માર્ગ છે, તેનો નાશ કરનારી લક્ષ્મી છે. માટે તે લક્ષ્મી શ્રય કરવાથી આત્મા મહા અંધ બની જાય છે.

હે મીરાંબાઇ! લક્ષ્મી દેખાવા માત્ર તો સુંદીર સોહામણી છે, પરંતુ કેવળ દુઃખનુંજ કારણ છે. જેમ તલવારની ધાર જોવાથી સુંદીર જણાય છે, પરંતુ સ્પર્શ કરવાથી અંગને છેદન કરી નાંખે છે. તેમ લક્ષ્મી પણ તેવીજ છે. અને વિચારરૂપી મેઘનો નાશ કરવાવાળી વાયુ સમાન છે. લક્ષ્મીને આ પ્રમાણે દુઃખદાયક સમજી મારા રામે તેનો ત્યાગ કર્યો છે. કેમકે, લક્ષ્મી છળ કપટનો ભંડાર છે. માટે તેને છળ રૂપ સમજીનેજ તજી છે. અને તેજ લક્ષ્મીને પ્રિય સમજી તમારા ગિરિધરલાલજીએ પટરાણી કરી સ્થાપી છે.

એવી દેખીતી અનિતિ પ્રામ કરનારી લક્ષ્મીને જે રામે તજી છે, તેજ લક્ષ્મીને તમારા ગિરિધરલાલે પ્રિય ગણી છે, તો તેવા રામજીને મુકી ગિરિધરલાલજીને કેવી રીતે ભજુ?

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! તમારૂં સમજવું ફેર છે. લક્ષ્મી એ મારા ભગવાનની માયા છે. મારા ભગવાન શ્રી ગિરિધરલાલજીની માયા અકળીત છે. તેનો પાર કોઇ પામવાને સમર્થ નથી. તેની અકળ લીલા કળી શકવાને કોઇ પણ શક્તીવાન નથી.

તુળશીદાસે કહ્યું શી? મીરાંબાઇ કહે મહાત્મા તુળશીદાસજી! તમે તો કહોછો કે શ્રી ગિરિધરલાલજી સોળ હજાર એકસોને આઠ ગોપીકાઓ સાથે ક્રિડા કરે છે, પણ મારા ગિરિધરલાલજીતો બાળબ્રહ્મચારી છે. તેમની વૃત્તિ તમે શ્રંગારિક કહો છો, પણ તેમની વૃતિ વૈરાગ્યજ છે; અને લક્ષ્મી એતો મારા પ્રભુની માયા છે.

તુળશીદાસ કહે મીરાંબાઇ! આ તમારૂ બોલવું ગેરવ્યાજબી છે. ચાર વેદ, ખટ શાસ્ત્ર, અરાઢ પુરાણ તેનું મનન કરો તો સમજાશે કે કૃષ્ણજીને સોળ સહ્સ્ર એકસોને આઠ રાણીઓ છે, તો પછી બાળબ્રહ્મચારી કેવી રીતે?

મીરાંબાઇ કહે તુળશીદાસજી! ભગવાનની અકળકળા કોઇથી કળાય તેવી નથી. તેની લીલા ન્યારીજ છે, તે સત્ય સમજો, કે તેજ મારો નાથ ગિરિધરલાલ બાળ બ્રહ્મચારી છે.

તુળશીદાસ કહે મીરાંબાઇ! તમારૂ આ ભાષણ કેવળ અસત્ય છે. મીરાંબાઇએ કહ્યું મહાત્મા! તેનું એક દ્રષ્ટાંત છે તે સાંભળો. તુળશીદાસ કહે મીરાંબાઇ! તમે ગમે તે

દ્રષ્ટાંત કહો, પણ મારી તો સંપુર્ણ ખાત્રી છે. મીરાંબાઇ કહે પણ મહાત્મા સાંભળોતો ખરા, પછી તમારી જ્ઞાન દ્રષ્ટિમાં તે દ્રષ્ટાંત બેસે તો કબુલ કરજો. તુળશીદાસ કહે સુખેથી તે દ્રષ્ટાંત કહો, હું સાંભળવા તૈયાર છું.

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! જે પ્રમાણે તમો મારા ગિરિધરલાલજીને સોળ હજાર એકસો આઠ ગોપીઓ સાથે ર્‌મણ કરનાર કહો છો, તેમ ગોપીજનના મનને પણ સંદેહ થયો, અને થાયજ, તેમાં નવાઇ નહી. કારણ, જે ભગવાનની પોતે સ્ત્રીઓ છે, તો તેઓ ભગવાન બાળબ્રહ્મચારી છે એમ કેમ કબુલ કરે ?

ગોપીઓની આ વૃતી ભગવાને જાણી. કારણ, તે તો ઘટ ઘટ વ્યાપક છે, એટલે તેમનું કાંઇ અજાણ્યુ નથી. આવી વૃતી જાણી પોતે વિચાર કર્યો, કે જો આ ભાવ તેમના મનમાં આવશે, તો ભક્તિ વિરક્ત થશે. માટે તેમની અજ્ઞાન ચક્ષુ ઉઘાડવી, અને તેમને જ્ઞાન વૃતીમાં દોરવી.

કારણ, એક માણસ ન્યાયાધિશ હોય તેના છોકરાને ગુન્હો કરવાની ફીકર શેની હોય? કારણ, તે તો જાણે છે, કે વખતે ન્યાયાસન પાસે લઇ જશે, તો ન્યાય કરનાર મારો પીતા છે, એટલે ચીંતા શી છે? પરંતુ તેજ ન્યાયાધિશને પોતાના પુત્રને ગુન્હો કરતાં અટકાવવો તે તેની ફર્જ છે. તેવી રીતે ભગવાને જમુનાનદીને સામે કાંઠે દુર્વાસા રૂષી તપ કરતા હતા, તેમને વાસ્તે રસોઇના થાળ તૈયાર કરાવરાવ્યા, અને સર્વે પટરાણીઓને દુર્વાસારૂષીને જમાડી આવવા આજ્ઞા કરી.

આજ્ઞા મળતાં સર્વે પટરાણીઓ રસોઇના થાળ લઇ જમુના ત્રટે આવ્યાં. જમુના ત્રટે આવતાં જમુના મહારા-

ણી ચારે કાંઠે ભરપૂર જોસથી વહેતાં હતાં. તે જોઇ સર્વે પટરાણીઓ શ્રીકૃષ્ણ પાસે આવી કહેવા લાગ્ય, કે મહારાજ ! જમુનાજી ચારે કાંઠે ભરપૂર જોસથી વહે છે, તો અમો સામે કીનારે કેવી રીતે જઇએ ?

કૃષ્ણ ભગવાને કહ્યું જાઓ, જમુના ત્રટે જઇ કહેજો કે હે જમુના મહારાણી ! જો કૃષ્ણજી સદા બાળબ્રહ્મચારી હોય, તો અમને સામે પાર જવા માર્ગ આપો. એટલે તે તમોને જવા માર્ગ આપશે.

કૃષ્ણ મહારાજનું આવું વચન સાંભળી સર્વે રાણીઓ જમુના ત્રટે આવી કહ્યું, કે હે જમુના મહારાણી ! જો અમારા કૃષ્ણજી સદા બાળબ્રહ્મચારી હોય, તો અમને સામે કાંઠે જવા માર્ગ આપો. આટલું કહેતાની સાથેજ જમુનાજીના બે ભાગ થયાં, અને માર્ગ આપ્યો. આ જોઇ સર્વે રાણીઓ અષ્ટપટરાણીઓસહ વિસ્મિત થઇ સામેપાર દુર્વાસા રૂપી તપ કરે છે ત્યાં ગયાં. તેમને ધ્યાન મુક્ત થયા પછી ભોજન કરાવી પાછાં વળ્યાં.

પાછા જમુના ત્રટે આવતાં જમુનાજી ચારે કાંઠે ભરપૂર વેગથી વહેતાં જોઈ દુર્વાસા રૂપી પાસે ગયાં, અને કહ્યું મહારાજ ! શ્રી જમુનાજી ચારે કાંઠે ભરપૂર જોસથી વહે છે, તો હમો સામે પાર કેવી રીતે જઇએ ? દુર્વાસા રૂપીએ કહ્યું હે મહાદેવીઓ ! તમો આવ્યા શી રીતે ? અષ્ટપટરાણીઓ કહે હે રષીસ્વર ! કૃષ્ણ ભગવાને આવતાં કહ્યું હતું કે કૃષ્ણ સદા બાળબ્રહ્મચારી હોય, તો એ જમુના મહારાણી અમને સામે પાર જવાનો માર્ગ આપો. એટલે તમને માર્ગ આપશે. એ પ્રમાણે જમુના ત્રટે આવી કહેતાં શ્રી જમુનાજીના બે ભાગ પડી વચમાં માર્ગ

આપ્યો તેથી અમો અત્રે આવ્યાં હતાં.

દુર્વાસાએ કહ્યું હવે જાઓ, અને જમુના મહારાણીને કહેજો, કે દુર્વાસા રૂષી સદા અપવાસી હોય, તો હે જમુના મહારાણી માર્ગ આપો. એટલે તમોને માર્ગ આપશે. આવું દુર્વાસા રૂષીનું વાક્ય સાંભળી અષ્ટપટરાણીઓસહ સર્વે રાણીઓ જમુના ત્રટે ગયા, અને કહ્યું હે જમુના મહારાણી ! જો દુર્વાસારૂષી સદા અપવાસી હોય, તો અમોને વીજમાં જવા માર્ગ આપો. આવું કહેતાં એકદમ જમુનાજીના બે ભાગ થઇ ગયાં અને માર્ગ આપ્યો. આથી સર્વે રાણીઓ અષ્ટપટરાણીઓસહ આશ્ચર્ય પામી, અને માંહોમાંહી કહેવા લાગી કે આ શું કહેવાય ! હાલ આપણે તેમને આપણા હાથેજ જમાડીને આવ્યા છીએ, છતાં જમુનાજીએ કહેતાં વાંતજ બે ભાગ થઇ માર્ગ આપ્યો.

સર્વે રાણીઓ ઘેર આવી કૃષ્ણ મહારાજને કહ્યું કે હે પ્રાણ પ્રભુ ! તમો બાળ બ્રહ્મચારી ક્યારના ? અને દુર્વાસા રૂષી, કે જેમને અમો જાતે જમાડીને આવ્યાં છીએ, તે દુર્વાસા રૂષીએ અમોને કહ્યું કે જાઓ જમુના મહારાણીને કહેજો કે દુર્વાસા રૂષી સદા અપવાસી હોય તો હે જુમના મહારાણી માર્ગ આપો, એટલે તમને માર્ગ આપશે. આટલું કહેતાં જમુનાજીએ બે ભાગ થઈ માર્ગ આપ્યો. તે જોઈ અમો આશ્ચર્ય પામ્યા, તો દુર્વાસા સદા અપવાસી કેવી રીતે ? આ વાતનો અમોને મ્હોટો સંદેહ છે, માટે હે પ્રભો ! હે નાથ ! અમારા ઉપર કૃપા કરી અમોને સંદેહ મુક્ત કરો, એવી અમારી વીણત્રણી છે.

કૃષ્ણ ભગવાને કહ્યું હું બાળબ્રહ્મચારી કેવી રીતે છું. તે તમે સર્વે ધ્યાન લગાડી એક ચીતવડે સાંભળો.

હે લક્ષ્મી! હું સર્વેને વિશે સમાન છું. હું જળ થળને વિશે સર્વ ઠેકાણે વ્યાપક છું. અર્થાત વાસ કરી રહ્યો છું. હું સદા છું. ત્રણે લોકને વિશે ઉત્પત્તિ, પાળણ અને લય-નો કર્તા તે હું છું. પ્રાણી માત્રને જેવા કર્મ કરે છે તેવા તેમને ફળનો દાતા અર્થાત આપનાર તે હું છું. મારા વિના આખા બ્રહ્માંડમાં કાંઈ પણ ઠામ ખાલી નથી. હું નિરંજન છું. હું નિરાકાર છું, છતાં મુર્ખ લોકો મને સાકાર માને છે. હે લક્ષ્મીજી! મને કંઇ પણ કર્મ કર્તવ્ય નથી છતાં હું કર્મ કરૂછું અને અકર્તા રહુછું. જો કે હું કર્મ ન કરૂ તો માણસનો સમૂહ ઠેકાણા વીનાનો થઇ જાય. માટે જગતના સર્વે પ્રાણી માત્રના હિતાર્થેજ હું કર્મ કરૂં છું. તેથી હું બાળબ્રહ્મચારી કહેવાણો. આ સાંભળી અષ્ટ-પટરાણીઓસહ સર્વે રાણીઓની આસ્થા ચોંટી અને એક શંકા નીરાવણ થઇ.

કૃષ્ણ ભગવાન કહે હે લક્ષ્મીજી! હે સતભામાજી! તમારી સર્વેની શંકા દૂર થઇ? ત્યારે અષ્ટપટરાણીઓ કહે હા મહારાજ.'તમારા વીશેની શંકાનું નીવાર્ણ થયું. પણ પેલા દુર્વાસા રૂષી સદા અપવાસી કેદહાડાના, કે"અમો અમારી જાતે જમાડી આવ્યા છીએ છતાં જમુના મહારાણીએ માર્ગ આ-પ્યો. આ અમને એક મહોટો સંદેહ રહે છે. માટે હે નાથ! હે કૃપાળુ! અમારા અબળા ઉપર કૃપા કરી અમારી શં-કાનું નીવારણ કરો. ભગવાન કહે હે અષ્ટપટરાણીઓ! તમો ચીત દેઇ સાંભળજો. દુર્વાસા રૂષી જમુના ત્રઠે મારૂ ધ્યાન કરે છે. તેમની વાંચ્છના અન્ય પદાર્થમાં છેજ નહી. વળી તે એકભુક્તા છે. તે ભોજન પોતે કર્તાજ નથી. જે ભોજન તેમના આગળ મુકો તે મને અર્પણ કરી મારી પ્ર-

સાદી લે છે. તે નિશકામી તેને કોઈ વાતની અપેક્ષા નથી. બ્રહ્મચર્ય વ્રત પાળે છે. સદા ઉદાસી રહે છે. તેમને ખાવા પીવાનું ભાનજ નથી. તેથી તે સદા અપવાસીત છે. જે માણસ હમેશા એકભુકતા હોય, બ્રહ્મચર્ય વ્રત પાળે અને ખાવાને સારૂ ભોજન પોતાને માટે બનાવતા નથી, પરંતુ કેવળ મારે અર્થેજ જે બનાવે છે. અને તે સુદ્ધપણે આચાર વીચારથી રસોઇ બનાવી મને અર્પણ કરી પ્રસાદી લે છે. તે સદા અપવાસી છે. એ મારો સીદ્ધાંત છે.

ભગવાનના આવા અમૃત સરખા વચન સાંભળી અષ્ટપટરાણીઓસહ સર્વે રાણીઓની શંકા દુર થઇ, અને કૃષ્ણજીના ચરણમાં પડી. માટે મહાત્મા મારા ગિરિધરલાલજી સદા તો બાળબ્રહ્મચારીજ છે.

તુળશીદાસજીએ કહ્યુ તેતો ઠીક, પણ જો તેમને રામ રૂપે માનું, તો તમો તેમનાં પરણેત અઇના સાક્ષાત સીતાજી તે તમેજ, એમજ માનવું જોઇએ. પણ કોઇ રીતે મારી ખાત્રીજ નહી થાય. જો તમારા ગિરિધરલાલજી રામ સ્વરૂપે દર્શન આપે તો હું સત્યમાનું.

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! હું મારા ગિરિધરલાલજીને પુછી જોઉ. એ પ્રમાણે કહી ભગવાનની સન્મતી માગી. ભગવાને તેમને સન્મતી આપી અને રામ રૂપે દર્શન આપવા કહ્યુ.

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! મારો વ્હાલો તમને રામ રૂપે દર્શન આપે છે, એટલે તમારી ખાત્રી થશે. મારા ગિરિધરલાલજી જેને જેવો ભાવ તેને તેવાં દર્શન આપે છે. રામ રૂપે ભજે તેને રામ રૂપે, કૃષ્ણ રૂપે ભજે તેને કૃષ્ણ રૂપે, એ પ્રમાણે જેવો ભાવ ધરે છે તેવી ભક્તિ મળે છે, અને તેજ રૂપે દર્શન આપે છે.

તુળશીદાસ કહે મીરાંબાઈ! શું અહીઆંજ તે દર્શન મળશે ? મીરાં કહે હા. લ્યો કરો દર્શન. ભગવાન રામ રૂપે અને મીરાં જાનકી રૂપે દર્શન થાય છે. તુળસીદાસ મીરાંબાઈ તથા ભગવાન શ્રી ગિરિધરલાલજીના ચરણમાં પડે છે અને સ્તુતી કરે છે.

स्तुति.

श्री रामचंद्र कृपालु भजमन हरन् भव भय दारुणं
नव कंज लोचन कंज मुख कर कंज पद कंजारुणं॥
कंद्रप अगणीत अमीत छवी नभ नीर नीरज सुंदीरं॥
पटपीत मानौ तडीत रुची सुची नवमी जनक सुतावरं
सिर किरिट कुंडळ तीलक चारु उदार अंग विभुषणं॥
आजान भुज सर चांपधर संग्राम जित खरदुषणं॥
भजो दिनबंधु दिनेश दानव दहन दुष्ट निकंदनं॥
रघुनंद आणंद कंद कौशल्यचंद दसरथ नंदनं॥
इतीवधीत तुलसीदास संकरशेष मुनीमन रंजनं॥
ममहृदय कंज निवास करु कामादि खलदल गंजनं॥

ઉપર પ્રમાણે સ્તુતી કરી તુળસીદાસ મહારાજ કહે હે સીતાપતી! તમે તમારા ભક્તની ટેક રાખી સાક્ષાત દર્શન અને તે પણ મનવાંચ્છિત દર્શન આપી પાવન કર્યો. હે નોધારાના આધાર! અનાથના નાથ! જે ભાવે જે ભજે તેમનો તે ભાવ તમો પરિપુર્ણ કરો છો.

ભગવાને કહ્યું તુળશીદાસ! રામ કહો, કૃષ્ણ કહો, જે કહોતે હું એકજ છું, જુદો નથી. માટે તે શંકા દુર કરી તમે તમારી ઇચ્છા પ્રમાણે ભજો. રામનું રટણ કરનાર પણ મને એટલાજ પ્રિય છે.

તુળસીદાસે કહ્યું હે ભગતવત્સલ ભગવંત! તમારી લીલા ન્યારી છે. રૂષી મુની સરખા તમારી લીલાનો પાર પામ્યા નથી તો હું તે કોણ માત્ર ! હે મારા નાથ! હે મારા ધણી! પુજ્ય પવિત્ર મીરાંબાઇના દર્શનથી અને બોધથી મારો આત્મા સફળ થયો છે, અને તમારાં સાક્ષાત દર્શન કરવા ભાગ્યશાળી બન્યો છું.

રામ સ્વરૂપે દર્શન આપી ભગવાન અંતર ધ્યાન થયા. ત્યાં મીરાં કે જે જાનકી સ્વરૂપ દીસતાં હતાં, તે મીરાં સ્વરૂપે દીસવા લાગ્યાં. તેથી તુળશીદાસજીને અંચબો થયો, અને પુછ્યું કે હે મીરાંબાઇ! તમે તે જાનકી, કે મીરાંબાઇ?

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! હું જાનકી નહી, પણ મીરાંજ છું. તુળશીદાસજી મીરાંના ચરણમાં પડયા, અને કહ્યું સાક્ષાત જાનકીનો અવતાર તે તુજ છું.

આ પ્રમાણે મીરાંના ચરણ કમળમાં પડી, તુળશીદાસજી મીરાંની સ્તુતી કરતા હતા ત્યાં રાણો દુર્મદસીંહસહ આવી પહોંચ્યા. અને આ મહાત્માને મીરાંના ચરણ કમળમાં પડેલા જોઈ રાણો અજાયબ થયો. તુળશીદાસને કહ્યું હે બુદ્ધીયા! તારૂ ભાન ક્યાં ગયું? મરદ થઇ એક અબળાને પગે પડતાં શરમાતો નથી?

તુળશીદાસે કહ્યું ભાઇ, આ મીરાંબાઇને તું અબળા કહે છે? ના! ના! જોજે ઉંધુ સમજતો? તે અબળા નથી, પણ આખા જગતને વંદનીય સીતાજીનો અવતાર છે મુર્ખા?

રાણો કહે એતો જોયો તને અને તારી વંદનીયને. તું પગે પડે છે તે થોડુ છે? ધોળાંમાં ધુળ નાંખ્ય. તને પણ તે જાદુગરણીએ જાદુ કર્યું હોય તેમ દેખાય છે.

તુળશીદાસ કહે મુર્ખા ! તું આ મીરાંબાઇને શું સમજે છે ? રાણો કહે શું કેમ ! મારી રાણી, મારી સ્ત્રી. તુળશીદાસ કહે સાક્ષાત ભગવાનની ગ્રહણી તારે જનેતા તુલ્ય વંદવા યોગ્ય, તેને સ્ત્રી કહેતાં શરમાતો નથી ?

રાણો કહે બુઢીયા તું મને ઓળખે છે ? હું કુંભા રાણો પોતે. છાનો માનો ચાલ્યો જા, નહીતર યોગ્ય શાસન આપવું પડશે.

તુળશીદાસે કહ્યું મુર્ખા! તારી કરણીનાં ફળ તને મળશે. જ્યાં મન નથી ત્યાં ઉભા રહેવામાં પણ સાર નથી.

તુળશી માન ન પામીએ, કીજે તેનો ત્યાગ;
માન જતાં જે રહે પડી, તે જાણો હીણભાગ્ય.

આ પ્રમાણે કહી તુળશીદાસજી ચાલી ગયા. તુળશીદાસ ગયા તેમને સમજાવા મીરાંબાઇ તેમની પાછળ જતાં હતાં, તેને રાણએ કહ્યું કયાં જાય છે ? મીરાંબાઇએ કહ્યું તમે તે મહાત્માનું અપમાન કર્યું તેમને સમજાવા. રાણો કહે સમજાવાની કાંઈ જરૂર નથી. તને પણ કહું છું કે તારે મારો મ્હેલ છોડી એકદમ નીકળી જવું.

મીરાંબાઇ કહે રાણાજી! તમને લાખો ધન્યવાદ છે. હું મારા વહાલાને રોજ વીનવણી કરતી હતી, પણ મારા વહાલાનું કહેવું એવું હતું કે રાણાની આજ્ઞા મળેથી હું તને લઇ જઇશ. તેજ મારો વ્હાલો આજ તમારા મુખમાં ઉતર્યો, અને અનાયાસે મારા ઉપર પ્રસન્ન થઇ મને આજ્ઞા આપી.

રાણો કહે હા ! હા ! એકદમ ચાલી જા. મીરાં કહે મારા ગિરિધરલાલજીને પુછું. (ગિરિધરલાલને) કેમ ગિરિધરલાલજી હવે તો તમારી સાથે લઈ જશોને ? ગિરિ-

ધરલાલ કહે ઘણી ખુશીથી. હવે તમને મારી સાથે અધિકાર પ્રાપ્ત થયો છે

મીરાંએ કહ્યું પ્રાણુ પ્રભુ! આ રાણાના મ્હેલમાં આપણે વાસ કર્યો તો તેનું શ્રે કરવું જોઇએ. તે જાતે પાપી નથી, પણ પાપીઓના પાસથી પાપી બન્યો છે, માટે તેનું કલ્યાણ થાય એવો રસ્તો બતાવો.

ભગવાને કહ્યું તેને પાવન કરવાનો રસ્તો હાલ કરવો નથી. આ કુમતીને અત્રે રાખો, તે રાણાને બોધ આપી ઠેકાણે લાવશે. મીરાંએ કહ્યું પણ તેમનો મેળાપ પવિત્ર બન્યા બાદ થશે કે નહિ ? ભગવાને કહ્યું તેમનો મેળાપ દ્વારીકાંમાં થશે.

મીરાંએ કુમતીને કહ્યું કુમતી! તું રાણાજી પાસે રહે અને તેમને સદબોધ આપજે, અને તેમને દ્રષ્ટાંતો સિધાંતો બતાવી તેમની પાપી વૃતી દુર થઇ પવિત્ર બને તેમ પ્રયાસો કરજે.

કુમતી કહે હે પવિત્ર માતા! તમારાં દર્શન ક્યાં મળશે ? મીરાંબાઇએ કહ્યું હું અહીંથી વૃજમાં થઇ દ્વારીકાં જઇશ, ત્યાં રાણાજીસહ મળશે, એવી મારા ભગવાનની ઈચ્છા છે. કુમતી કહે જેવી તમારી આજ્ઞા. પણ જો જો, આ દાસીને વીસારશો નહી.

મીરાંબાઇએ કહ્યું એક ઘડી પણ નહી વીસારૂ. તને બતાવ્યા કામમાં સફળ થઈ, તું દ્વારીકાં રાણાજીસહ આવજે. હાલતો અમો વૃજમાં જઇએ છીએ.

મીરાંબાઇએ રાણાને કહ્યું રાણાજી હું જાઉં છું. આલો સંતો સાવધ થાઓ વૃજમાં જઇએ. સંતોએ શ્રી ગિરિધરલાલજી કી જય. એ પ્રમાણે જય નાદ કર્યો. ત્યાં

મંદીર અદ્દર ઉપડયું ને સર્વે વ્રજમાં આવીને ઉભા રહ્યા. ભગવાનની લીલાનો પાર કોઇ રીતે પમાય તેવો નથી. તેની લીલા તો ન્યારીજ છે.

વ્રજમાં આવી સૌ સંતોએ ભજન ગાવા માંડયાં.

ભજન.

જે કોઈ પ્રેમી અંસ અવતરે, પ્રેમ રસ તેના ઉરમાં ઠરે.
સીંહણ કેરૂ દુધ હોય તે, સીંહણ સુતને જરે (૨)
કનક પાત્ર પાખે સઉ ધાતુ, ફોડીને નીસરે–પ્રેમ રસ.
સક્કર ખોરનું સાકર જીવન, ખરના પ્રાણુજ હરે (૨)
ક્ષીર સીંધુનું માંછલડુ જેમ, મીઠા જળમાં મરે–પ્રેમ રસ.
સોમ વેલી સગ પાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે (૨)
વગલ વંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે–પ્રેમ રસ.
ઉત્તમ વસ્તુ આધકાર વીના મળે, તદપિ અર્થ ના સરે. (૨)
મચ્છ ભોગી બગલો મુકતાફળ, દેખી ચંચુ ના ભરે–પ્રેમ રસ.
પ્રેમ વિના કોટી સાધને, પુરૂષોતમ પુંઠ ન ફરે (૨)
એવા પ્રભુ શ્રી ગિરિવરધર, પ્રેમ ભક્તિએ વરે–પ્રેમ રસ.

પ્રકરણ ૧૯ મું..

ભગવાન શ્રી ગિરિધરલાલજી, મીરાંબાઈ તથા સંતોસહ વ્રજમાં ગયાં, અહીંયા ભુતનો મ્હેલ અસલ સ્થિતિમાં બદલાયો. ભગવાનનો વાસ ગયો ત્યાં ભુતડાં ખાઉ ખાઉ કરતાં બુમો બરાડા પાડવા લાગ્યાં. આ જોઈ રાણો ગભરાયો, અને થરથર ધ્રુજવા લાગ્યો. દુર્મદસીંહ રાણાને મુકી બીકનો માર્યો એકલો નાશી ગયો, ભુતના ભયથી રાણાને લેવા સરખો પણ ના રહ્યો.

રાણોતો આ દેખાવથી બહાવરો બની ગયો, અને મ્હેબાકળો બની આમ તેમ ફરવા લાગ્યો. કુમતી, કે જેને રાણાને શીક્ષણ આપવા સારૂ મુકી હતી, તેણે આવી રાણાનો હાથ ઝાલ્યો અને કહ્યું, રાણાજી ! રાણો ભડક્યો. ત્યાં કુમતીને જોઈ હીમત આવી, અને કહ્યું કુમતી તું કયાંથી ?

કુમતીએ કહ્યું રાણાજી ! મીરાંબાઇ પાસેથી તમારી પાપી સંગત કરી હતી તેથી મને મુકીને ચાલી ગયાં. રાણો કહે કુમતી ! આ ભુતોની બુમો અને કીકીયારીઓ સાંભળી તને કાંઇ અસર થતી નથી ? કુમતી કહે રાણાજી! પ્રભુ નામનો પતાપ એવો છે કે કોઇ રીતે કાંઇ અસર થાયજ નહી.

રાણો કહે એતો જાણ્યો તારો પ્રતાપ ! કુમતી કહે રાણાજી ! આમ થથરો છો શા માટે ? આમ કંપવાનું કારણ ? ભુતનો ભય ખરો કે નહી? જુવો જોયાં સાક્ષાત ભુત તમે થથરો છો છતાં મને થથરતી જુઓ છો ? એ

સધળો તે ભગવાન ગિરિધરલાલજીનો અને પવિત્ર જગતજનની મીરાંબાઇનો પ્રતાપ.

રાણો કહે એતો જોયાં તારા પ્રતાપ. જ્યારે એવો પ્રતાપ હતો ત્યારે તને સાથે શા માટે ન લીધી ? પ્રતાપ પ્રતાપ કહેવાનો. જાદુ સમેટયું ત્યાં અસલ પ્રમાણે બન્યું. કુમતી કહે મહારાજ તમારી ભુલ છે. તે નામનો પ્રતાપ જુદો છે. તમે જો તે નામનું ભાવે કે સભાવે રટણ કરો, તો તમને પ્રત્યક્ષ પરચા મળશે. રાણો કહે, આ ભુતનો ભય જાય તો હું પ્રતાપ સત્ય માનું. કુમતી કહે મહારાજ ! તે પણ દુર થશે. તમે ગિરિધરલાલના નામનું સ્મરણ કરો, તો મારી માફક તમે પણ નિર્ભય થશો. આ વાત ઉપર વિશ્વાસ આવવાથી રાણે ગિરિધરલાલનું સ્મરણ કર્યું. ગિરિધરલાલનું સ્મરણ કર્યું તેથી ભુતનો ભય કમી થયો. રાણાને નીડર થતા જોઇ કુમતીએ કહ્યું કેમ મહારાજ ! ગિરિધરલાલજીના નામનો પ્રભાવ જોયો ? રાણો કહે હા, ભુતનો ભય કમી થયો. કુમતીએ કહ્યું રાણાજી તેજ નામનો પ્રભાવ જુવોને મીરાંબાઇને મારવા વિષ મોકલ્યું તે અમૃતસમ થઇ ગયું, તેજ નામનો પ્રભાવ. તે મીરાંબાઇને મારવા વિષધર મોકલ્યો તેના સાલીગરામ બન્યા, તે પણ તેજ નામનો પ્રભાવ; મીરાંબાઇને મારવા ગયા ત્યાં ચાર મીરાં બની ગઇ, તે પણ તેજ નામનો પ્રભાવ. રાણો કહે કુમતી તારૂ કહેવુ અક્ષરે અક્ષર સાચુ છે. અહાહા પણ મારા જેવો મુર્ખ કોણ કે તે દેવી રત્ન ગુમાવ્યુ? હવે તે ક્યાંથી મળે? બ્હેન પદ્મા! તેં તારો ભવ રત્ન સુધાર્યો, મેં પાપીએ પાપી દુર્મદસીહના પાસથી બગાડયો. અહાહા ! તે સતીને મારવા અનેક પ્રયાસો કર્યા,

પણ જેને આવો પ્રતાપી ધણી સહાય, તેને મારા જેવા પામરથી શું થાય. બસ હવે તો તેજ પ્રતાપી ધણીનું સાચા દીલથી સ્મરણ કરીશ, પાપીનો પાસ દુર કરીશ, અને તે પ્રતાપી નામવાળાની માળા હાથમાં ધારીશ. કુમતી! ચાલ્ય તું મારી સાથેજ રહેજે. મારી થતી ભુલને સુધારી આ પાપી કાયાને, આ પાપાત્માને આભારી કરજે.

કુમતીએ કહ્યું રાણાજી! ચાલો ઘર તરફ પધારો. રાણો કુમતી સાથે દરબાર તરફ ગયો દુર્મદસીંહે દરબારમાં જઇ ભુતની વાતથી રાજમાતા મોટાંબાને વાકેફ કર્યાં. મોટાંબા દુર્મદસીંહની વાત સાંભળી ચોંક્યાં, અને દુર્મદસીંહને ઠબકો આપ્યો.

દુર્મદસીહે કહ્યું માતા! તેમાં મારો બીલકુલ દોશ નથી. ભુતોની ભયંકર બુમો સાંભળી મારૂ કાળજુ હાથ રહ્યું નહી, તેથી હું અને રાણાજી બન્ને ત્યાંથી નાશી જુદા પડી ગયા.

મોટાંબાએ કહ્યું તુ રાણાને ત્યાં શા માટે લઇ ગયો! રાણાજી ક્યાં ગયા હશે! ચાલ્ય પાપી! આ મારા કુંવરને બતાવ્ય, નહીતર હું તારો જીવ લઈશ.

દુર્મદસીંહ આથી ગભરાયો, અને રાજમાતાસહ દરબાર ગઢ તરફ ચાલ્યો. દરબાર ગઢ આગળ આવતાં રાણાજી તથા કુમતી બન્ને મળ્યાં. મોટાંબાએ રાણાને ખુશ ખબર પુછી. રાણાએ કહ્યું માજી!. હું આજથી પુરો ખુશી બન્યોછું. અણચિંતવ્યો હીરો હાથ આવી ગયો છે. હવે મારા જેવું ખુસી અને સુખી કોઇજ નથી.

મોટાંબાએ કહ્યું અણચીંતવ્યો હીરો હાથ આવ્યો તે

ક્યાં છે ? રાણે કહ્યું મારા ઘરમાં. મોટાંબા કહે તે હીરો કીયો ? રાણો કહે હરીનું નામ. મોટાંબા કહે રાણાજી તમારી બુદ્ધિ ફરી છે કે શું? તે જાદુગરણીના જાદુની અસર લાગી કે શું ?

રાણો કહે માતાજી ! જો તેના જાદુની અસર આ પાપી કાયા ઉપર પહેલેથી લાગી હોત, તો કલ્યાણ થઇ ગયું હોત. પણ મનુષ્ય માત્રના ઘટઘરમાં વાસ કરી રહેલા છ સાચા દુષ્મનો છે, પણ માયાની જાળે ફસાઇ મુર્ખ જીવે ગણેલા વ્હાલેશરીઓ તે જાદુની અસર કેમ લાગવા દે ? શું તે મને સદાને માટે હૈયાનો ફુટો અને મનનો મુર્ખ સાથી મળ્યો તેને છોડી દેવો છે, કે તે જાદુની અસર થવા દે, અસર ન થવા દે તો ઠીક, પણ તે રસ્તે પણ કેમ જવા દે?

મોટાંબા કહે રાણાજી ! તેવા વ્હાલેશરી થઈ બેઠેલા શત્રુઓ કીયા? રાણો કહે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અને અભીમાન. જે માયાની જાળે સપડાઈ મુર્ખ જીવે વ્હાલેસરી ગણ્યા છે તે-માજી વિચાર કરો તે સાચા શત્રુ કે નહી.

મોટાંબા કહે પણ તેને અને જાળને શો સબંધ છે ? રાણો કહે સબંધ કેમ નહી? હરી નામ રૂપી જાદુ જીવને અસર કરે તો તેમને તો સચોડો દેશવટોજ મળે, એટલે તેઓ તે જાદુની અસર કેવી રીતે થવા દે ?

મોટાંબા કહે હરી નામનું જાદુ તે કીયું ? રાણો કહે માજી ! હરી નામના જાદુનો પ્રભાવ ન્યારો છે, તે જાદુની અસર થતાં માયાની જાળે વ્હાલા બની બેઠેલા સાચા દુશ્મનોને સદાને માટે દેશવટો મળે છે; તે દુશ્મનો આત્મા-

નું નખ્ખોદ વાળી ભવ અટવીમાં રખડાવનાર અને લક્ષ ચોરાસીમાં હોમનાર છે. હરી નામના જાદુની અસર થતાં તે પામરોની ઓળખાણ આત્માને પડે છે, અને તેથી તેમના ઉપર રીસ થતાં આત્મા તેમનાથી સબંધ રાખતોજ નથી. માટે માજી ! માજી ! જો તે જાદુની અસર આ પાપી કાયા ઉપર પહેલેથી જ થઈ હોત તો હું મને પોતાને પુરો ભાગ્યશાળી સમજત.

મોટાંબા કહે શું એ જાદુગરણીનું જાદુ ? રાણો કહે હા. તે પવિત્ર જાદુગરણીનું જાદુ, બીજું નહી. તે જાદુનો અસર પદ્માને થયો તેથી તેના આત્માનું કલ્યાણ થઇ ગયું. મને તે પવિત્ર બ્હેને બોધ આપવામાં બાકી મુકી નથી, પણ હું કામાંધ, લોભાંધ, વિષયાંધને તે પવિત્ર બહેનનો અને માતૃ તુલ્ય મીરાંનો બોધ અસર કરી શક્યો નહી. પદ્માએ કહેલું કે રાણાજી ઘેર ગંગાજી પધાર્યા છે, તો તે ગંગાજળ રૂપી બોધ માંથે ચઢાવો, નહી તો 'આળસુને ઘેર ગંગા પધાર્યા, ને આળસુ ઉઠી નવ નાહ્યો, જ્યારે ગંગાજી અલોપ થયાં, ત્યારે મુરખ મન પસ્તાયો; તેમ થશે. માટે રાણાજી વિચાર કરો પણ તે વખતે વ્હાલેશરી બની બેઠેલા છ સાચા છત્રુઓએ ઉંધી સલાહ આપી અને ઉંધે રસ્તે દોર્યો, પણ તે પવિત્ર બહેનના કહ્યા મુજબ ગંગાજી રૂપી મીરાંબાઇ જતાં પાપી પસ્તાયો, પુરો પસ્તાયો.

મોટાંબા કહે રાણાજી ! મીરાંનો એટલો બધો મોહ કેમ લાગ્યો છે ? એ મીરાં શું લીલું વાળવાની હતી ? મરતા માંટીને બાપ કહે જીવવાનો હતો ? ને જીવે તો પછી કામનોએ શું ? રાણો કહે હે મુંઢ મતીનાં માજી ! હે પાપના પાસમાં ઘેરાયેલાં માજી ! પાપ વૃતિ દુર કરો.

એ મીરાંથી થાત એટલું તમો જનુની છો છતાં તમારાથી બનવાનું નથી. અરે એટલું તો શું ? પણ તેનાથી બનત તેનો કીંચિત ભાગ પણ તમારાથી બનવાનું નથી.

મોટાંબા કહે ઓહો ! એટલું બધું એ શું કરવાની હતી ? પદ્માને ભક્તાણી બનાવી તેમ તને સાધુ બનાવત, બીજું શું કરત ?

રાણો કહે જો એ મીરાં અત્યારે આવી સાંધુ તો શું ! પણ બાવો બનાવે તો બનવા તૈયાર છું. પણ મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે તે મીરાં, તે પવિત્ર મીરાં પાછી આવે, અને આ પાપીઆને સદબોધ આપી પાપ વૃતી દુર કરાવે.

મોટાંબા કહે રાણા! તું માળા લઈ એ મીરાંનું રટણ કરય. કે તે પાછી આવે, ને તેમ ના આવે તો જઈને તેના પગે પડય. પણ હું તો જાદુગરણીને ગામમાં સરખીએ પેસવા ન દઉ સમજ્યો? ગઇ તો આઘડી ગઇ. ટાઢા પાણીએ ખસ ગઈ.

રાણો કહે માજી ! તે પવિત્રને કડુ વચન કહેતાં વિચાર કરો, નહીતર આનુ પરિણામ સારૂ નહી આવે. તેના પગે પડવાનું કહો છો પણ પગે પડુ તે તો પડુંજ, પણ તેના ચરણુ ધોઇ પીઉ સમજ્યાં ? તેના પગની રજ પણ તમારા પાપી હૃદયને અડતાં પાછી પડે, પણ તે પવિત્ર માતૃ તુલ્ય મીરાંનાં પવિત્ર પગલાં ક્યાં છે ?

મોટાંબા કહે તું તારે તેના પગ ધોઇ પી. હમારે તે જાદુગરણીનાં પગલાં શું કરવાં છે? તે અભાગણીએ મારી છોડીને ભક્તાણી બનાવી અને અમારા સંગથી તજાવી.

રાણો કહે પાપીઆ! જરા વિચાર કરો. પદ્માને તે સુભાગીના ::સતસંગે અને સદબોધે પાપ વૃતી તજાવી, આત્મજ્ઞાની બનાવી ભવોદધીથી બહાર કાઢી. તેને તમે અભાગણી કહેતાં શરમાતાં નથી? અભાગી તો તમે, કે સંસારમાં આવી કુટાઓ, કામ ક્રોધથી લુટાઓ, ને છેવટે નર્કનાં અધિકારી થાઓ. માતાજી! દુષ્ટ દુર્મદસીંહ! હું તમને સાફ કહું છું, કે તમારે મારા મ્હેલમાં કદી આવવું નહીં. આ કુમતી મારી શેવા ચાકરી કરશે. બસ, હવે આ કાયાએ તેજ ગિરિધરલાલનું રટણ કરવું છે, અને તેથીજ ભવસાગર તરવું છે. કુમતી તું એક આત્મબોધનું ભજન કર, જો આ પાપીઆને તેનો કાંઇ અસર થાય તો.

કુમતી—જેવી રાણાજીની ઇચ્છા.

ભજન.

(કામ છે દુષ્ટ વિકારી) એ રાહ.

સમર ગોવરધન ધારી, મુરખ મન સમર ગોવરધનધારી;
ધન દોલતને માલ ખજાના, તે સઉ સુક વિસારી.
એક દીવસ જાવુ છે નક્કી, કાળ ભમે શિર દાંડી—મુરખ.
કૈરવ પાંડવ રામ ગજાતન, વળી કંસ મોરારી;
રાવણ પણ રોળાણો પળમાં, કીધી કાષ્ટ પથારી—મુરખ.
સત્યવાદી હરીશ્ચંદ્રને તારા, વળી હાકમ અધીકારી;
વીર ગયા ને ધીર ગયા વળી, અમીર ગયા જો વીચારી-મુરખ.
મ્હોટા મ્હોટા બાહુ બળી પડ્યા, રણમાં જશ વિસ્તારી;
ચક્રવર્તી ગયા વૈભવ મુકી, વિચાર્ય જીવ ગતી તારી=મુરખ.
માત પીતા સુત બાંધવ નારી, તે સૌ સ્વાર્થે સંસારી;
પ્રાણ જતાં જીવ જાવું એકલું, તજ શઠતા જીવ તારી-મુરખ.
ધાઇ ધુતી ધન ભેળુ કીધું, વળી કીધી રખવાળી;

એક કોડી જીવ સાથે ન આવે, અન્ય બને ભોગદારી–મુરખ.
પાપ પુન્ય જીવ સાથે આવે, વળી સત્ય ધર્મ સુખકારી;
જેકો કહે પ્રભુ ગિરિધર ધ્યાને, દુર્ગતી દુર થનારી–મુરખ.

રાણો કહે કુમતી તને લાખોવાદ છે. અહાહાહા ! શું ભગવાન તારી માયા ! માજી ! માજી ! સાંભળ્યું ? એક દીવશ જવું છે તે ખરૂ છે. માજી ! માજી ! કાળની બીક રાખી તે પરમાત્મા શ્રી ગિરિધરલાલજીમાં ચિત્ત લગાડો.

મોટાંબા કહે રાણા! તને તેજ મીરાંએ જાદુના જોરમાં ખેચ્યો છે. તું તારે ગિરિધલાલને ભજ, અમારે ભજવા નથી. તુ તારે બાવો બન, અમારે બનવું નથી દુર્મદસીંહ ચાલો તેને તેનું કુટવા ઘો. હાલ તેનો જીવ ઠેકાણે નથી. જાવ ઠેકાણે આવશે એટલે એની મેળે સમજશે.

રાણો કહે બહુ સારૂ માજી પધારો, અને કહુ છુ કે મહેરબાની કરી તમારાં પાપી પગલાં આ મ્હેલમાં મુકશો નહી. તમને તો શું, પણ તમારાં પગલાંને જોવા પણ હું ખુશી નથી. હાથ જોડીને કહુંછુ કે હવેથી આ મ્હેલમાં આવશો નહી.

મોટાંબા કહે આવુ ભક્તાણું કુટવા નવરી નથી તે અહીં આવીશ, સમજ્યો ? દુર્મદસીંહ ચાલો.

મોટાંબા તથા દુર્મદસીંહ રાણાથી અપમાન પામી ચાલી ગયા. રાણાએ કહ્યું કુમતી ! હવે મને તેજ ગિરિધરલાલજીની મુર્તી લાવી આપ. બસ તેનુજ તનમનથી રટણ કરીશ અને પરમાત્માની શેવા પુજા કરીશ.

ભગવાન શ્રી ગિરિધરલાલજીના પ્રતાપથી રાણાનું હૃદય પવિત્ર થયું, ત્યાં દેવી મંદીર કે જેની રાણો અહોનીશ શેવા કરતો હતો, તે મંદીરમાં ગિરિધરલાલની મુર્તી રાણાની નજરે પડી.

ગિરિધરલાલજીની મુર્તી જોતાં રાણાજીને પ્રેમ ભાવ ઉત્પન્ન થયો, અને તેણે તે મુર્તી હૃદયકમળ સાથે ચાંપી (એટલે કે તે ભેટયો).

રાણાએ મુર્તીની પુજા સાચા દીલથી સપ્રેમ કરી. પુજન કરતાંજ રાણાંજીમાં જે પાપી વિકારો હતા તે દુર થયા, અને ઇશ્વરનું ભજન સાચા દીલથી કરવા લાગ્યો.

ભજન.

(તાતનો ભરૂસો નથી) એ રાહ.

સાચો છે બેલી, તુંહીરે એ ગિરિધર પ્યારા.
સાચો છે બેલી તુંહીરે.
તુજ વિણુ કો અન્ય નહીરે—ઓ ગીરિધર.
ભક્તવત્સલ પ્રભુ દીનદયાળુ,
ભક્તિનો દાતા તું છે સાચો સહીરે—ઓ ગિરિ.

સાખી.

પાપ પાસ આવી પડયો, સમર્યો નહી લગાર;
પાપ દોષની ક્ષમા કરો, ક્ષમાવંત કિરતાર—સાચો.
અગણીત પાપે હું ભર્યો, જીવે કીધાં અપાર;
તે નહી ઉરમાં લાવશો, પ્રેમે કરો ભવ પાર—સાચો.
સતીને સંતાપી અતી, સુણ્યો બોધ લગાર;
હવે અતિ મુંઝાઉછું, પસ્તાઉ વારાવાર—સાચો.

કુમતી કહે ધન્ય છે રાણાજી તમારી વૃતીનો! જેવી રીતે પાપ કુંપમાં પડયા હતા તેવીજ રીતે બહાર પણુ આવ્યા. રાણાજી! આ વૃતી ચુકશો નહી. તે ગિરિધરનું રટણુ મુકશો નહી, ને પાપ સાથે ઢુકશો નહી.

રાણો કહે કુમતી! તે વાત સ્વપ્ને પણુ સમજીશ

નથી. કુમતી કહે તો તો તમારૂ કલ્યાણ સહેજમાં થઇ જશે. અને ભવસાગર સહેજમાં તરી જશો. રાણો કહે હવે એક પળ પણ વ્યર્થ ગુમાવવાનો નથી. બસ તેનું રટણજ કર્યા જવાનો. જય ગિરિવર લક્ષ્મીવર પ્રભુ, જય ગિરિવર લક્ષ્મીવર એ પ્રમાણે તેના નામની ધુનમાં લાગ્યા.



પ્રકરણ ૨૦ મુ.

વૃજમાં જઇ મીરાંબાઇએ ગિરિધરલાલજીને કહ્યુ પ્રાણ પ્રભુ ! આ દાશીની એક અભિલાશા છે તે પરિપુર્ણ કરો. પ્રભુ કહે શી ઇચ્છા છે ? મીરાંબાઈ કહે મહારાજ ! દાણુલીલાની. પ્રાણ પ્રભુ ! વૃજ વિષે તમે સર્વે ગોપીઓ સાથે કૃષ્ણાવતારમાં દાણુલીલા કરી હતી, તે વૃજ આજ; તો મારાનાથ ! મારા ધણી ! હું પણ તમારી પરણેત સ્ત્રી છુ, તો મને દાણુલીલા બતાવો.

ગિરિધરલાલજીએ કહ્યું મીરાં ! તારી દાણુલીલા જોવાની ઇચ્છા છે, તો જૂઓ પેલી ગોપીઓ આવે તેમની સાથે તમે પણ મટુકી લઈ આવો, પછી દાણુલીલા બતાવું. મીરાંબાઇ (ગોપીઓને જોઇ) વાહ! ભગવાન તમારી લીલા ! અહીઆં ગોપીઓ કેવી ! એ સધળો તમારી લીલાનોજ પ્રતાપ; તેમાં શક નહી.

ગિરિધરલાલજીએ કહ્યું મીરાં ! શો વિચાર કરો છો ! જાઓ મટુકી લઇને આવો, તમને દાણુલીલા રમાડું. ભગવાનનું આ વચન શ્રવણ કરી મીરાં ગોપીઓ પાસે ગઇ.

ભગવાને વિચાર કર્યો કે મારે મીરાંને પુરે પુરી દાણુલીલા બતાવવી, પણ તે શરમાય છે માટે પ્રથમ તેની શરમ મુકાવી, પછી દાણુલીલા બતાવું. એવો વીચાર કરે છે ત્યાં મીરાંસહ સર્વે ગોપીઓ મહીનાં મટકાં લઇને આવી.

જ્યાં સર્વે ગોપીઓ આવી ત્યાં ભગવાન શ્રી ગિરિધરલાલજી વીંટાઇ વળ્યા, અને દાણુલીલા શરૂ કરી.

દાણલીલા.

कृष्ण—जवहीं आई युवती सब, देख कृष्ण भइ लाज॥
कूदी पहोतब गिरिधर, दे दान हमारो आज ॥
गोपी—पहीली वात हमसे सुनो, नही सुनो जो आज॥
खबर देइ जइ कंसको, तो पुनी होय अकाज ॥

કૃષ્ણ—

જોયો તારો કંસ કામની, એ છે શું કરવાનો;
સત્ય વચન લહો ચિતમાં પ્રેમદા, વિણુ મ્હોતે મરવાનો;
તેથી શું હું બ્હીવાનો, દાણ મુકી દેવાનો—

ગોપી—

કંસ જેવો નહી બળીયો યોધ્ધો, કહો તમથી શું થાયે;
વાત સાંભળી આવી તમારી, નક્કી કરે સજાયે;
મ્યાને તલવાર રહેવા દ્યો, કહીએ હરી જવા દ્યો

કૃષ્ણ—

જાવાવાળી જોઇ તમને, કંસ સજા શું કરશે;
સત્ય કહું છું માનો પ્રેમદા, આ હાથે તે મરશે;
સાચુ પ્રેમદા જાણો, મને શું નહી પીછાણો.
બકા અઘાસુર માર્યો મેં તો, ગોવરધન કરધાર્યો;
મારી મારી દાશી તારી, વળી પ્રલંબ સંહાર્યો;
તેજ હું સત્ય પ્રમાણો, ગર્વે નહી ઉર જરી આણો.

ગોપી—

તે લીલા સહુ ન્યાહળી કૃષ્ણજી, પણ તમે દાણી કેવા;
મહી માખણ તમે ચોરી ખાઓ, શેના દેવાથી દેવા;
એતો જાણ્યા તમને, નાહક નહી રોકો હમને;

જો દાણી તમે હતા કૃષ્ણજી, આજ સુધી ક્યાં ગ્યાતા;
માત જશોદા કેરી બીકથી, શું તમે છુપા રહ્યાતા;
સમજીને જાવા દઇએ, માન ખાઉ માને રહીએ.

કૃષ્ણ—
લુંટ ચોરી એ ધંધો મારો, વળી મહી માખણ દાણી;
ખાલી મ્હેણું મારે મુજને. એતો તમને જાણી;
રીતસર સમજી જાવો, દાણ હમારૂ લાવો.

ગોપી—
દાણબાણ હમો નહી દેવાનાં, આજ સુધી નવ દીધુ;
આડી અવળી વાત જવાદો, બોલો આપે સીધુ;
નવા ધારા ક્યાં ધાર્યા, કહીએ રહોને વાર્યા.

કૃષ્ણ—
દીન સર્વનું ભેળુ ગણીને, દાણ આજ લેવાનો;
નકી જાણો તમે ગ્વાલણ. જાવા નહી દેવાનો;
દાણ સઘળુ ચુકાવો, દાણપર મારો દાવો.

ગોપી—
દાવો સાચો ક્યારે જાણું, સાથ હમારી ચાલો;
માત જશોદા પાસે જઇને, ન્યાય હમોને આલો;
તે વીણ જાણું જુઠ્ઠા, ખરેખર પડશો ભોંઠા.

કૃષ્ણ—ભોઠો પાડવા વાળી જાણી, કહુંછું દાણ આપી દ્યો,
લાજ સમેત હું લુંટીશ તમને, વચન ઉર સ્થાપી દ્યો;
જુઠું કદી નહી કહેવાનો, દાણ નક્કી લેવાનો.

ગોપી—બની ઠગારા ઠગવા માગો, પણ તેમાં નહી ફાવો;
દાણ હમે કોઇ નહી દેવાનાં, શું છે તમારો દાવો;
કહો તમે શું કરવાના, લાજ તમે શું હરવાના.

કૃષ્ણ—

ક્ષત્રીકલંક.

જોગો ગોપીકાઓ તમારો મેં તોર—દાણ હું કદી
નહી છોડું રે.
તમે બતાવોછો ફરીયાદનું જોર—નક્કી હું તમ માન મોડું રે.
કોણ ઠગારો તમે મને કહેનાર— દાણ.
નક્કી લાજ તુમ આજ લેનાર— નક્કી.
કહો આપોછો કે બતાવું હાથ— દાણ.
ભલે જાઓ જઈ કહો જશોદા માત— નક્કી.
મુકો મટુકી કહું છું મુકો રાડ— દાણ.
દાણ આપતાં કહો શું ચઢે છે તાડ— નક્કી.
પહેલી આવ્ય રાવે રઢીઆળી નાર— દાણ.
મુકી માન તુજ મટુકી ઉતાર્ય— નક્કી.

ગોપી—

ગાયન.

જોયા છે જોયા છે તમારા ફેલ,
છળેથી છળાવી, લાલચથી લોભાવી,
શું અમને બનાવી, ફાવી જાશો છેલ.
જાણી લીધો સઉ અંગનો મેલ,
જાણસો નહી તમે અમને દએલ.
રસ્તામાં ફસાવી, જાશો નહી ફાવી,
શું લજ્જા લુંટાવો, બનીને છટેલ જોયા.

કામની લુંટી કૃષ્ણજી, ફોડ્યાં મહીનાં માટ;
રેલમછેલ ત્યાં થઇ રહી, રેલ્યું ઉભી વાટ.

કૃષ્ણજી—છેટેથી મીરાંબાઇને મહીઆરીના સ્વાંગમાં આ-
વતી જોઇ ભગવાન શ્રી ગિરિધરલાલજીએ કહ્યું.

ગાયન.

(છે તુજ મુરખ કોટી ધીક્કાર) એ રાહ.

છે મીરાં તુજ બલીહાર (૨)
બની છે ગ્વાલન નાર, જોઇ હરખુ અપાર. ટેક.
સાચા દીલથી કરે છે ભક્તિ, સત્ય તારી તારી;
ભક્તિ વશ કીધો મુજને, સત્ય ટેક ધારી ધારી;
દાણલીલા સાર જોવા, કીધો તેં વીચાર—છે મીરાં.
રૂમ ઝુમ આવે ભાવે, હુમ હુમ થાવે થાવે;
રટણ તે મારૂ કરે, ઉર મહી ભાવે ભાવે;
ગણી ભરથાર આવે સુલક્ષણી નાર—છે મીરાં.
મીરાં આવે છે.

કૃષ્ણજી—સુન ગ્વાલન બચન હમેશ, સત્ય કરી ઉર સ્થાપો;
મહીની મટકી ઉતારીને, દાણ હમારૂ આપો;
તે વીણ જવાનાં ક્યાં, રોકીને ઉભો છું યાં.

મીરાં—મહી માંખણનું દાણ ન હોયે, વાત ન માનુ સાચી;
એવી રીતે આપી દઉં, હું નથી ભોળી કે કાચી;
મોહન જાણ્યા તમને, નહી સતાવો અમને.

કૃષ્ણ—સતાવ્યા વિણ નહી દેવાનાં, વાત તમારી જાણી;
સીદ્ધિ રીતે આપો નહીતર, મટુકી લેશું તાણી;
જોર નહી ચાલે તારૂ, કરીશ હું મારૂ ધાર્યું.

મીરાં—એમ નહી બીહીવાની, હું તો દાણ નહી દેવાની;
ગમે તેમ રોકો તમે કહાના, પણ નહી રોકાવાની
જુઓ આ ચાલી હું તો, કહો શું કરો તમે તો.

કૃષ્ણ—હાથ ઝાલી મેં રોક્યાં તમને, કહો હવે કેમ જાશો.
ઝટપટ દઈ ઘો દાણ હમારૂ, નહી તો આ પસ્તાશો.

ગોરસ લુંટી લઇશું, પણ નહી જાવા દઇશું.

મીરાં—હાથ મુકોને કહાન મારો, હાથ મારો મરડાશે;
અવર જનની નજરે પડતાં, નાહકના વહેમાશે;
નણંદ મુજ મહેણાં દેશે, સાસુ નહી સાંખી રહેશે.

કૃષ્ણ—ધણી ધણીઆણી રાજી ત્યાં, કહો નણંદ સાસ શું કરશે;
નણંદ સાસની બીક રાખશો, કામ ન એકે સરશે;
બીકને બાજુ મુકો, બ્હીકના મોંમાં થુંકો.

મીરાં—લોક લાજ કેમ તજીએ કહાના, લોકડીઆમાં રહેવું;
મહેણાં ટુંણાં સાંખી ખાવાં, નથી તમારે સ્હેવું;
માટે લજ્જા ધારો, જરા આઘા ઉભા રહો.

કૃષ્ણ—વ્હાલ કરી કેમ છેટા કહાડો, પ્રીત કરી શા માટે;
શાને માટે યાદ કરોછો, રટોછો વાટે ઘાટે;
આ નહી રીત તમારી, લોક લજ્જા ઘો વીસારી.

મીરાં—ધન્ય ધન્ય છે ગિરિધર સ્વામી, સાચી પ્રીતી ભાવી;
દાણ લીલાની પુરી ગમ્મત, પ્રભુ તમે તો બતાવી
પ્રભુ આવુ નિત્ય માગુ, પ્રેમથી પાયે લાગુ.

ગિરિધરલાલજીએ કહ્યું મીરાં! કેમ હવે ખુશી થઇને! મીરાં કહે પ્રાણ પ્રભુ! તમારી લીલા ન્યારી છે, લીલાની બલીહારી છે. ગિરિધરલાલે કહ્યું મીરાં! હવે વૈકુંઠમાં આવવું છે?

ભજન.

મીરાં—વ્રજ વ્હાલુંરે, વૈકુંઠ નહી આવું;
મને નથી ગમતું ચતૃભુજ થાવું—વ્રજ.
ત્યાંતો નંદ કુંવર ક્યાંથી લાવું—વ્રજ.

એક લલીતા સરજાંગી મારે ગિરિધારી;
સંગે શોભે શ્રી રાધે પ્યારી;
એમને જોતામાં આંખ ઠરે મારી—વ્રજ.
ત્યાંતો શ્રી વંદ્રાવન રાસ નહી;
સંગે વ્રિજ વિનતા વિલાસ નહી;
ત્યાંતો શ્રી જમુના ગિરિરાજ નહી—વ્રજ.
એક વરખ વરખ વેણું ધારી;
ત્યાંતો પત્રે પત્રે હરી ભુજચારી;
એતો રજ. રેતી છે મુક્તિવારી—વ્રજ.
વ્રજ વસવાને શીવ સખી રૂપ થયા;
હજુ એ વ્રજના પ્રભુ તરસ્યા રહ્યા;
એક ઓધવ સરીખા એમને સખા થયા—વ્રજ.
સૌ જન વૈકુંઠ સુખ શોધી વળ્યા;
ત્યાં ન ગમ્યું તે વલ્લભકુળ જઇને ભળ્યા;
એતો સેવા સમરણમાં અતીશે પળ્યા—વ્રજ.
પ્રભુ શું કરૂ હું સાહ્યર પામી;
એક ઠામ તમે ન રહ્યા સ્વામી;
એવી દાસપણામાં શું ખામી—વ્રજ.
તુમ પ્રતાપે શ્રી ગોકુળ જઇએ;
પ્રભુ વલ્લભ ચરણે જઈ રહીએ;
હરી પ્રિતમ રસીક રસ જશ ગાઇએ—વ્રજ.

ગિરિધરલાલ—મીરાં! વ્રજ કરતાં વૈકુંઠની લીલા ન્યારી છે.

મીરાંબાઇ—તે ગમે તેવી હો, પણ વ્રજની તુલ્ય નહી.

ગિરિધરલાલ—એમ કેમ?

મીરાંબાઇ—વૈકુંઠ એ તો સ્વર્ગનુ ધામ એટલે તે શોભા ન્યારી હોય તેમાં ફેર નહી, પણ જે વ્ર-

જમાં તમારા ચરણ કમળની રજ રમી રહી છે, અને અનેક લીલાઓ કરી છે તેને કેમ ભુલી જવાય?

ગિરિધરલાલ—ત્યારે શું વૈકુંઠમાં લીલાઓ જોવાની નથી?

મીરાંબાઇ—પ્રાણ પ્રભુ! તેતો હું કહી ચુકી છું, કે તેતો એક મોક્ષનું ધામ છે, એટલે તેની તુળના થાયજ શેની? પણ મૃત્યુ લોકમાં સાક્ષાત વૈકુંઠ તેતો એક વ્રજ.

ગિરિધરલાલ—કારણ?

મીરાંબાઈ—જે વ્રજની વેળુ મારા નાથના ચરણે ગુંદાણી, તે વેળુ મસ્તકે ચઢાવવા જેવી, તો વ્રજ વૈકુંઠ તુલ્ય કેમ નહી?

ગિરિધરલાલ—મીરાં તારૂ કહેવું સત્ય છે. મૃત્યુ લોકનું વૈકુંઠ તેતો એક વ્રજજ છે, કે જે મને પ્રાણથી પણ પ્રિય છે; પણ હવે તો વૈકુંઠમાં ચાલો?

મીરાં—વૈકુંઠમાં નવ ગમે, વ્રજ વિણ વૈકુંઠમાં નવ ગમે;
ચિત્ત ભમે આ ચંચળ મારૂ વ્રજ વેળુમાં રમે;
આરે વ્રજમાં પ્રભુ દાણ લીલા કીધી;
તે નવ વિસરાવો તમે—વ્રજ.
મનુષ્ય જન્મની ભક્તિ છે ન્યારી;
સ્હેજમાં વશ થાઓ તમે—વ્રજ.
તન કરી તુંબા ને મન કરી પાણી;
ભવ જળ સ્હેજે તરે—વ્રજ.
દ્દાળ ધીરજ ધરી ભક્તિને શસ્ત્રે;
ભવ અટવી ભલે ભમે; વ્રજ.

મોહ મમત્વને અહંકાર શત્રુ;
જીવને કદી નહી દમે—વ્રજ.
ચરણ પદ પ્રભુ સ્હેજમાં પામે;
તુમ ભક્તિથી દુ:ખ સમે—વ્રજ.

ગિરિધરલાલ—ધન્ય છે મીરાં તારી દ્રઢતાને! પણ વારૂ તને તારા પુર્વ જન્મનું ભાન છે?

મીરાં—મારો પુર્વ ભવ?

ગિરિધરલાલ—હા! હા! તારો પુર્વ ભવ.

મીરાં—વારૂ હું પુર્વે કોણ હતી?

ગિરિધરલાલ—તે બધું તમને દ્વારીકામાં જણાવીશ.

મીરાં—પ્રભુ હાલ કેમ નહી કહો?

ગિરિધરલાલ—એક કારણ છે તેથી.

મીરાં—એવું તે શું કારણ છે?

ગિરિધરલાલ—તે કારણ તમો આપો આપ સમજશો, માટે દ્વારીકાં ચાલો.

મીરાં—પ્રાણ પ્રભુ, વ્રજમાં રૂપ ગોસાઈ મહાત્મા છે તેમનાં દર્શન કરવાની સર્વે સંતોને અભિલાષા છે. માટે હું સંતોસહ તે મહાત્માનાં દર્શન કરી દ્વારીકાં આવી પહોચું છું.

ગિરિધરલાલ—ભલે તમો તે મહાત્માનાં દર્શન કરીને આવો, હું દ્વારીકામાં મળીશ.

મીરાં—બહુ સારૂ! કૃપાનાથ પધારો. પણ જો જો દાશીને દર્શનથી વિમુખ રાખતા નહી.

ગિરિધરલાલ—મીરાં! તું તો મારૂ તનમન અને ધન છે, તને તે દર્શનથી વિમુખ રખાય!

મીરાં—બહુ સારૂ કૃપાનાથ! ત્યારે પધારો.

મીરાંએ કહ્યું વ્હાલા! તમારી દાણલીલાની બલીહારી છે. ભગવાને કહ્યું કેમ? મીરાંએ કહ્યું કૃપાનાથ! આ લીલા કરી તમે જનસમુહને સારૂ શીક્ષણ આપ્યું છે. તમે અદ્દલ ન્યાયી છો. તમારી પ્રાણપ્રિય ગોપીકાઓ પાસેથી પણ તમારો ભાગ મુકયો નથી. જોર જુલમ કરી લીધો છે, તો મહારાજ! જે મનુષ્ય ખુશીથી તમારો ભાગ ના આપે, તેની પાસેથી તમે કેવી રીતે લ્યોછો?

ભગવાને કહ્યું મીરાં! આ સવાલ તારો ઉત્તમ છે. જનસમુહને શીક્ષા ગ્રહણ કરવા જેવો છે. ગોપીકાઓ પાસેથી પ્રત્યક્ષ રીતે લીધો છે. કારણ, તેઓએ ભક્તિ કરી મારા પ્રત્યક્ષ દર્શનનો અધિકાર મેળવ્યો છે, પણ જેમ અધિકાર નથી તેમની પાસેથી લુંટીને લેવાની રીત ન્યારી છે.

મીરાંબાઈ કહે પ્રાણપ્રભુ! તે શી? ભગવાન કહે ચોર બની ચોરી કરૂંછું, લુંટારો બની લુંટુછું, અગ્ની થઇ લઉંછું, પણ તે જવા દેતો નથી. અર્થાત મારો ભાગ હું કોઇ રીતે છોડતો નથી.

મીરાંબાઈ કહે ધન્ય છે કૃપાનાથ તમારી કળાને! મોટા મોટા રૂષી મુની સરખા તમારી કળાનો પાર પામ્યા નથી. તમારી લીલા ન્યારીજ છે.

ગિરિધરલાલજીએ કહ્યું મીરાં! હું દ્વારકાં જાઉંછું. તમો સંતોસહ દ્વારીકાં આવો. મીરાંએ કહ્યું બહુ સારૂ કૃપાનાથ! હું ૩૫ ગોસાઇનાં દર્શન કરી દ્વારીકામાં આવુંછું. તમે સીધાવો.

મીરાં— ગાયન.

(પધારો સુખે પ્યારા.)

સિધાવો સુખે નાથ, મારા છે પ્રણામરે,
છે પ્રણામ, છે પ્રણામ, છે પ્રણામરે—સિધાવો.
ફરી વિયોગી પાછા થાજો સંયોગી,
તુમ દર્શન વિણ નહી જરી આરામરે;
જરી આરામ, જરી આરામ, જરી આરામરે—સિધાવો.

ગિરિધરલાલ—દ્વારિકામાં વ્હેલાં આવીને મળજો,

મીરાં—દર્શન તીહાં દેજો, મારા વ્હાલા રામ રામરે,
રામ રામ, રામ રામ, રામ રામરે—સિધાવો.



પ્રકરણ ૨૧ મું.

ચીતોડમાં રાણાજી પ્રભુના ભક્ત બની બેઠા છે, અને સાચા દીલથી પ્રભુનું સ્મરણ શેવન, પુજન આદિ કાર્યો કરે છે. એક ઘડી પણ પ્રભુને વિસારતા નથી. ફક્ત પરમ વૈરાગ્યવૃતીનું ભાન નથી.

ફુલશૈયા ઉપર આરામ કરવો, સ્વાદીષ્ટ ભોજન કરવું, મારૂ તારૂ સમજવું વિગેરે માયારૂપી અજ્ઞાન દુર થયું નથી, તેથી કુમતિએ વિચાર કર્યો, કે રાણાજી ઇશ્વર સ્મરણ તો સાચા દીલથી કરે છે, પણ માયાનું આવ્રણ દુર થયું નથી. માટે તેમને ગમે તે પ્રકારે તે આવ્રણ દુર કરાવવું.

આવો વિચાર કરી રાણાજીની ફુલ સય્યા ઉપર જઇને સુઇ ગઇ. તેને ખબર હતી, કે રાણો પોતાની સય્યા ઉપર સુતેલી જોઇ ગુસ્સે થશે. જ્યારે ગુસ્સે થશે ત્યારેજ તેમને શિક્ષણ આપવાનું બનશે. તે શિવાય હું શિક્ષણ આપીશ તો તેના હૃદયમાં ઉતરશે નહી. માટે રાણો આવે ત્યાંસુધી ઉંઘવાનો ઢોંગ કરી પડી રહી.

થોડીવારે રાણો પોતાના શયન મહેલમાં આવ્યો, ત્યાં પોતાના પલંગ ઉપર ફુલ સય્યા ઉપર કુમતીને સુતેલી જોઇ, રાણે કહ્યું નોકર જનને મોંઢે ચઢાવામાં ફાયદો નહી. કુતરાની માફક મોંહો ચાટે, માટે યોગ્ય સાશન આપવું જોઇએ. એવો વિચાર કરી પોતાની પાસે ગેરબન તૈયાર હતો, તેના બે ફટકા કુમતીને જડાવી દીધા.

ગેરબનના બે ફટકા પડતાં કુમતી બેઠી થઇ ગઇ, અને હસવા મંડી. રાણો આથી અજાયબ થયો, અને કુમતિને પુછ્યું, કુમતી તને બે ફટકા પડવાથી તારે ઉદાશી બનવું જોઇએ, છતાં તું હસે છે શા માટે ?

કુમતીએ કહ્યુ રાણાજી ! મારા હસવાનો ભાવાર્થ જુદોજ છે. રાણે કહ્યું શો ? કુમતીએ કહ્યું રાણાજી ! આ ફુલ જે ભગવાનને ચઢે છે, તે ફુલની સય્યા ઉપર એક ઘડી આળોટી, તો બે ગેરબનની સજા થઈ, તો તેજ ફુલની સય્યા ઉપર અહોનીશ શયન કરો છો, તો તેની શું સજા તમોને થશે તેનો વિચાર આવવાથી હસવું આવ્યું.

રાણો આથી કમકમીત થયો અને કહ્યું કુમતી ! તારૂ કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. અહા ! હા ! મારા જેવા પાપાંધ, વિષયાંધ, કામાંધ કોઇજ નહી; જે પુષ્પ પગ તળે આવતાં દોશીત થવાય તે પુષ્પ ઉપર આ મળમુત્ર ભરેલી કાયા અહોનીશ આળોટે છે, તો મારા જેવો દોષિત બીજો કોણ ?

કુમતી કહે રાણાજી ! તમારૂ જ્ઞાન જોઈ મારૂ મન ચકિત બન્યું છે. સહેજ વાતમાં આટલું જ્ઞાન પ્રાપ્ત થયું, તે પ્રતાપ તમારા પુન્યોદયનોજ. રાણો કહે કુમતી ! તે બોધ મળ્યો તે પ્રતાપ ફક્ત તહારોજ છે. વારૂ કુમતી આ સદ્બોધ તને કોણે શીખવ્યો ? કુમતી કહે રાણાજી ! મારો પ્રતાપ શેનો ? પ્રતાપ સઘળો પ્રભુ પારાયણ દેવીનો.

રાણો આ સાંભળી ચકિત બન્યો;અને કહ્યું કુમતી ! શું આ બધુ તને તે દેવીએ કહેલું ? કુમતી કહે હા રાણાજી. તે પવિત્ર જગતજનુનીએ તમારા ઉપર મયા કરી મને અત્રે રોકી છે. આ બધા સદ્‌ગુણો તમો ગ્રહણ કરો છો,

અને કરેલ પાપનો પસ્તાવો કરો છો, તે બધો તે પ્રભુ પારાયણ દેવીનોજ પ્રતાપ છે; હુતો ફક્ત ચીઠીનીજ ચાકરછું.

રાણો આ સાંભળી વારંવાર પસ્તાવામાં પડ્યો. મન સાથે રાણાએ કહ્યું ધન્ય છે પવિત્ર જગતજનુની ! આહા ! હા ! મારા કરેલ અપકાર સામુ નહી જોતાં ઉપકાર કરવા ચુકી નહી. મીરાં ! મીરાં ! આ પાપીને પાપ મુક્ત કરવા તે આવા આવા પ્રયાસો રચ્યા છે ? તારા ઉપકારનો બદલો કોઇ રીતે આ પામરથી વળી શકે તેમ નથી. આ તનની ખાલનાં ખાસડાં કરીને પહેરાવું, તો પણ તારા ઉપકારનો કિંચીત બદલો વળે તેમ નથી. આ પાપાત્માને બચાવિ લેવા શું શું પ્રયાસો કર્યા છે ! ધન્ય છે પવિત્ર તારી પવિત્રતાને ! ધન્ય છે સાધુ તારી સાધુતાને ! કેટલા કેટલા અપકાર આ પાપી જીવે કર્યા, પણ છે કાંઈ રીસ ! છે કાંઇ રોષ ! છે કાંઈ ઝેર ! છે કાંઈ ખાર ! ધન્ય છે સમ દ્રષ્ટિથી જોવાવાળી તારી સમતાને ! એ બધો હરી તેં હાથ કર્યાનો પ્રતાપ, એ પ્રમાણે વિચારમાં પડ્યો.

કુમતી કહે રાણાજી! રાજ ભોગનો વખત થઇ ગયો છે. રાણો વિચારમાંથી જાગૃત થયો, અને કહ્યું જા કુમતી ઠાકોરજી સારૂ ભોગનો થાળ લઇ આવ્ય.

કુમતી ભોગનો થાળ લેવા ગઇ, અને રાણો ઠાકોર મંદીરમાં જઇ હાથમાં માળા લઇ પ્રભુનું સ્મરણ કરવામાં ગુંથાયો.

કુમતી થાળ લઇને આવી ત્યાં રાણાને ધ્યાનસ્થ જોઇ તેણે વિચાર કર્યો, રાણાનું ધ્યાન કેવા પ્રકારનું છે તેની ખાત્રી કરવા.

ખાત્રી કરવાના હેતુથી રાણો જે દુશાળો ઓઢીને બેઠો હતો તે દુશાળા ઉપર પગ મુકયો અને આચમની

અને પવાલુ જે રાજા પાસે પડ્યું હતું તેને લાત મારી ઢોળી નાંખ્યું. પવાલીના તથા આચમનીના ખખડાટથી રાણો ચમક્યો, અને વિચાર કર્યો કે મારો દુશાલો બગડશે. ત્યાં કુમતીને જોઇ રાણે કહ્યું આંધળી જરા વિચાર નથી? આ પવાલુ ઢોળીને અને મારા દુશાલા ઉપર પગ મુકીને મારો દુશાલો બગાડ્યો.

કુમતી કહે રાણાજી! આ એક દુશાલો કે જે એક નજીવી ચીજ છે, કે જે બીજો મળી શકે છે, તેને માટે આટલા દિલગીર બન્યા, તો આ મનુષ્યરૂપી ભવ રત્ન તેને માયાની કીચમાં શા માટે રોળો છો? એક પળની કીંમત શી છે તે તો તમો સમજો છો, તો સમજ્યા છતાં પ્રભુ ભક્તિનો લાગેલો તાર તોડી માયામાં મનુષ્યરૂપી ભવ રત્નને નાહક ગુમાવો છો, એ તે તમારી રીત?

રાણો કહે કુમતી! તારૂ કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. ગયો વખત ફરીથી મળતો નથી. એક પળ પણ પ્રભુ રટણમાંથી ખોવી તે નીરર્થક છે. પણ કુમતી તને આ જ્ઞાન કોણે શીખવ્યું?

કુમતી કહે રાણાજી! કોણે કેમ? તેજ પ્રભુ પારાયણ દેવીએ, તેજ જગતજનુંનીએ. રાણો કહે શું જગતજનુનીએ આ જ્ઞાન શીખવી મને પામરને બોધ આપવા તને અત્રે મુકી છે?

કુમતી કહે હા. રાણો કહે મીરાં! તું ક્યાં છું? વારૂ કુમતી તે મીરાંના! અરે તે પવિત્ર દેવીનાં દર્શનનો લાભ આ પામરને મળશે? શું તે દેવીનાં દર્શન કરવા આ પાપાત્મા ભાગ્યશાળી બનશે? ના! પણ આ પાપાત્મા સુધી તે પવિત્ર દેવીનાં દર્શન હોયજ શેનાં!

કુમતી ! કુમતી ! બસ તું મને મીરાંબાઇ પાસે લઇ જા ! આ પાપાત્માને તેના ચરણ કમળમાં પડી માફી માગવા દે, ગમે તે પ્રયાસે એકવાર દેવી ચીતોડ પધારે તેમ તેની વીનવણી કરીશ. શું તે દેવી પધારશે ? ના ! ના ! શેની પધારે ? પધારેલી દેવીનાં પગલાંને મેં પાપાત્માએ નહી પુજતાં તેનો અનાદર કર્યો, તે શેની પધારે ? શું તે મારી વીનવણી નહી કબુલ કરે ? તું એકવાર મને તે દેવી પાસે લઇ જા. તારા પગે પડુ છું, જો એકવાર તે દેવીનાં દર્શનનો લાભ મળે, તો તારો ઉપકાર જન્મ પર્યંત નહી વિસરૂ. તારો ગુલામ બની રહીશ. પણ એકવાર તે દેવીનાં દર્શન કરાવ્ય. તને તો ખબર હશે કે તે દેવી ક્યાં છે ? બતાવ્ય કુમતી બતાવ્ય. નામે કુમતી પણ તે પવિત્ર સતી માતાના પ્રતાપથી બનેલી સુમતી કહે ! કહે ! તે દેવી ક્યાં છે ? મને તેની પાસે લઇ જા.

કુમતીએ કહ્યું રાણાજી ! તે દેવી ક્યાં છે તે હું જાણું છુ. હું ઘણી ખુશીની સાથે તે દેવી પાસે લઇ જઈશ.

રાણો કહે પણ તે ક્યાં છે, તે તો બતાવ્ય ? ખોટાં બહાનાં શા માટે કાઢે છે.

કુમતી કહે રાણાજી ! તેઓ ભગવાન શ્રી ગિરિધરલાલજી સાથે સંતોસહ વૃજમાં ગયાં છે, અને ત્યાંથી બારોબાર દ્વારીકાં જવાનાં છે.


રાણો કહે શું તે દેવી ભગવાનની સાથે વૃજમાં ગઈ છે ? ચાલ્ય ચાલ્ય કુમતી ચાલ્ય આપણે વૃજમાં જઈ તે દેવીના ચર્ણમાં વંદન કરી ચિતોડ પાછા પધારવાની વીનવણી કરીએ.

કુમતી કહે ભલે, પધારો જેવો રાણાજીનો હુકમ. રાણો કહે કુમતી! હુકમ નહી પણ પ્રાર્થના. તારો આ આભાર હું જન્મ પર્વત વિસરનાર નથી.

કુમતી કહે રાણાજી મને એટલી બધી મ્હોટાઇ ના આપો, મ્હોટાઇને લાયક હું નથી, તે મ્હોટાઈ અને માન તે દેવીનેજ ઘટે છે. હું તો ફક્ત ચીઠીની ચાકર છું.

રાણો કહે કુમતી! તારૂ કહેવું અક્ષરે અક્ષર હું માંથે ચઢાવું છું. આ મન તે દેવીનાં દર્શન કરી કરેલ પાપનો પસ્તાવો તે દેવીના ચરણ કમળમાં કરવા અધીરૂ બની બેઠું છે, માટે જલદીથી તું મને તે દેવી પાસે લઈ જા. કુમતી કહે ભલે ચાલો, અને જયમલ રાઠોડને ખબર આપો કે તે બારોબાર દ્વારીકાં મીરાંબાઇનાં દર્શન કરવા સારૂ આવે.

રાણે તરત એક અનુચર તૈયાર કરી મેડતા મોકલ્યો, અને રાણો કુમતીસહ વૃજમાં મીરાંબાઈના દર્શનાર્થે ગયો.



પ્રકરણ ૨૨ મું.

મીરાંબાઈ સંતો પાસે આવ્યાં; ત્યાં સંતો ઇશ્વર સ્મરણ કરતા પ્રભુ ભજનમાં ગુલતાન બની રહ્યા છે, અને સાચા દીલથી સ્તુતી કરે છે. તે જોઇ મીરાંબાઇ પ્રસન્ન થયાં, અને સંતો સાથે ભજન ગાવા મંડી ગયાં.

ભજન.

ભુલ્યો ભટકે શીદ ભોગી ભ્રમર,
તારે માથે મરણનો છે ભાર—જગત તો જુઠું છે.
ખલક પલકમાં ફના થશેરે, તજી વલખ અલખ સંભાળ—જગત.
કેનાં છોરૂને કેનાં વાછરૂ, વળી કેનાં છે માને વળી બાપ—જગ.
પાપ અમાપ કરી પેટ ભરે છે, કેમ સહીશ તુ આપના સંતાપ—જગત.

સાખી

મારૂ મારૂ શું કરે ,તારૂ નહી તલભાર;
વ્હારે નાવે લક્ષ્મી, અલખ એક સંભાળ—જગત.

સાખી

પંચ ભુતનું પુતળુ, મળથી ભર્યું અપાર;
પંચ રંગી ઉપર કર્યું, કારીગર કીરતાર—જગત.

સાખી

બાજીગર બાજી કરે, નજરબંધના ખેલ;
ધંધો કરતાં ઢળી જશે, જેમઘાણીનો બેલ—જગત.

ભજન પુરૂ થયું ત્યાં મીરાંબાઇએ કહ્યું સંતો! ચાલો રૂપગોસાંઇનાં દર્શન કરી દ્વારીકાં જવું છે. સંતો સર્વે તૈયાર થયાં અને રૂપગોસાઇના મંદિર તરફ ગયાં.

રૂપગોસાઇના મંદીર પાસે મીરાંબાઇએ જઇ રૂપગોસાંઇને ખબર કહેવરાવી, કે મીરાંબાઈ તમારાં દર્શન કરવા આવે છે.

રૂપ ગોસાઇને આ ખબર પહોચતાં તેમણે આડા પડદા નંખાવી મીરાંબાઇને અંદર આવવા કહ્યું. મીરાંબાઇને આજ્ઞા મળતાં તેઓ મંદીરમાં ગયાં, અને રૂપગોસાઈ શીવાય સર્વે સંતોના ચરણમાં પડ્યાં. સંતો સર્વે તેના ચરણમાં પડયા.

મીરાંબાઇએ કહ્યું એવો તે આ દાશીનો શું અપરાધ છે કે જે દર્શન આશથી આવી તે દર્શન મળ્યાં નહી? રૂપગોસાંઇએ કહ્યું મીરાં ! હું કોઈ સ્ત્રીનું મુખ જોતો નથી તેથી આડા પડદા કર્યા છે.

મીરાંએ કહ્યું મહાત્મા? આથી મને અચંબો ઉપજે છે કે તમે પોતે પોતાને પુરૂપ સમજો છો ? ગોસાંઇએ કહ્યું કેમ ? મીરાંએ કહ્યું નર કહેતાં અર્જુન, અને નારાયણ કહેતાં ભગવાન શ્રી ગિરિધરલાલ તે શિવાય હું કોઇને પુરૂપ સમજતી નથી, પરંતુ તમે પોતાને પુરૂપ માનો છો તે અચંબાની વાત છે !

રૂપગોસાઇએ કહ્યું કારણ ? મીરાંએ કહ્યું તે ચત્રુભુજના નામની ચુડી પહેરી આવા ઉત્તમ મહાત્માપદને પામ્યા છો છતાં તમો પોતે પોતાને પુરૂપ શા માટે સમજો છો ?

રૂપગોસાઇએ કહ્યું ચત્રુભુજ નામની ચુડી પહેરી તેથી શું પુરૂપ મટી ગયો ? મીરાં કહે હા. સ્ત્રી અને પુરૂપનો આત્મા એકજ છે, આત્મા જુદો નથી. તેને ત્યાં તો સર્વે સ્ત્રી પુરૂપ સરખાંજ છે.

રૂપગોસાઇએ કહ્યું તેની ખાત્રી શી રીતે થાય ? જો કદાપી તેવો પરચો મળેતો નીયમ મુકી દર્શન આપું.

મીરાં કહે મહાત્મા! તમો શું દર્શન આપતા હતા? મારી ઇચ્છા છે તો તે શામળીઓ લાલ દર્શન કરાવાવાજો તૈયાર છે. રૂપગોસાઈ કહે તે શી રીતે? મીરાં કહે જુવો—જે ભક્તિના બળે તમો મહાત્મા પદને પામ્યા છો, તેજ ભક્તિના બળે. એમ કહી મીરાંએ ઇશ્વર સ્તુતી કરવા માંડી.

હે ભક્ત વત્સલ દિનદયાળ વ્હાલા સ્વામી ગિરિધર પ્રભુ! જો હું સત્ય નિષ્ટાથી ગોસાંઇનાં દર્શન કરવા આવી હઉં અને તમો સર્વને સરખાં ગણુતા હો, તો મને તે દર્શન પ્રાપ્ત થાઓ.

ઉપર પ્રમાણે સ્તુતી કરી ત્યાં રૂપગોસાઇએ પડદા નંખાવ્યા હતા તે ફડો ફડ ફાટી ગયા, અને મીરાંબાઇને ગોસાંઇનાં દર્શન થયાં.

મીરાંબાઇની આ ભક્તિથી ગોસાંઇજી ચકિત બન્યા, અને મીરાંબાઇના ચરણુમાં પડયા. મીરાંબાઇ પણ તે મહાત્માના ચરણુમાં પડયાં, અને અન્યો અન્ય હર્ષનાં આંસુ લાવી ભેટયાં.

ગોસાંઇજી કહે ધન્ય છે મીરાંબાઈ તમારી ભક્તિનો તમારી ભક્તિની બલીહારી! આજ સુધી અજ્ઞાનતાથી હું પોતાને પુરૂષ સમજતો હતો, તે અજ્ઞાનતા તમારા પ્રતાપે દુર થઇ છે, અને ઇશ્વરને ત્યાં સ્ત્રી અને પુરૂષ સર્વે સરખાં છે તે આજ તમારા બોધથી જાણ્યું છે.

મીરાંબાઇ કહે મહાત્મા! તમો તો મ્હોટા મહાત્મા પુરૂષ છો. ગોસાંઇ કહે હું મહાત્મા ખરો, પણ તમારી માહાત્મતા જુદી છે. આજ તમે મારી અજ્ઞાનત્તી દુર કરાવી સદબોધ આપી ગુરૂનું કામ બજાવ્યું છે. મીરાં કહે

મહાત્મા! એવી ખાલી કુથલી મુકી ચાલો ભગવાનનું ભજન કરીએ. મહાત્મા ખુશી થયા અને સંતો સાથે ભજન ગાવામાં પડયા.

ભજન

વિસરશો નહી હરી, મનથી વિસરશો નહી હરી.
ગોકુળ અને શુભ મથુરા નગ્રી, વચમાં જુમનાજી ભરી–મનથી.
જળ જુમનાં જળ ભરવા ગયાંતાં, શીરપર ગાગરધરી–મનથી.
મોર મુગટને કાંનેરે કુંડલ, મુખપર મોરલી ધરી—મનથી.
વંદ્રાવનને મારગ જાતાં, અમુલખ વસ્તુ જડી–મનથી.
વંદ્રાવનમાં ગૌધન ચારતાં, લીલાવટ તીલક ધરી—મનથી.
રાણી રાધીકાજીનો મ્હેલતજીને, કુબજા શું પ્રિત કરી–મનથી.
મીરાંબાઇ કહે ગાઉ ગિરિધરના ગુણ, ચરણકમળચિત્તધરી– મનથી

ભજનથી મુક્ત થઇ મીરાંબાઈ સંતોસહ રૂપગોસાંઇની રજા લઇ દ્વારીકાં તરફ જવા તૈયાર થયાં. રૂપગોસાંઇએ મીરાંબાઇને દંડવત કર્યા, અને કહ્યું હે પવિત્ર દેવી! તમોએ અત્રે પધારી મને ઉત્તમ બોધ આપી મારી અજ્ઞાન ચક્ષુ ખોલી છે. તમારાં દર્શનથી હું પાવન થયો છું. હુંપદમાં ભળી ખોટો ટેક ધારી પુરૂપ બનેલો. તે હુંપદ આજ દુર થયું છે. મીરાંબાઇએ કહ્યું મહાત્મા પ્રભુના પ્રત્યક્ષ પરચા શિવાય સંપુર્ણ જ્ઞાન પ્રાપ્ત થતુંજ નથી, અને તેવા પરચાથી તમને જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેથી હું ઘણીજ ખુશી થઈ છું.

રૂપગોસાંઇએ કહ્યું હે પવિત્રદેવી ! અત્રેથી કયાં સીધાવવા ધારો છો ? મીરાંબાઇએ કહ્યું હું અત્રેથી સંતો સહ દ્વારીકાં તરફ જવાનું ધારૂં છું. રૂપગોસાંઇએ કહ્યું ચાલો, હું પણ, સંતોસહ દ્વારીકામાં પરમ કૃપાળુ રાધાવરનાં દર્શન કરવા આપની સાથે આવું છું.

મીરાંબાઇએ કહ્યું મહાત્મા! તમારા આવવાથી મને હર્ષ થશે. મીરાંબાઇની આજ્ઞા મળતાં રૂપગોસાંઇ પણ મીરાંબાઈ સાથે દ્વારીકાં જવા તૈયાર થયા અને દ્વારીકાં જવા સારૂ ભજન ગાતાં નિકળ્યા.

ભજન

ભજ મન કૃષ્ણ મોરાર મુરખડા,
મનવા મમત શીદ ધારેજી,
માત તાત સુત બાંધવ વનિતા
તે સઉ માયા મારેજી.
હરી હીરો છોડીને મુરખ કાચ શું ગ્રહવા ધાવેજી;
પ્રભુ ચરણપદ છોડી પ્રાણી, નર ભવ શીદ ગુમાવેજી;
માયામાં આસક્ત રહીને, ચાલે ચાલ તુ ગજનીજી;
પડીશ સપાટે કાળ ઝપાટે, ગિરિધરવર પ્રભુ ભજનેજી.

ભજન.

છો પતિત પાવનકાર, શરણ તુજ ચહ્યું ચીત ધારી—છો.
છે અનંત તુમ ઉપકાર, તેમ આપો શરણું બારી—છો.
કીધાં અનેક ભક્તોનાં કાજ, રાખો તેમ લાજ;
ગરીબ નીવાજ, ભક્ત વત્સલ છો મોરારી—છો.
પ્રભુ ભજન કરૂ ધરી પ્યાર, કરો દીન વ્હાર;
અરજ ઉરધાર, સ્વીકારો અરજી છે મારી—છો.
વસ્યા પ્રલ્હાદ સ્થંભે નાથ, પાંડુનો સાથ;
ગહ્યો જગનાથ, દીધા છે બળતા ઉગારી—છો.

ઉપર પ્રમાણે ભજન કરતું સંત મંડળ રૂપ ગોસાઇ સહ દ્વારીકાં શ્રીગિરિધરલાલજીના દર્શનાર્થે ગયું.

પ્રકરણ ૬૩ મું.

ચીતોડથી કુંભો રાણો અન્ન પાણીનો ત્યાગ કરી કુમતીસહ વૃજમાં મીરાંબાઇનાર્થે નીકળ્યો હતો તે વૃજમાં આવી પહોંચ્યો. વૃજમાં આવી મીરાંબાઇની તપાસ કરી તો મીરાંબાઇ દ્વારીકાં ગયાના ખબર મળ્યા. ખબર મળતાં અનંત ઉપકારિણી મીરાંબાઇનાં દર્શન માટે ઘેલો બનેલો રાણો કુમતીસહ દ્વારીકાં જવા નીકળ્યો.

દ્વારીકાના રસ્તામાં જતાં ઝાડને પુછતો કે જગતજનુની મીરાંબાઇને જોયાં. વૃજથી દ્વારકાંનો રસ્તો તો આજ, માટે આ રસ્તે તે દેવીનું આવાગમન થયું હશે. માટે મારી ખાત્રી છે કે તમો તે દેવીનાં દર્શન માટે મારા જેવાં નિભાગી નહી હો; તમને તો તે દેવીનાં દર્શન મળ્યાં હશે. પણ હુંજ અભાગી કે તે દેવીનાં પવિત્ર દર્શન મળવા છતાં તે દર્શનનો અનાદર કર્યો અને છેવટમાં પસ્તાયો.

કુમતી કહે રાણાજી નાહકનો પસ્તાવો શા માટે કરો છો ? ગઇ ગુદરી વાત તે વીસારો, તે દેવીનાં દર્શન મળશે તેનો પુર્ણ વિશ્વાસ રાખી મારી સાથે પધારો; ગઈ તક બ્રાહ્મણ પણ વાંચતા નથી.

રાણો કહે શું તે દેવીનાં દર્શનનો લાભ આ પામરને મળશે ! કુમતી કહે મળશે રાણાજી મળશે; માટે પુર્ણ વિશ્વાસ રાખો અને જલદીથી પગ ઉપાડો.

કુમતીનાં આવાં વચન શ્રવણ થતાં રાણાના ચિત્તને કાંઈક શાન્તિ મળી, અને તે પવિત્ર દેવીનાં દર્શનનો જી-

જ્ઞાસુ રાણો તે પવિત્ર દેવી અને મહાપ્રભુ શ્રી ગિરિધરલાલજીનું સાચાં દીલથી ચિંતવન કરતો ઉતાવળથી ચાલવા લાગ્યો.

થોડે દુર ગયા બાદ ઘણે લાંબે એક રિસાલો આવતો જણાયો. કુમતીએ કહ્યું મહારાજ ! કોઇ રસાલો આવતો હોય તેમ જણાય છે. રાણો આથી અજાયબ થયો અને કહ્યું, શું તે પવિત્ર દેવીનો રિસાલો તો નહિ હોય ! કુમતી કહે રાણાજી ! તે શી રીતે સમજાય? બરોબર નજરે પડે તો કહું મીરાંના. દર્શનનો જીજ્ઞાસુ રાણો અનાયીસે દર્શન મળવાની આશાથી તે રિસાલો જોવા માટે રોકાયો. કુમતીએ કહ્યું રાણાજી ચાલો. રાણો કહે કુમતી ઉભી રહે, વખતે તે રિસાલો મીરાંનો હોય ને અણચિંતવ્યાં આ અભાગીને દર્શન મળેતો કુમતી કહે રાણાજી ! હવે પસ્તાવો શાનો કરો છો ? માતાના ગર્ભ વાસમાં જે ધ્યાન ધરતા હતા તે ધ્યાન ભુલી માયામાં ફુલી પાપમાં પ્રવર્ત બન્યા, તે ન બન્યા હોત તો આ દશાને પ્રાપ્ત થાત ? રાણો કહે કુમતી તારૂ કહેવુ સત્ય છે. તે અભાગી જીવ ગર્ભવાસમાંથી મુકત થવા ભગવાનની અનેક આજીજી કરી પુન્ય કર્મ કરવા બંધાઇ, ગર્ભ વાસમાંથી મુકત થતાંજ સંસારનો..માયાવી પવન ખાઈ, તે બધુ ભુલી પાપ કર્મ કરવામાં પ્રવર્ત થયો. અને છેવટમાં પ્રભુ નામનો મહીમા તે પવિત્ર દેવીના પ્રતાપથી જાણતાં વારંવાર પસ્તાવામાં પડ્યો છે. અહા હા ! મારૂ પાપ કેટલું ! ન જોયું પાપ ન જોયું પુન્ય ! ન ઓળખ્યા સંત ! ન ઓળખ્યાં મહંત ! મેં પાપીઆએ તે પ્રભુ પારાયણ દેવીને પણ નહી ઓળખી. હવે આ પાપીઆંના પાપનો અંત કેવી રીતે આવશે ? પસ્તાઉ છું, મુંઝાઉ છું. કુમતી ! કુમતી ! હવે આવા પાપાત્માનું શું થશે ?

રાણો— ગાયન.

પસ્તાઉં છું હું પાપી પુરો હે દયા નિધાન;
પાપ પુરમાં તણાયો, છેવટ આવ્યુ ભાન— પસ્તાઉં.
પુર્ણ આજીજી કરતો, માતું ગર્ભમાં પડી;
તેથી મુક્ત કિધો પ્રભુજી, વિનતી ઉર ધરી— પસ્તાઉં.
ઝેરી માયા પવન અડતાં, પામર તેમાં ફસ્યો;
આગળ શું થાશે જીવનું, વીચાર ન આણ્યો કસ્યો—પસ્તાઉં.
ઉદ્ધારવાને કારણ આણી, દયા દિનની;
પધાર્યા પણ નહી ઓળખ્યાં, તે જગત જનુંની— પસ્તાઉં.
દર્શન દેજો માત, તજી રોપ કાળને;
લાજીને હું શર્ણ માગુ, આપો બાળને— પસ્તાઉં.

કુમતી કહે રાણાજી! નિશ્ચય રાખો, તે દેવી જરૂર શર્ણ આપશે. (રિસાલા સામુ જોઇ) અરે ! આતો પ્રભુ ભક્ત જયમલ રાઠોડનો રિસાલો! જુવો પેલાં મીરાંબાઇનો કહેવાતાં માતુ ! તેઓને ખબર મળતાં તેઓ પણ મીરાંબાઇનાર્થે આવતાં હોય તેમ જણાય છે.

રાણો કહે હા હા એતો એજ ! ચાલ્ય સામો જઇ તે પ્રભુ ભકતના ચરણમાં પડી તે પવિત્રની માફી માગું. કુમતી કહે ચાલો એતો આવી પહોંચ્યાં.

રાણો અને કુમતી જયમલ રાઠોડ સામે ગયાં, અને જયમલ રાઠોડને મળતાંજ રાણો અને કુમતીસહ તે હારે ભક્તના ચરણમાં પડ્યો.

જયમલ રાઠોડે રાણાનો અને કુમતીનો હસ્ત ગ્રહી ઉઠાડયાં. રાણાને અને કુમતીને એકલાં જોઇ જયમલ રા-

જાએ કહ્યું રાણાજી! તમો એકલા કેમ? તમારો રિસાલો ક્યાં ગયો? મારી મીરાં ક્યાં?

રાણાએ કહ્યું હે પવિત્ર ભક્તરાજ! તમોએ આ પાપાત્માનું કલ્યાણ કરવા અર્પેલું દૈવી રત્ન મેં પાપીએ નહી ઓળખતાં કાચનો કટકો ગણી તે રત્નનો અનાદર કર્યો. છેવટમાં તે રત્નની પરીક્ષા મળતાં પામર પ્રાણી વારંવાર પસ્તાવાને વર્યો, અને તેની મયાથી પ્રભુને ઓળખી તે દેવી રત્નની ક્ષમા માગવા આ મુસાફરનો વેશ ધારણ કર્યો. મીરાં! મીરાં! તું ક્યાં છું? આ પાપાત્મા ઉપર મયા કરી હરી હીરો દાનમાં આપો આ પાપાત્માનો ભવ સુધાર્યો તેવી રીતે મયા કરી કરેલ પાપની ક્ષમા કરજે. દેવી! દેવી! આ પાપાત્માએ તને સતાવામાં બાકી મુકી નથી.

જયમલ રાજા કહે રાણાજી! ધીરજ ધરો તમો કરેલ કર્મનો પસ્તાવો કરો છો, તો તે સઘળાં પાપ ઇશ્વર માફ કરશે. રાણો કહે ભક્ત રાજા હવે પુરો પસ્તાઉ છું. કરેલ પાપ કર્મ માટે પુરો મુઝાઉં છું. જયમલ કહે રાણાજી! હવે તે પસ્તાવો કરે શું વળનાર છે. બનવાનું હતું તે બની ગયું, પણ મીરાંબાઈ ક્યાં છે?

રાણો કહે તે સઘળુ આ કુમતી જાણો છે, હું તો આ કુમતીની કૃપાથી પાપને ઓળખીને તે છોડી પ્રભુનું અને તે દેવીનું રટણ કરનાર પ્રભુનો અને તે પ્રભુ પારાયણ દેવીનો ગુન્હેગાર છું. મારી અજ્ઞાન ચક્ષુના પડળ ખોલી અજ્ઞાન અંધારૂ દુર કરનાર આ કુમતીનો તાબેદાર છું. તે દેવીના દર્શનાર્થે લઈ જાય ત્યાં જવા તૈયાર છું.

જયમલ કહે શું આ કુમતીના બોધથી તમો પ્રવિત્ર બન્યાં! રાણો કહે હા. કુમતી કહે ના મારા શેના? તે

દેવીના. હું તો ફક્ત ચિઠ્ઠીની ચાકર છું, જયમલ કહે કેમ ? કુમતી કહે તે દેવી મને તે રાણાજીને બોધ આપવા સારૂ ચિતોડ સુધી પોતે વ્રજમાં થઈ દ્વારીકાં ગયા. મેં તેમની આજ્ઞાનું પાલન કર્યું. પ્રભુજીના તથા તે પ્રભુ પારાયણ દેવીના પ્રતાપથી રાણાની પાપ વૃતી દુર થઈ, અને દેવીની આજ્ઞા મુજબ તેનાં દર્શનાર્થે દ્વારીકાં રાણાજી સહ જાઉંછું, માટે મારો પ્રતાપ શેનો ? સઘળો પ્રતાપ તે દેવિનો અને મહા પ્રભુ શ્રી ગીરિધરલાલજીનો.

રાણો કહે કુમતી ! તે બધુ ખરૂ, પણ આંધળાની લાકડી તો તુંજને ? કુમતી કહે હા. પણ તે દેવિની પ્રેરણાથી.

જયમલ કહે રાણાજી! ચાલો દ્વારિકાં જઇ તે દેવીનાં દર્શન કરવા ભાગ્યશાળી બનીએ. રાણો કહે ચાલો. સર્વે રસ્તે પડયાં કે જયમલ રાજાએ કહ્યું રાણાજી ! તમારા કોમળ ચરણને લીધે તમો થાકી ગયા હશો ? આ ઘોડા ઉપર બીરાજો. રાણો કહે આ ગંદી કાયાને જેટલી માયા લગાડીશું તેટલી માયાને ગ્રહણ કરશે, કદાપી કાળે ના કહેનાર નથી. આ કાયાને તો કષ્ટવીજ સારી. જેથી કષ્ટના લીધે પણ તે હરીનામનો ઉચ્ચાર કરે. સુખની વખતે તે પાપાત્મા સ્વપ્ને પણ ઇશ્વિરને યાદ નહીં કરે, માટે તેને તો કષ્ટવાજ ઘો. જયમલ રાજા કહે રાણાજી ! આ બોધ કાંઈ થોડો ગ્રહણ કર્યો નથી. હવે તે બોધ વિસરનાર નથી, માટે આ ઘોડા ઉપર બીરાજમાન થાઓ.

રાણો કહે મીરાંને મળતાં સુધી અન્ન જળનો ત્યાગ કર્યો છે, તો પછી ઘોડા ઉપર કેમ બેશી શકાય ? માટે તે હું કદાપિ કાળે ગ્રહણ કરનાર નથી.

રાણાની આ ટેકથી જયમલ રાજા ખુશી થયો અને સર્વે પંથે પડયાં તે થોડા દીવશે દ્વારિકાં આવી પહોચ્યાં.

પ્રકરણ ૨૪ મું.

મીરાંબાઇ સંતોસહ દ્વારીકાં આવી પ્રથમ ગોમતીજી સ્નાન કરી ભગવાન શ્રીગિરિધરલાલજીના મંદીરે આવી ભગવાનની મુર્તીનાં દર્શન કરી ભગવાનની સ્તુતી કરવા માંડી.

ગાયન.

મીરાં—જય જય દિનાનાથ, મેંતો ગ્રહયો હે તેરો હાથ;
નહી છોડુ કદી સાથ, ગ્રહ્યા સાચા હરી;
તમો અનાથનો નાથ, સાચો દુખીઆંના સાથ;
ભજું હુંતો ભલી ભાત, નમુ હર્ષ ધરી;

સંતો—આવ્યા સંતો તુમ પાર, તેની કરો તમો વ્હાર;
કાઢો ભવો દધી બહાર, પ્રભુ મયા કરી.
ધર્યું ભક્તવત્સલ નામ, કરો ભક્ત તણાં કામ;
સાચી ભક્તને તુમ હામ, બેઠા ભક્તિ વરી.

મીરાં—પ્રાણ પ્રભુ જલદી આવો, સાચો તુમપર દાવો
દર્શન દીયો રહેમ લાવો, પ્યારી ઉરે ધરી.

ગિરિધરલાલ—
આવ્યો આવ્યો મીરાં પ્યારી, મુકતને કેમ વિસારી;
જપુ સાંચી માળા ત્હારી, લીધો ત્હારો કરી.

મીરાંબાઇએ કહ્યું પ્રભુ પધાર્યા ? ગિરિધરલાલજીએ કહ્યું હા. તારી વીનવણીનો અનાદર તે થાય ? મીરાંબાઇએ કહ્યુ પ્રાણ પ્રભુ! તેવીજ કૃપા આ દિન દાશી

ઉપર અહો નિશ રાખજો એટલી પ્રાર્થના છે. પણ મ્હારા જ હવે તો મારો પુર્વ જન્મ જણાવો.

ગિરિધરલાલજીએ કહ્યું મીરાં ! હજુ વાર છે. મીરાંબાઇએ કહ્યું મહારાજ ! આમ નાહક શા માટે અધિરી બનાવો છો ? ભગવાને કહ્યું મીરાં ધિરજ રાખો, તમારો પુર્વ ભવ હુ તમોને જણાવીશ, પણ જૂવો પેલાં તારાં સંસારી માતા પીતા તથા રાણાજી તારાં દર્શનાર્થે આવે છે તેમનો સત્કાર કરો.

મીરાં કહે પ્રાણ પ્રભુ ! તમો શિવાય મારાથી શી રીતે તેમનો સત્કાર થવાનો છે ? ગિરિધરલાલજીએ કહ્યું મીરાં ! હું ત્હારોજ છુ. જે કહે તે કરવા તૈયાર છું. મીરાંબાઇએ કહ્યું કૃપાનાથ ! રાણો પણ તમારા પદને પામ્યો હોય તેમ જણાય છે. ભગવાને કહ્યું હા, તેની પાપ વૃતી દુર થઈ છે. તેણે પાપનો પુર્ણ પસ્તાવો કરી ભક્તિને વરી મારા પદને પામવાનો અધિકાર મેળવ્યો છે.

મીરાંબાઇએ કહ્યું તો પ્રાણ પ્રભુ ! સર્વને સાક્ષાત દર્શન આપી પાવન કરો. ભગવાને કહ્યું મીરાં ! તે પણ કબુલ છે, પણ પ્રથમ તેમની શું ઇચ્છા છે તે તો સાંભળો મીરાંએ કહ્યું જેવી પ્રાણ પ્રભુની ઇચ્છા (જયમલ રાણો કુમતી વીગેરે આવે છે, અને સર્વે મીરાંબાઈના ચરણમાં પડે છે) જયમલ રાઠોડે કહ્યું હે પ્રભુ પારાયણ દેવી ! તને ચિતોડ વરાવી મે મુઢમતીનાએ અતિશય કષ્ટ આપ્યું છે. પાપીઓ કુલાંગાર ધર્મ ભ્રષ્ટ ક્ષત્રીઓથી બચાવાને અભાગીઆએ પ્રભુ પરાયણતા જાણવા છતાં ચિતોડ વરાવી અથાગ દુખ વેઠાવ્યું છે, તેની માફી આપી મને કૃતાર્થ કરો.

દેવી! દેવી! દયાની નજર કરી જુવો, હું તો એક પામર પ્રાણી છું. માયાવી જીવ છું. માયાના અંધારામાં જે કર્તવ્ય થયું તેને માટે પુરો પસ્તાઉ છું. માટે દેવી! પ્રભુ પરાયણ દેવી! તે દોશની ક્ષમા કરી અભય વચન આપો?

મીરાંબાઇએ કહ્યું હે ઇશ્વરના પરમ ભક્ત રાજા તમારો બીલકુલ દોશ નથી. માયાની જાળ ન્યારી છે, અને તેવી માયા રચનાર મારા નાથની બલીહારી છે.

રાણાએ કહ્યું હે પરમ સાધવી જગ્ત જનુની! આ પાપાત્માએ તને દુઃખ દેવામાં કચાશ રાખી નથી. તારો ઉત્તમ બોધ તે પણ નહી ગણતાં તને મારવા બએ વખત ઉઘાડી તલવારે ધસ્યો. એકવાર ફજી ગુમાવ્યાં. બીજીવાર તેજ નોધારાના આધાર શ્રી ગિરિધરલાલજીએ તારાં ચાર સ્વરૂપ બતાવ્યાં. એવો પ્રત્યક્ષ પરચો આપવા છતાં આ પાપાંધની તને મારવાની જીજ્ઞાશા તૃપ્ત થઈ નહી. મીરાં! મીરાં! તે કર્મો સંભારૂ છું ત્યાં જીવને કમકમી આવે છે વાચા બંધ થઈ જાય છે. મારા જેવો પાપાંધ દુનિયામાં બીજો કોણ હશે? કુતરૂ કરડવા આવે તેને એક વખત લાકડી મારતાં તેની તે જીજ્ઞાસા દુર થઇ નાશી જાય છે, પણ મને કુતરાને સાન ના વળી. પ્રત્યક્ષ પરચા રૂપી લાકડીઓ ખાવા છતાં પણ તને મારવાની જીજ્ઞાસા તૃપ્ત ન થઇ. તને મારવા કૃષ્ણ ચર્ણામૃતનું નામ દઈ ઝેર મોકલ્યું, તે ઝેર તેજ સાચા ધણીના પ્રતાપથી અમૃત થઈ ગયું. તેટલુ કરતાં પણ પામર ધરાયો નહી. સાલીગરામનું નામ આપી વિષધર મોકલ્યો, તે વિષધર પ્રભુના પ્રતાપે સાલીગરામ રૂપે બન્યો; અને પાપ વૃતિએ ચાલનાર કુમતીનેજ

ડર્યો. આટલાં આટલાં પ્રયત્નો તને મારવા માટે કર્યા, પણ ઝેર કે ખાર નહી રાખી તેજ કુમતીને સર્પના ઝેરથી મુક્ત કરી અને છેવટે તેના ઉપર મયા કરી ઉત્તમ શીક્ષણ આપી તેને પ્રભુ ચરણની અધિકારીણી કરી. અહા હાહા ! તારા ગુણ હું કેટલા વખાણું. તને દેશવટો આપ્યો તેથી તું નારાજ નહી બનતાં મારો ઉપકાર માની ચાલી ગઇ. જતાં જતાં પણ ઉપકાર કરવો ભુલી નહી. આ પાપીઆને પાવન કરવા સુમતીને સદબોધ શીખવી મારી પાસે મોકલી. હું પામરને તે કુમતીએ સદ્‌બોધ શીખાવ્યો અને પ્રભુ ભક્તિનો રસ્તો બતાવ્યો. મને મુઢ મતીનાને ઠેકાણે લાવવા અનેક અનેક પ્રયત્નો કર્યા. તે પાપ વૃતી તેના પ્રતાપે દુર થઇ. મીરાં ! મીરાં ! તારાજ પ્રતાપે સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થઇ. આજસુધી પાપી સોબતીઓ મારી પાસેથી ખાવ્યા હશે, પણ હરી હીરો ઓળખતાં તે પાપી સોબતી દુર થયા. સંગાથ મળ્યો તે પણ તારોજ પ્રતાપ. મેં આંધળાએ પાપી સોબતીઓથી સ્વર્ગ સુખ અનુંભવવું ધાર્યું હતુ, પણ માયાના અંધકારમાં પામર જીવને ન સમજાયું કે પાપરૂપી ઘાસનું બખ્તર પહેરી સ્વર્ગની શાંન્ત આગમાં કેવી રીતે જઇશ ? માયારૂપી કાગળના નાવમાં બેશી ભવજળ શી રીતે તરીશ ? માયારૂપી લાકડીના ઘોડે બેશી ભવ અવનીની મુસાફરી કેવી રીતે પાર પાડીશ ? ન જોયું પાપ ! ન જોયું પુન્ય ! ન ઓળખ્યા સંત ! ન ઓળખ્યા મહંત ! મેં અભાગીઆએ પોતાને મળેલી ભવજળ દધીથી તારનાર નાવ રૂપી તું, તેને પણ નહી ઓળખી તરછોડી માયા સમુદ્રમાં ગોથાં ખાવાં ગમારને ગમ્યાં. પણ તારી કૃપાથીજ તે ભવજલથી ત-

રવા શક્તિવાન થયો. જો તારી મયા ન હોય તો આ પાપી જીવને રૌ રૌ નર્કમાં પણ વાસ ના મળે. મીરાં! મીરાં! તે સર્વે દોષની માફી આપ. પસ્તાઉ છું. મુંઝાઉ છું. કરેલ પાપોની માફી માગતાં શરમાઉ છું. કહે! કહે! મીરાં એકવાર કહે, કે સઘળાં પાપોની ક્ષમા આપું છું. તારી ક્ષમા મળશે ત્યારેજ આ અધમને શાંન્ત મળશે; ત્યાંસુધી જીવને શાંન્તિ મળવાની નથી, પસ્તાવાનો અંત આવવાનો નથી. હે મયાળુ મંમાયા! હે દયાળુ દેવી! એકવાર તારા પવિત્ર મુખેથી પાપની માફી બક્ષી આ પામર પ્રાણીને કૃતાર્થ કર્ય. તારા પગે પડું છું. તને માતુ સમજુછું. છોરૂકછોરૂ થાય, પણ માવિત્ર કમાવિત્ર કદાપી કાળે ન થાય.

મીરાં કહે રાણાજી! કરેલ પાપનો પસ્તાવો થયો તેથી તે સઘળાં પાપની માફી મળી ચુકી છે. અરે મારી તો શું, પણ મારા પ્રભુ અનાથોના નાથ ગિરિધરલાલજીની પણ માફી મળી ચુકી છે. માટે હવે તે પાપનો પસ્તાવો હૃદથી જાદે થયો છે, માટે તે તજી તેજ અનાથનાનાથનું રટણ સાચા દિલથી કરો.

રાણો કહે મીરાંબાઇ! તમારા અનંત ઉપકારનો કિંચિત બદલો આ પાપીથી આપી શકાય તેમ નથી. આ ખાલનાં ખાસડાં કરી પહેરાવું, જન્મો જન્મ ગુલામ બની રહું, તો પણ આ ઉપકારનો કિંચિત બદલો વળે નહીજ. પણ દેવી! મારી એક નમ્ર અરજ છે, પણ હું પામર કહેતાં શરમાઉં છું.

મીરાંએ કહ્યું શી ?' રાણાએ કહ્યું દેવી! એકવાર ચિતોડ પધારી આપનાં પવિત્ર પગલાંથી મને પાવન કરો.

મીરાંબાઇ! આટલી માગણી સ્વીકારો, અને આ દિનના ઉપર દયા ભાવ રાખી એકવાર પધારો. જો તનમનથી માફી આપી હશે, તો તો ના નહીજ કહો. પણ ઉપરથી માફી આપી હશે તો નહીજ આવો. તમો એક વખત દયા કરી પધારવાની ના કહેશો તો આ પામર જીવ જ્યાં સુધી આ પાપી કાયામાં ટકશે ત્યાંસુધી પસ્તાવો મુકનાર નથી. દેશવટો આપી વ્હોરેલી કાળાટીલી દુર કરો. મીરાં! મીરાં! આ પહેલીજ માગણી છે, બીજી કાંઇ ઇચ્છા નથી. માટે હે દેવી! હે પવિત્ર દેવિ! આ જીજ્ઞાસુની આશા ફળીભુત કરો. આશાવંતને નિરાશ કરી આશા ભંગનું પાપ વ્હોરશો નહી. આટલી બધી મયા કરી પાપાત્માને ઠેકાણે પાડ્યો, તો આટલી આશા તૃપ્ત કરો અને એકવાર પાછાં ચિતોડ પરવરો.

મીરાંબાઇએ કહ્યું રાણાજી! તમારો પશ્ચાતાપ સાંભળી મારૂ હ્રદય કુમળુ બન્યુ છે. ઉભા રહો હું મારા નાથને પુછુ, જો તેમની આજ્ઞા મળે તો આવવા તૈયાર છું. તેની ઇચ્છાની તાબેદાર છું. જો તેમની ઇચ્છા ન હોય તો લાચાર છું.

રાણાએ કહ્યું જો તેમની ઇચ્છા ના હોય, તો મારી ઉપર દયા લાવી મારી તરફથી વીનવણી કરી તેમની ઇચ્છા કરાવો.

મીરાંએ ગિરિધરલાલજીને કહ્યું પ્રાણ પ્રભુ! રાણાના હ્રદયભેદક પસ્તાવાથી મારૂ દિલ કુમળુ બન્યુ છે. કૃપાનાથ! રાણાની ઇચ્છા એકવાર ચીતોડ લઈ જવાની છે. તમારી ઇચ્છા શું છે તે જાણવાની ઇંતેજાર છું. હુકમને તાબેદાર છું.

ગિરિધરલાલજીએ કહ્યું મીરાં! તમારો પુર્વ જન્મ જાણવો નથી? મીરાં કહે પ્રાણ પ્રભુ! તે વાત તો ભુલીજ જવાય છે. કહો કહો કૃપાનાથ કહો?

ગિરિધરલાલજીએ કહ્યું મીરાંબાઈ! પ્રથમ સર્વ સંતોને, રાણાને, જયમલ રાઠોડ વિગેરે સર્વને મળી લ્યો. મીરાંએ કહ્યું કારણ? ભગવાને કહ્યુ કારણ પછીથી આપો આપ સમજાશે, પ્રથમ જાઓ મળી લ્યો?

મીરાં જયમલ રાઠોડ. કુંભો રાણો, કુમતી, સુમતી, પદ્મા વિગેરે સર્વે સંતોને ભેટી. ત્યાં સર્વે સંતોએ ભગવાનનાં સાક્ષાત દર્શનની માગણી કરી. મીરાંએ કહ્યું ભગવાનને વિનવણી કરીશ અને દર્શન અપાવીશ.

મીરાંબાઇએ ભગવાનને કહ્યું પ્રાણ પ્રભુ! એકવાર સંતોને તમારા પવિત્ર ચત્રુભુજ દર્શન આપી પાવન કરો. તેમની તેવી ઇચ્છા છે તે પરિપુર્ણ કરો, અને મને મારો પુર્વજન્મ બતાવો.

ભગવાને કહ્યુ જે મીરાં! હું ચત્રુભુજ દર્શન મંદીરમાં જઇને આપુ છું અને તને તારો પુર્વ જન્મ જણાવું છું કહી ભગવાન મંદીરમાં જઇ ચત્રુભુજ ઉભા રહ્યા સંતોએ પ્રેમપૂર્વક દર્શન કર્યાં, અને સ્તુતિ કરવા માંડી.

દર્શન ચત્રુભુજ આપ્યારે નાથ મોરારી.
ભવોભવના પાતીક કાપ્યારે, લીધા ઉગારી;
અકળીત લીલા પ્રભુ તમારી, મુખથી વર્ણવી ન જાય;
મ્હોટા મ્હોટા પાર ન પામ્યા, તો અમથી શું પમા-
યરે—દર્શન.
ચરણ પદને ચિત્તે ધરીએ, અવર નહી કાંઇ આશ
તે ઇચ્છા અમ પુરણ કરજો, જાણીને દીન દાસરે—દર્શન.

ભગવાન શ્રી ગિરિધરલાલજીએ કહ્યું મીરાંબાઇ! તમારા પુર્વ જન્મનું ભાન છે? મીરાં કહે ના. ભગવાને કહ્યું ગંગાજીમાં ડુબકી મારી છે તે સાંભળે છે?

મીરાંબાઇએ કહ્યું કોણ હું લક્ષ્મી ! ભગવાને કહ્યું હા. હું સાક્ષાત વિષ્ણું અને તું મારી મહા માયામાં ગરક થઇ પોતાના મુળ સ્વરૂપને વિસરી જનાર લક્ષ્મી.

મીરાંબાઇએ કહ્યું પ્રાણનાથ ? આ દાસી ઉપર પણ તમારી માયાએ પોતાનું જોર બજાવ્યું, તો પામર પ્રાણી શું હીસાબમાં ?

ભગવાને કહ્યું તમો તે માયાથી મુક્ત થતાં મને ઓળખવા પામ્યાં છો, તેમ દરેક પ્રાણી પણ તે માયાથી મુક્ત થાય તોજ મારો સ્વરૂપને ઓળખી છેવટ મારા પદને પ્રાપ્ત થાય.

મીરાંબાઇએ કહ્યુ પ્રાણ પ્રભુ ! જે લક્ષ્મીને તમે ક્ષણ પણ અળગી ના કરો, તેને એ પામર પ્રાણીઓના કલ્યાણાર્થે અળગી કરી, પણ હવે તો ભેટીને કૃતાર્થ કરો અને વિષ્ણુ રૂપે દર્શન આપો.

ભગવાને તુર્ત વિષ્ણું રૂપે સર્વને દર્શન આપ્યાં ત્યાં લક્ષ્મીજી દોડીને સપ્રેમ ભેટી પડ્યાં. ભેટતાંની વાંત ભગવાનના સ્વરૂપમાં ભળી ગયાં. અને ભગવાન વૈકુંઠ ગયા, અને ત્યાંથી અંતરધ્યાન થયા.

સંતો, જયમલ, રાણો વિગેરે સાક્ષાત લક્ષ્મીજી પધારવા છતાં તેમનું યોગ્ય સનમાન કર્યું નહી તેથી વારંવાર પસ્તાવામાં પડ્યા, અને ઇશ્વરનું તનમનથી ભજન કરવા નીશ્ચય કરી દ્વારીકામાં એક મઠ બનાવી બાકીની જીંદગી પ્રભુ ભજનમાં ગાળી અને છેવટમાં તે પરમકૃપાળુના ચર્ણપદને પ્રાપ્ત થયા.

વ્હાલા વાંચકવૃંદ ! આ મીરાંબાઇનું જીવન ચરિત્ર તેજ ગિરિધરલાલજીની કૃપાથી પુરૂ થયું, અને આ પ્રેમી ભક્તનું ચરિત્ર લખુ એવું મારૂ ગજુ નથી, એતો મતીનો

આપનાર તેજ છે. અને તેની આપેલ મતી પ્રમાણેજ લખાયું છે. માટે સર્વે સજ્જનો તે કૃપાળુની કૃપાની કલમનું લખાણ વાંચી પાપ કર્મને તનમનથી ધિક્કારી ભક્તિ માર્ગે દોરાઈ, તે કૃપાસીંધુની કૃપાને પાત્ર થઈ, તેના ચરણપદને મેળવવા શક્તિવાન થાઓ, એવી સર્વે સજ્જનોને મારી પ્રાર્થના છે. અને આવુ ઉત્તમ ભક્તિ બોધનું પુસ્તક તેની કૃપાથી સંપુર્ણ થયુ, તેથી તે કૃપાળુની કૃપા મેળવવા અને કુમતી કાપી સુમતી મેળવવા પ્રાર્થના કરૂં છું.

(આજે આનંદ આનંદ) એ રાહ.

પ્રભુ છોજી આનંદ કંદ આપ અતિ;
ભકત ગુણને ગાવાને દિધી શુભ મતી;
લખ્યાં પુર્ણ મીરાં સતી, તુમ પ્રતાપ અતિ (૨) જય જય.
બોધ ભકિત લખાણી, સત્ય તુજ પ્રતાપે;
સત્ય દીલે સમરતાં, પાપ તાપ કાપે;
સાચો એક તુહી પતી, જાણી શકાય ન ગતી (૨) જય.
હાથ જોડી જાચું છું, દીન આપ પાસે;
શુભ મતી કરોને, શેવું સત્ય આશે;
માગે જેઠો મંદમતી કૃપાળુ, છો આપ અતિ (૨)જયજય.

સમાપ્ત.

